श्री रत्नशेखरसूरि विरचित

# श्री लघुक्षेत्रसमास प्रकरणम्

प्रकाशकः—

शा. कुंवरजी आणंदजी.

प्रमुख-श्री. जै. ध. प्र. सभा.

श्रीरत्नशेखरसूरिविरचित.

# श्री लघुक्षेत्रसमास प्रकरणम्

## मूल तथा मूल अने टीकानुं भाषान्तर.

### विवेचन अने उपयुक्त यंत्रोसहित.

गुरुणीजी हीरश्रीजी तथा गुरुणीजी गुलाबश्रीजीनी शिष्या
गुरुणीजी श्रीलाभश्रीजीनी प्रेरणाथी तथा श्राविकावर्गनी
आर्थिक सहायथी

छपावी प्रसिद्ध करनार.
शा. कुंवरजी आणंदजी
श्री जैनधर्म प्रसारक सभाना प्रमुख
भावनगर.

वीर संवत २४६० ] [ विक्रम संवत १९९०

मुद्रकः—शाह गुलाबचंद लल्लुभाइ. श्री महोदय प्रीन्टींग प्रेस, दाणापीठ—भावनगर.

# जैन धर्म.

न देवं नादेवं न शुभगुरुमेवं न कुगुरुं
न धर्मं नाधर्मं न गुणपरिणद्धं न विगुणम् ।
न कृत्यं नाकृत्यं न हितमहितं नापि निपुणं
विलोकन्ते लोका जिनवचनचक्षुर्विरहिताः ॥ १ ॥

मानुष्यं विफलं वदन्ति हृदयं व्यर्थं वृथा श्रोत्रयो-
र्निर्माणं गुणदोषभेदकलनां तेषामसंभाविनीम् ।
दुर्वारं नरकान्धकूपपतनं मुक्तिं बुधा दुर्लभाम्
सार्वज्ञः समयो दयारसमयो येषां न कर्णातिथिः ॥ २ ॥

पीयूषं विषवज्जलं ज्वलनवत्तेजस्तमस्तोमव-
न्मित्रं शात्रववत्स्रजं भुजगवच्चिन्तामणिं लोष्ठवत् ।
ज्योत्स्नां ग्रीष्मजघर्मवत् स मनुते कारुण्यपण्यापणं
जैनेन्द्रं मतमन्यदर्शनसमं यो दुर्मतिर्मन्यते ॥ ३ ॥

धर्मं जागरत्यघं विघटयत्युत्थापयत्युत्पथं
भिन्ते मत्सरमुच्छिनत्ति कुनयं मथ्नाति मिथ्यामतिम् ।
वैराग्यं वितनोति पुष्यति कृपां मुष्णाति तृष्णां च य-
त्तज्जैनं मतमर्चति प्रथयति ध्यायत्यधीते कृती ॥ ४ ॥

सिन्दुर प्रकर.

# પ્રકાશકનું નિવેદન.

આ લઘુક્ષેત્રસમાસ પ્રકરણ જંબૂદ્વીપ વિગેરે અઢીદ્વીપનું સ્વરૂપ જાણવા માટે ખાસ ઉપયોગી છે. તે ભાષાંતરસાથે પ્રકરણરત્નાકર ભાગ ચોથામાં છપાયેલ છે, છતાં તે વિભાગ અત્યારે લભ્ય ન હોવાથી તેમજ તેની અંદર જણાતી યંત્રાદિકની અપૂર્ણતા પૂર્ણ કરવાની આવશ્યકતા જણાવાથી ગુરૂણીજી લાભશ્રીજીએ શ્રાવિકાવર્ગને ઉપદેશ કરી તેમની સહાયથી આ પ્રકરણ પ્રસિદ્ધ કરવાની યોજના કરવાનું મને સોંપ્યું; તેથી મેં બનતા પ્રયાસે તે પ્રકરણ જેમ વધારે ઉપયોગી થાય તેમ કરવા પ્રયત્ન કર્યો છે, તે આ પ્રકરણના પ્રથમના અથવા નવા અભ્યાસીઓ વાંચશે એટલે સહેજે સમજી શકશે.

આ પ્રકરણની પ્રાંતે અઢીદ્વીપમાં રહેલા શાશ્વત પદાર્થોનું યંત્ર જુદા જુદા ૪૦ પ્રકારનું નવું બનાવીને મૂક્યું છે. તે યંત્ર ઘણી જરૂરી હકીકતને પૂરી પાડે તેવું છે. જંબૂદ્વીપ, ધાતકીખંડ ને પુષ્કરાર્ધ ત્રણેમાં આવેલા તમામ પર્વતોની લંબાઈ, પહોળાઇ, ઉંચાઇ ને આકૃતિ વિગેરે બતાવનાર યંત્રો તે ત્રણે અધિકારની પ્રાંતે મૂકેલા છે.

આ ગ્રંથ મુખપાઠ કરેલ હોય તેને તેમ જ નવા મુખપાઠ કરવાના ઇચ્છકને પાઠ કરવાની અનુકૂળતા થવા માટે આખો ગ્રંથ (ગાથા ૨૬૩) મૂળમાત્ર પ્રાંત ભાગમાં આપેલો છે.

ગુરૂણીજી લાભશ્રીજી સંસ્કૃત ભાષાના અભ્યાસી છે. નિરંતર નવું નવું વાંચન સ્વયમેવ તેમ જ બીજી સહાય મેળવીને કરનારા છે. સમુદાયની સંભાળ લેનારા અને વૃદ્ધ થયેલ હોવાથી પરિણત મતિવાળા છે. તેમને આવા પ્રકરણાદિ બહાર પાડવાની ઘણી ઉમેદ વર્તે છે. તેમની જ પ્રેરણાથી અને સહાય મેળવી આપવાથી અમારી સભા શ્રી ઉત્તરાધ્યયન, જ્ઞાતાધર્મકથા, વિપાક સૂત્ર વિગેરે છપાવવા ભાગ્યશાળી થયેલ છે અને આગળ ઉપર અંતકૃતદશાંગ, અનુત્તરોવવાઈ, નિર્યાવળી વિગેરે સૂત્રો પણ તેવી જ ઢબથી છપાવવાની ઇચ્છા રાખે છે. આ પ્રકરણનું પ્રકાશન તેમની જ પ્રેરણા અને ઉપદેશનું પરિણામ છે.

આ શુભ કાર્યમાં સહાય આપનાર શ્રાવિકાઓના નામોનું લીસ્ટ આ સાથે આપવામાં આવ્યું છે, તે અન્ય શ્રાવિકાઓને આવા જ્ઞાનવૃદ્ધિના કાર્યમાં સહાય કરવાનું સૂચવનાર છે. આ સાથે ભાષાંતરકર્તા શાસ્ત્રી જેઠાલાલે જુદી પ્રસ્તાવના લખેલી હોવાથી આ નિવેદનમાં વધારે વિસ્તાર કરવામાં આવ્યો નથી. આવા જ્ઞાનવૃદ્ધિના કાર્યમાં સહાય આપવાની મારી ફરજ સમજીને મેં આ ગ્રંથ સારી રીતે પ્રસિદ્ધ થાય તેવી યોજના કરી આપી છે.

માર્ગશીર્ષ શુદિ ૧૫ — કુંવરજી આણંદજી.
સં. ૧૯૯૦ — શ્રી જૈ. ધ. પ્ર. સભાના પ્રમુખ.

# ભાષાંતરકર્ત્તાની પ્રસ્તાવના.

**ધર્મનિષ્ઠ, પરોપકારૈકપ્રવણ, મોક્ષાભિલાષી, મહાશય સજ્જનો !**

આ ચતુર્ગતિરૂપ સંસાર આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિવિધ તાપથી ભરપૂર છે. તે તાપને દૂર કરવા માટે સુવચનામૃત વિના બીજું કાંઇ સમર્થ નથી. તેવું વચનામૃત રાગદ્વેષને જીતનાર, મોહ–કષાયાદિરહિત, મધ્યસ્થવૃત્તિવાળા, નિ:સ્વાર્થપરોપકારી, સર્વ પ્રાણીપ્રત્યે સમભાવદૃષ્ટિવાળા, તરણુતારણુસમર્થ ઇત્યાદિ વિશેષણુવિશિષ્ટ તીર્થંકરના મુખચંદ્રથી જ ઉત્પન્ન થઇ શકે છે. તેવા વચનામૃતોથી ભરેલા કુંડો પણ ગણધરાદિક જ હોઇ શકે છે. તેમણે જગજ્જંતુના હિતાર્થે દ્વાદશાંગીની રચના કરી સ્વાત્મા કૃતાર્થ કર્યો છે. તેમાં સ્થૂળ દૃષ્ટિએ ચાર વિભાગ જોવામાં આવે છે— દ્રવ્યાનુયોગ ૧, ગણિતાનુયોગ ૨, ચરણકરણાનુયોગ ૩ અને ધર્મકથાનુયોગ ૪. તેમાં ગણિતાનુયોગના વિષયમાં દ્વીપ, સમુદ્ર, વર્ષ, વર્ષધર, નદી વિગેરે શાશ્વત પદાર્થોનું સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે. તેમાંથી ઉદ્ધરીને પરોપકારપ્રવણ, ભાષ્યકારમહારાજ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે બૃહત્ક્ષેત્રસમાસ નામનો ગ્રંથ રચ્યો છે. તેની સવિસ્તર અને સરલ ટીકા શ્રી મલયગિરિસૂરીશ્વરે કરી છે. તેને અનુસરીને સંક્ષિપ્ત રૂચિવાળા બાળજીવોના ઉપકારને માટે સંક્ષેપીને શ્રી વજ્રસેન ગુરૂના શિષ્ય શ્રી હેમતિલકગુરૂ અને તેમના શિષ્ય રત્નશેખરસૂરીશ્વરે આ લઘુક્ષેત્રસમાસ નામનો ગ્રંથ રચ્યો છે; તથા તેના પર લઘુ ટીકા પણ પોતે જ રચી છે, એમ ટીકાના પ્રથમના પાંચમા છઠ્ઠા શ્લોક ઉપરથી તથા મૂળ ગ્રંથની છેલ્લી ગાથાથી સ્પષ્ટ રીતે સમજાય છે. તેમજ શ્રી મલયગિરિસૂરિના વિવરણ ઉપર વધારે આધાર રાખીને આ વિવરણ કર્યું છે એમ ટીકાને પ્રાંતે લખેલા ત્રીજા શ્લોક ઉપરથી સ્પષ્ટ થાય છે.

આ ગ્રંથકાર શ્રી રત્નશેખરસૂરિનો જન્મ, માતાપિતા, ચારિત્રાંગીકાર, સૂરિપદ, અંત્ય સમય વિગેરે સંબંધી કાંઇ પણ ઇતિહાસ મારા જાણવામાં નથી, પરંતુ તેમના જ રચેલા પ્રાકૃત શ્રીપાળચરિત્રમાં "चउद्दस अट्ठावीसे लिहिया गुरुभत्तिकलिएण" આવો ઉલ્લેખ છે, તે ઉપરથી સંવત ૧૪૨૮ માં એટલે પંદરમા સૈકામાં તેઓ વિરાજમાન હતા એમ જણાય છે. તેમના રચેલા બીજા ગ્રંથો પણ સ્વોપજ્ઞવૃત્તિસહિત ગુણસ્થાનક્રમારોહ, ગુરૂગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકા, પ્રાકૃત શ્રીપાળચરિત્ર, દિનશુદ્ધિ, પ્રાકૃતછંદોગ્રંથ વિગેરે અત્યારે જોવામાં આવે છે.[1]

---

૧ વિશેષ હકીકત માટે દિનશુદ્ધિની પ્રસ્તાવના જોવી.

સ્વોપજ્ઞ ટીકાયુક્ત શ્રાદ્ધવિધિ, શ્રાવકપ્રતિક્રમણસૂત્રવૃત્તિ, આચારપ્રદીપ વિગેરે ગ્રંથોના રચનાર પણ શ્રી રત્નશેખરસૂરિ છે, પરંતુ તેઓ તોબૃહત્તપ-ગચ્છાચાર્ય શ્રી સોમસુંદરસૂરિના શિષ્ય શ્રા મુનિસુંદરસૂરિ અને તેમના શિષ્ય શ્રી રત્નશેખર સૂરિ જૂદા જ પરંતુ સમકાલીન હતા એમ ઉલ્લેખ ઉપરથી સ્પષ્ટ જણાય છે.

આ ગ્રંથમાં કુલ ૨૬૩ ગાથાઓ છે, તેમાં ૨૬૧ ગાથા પ્રકરણના વિષયની જ છે અને છેલ્લી બે ગાથા સમાપ્તિ અને ગ્રંથકારનું નામ જણાવનારી છે; તે ૨૬૧ ગાથાઓવડે છ અધિકાર કહ્યા છે—

૧ **જંબૂદ્વીપ અધિકાર**—ગાથા ૧૯૪. તેમાં વર્ષ, વર્ષધર, નદી, કુંડ, વાવ, પર્વત, દ્રહ, કમળ, ગુફા, વન, જગતી, તીર્થ, વિજય, નગરી, વૃક્ષ, શિખર, પ્રાસાદ, જિનચૈત્ય વિગેરે શાશ્વત પદાર્થોનું સ્વરૂપ કહ્યું છે.

૨ **લવણોદધિ અધિકાર**—ગાથા ૩૦. તેમાં ગોતીર્થનું સ્વરૂપ, પાતાળકળશ, વેલાવૃદ્ધિ, વેલંધર અને અનુવેલંધર દેવ, વેલંધરપર્વત, ચંદ્રદ્વીપ, સૂર્યદ્વીપ, ગૌતમદ્વીપ, અંતરદ્વીપ વિગેરેનું સ્વરૂપ કહ્યું છે.

૩ **ધાતકીખંડ અધિકાર**—ગાથા ૧૫. તેમાં ઇષુકાર પર્વત, ધાતકી વૃક્ષ, વર્ષ, વર્ષધર, મેરૂ વિગેરેનું સ્વરૂપ કહ્યું છે.

૪ **કાલોદધિ અધિકાર**—ગાથા ૨. તેમાં વેળાની વૃદ્ધિ તથા ગોતીર્થ-રહિત એક સરખો ૧૦૦૦ યોજન ઉંડો કાલોદધિ છે એમ કહ્યું છે, તથા તેમાં રહેલા સૂર્યચંદ્રના દ્વીપોની સંખ્યા વિગેરે કહેલ છે.

૫ **પુષ્કરાર્ધદ્વીપ અધિકાર**—ગાથા ૧૫. તેમાં માનુષોત્તર પર્વતથી વીંટાયેલા પુષ્કરાર્ધ દ્વીપનું વર્ણન કર્યું છે.

૬ **અઢીદ્વીપની બહારનો અધિકાર**—ગાથા ૫. તેમાં માનુષોત્તર ને ઇષુકાર પર્વત, નંદીશ્વર, કુંડળ ને રૂચક દ્વીપ વિગેરેમાં રહેલા જિનચૈત્યો અને દિક્કુમારિકાના નિવાસકૂટોની સંખ્યા તથા ઉપસંહાર કહ્યો છે.

આ ગ્રંથ ધર્મજિજ્ઞાસુજનોને અને વિશેષે કરીને નવા અભ્યાસીઓને અતિ ઉપયોગી છે તે સૌ કોઈના જાણવામાં જ છે. આનું ભાષાંતર પણ પ્રકરણરત્નાકર ભાગ ચોથામાં ગાથાઓ સાથે છપાયેલું છે, પરંતુ તેમાં કોઈ કોઇ સ્થળે અપૂર્ણતા, સંક્ષેપ અને જુની પદ્ધતિની ભાષા હોવાથી તેમ જ જરૂરી યંત્રો મૂકેલા ન હોવાથી વર્તમાન કાળના અભ્યાસીઓને કાંઈક મુશ્કેલી પડે છે, એમ જાણવામાં આવતાં ટીકાસહિત મૂળ ગ્રંથનું પ્રાયઃ અક્ષરશઃ ભાષાંતર કરવામાં આવ્યું છે. મૂળ ગ્રંથમાં છાપેલા યંત્રો ઉપરાંત બીજા પણ ઘણા ઉપયોગી યંત્રો યોગ્ય સ્થળે મૂકવામાં આવ્યા છે. પરિધિ, ગણિતપદ વિગેરે

આઠ પ્રકારના ગણિતો ચાલતી પદ્ધતિ પ્રમાણે દાખલ કર્યા છે. કોઇ કોઈ સ્થળે અઢીદ્વીપના નકશાની હકીકતમાંથી પણ ઉપયોગી હકીકત દાખલ કરી છે. તે ઉપરાંત મારૂં આ વિષયનું પઠનપાઠન કે પરિચય અલ્પ હોવાથી આ કાર્યની પ્રેરણા કરનાર સચ્ચારિત્રયુક્ત સ્થવિરા ગુરૂણીજી લાભશ્રીજીએ પોતાના આત્મામાં પરિણમેલા આ વિષયના જ્ઞાનનો ઉલ્લેખ કરી મને આપ્યો અને તેનો પરિચય પણ પોતે જ કરાવ્યો. ત્યારપછી મારા કરેલા ભાષાંતરને પણ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરી સ્ખલનાઓને દૂર કરતા હતા. આમ છતાં પણ આ સ્થવિરા ગુરૂણીજી ગુજરાતી ભાષાની કેળવણીના માહિતગાર ન હોવાથી ચાલતી પદ્ધતિની રીતમાં કે છદ્મસ્થપણાને લીધે અમુક વિષયમાં શંકિત કે સ્ખલિત થતા હતા ત્યાં ત્યાં દેશવિરતિધર્મારાધક, સદ્‌ગુરૂચરણોપાસક, પૂજ્ય મહાત્મા મુનિવર વૃદ્ધિચંદ્રાદિક સ્થવિર ગુરૂઓનાં પ્રસાદપાત્ર, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગના પઠનપાઠનમાં અત્યંત રસ લેનારા અને અન્ય અનુયોગદ્વયના પણ અભ્યાસી ગણાતા શ્રી જૈનધર્મ પ્રસારક સભાના જનક, આદિ પ્રમુખ શા કુંવરજીભાઇ આણંદજીએ પોતાના જ્ઞાન અને અનુભવનો પરિચય આપવાપૂર્વક જરૂર પૂરતી સરળતા કરી આપી છે. હું માનું છું કે આ બન્ને આત્માર્થીઓએ અધ્યાપકો અને અભ્યાસીઓની સરળતા માટે આ લઘુ કાર્યમાં પણ મહા શ્રમ લીધો છે તે અવશ્ય કૃતાર્થ થશે. મને તો આ નવીન સન્માર્ગ દેખાડી તેટલો કાળ ધર્મધ્યાનમાં મારો આત્મા ઓતપ્રોત કર્યો છે તેથી મારે કેવા શબ્દથી તેમનો ઉપકાર માનવો તે સૂજતું નથી.

હું આગ્રહપૂર્વક અધ્યાપકોને ખાસ ભલામણ કરૂં છું કે—આ વિષય કેવળ ગોખીને જીહ્વાગ્રે કરાવવા યોગ્ય નથી, પરંતુ ગણિતનો વિષય રીતસર નિશાળોની જેમ પોતે સમજીને પછી તેના અભ્યાસીઓને પણ તેવી જ રીતે શીખવવા યોગ્ય છે. સાધારણ રીતે સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારનું બન્નેને જ્ઞાન હોવું જ જોઇએ, અને ગ્રંથમાં લખેલા દરેક ગણિત પોતે પણ ગણાવી દેવા જોઇએ–શીખવવા જોઇએ; પણ આમાં આપેલા ગણિતોના જવાબ બરાબર છે એમ સમજી પ્રમાદમાં રહેવું ન જોઇએ. દરેક વિષયને આત્મસાક્ષીએ દૃઢ કરવાથી જ ક્ષયોપશમની વૃદ્ધિ, ચિત્તની એકાગ્રતા અને ધર્મધ્યાનમાં લીનતા થઇ શકે છે. જે અભ્યાસીઓને સામાન્ય ગણિતો પણ આવડતા ન હોય તેમને પ્રથમ અધ્યાપકોએ રીતસર તેવા ગણિતો શીખવ્યા પછી જ આ ગ્રંથના ગણિતો શીખવવા યોગ્ય છે. **ઇતિશમ્.**

**શાસ્ત્રી જેઠાલાલ હરિભાઇ.**

ભાષાંતરકર્તા.

# ગુરૂણીજી લાભશ્રીજીના સંબંધના કેટલાક સ્મરણીય —: પ્રસંગો :—

શ્રી અમદાવાદ ( રાજનગર ) માં ધનપીપળીની પોળમાં કેશરીસિંહ હેમચંદ નામે શ્રાવક હતા. તેમની પત્ની અવલબાઈ, તેમની પુત્રી આધાર બ્હેન હતા. તે અવસરે અમદાવાદમાં જ પતાસાની પોળમાં સોમકરણ મણિયારના વંશમાં ઝવેર પ્રેમચંદ નામે શેઠ હતા. તેમને ઉમેદચંદ તથા સાંકળચંદ નામના બે પુત્ર તથા પરસન નામની પુત્રી હતી. ત્યારપછી ઝવેર પ્રેમચંદની પત્ની સ્વર્ગવાસી થતાં તેઓ આધારબાઈની સાથે પુન: વિવાહિત થયા હતા. તેમનો ગૃહસ્થાવાસ પંદર વર્ષ રહ્યો હતો. તેટલા કાળમાં આધારબાઈને સં. ૧૯૧૯ ના વર્ષમાં એક પુત્રીનો જન્મ થયો. તેનું નામ મંગળીબેન રાખવામાં આવ્યું. તે મંગળીબેન અઢી વર્ષની ઉમ્મરના થયા ત્યારે તેમના પિતા સ્વર્ગવાસી થયા. તે મંગળીબેન આઠ વર્ષના થયા ત્યારે ગુજરાતી નિશાળે ભણુવા જવા લાગ્યા. સાથે પ્રતિક્રમણાદિક ધાર્મિક અભ્યાસ પણ પૂજ્ય ગુરૂણીજી શ્રી વિવેકશ્રીજી પાસે શરૂ કર્યો. અનુક્રમે બાર વર્ષની ઉમ્મરે રૂપા સૂરચંદની પોળમાં કેવળદાસ નામે શેઠના પુત્ર પ્રેમચંદ સાથે તેમના લગ્ન કરવામાં આવ્યા .લગ્ન થયા બાદ પણ ધાર્મિક અભ્યાસ તો શરૂ જ હતો અને તે અભ્યાસમાં અનુક્રમે વૈરાગ્યશતક ભણતાં તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થવાથી સંસારનો ત્યાગ કરી વીશ વર્ષની ઉમ્મરે એટલે સં. ૧૯૩૯ માં છાણી ગામમાં તેમણે દીક્ષા લીધી. તે વખતે તેમને ગુરૂણીજી વિવેકશ્રીજીની શિષ્યા અમૃતશ્રીજીને સોંપવામાં આવ્યા હતા. પછી પૂજ્યપાદ ગણિપદસ્થ શ્રી મૂળચંદજી મહારાજની પાસે વડોદરામાં વડીદીક્ષા લીધી અને ગુરૂણીજી શ્રી વિવેકશ્રીજીની શિષ્યા ગુલાબશ્રીજીની શિષ્યા થયા. તે વખત તેમનું નામ લાભશ્રીજી રાખવામાં આવ્યું. તેમણે દીક્ષા લીધા પછી પણ જ્ઞાનાભ્યાસ ઉપર પૂર્ણ રાગ હોવાથી સમયાનુસાર સારસ્વત વ્યાકરણ, કાવ્ય, ચરિત્ર વિગેરેના અભ્યાસપૂર્વક કર્મગ્રંથાદિક દ્રવ્યાનુયોગ અને ક્ષેત્રસમાસાદિક ગણિતાનુયોગનો પ્રેમપૂર્વક અભ્યાસ કર્યો. ઉપરાંત દશવૈકાલિક, ઉવવાઈ, ઉપાસકદશાંગ, અંતગડદશાંગ, અનુત્તરોવવાઇ, આચારાંગ, વિપાક, ઉત્તરાધ્યયન, જ્ઞાતાધર્મકથા વિગેરે આગમો તથા લોકનાલિકા, લોકપ્રકાશ વિગેરે અનેક નાનામોટા પ્રકરણ ગ્રંથોનો સારો અભ્યાસ કરી સાધ્વીસમુદાયમાં ઉત્તમ વિદુષી તરીકે ગણાવા લાગ્યા અને અન્ય સાધ્વીઓ તથા શ્રાવિકાઓને તેમની યોગ્યતા પ્રમાણે પ્રકરણાદિક ભણાવવામાં પણ ઘણા ઉત્સાહ અને ખંતથી નિરંતર પ્રવૃત્તિ કરવા લાગ્યા. તેમજ કચ્છ, મારવાડ, ગુજરાત, કાઠિયાવાડ વિગેરે દેશોમાં ઉગ્ર વિહાર કરી તે તે સ્થાનોના શ્રાવિકાવર્ગને ધર્મો-

પદેશ તથા તત્ત્વજ્ઞાન આપી શાસનની સારી પ્રભાવના કરવાપૂર્વક ચારિત્રધર્મનું ઉત્તમ સેવન કરવા લાગ્યા. છેવટ શરીરની સ્થિતિ નબળી પડતાં હાલ આશરે દશ-અગ્યાર વર્ષથી પ્રાયે ભાવનગરમાં જ રહેવું પડયું છે. અહીં પણ શરીરે નરમ છતાં આત્મબળથી સાધ્વી અને શ્રાવિકાવર્ગની સારસંભાળ, અધ્યાપન, ધર્મોપદેશ વિગેરે કરવાપૂર્વક પોતે નૂતન જ્ઞાન પણ મેળવે છે, આગમાદિક ગ્રંથો છપાવવામાં કાળજી રાખે છે અને મુનિમહારાજાઓની વૈયાવચ્ચમાં પણ તત્પર રહે છે.

ઉપરાંત ભાવનગરમાં તેમનું નામ જોડીને શ્રાવિકાવર્ગે સ્થાપેલી શ્રાવિકાશાળા પાંચ વર્ષથી ઘણી સારી સ્થિતિમાં ચાલે છે. તેના પર તેમની પોતાની દેખરેખ પણ ઘણી સારી છે. આ ગુરૂણીજી શ્રી લાભશ્રીજીના પરિવારમાં મુખ્યત્વે કરીને સાધ્વી શ્રી દયાશ્રીજી, માણેકશ્રીજી, તિલકશ્રીજી, કમળશ્રીજી, નિધાનશ્રીજી, ક્ષમાશ્રીજી, કંચનશ્રીજી, હરકોરશ્રીજી, તિલકશ્રીજી, અમરશ્રીજી, સુભદ્રાશ્રીજી વિગેરે સ્વશિ-ષ્યાઓ તથા ઉત્તમશ્રી, હરખશ્રી, જંબૂશ્રી, હેમતશ્રી વિગેરે પ્રશિષ્યાનો સમુદાય આશરે પચીશની સંખ્યાવાળો છે. તે સર્વ સમયાનુસાર ઉત્તમ ચારિત્ર પાળવામાં તથા સામાન્ય પ્રકરણાદિકનું જ્ઞાન મેળવવામાં પણ તત્પર છે. તેમાં સાધ્વીજી કંચનશ્રીજી કે જે ચારિત્રપાત્ર, આત્માર્થી, સદ્ભાવનાવાળા તથા વ્યાકરણાદિકના અભ્યાસી નહીં છતાં પ્રકરણોના ટબા, ભાષાંતર અને નવા નવા ધર્મવિષયોના શ્રવણથી જ્ઞાનધ્યાનમાં તત્પર રહેતા અને તપસ્યા કરવામાં પણ તત્પર રહેતા હતા. તેઓ સં. ૧૯૮૮ ના વૈશાખ વદ છઠ્ઠ શ્રી સિદ્ધાચળ મહાતીર્થની વર્ષગાંઠને દિવસે તપસ્યાપૂર્વક એ મહાતીર્થની યાત્રા કરીને ઉતરતાં સ્વર્ગવાસી થયા છે. તેમનો અકસ્માત્ અભાવ થવાથી ગુરૂણીજી લાભશ્રીજીને એક સમુદાયની સંભાળ લઈ શકે તેવી શિષ્યાની ખોટ પડી છે. બીજા પણ તેમની શિષ્યા અમરશ્રી અને સારા અભ્યાસી સુભદ્રાશ્રી વિગેરેનો અભાવ થવાથી સારી શિષ્યાઓની ખોટ પડી છે; પરંતુ કાળની સ્થિતિ દુરતિક્રમ હોવાથી જે સ્થિતિ આવી પડે તે સમભાવે સહન કરવી એ જ સુજ્ઞજનોને લાયક છે.

આ ગુરૂણીજીના સંબંધમાં બીજી પણ અનુકરણીય ઘણી હકીકતો લખવા યોગ્ય છતાં તેમની વૃત્તિ તે સંબંધમાં ઉદાસીન હોવાથી તે સંબંધી વિશેષ લખવાનો પ્રયત્ન કર્યો નથી. ઉત્તમ મનુષ્યોનું ચરિત્ર પ્રાયે અનુકરણીય જ હોય છે. ઇતિશમ્.

**શાસ્ત્રી જેઠાલાલ હરિભાઇ.**

# વિષયાનુક્રમણિકા.

## ૧ જંબૂદ્વીપ અધિકાર.


| વિષય. | પત્રાંક. | ગાથાંક. |
|---|---|---|
| મંગળાચરણ... ... ... ... ... | ...૧ | ૧ |
| દ્વીપ અને સમુદ્રનું સામાન્ય પ્રમાણ ... ... | ...૧ | ૨ |
| ઉદ્ધાર પલ્યોપમનું સ્વરૂપ ... ... ... | ...૨ | ૩–૫ |
| દ્વીપનાં નામ, સમુદ્રનાં નામ ... ... ... | ...૪ | ૬–૧૦ |
| સમુદ્રના પાણીનો રસ ... ... ... | ...૫ | ૧૧ |
| દ્વીપ અને સમુદ્રના વિસ્તારનું પ્રમાણ... ... | ...૬ | ૧૨ |
| જંબૂદ્વીપની જગતીનું સ્વરૂપ ... ... ... | ...૬ | ૧૩–૧૮ |
| વેદિકાની બન્ને બાજુના વનનું સ્વરૂપ... ... | ...૧૨ | ૧૯ |
| જંબૂદ્વીપ વિગેરેના અધિકારી દેવોનું ઉત્પત્તિસ્થાન | ...૧૨ | ૨૦ |
| કુલપર્વતો અને ક્ષેત્રો ... ... ... | ...૧૩ | ૨૧ |
| કુલગિરિનાં નામ, ક્ષેત્રોનાં નામ ... ... | ...૧૩ | ૨૨–૨૩ |
| સાત ક્ષેત્રના આંતરામાં રહેલા પર્વતો... ... | ...૧૪ | ૨૪–૨૫ |
| કુલગિરિના વિસ્તાર વિગેરેનું સ્વરૂપ ... ... | ...૧૫ | ૨૬–૨૮ |
| સાત ક્ષેત્રના વિસ્તાર વિગેરેનું સ્વરૂપ ... ... | ...૧૬ | ૨૯–૩૧ |
| સર્વ ક્ષેત્ર અને પર્વતોની એકત્ર સંખ્યા ... | ...૧૮ | ૩૨ |
| ભરતાર્ધ અને ઐરવતાર્ધનું પ્રમાણ ... ... | ...૧૮ | ૩૩ |
| દ્રહોનું પ્રમાણ, દ્રહોનાં નામ... ... ... | ...૧૮ | ૩૪–૩૫ |
| દ્રહદેવીનાં નામ ... ... ... ... | ...૧૯ | ૩૬ |
| દ્રહમાં રહેલા કમળોનું પ્રમાણ તથા વર્ણાદિ ... | ...૨૦ | ૩૭–૩૮ |
| કમળની કર્ણિકા તથા દેવીના ભવનનું વર્ણન ... | ...૨૧ | ૩૯ |
| ભવનના દ્વારનું પ્રમાણ ... ... ... | ...૨૧ | ૪૦ |
| પરિવારના કમળોનું સ્વરૂપ ... ... ... | ...૨૨ | ૪૧–૪૫ |
| દ્રહના દ્વારનું સ્વરૂપ ... ... ... | ...૨૩ | ૪૬–૪૭ |
| ગંગાદિ ચાર નદીઓનું સ્વરૂપ ... ... | ...૨૫ | ૪૮–૫૦ |
| જીભીનું પ્રમાણ ... ... ... ... | ...૨૬ | ૫૧ |
| નદીના પ્રપાતકુંડ મધ્યે રહેલા દ્વીપનું પ્રમાણ ... | ...૨૭ | ૫૨ |
| કુંડનું સ્વરૂપ ... ... ... ... | ...૨૭ | ૫૩–૫૪ |
| ચાર બાહ્ય નદીની ગતિ, વિસ્તાર, ઉંડાપણું ... | ...૨૯ | ૫૫–૫૭ |

| | | |
|---|---|---|
| પાંચ ક્ષેત્રની નદીઓની ગતિ વિગેરે ... ... | ...૩૧ | ૫૮-૬૧ |
| શીતા શીતોદા નદીનું પરિવારાદિ સ્વરૂપ ... | ...૩૩ | ૬૨-૬૩ |
| આખા જંબૂદ્વીપની નદીઓની સંખ્યા ... | ...૩૪ | ૬૪ |
| કુલગિરિ ઉપરના કૂટોનુ વર્ણન ... ... | ...૩૫ | ૬૫ |
| સિદ્ધકૂટ ઉપરના જિનભવનોનુ સ્વરૂપ ... | ...૩૭ | ૬૭-૬૮ |
| કૂટ ઉપરના પ્રાસાદોનું સ્વરૂપ ... ... | ...૩૮ | ૬૯ |
| સહસ્રાંક કૂટનું સ્વરૂપ ... ... ... | ...૩૯ | ૭૦ |
| વૈતાઢ્ય પર્વતપરના કૂટોનું સ્વરૂપ ... ... | ...૩૯ | ૭૧ |
| વૈતાઢ્યના સિદ્ધકૂટપર રહેલા ચૈત્યનું સ્વરૂપ ... | ...૪૦ | ૭૨ |
| કૂટોનો વિસ્તાર ... ... ... ... | ...૪૦ | ૭૩ |
| જંબૂવૃક્ષ સંબંધી કૂટોનું સ્વરૂપ ... ... | ...૪૧ | ૭૪ |
| ઋષભકૂટનું સ્વરૂપ ... ... ... ... | ...૪૧ | ૭૫ |
| જંબૂદ્વીપમાં રહેલા સર્વ કૂટોની સંખ્યા ... | ...૪૨ | ૭૬ |
| જંબૂદ્વીપમાં રહેલા જિનચૈત્યોનાં સ્થાનો ... | ...૪૨ | ૭૭ |
| શાશ્વત જિનભવનના વિસંવાદ સ્થાનો ... | ...૪૩ | ૭૮ |
| વૈતાઢ્ય પર્વતનું ને ગુફાનું સ્વરૂપ ... ... | ...૪૩ | ૭૯-૮૩ |
| ગુફા માંહેની નદીઓનું સ્વરૂપ ... ... | ...૪૫ | ૮૪ |
| ગુફામાં ચક્રવર્તીથી કરાતા મંડળ ... ... | ...૪૬ | ૮૫ |
| ગુફાઓનાં નામ ... ... ... ... | ...૪૭ | ૮૬ |
| ગુફાની ઉઘડેલી સ્થિતિ ... ... ... | ...૪૭ | ૮૭ |
| અયોધ્યા નગરીનું સ્વરૂપ ... ... ... | ...૪૮ | ૮૮ |
| માગધ વિગેરે તીર્થો... ... ... ... | ...૪૮ | ૮૯ |
| કાળચક્રનું સ્વરૂપ, છ આરાનાં નામો ... ... | ...૪૯ | ૯૦-૯૧ |
| પલ્યોપમ, સાગરોપમના કાળનું માન ... ... | ...૪૯ | ૯૨ |
| આરાનું પ્રમાણ વિગેરે સ્વરૂપ ... ... | ...૫૦ | ૯૩-૯૫ |
| દશ પ્રકારના કલ્પવૃક્ષોનાં નામ વિગેરે... ... | ...૫૧ | ૯૬-૯૭ |
| આરાને આશ્રી તિર્યંચોનું આયુ વિગેરે ... | ...૫૨ | ૯૮-૯૯ |
| આરાને આશ્રી પ્રથમ ચરમ તીર્થંકરના જન્માદિ | ...૫૩ | ૧૦૦ |
| ચોથા આરાનું સ્વરૂપ ... ... ... | ...૫૪ | ૧૦૧ |
| પાંચમા આરાનું સ્વરૂપ ... ... ... | ...૫૪ | ૧૦૨-૧૦૩ |
| વૈતાઢ્યમાં રહેલા બિલોનું સ્વરૂપ ... ... | ...૫૪ | ૧૦૪ |
| છઠ્ઠા આરાના મનુષ્યાદિકનું સ્વરૂપ ... ... | ...૫૫ | ૧૦૫-૧૦૬ |
| સમગ્ર કાળચક્ર. ... ... ... ... | ...૫૬ | ૧૦૭ |
| કુરૂક્ષેત્રાદિકમાં આરાનું સ્વરૂપ. ... ... | ...૫૬ | ૧૦૮ |
| વૃત્તવૈતાઢ્યનું સ્વરૂપ ... ... ... ... | ...૫૬ | ૧૦૯-૧૧૦ |

| | | |
|---|---|---|
| મેરૂપર્વતનું સ્વરૂપ, કાંડ, ચૂલિકા ... ... | ...૫૭ | ૧૧૧-૧૧૩ |
| પંડકવનનું સ્વરૂપ, તેનો વિસ્તાર, જિનભવનો, પ્રાસાદો | ...૫૮ | ૧૧૪-૧૧૬ |
| પંડકવનમાં રહેલી ચાર શિલાઓનું સ્વરૂપ તથા અભિષેક સિંહાસનનું સ્વરૂપ ... | ...૬૦ | ૧૧૭-૧૧૯ |
| સૌમનસ વનનું સ્વરૂપ, ત્યાં મેરૂનો વિસ્તાર ... | ...૬૨ | ૧૨૦-૧૨૧ |
| નંદનવનનું સ્વરૂપ, ત્યાં મેરૂનો વિસ્તાર ... | ...૬૩ | ૧૨૨-૧૨૩ |
| ભદ્રશાલ વનનું સ્વરૂપ, તેનો વિસ્તાર ... | ...૬૪ | ૧૨૪-૧૨૫ |
| ગજદંત ગિરિનું સ્વરૂપ, અધોલોકવાસી દિક્કુમારીઓનું સ્થાન વિગેરે ... ... | ...૬૫ | ૧૨૬-૧૨૯ |
| કુરૂક્ષેત્રનો વિસ્તાર ને પર્વતો ... ... | ...૬૭ | ૧૩૦ ૧૩૧ |
| કુરૂક્ષેત્રમાં આવેલા દ્રહો ... ... ... | ...૬૮ | ૧૩૨-૧૩૩ |
| કુલગિરિ, યમલગિરિ, પાંચ દ્રહો અને મેરૂનું અંતર | ...૬૯ | ૧૩૪ |
| કંચનગિરિનું વર્ણન ... ... ... | ...૬૯ | ૧૩૫ |
| જંબૂવૃક્ષનું સ્વરૂપ, તેની ઉપરના જિનભવન તથા પ્રાસાદ | ...૭૦ | ૧૩૬-૧૪૫ |
| મહાવિદેહની વિજયો,વક્ષસ્કાર,અંતરનદીવિગેરેનું સ્વરૂપ | ૭૪ | ૧૪૬-૧૪૭ |
| વિજયાદિકનો આયામ ... ... ... | ...૭૫ | ૧૪૮ |
| વક્ષસ્કારનું ઉચ્ચત્વ તથા તેનાં નામો ... | ...૭૬ | ૧૪૯-૧૫૧ |
| અંતરનદીઓનાં નામો ... ... ... | ...૭૬ | ૧૫૨-૧૫૩ |
| બત્રીશ વિજયનાં નામ વિગેરે ... ... | ...૭૭ | ૧૫૪-૧૫૮ |
| વિજયની નગરીઓનાં નામ ... ... | ...૭૮ | ૧૫૯-૧૬૨ |
| વિજયની નદીઓ ... ... ... | ...૭૯ | ૧૬૩ |
| ચાર વનમુખનું સ્વરૂપ ... ... ... | ...૮૦ | ૧૬૪ |
| વિજયાદિકનો વિસ્તાર એકત્ર કરતાં થતા લાખ યોજન | ...૮૧ | ૧૬૫-૧૬૬ |
| અધોગ્રામનું સ્વરૂપ ... ... ... | ...૮૧ | ૧૬૭ |
| જઘન્યથી અને ઉત્કૃષ્ટથી તીર્થંકરાદિકની ઉત્પત્તિ | ...૮૨ | ૧૬૮ |
| ચંદ્ર સૂર્યનાં ચાર ક્ષેત્ર ... ... ... | ...૮૩ | ૧૬૯ |
| ચંદ્ર સૂર્યના મંડળની સંખ્યા તથા તેનું પ્રમાણ | ...૮૩ | ૧૭૦ |
| ચંદ્ર સૂર્યના મંડળનું પરસ્પર આંતરૂં ... | ...૮૩ | ૧૭૧ |
| જંબૂદ્વીપ અને લવણસમુદ્ર ઉપર આવેલા માંડલામાં ચંદ્ર સૂર્યની ગતિનું પ્રમાણ | ...૮૫ | ૧૭૨ |
| ચંદ્ર સૂર્યનું પરસ્પર આંતરૂં ... ... | ...૮૫ | ૧૭૩ |
| ચંદ્રની દરેક માંડલે મુહૂર્ત્તગતિ ... ... | ...૮૬ | ૧૭૪ |
| સૂર્યની દરેક માંડલે મુહૂર્ત્તગતિ ... ... | ...૮૭ | ૧૭૫ |
| મધ્યના માંડલે સૂર્યના ઉદયાસ્તનું આંતરૂં ... | ...૮૭ | ૧૭૬ |
| દરેક માંડલે દિવસની હાનિ-વૃદ્ધિ ... ... | ...૮૮ | ૧૭૭ |

| | | |
|---|---|---|
| બાહ્ય માંડલે સૂર્યના ઉદયાસ્તનું આંતરૂં | ...૮૮ | ૧૭૮ |
| ચંદ્રનો પરિવાર ને તારાની સંખ્યા. ... | ...૮૮ | ૧૭૯ |
| ગ્રહાદિકની સંખ્યા જાણવાનું કરણ ... | ...૮૯ | ૧૮૦ |
| લવણાદિકમાં ચંદ્ર સૂર્યની સંખ્યા. ... | ...૯૦ | ૧૮૧ |
| મનુષ્યક્ષેત્રના ચંદ્ર સૂર્યની શ્રેણિ... ... | ...૯૦ | ૧૮૨ |
| પુષ્કરાર્ધના મનુષ્યોને સૂર્યદર્શનનું પ્રમાણ | ...૯૧ | ૧૮૩ |
| મનુષ્યક્ષેત્રની બહાર રહેલા ચંદ્રસૂર્યાદિકનું સ્વરૂપ | ...૯૧ | ૧૮૪ |
| જંબૂદ્વીપની પરિધિ ને ગણિતપદ ... | ...૯૨ | ૧૮૫-૧૮૬ |
| પરિધિ વિગેરે જાણવાનું કરણ ... ... | ...૯૩ | ૧૮૭ |
| પરિધિ તથા ગણિતપદનું કરણ ... | ...૯૩ | ૧૮૮ |
| ઇષુ અને જીવાનું કરણ ... ... | ...૯૯ | ૧૮૯ |
| ધનુપૃષ્ઠ તથા બાહાનું કરણ ... ... | ...૧૦૨ | ૧૯૦ |
| છેલ્લા ખંડનું પ્રતર કરવાનું કરણ ... | ...૧૦૨ | ૧૯૧ |
| વૈતાઢ્યાદિકના પ્રતરનું કરણ ... ... | ...૧૦૩ | ૧૯૨-૧૯૩ |
| ઘનગણિતનું કરણ ... ... ... | ...૧૦૮ | ૧૯૪ |
| જીવા વિગેરેના સંગ્રહની ગાથાઓ. અર્થ સાથે. | ...૧૧૦-૫ | |


## ૨. લવણસમુદ્રનો અધિકાર.


| | | |
|---|---|---|
| લવણસમુદ્રનું પ્રમાણ ... ... ... | ...૧૧૬ | ૧ (૧૯૫) |
| જળવૃદ્ધિનું કરણ ... ... ... | ...૧૧૬ | ૨ (૧૯૬) |
| લવણસમુદ્રની શિખા.... ... ... | ...૧૧૭ | ૩ (૧૯૭) |
| પાતાળકળશા ... ... ... | ...૧૧૭ | ૪-૬ (૧૯૮-૨૦૦) |
| પાતાળકળશના અધિપતિ દેવો... ... | ...૧૧૯ | ૭ (૨૦૧) |
| પાતાળકળશમાં પવન વિગેરેની સ્થિતિ... | ...૧૨૦ | ૮-૯ (૨૦૨-૨૦૩) |
| વેલંધર દેવોનું સ્વરૂપ, સ્થાન, અધિપતિ વિગેરે | ...૧૨૧ | ૧૦-૧૩ (૨૦૪-૨૦૭) |
| વેલંધર પર્વતનું પ્રમાણ, વર્ણ વિગેરે ... | ...૧૨૨ | ૧૪-૧૫ (૨૦૮-૨૦૯) |
| વેલંધર પર્વતનું જળ ઉપરનું પ્રમાણ ... | ...૧૨૩ | ૧૬ (૨૧૦) |
| અંતરદ્વીપોનું સ્વરૂપ તથા તેનાં નામ ... | ...૧૨૫ | ૧૭-૨૪ (૨૧૧-૨૧૮) |
| અંતરદ્વીપના યુગલિકનું સ્વરૂપ, આયુષ્ય, દેહમાન વિગેરે | ...૧૨૯ | ૨૫ (૨૧૯) |
| ગૌતમદ્વીપ તથા ચંદ્ર સૂર્યના દ્વીપનું સ્વરૂપ, જળઉપરનું પ્રમાણ, તેમાં રહેલા પ્રાસાદો | ...૧૨૯ | ૨૬-૩૦ (૨૨૦-૨૨૪) |


## ૩ ધાતકીખંડ અધિકાર.


| | | |
|---|---|---|
| ધાતકીખંડના બે વિભાગનું સ્વરૂપ ... | ...૧૩૨ | ૧ (૨૨૫) |
| પર્વતો અને ક્ષેત્રોની સંખ્યા ... ... | ...૧૩૨ | ૨ (૨૨૬) |

| | | |
|---|---|---|
| જંબૂદ્વીપની સાથે સરખામણી ... ... | ...૧૩૩ | ૩ (૨૨૭) |
| બે મેરૂનું સ્વરૂપ ... ... ... | ...૧૩૩ | ૪–૫ (૨૨૮–૨૨૯) |
| જંબૂદ્વીપ કરતાં બમણા પ્રમાણવાળા નદી, કુંડ વિગેરે | ૧૩૫ | ૬ (૨૩૦) |
| ભદ્રશાલ વન... ... ... ... | ...૧૩૬ | ૭ (૨૩૧) |
| ગજદંત પર્વત ... ... ... | ...૧૩૬ | ૮ (૨૩૨) |
| વક્ષસ્કાર પર્વત ... ... ... | ...૧૩૭ | ૯ (૨૩૩) |
| પર્વતો અને ક્ષેત્રોનો વિસ્તાર ... ... | ...૧૩૭ | ૧૦ (૨૩૪) |
| ધ્રુવાંક ... ... ... ... | ...૧૩૮ | ૧૧–૧૨ (૨૩૫-૨૩૬) |
| દરેક વિજયનો વિસ્તાર ... ... | ...૧૪૦ | ૧૩ (૨૩૭) |
| નગરી અને વૃક્ષનું સ્વરૂપ ... ... | ...૧૪૧ | ૧૪ (૨૩૮) |
| ત્રણ પરિધિ ... ... ... ... | ...૧૪૨ | ૧૫ (૨૩૯) |
| **૪ કાલોદધિ અધિકાર.** | ૧૪૫ | ૧–૨ (૨૪૦–૨૪૧) |
| **૫ પુષ્કરદ્વીપાર્ધ અધિકાર.** | | |
| માનુષોત્તર પર્વતનું સ્વરૂપ ... ... | ...૧૪૬ | ૧ (૨૪૨) |
| ક્ષેત્રો અને પર્વતોનું સ્વરૂપ ... ... | ...૧૪૬ | ૨ (૨૪૩) |
| બાહ્ય ગજદંત તથા અભ્યંતર ગજદંત... | ...૧૪૭ | ૩–૪ (૨૪૪–૨૪૫) |
| નદીઓ તથા પર્વતાદિકનું પ્રમાણ ... | ...૧૪૮ | ૫ (૨૪૬) |
| ધ્રુવાંક પ્રમાણે ત્રણ પ્રકારનો વિસ્તાર લાવવા માટે ધ્રુવરાશિ | ૧૪૯ | ૬–૮ (૨૪૭–૨૪૯) |
| વિજયોનો વિષ્કંભ ... ... ... | ...૧૫૧ | ૯–૧૦ (૨૫૦–૨૫૧) |
| કુરૂક્ષેત્રના વૃક્ષો ... ... ... | ...૧૫૨ | ૧૧ (૨૫૨) |
| સમગ્ર મનુષ્યક્ષેત્રના સર્વ મળીને પર્વતો | ...૧૫૨ | ૧૨–૧૩ (૨૫૩–૨૫૪) |
| પુષ્કરાર્ધદ્વીપની ત્રણ પ્રકારની પરિધિ ... | ...૧૫૩ | ૧૪ (૨૫૫) |
| મનુષ્યક્ષેત્રની બહાર જે જે વસ્તુ નથી હોતી તે બાબત | ૧૫૫ | ૧૫ (૨૫૬) |
| **૬ મનુષ્યક્ષેત્રની બહારનો અધિકાર.** | | |
| ઇષુકાર તથા માનુષોત્તર પર્વતપર રહેલા જિનચૈત્યો | ..૧૫૬ | ૧ (૨૫૭) |
| નંદીશ્વર, કુંડલ અને રૂચકદ્વીપના જિનચૈત્યો | ...૧૫૬ | ૨ (૨૫૮) |
| રૂચકદ્વીપ બાબત વિકલ્પ અને રૂચકપર્વતોનું સ્વરૂપ | ૧૫૭ | ૩ (૨૫૯) |
| રૂચક પર્વતોપર દિક્કુમારીઓનો નિવાસ | ...૧૫૮ | ૪ (૨૬૦) |
| ઉપસંહાર, ગ્રંથસમાપ્તિ, ગ્રંથકર્તાનું નામ. | ...૧૫૯ | ૫ (૨૬૧–૨–૩) |
| **અઢીદ્વીપમાં રહેલા શાશ્વત પદાર્થો સંબંધી વિસ્તૃત યંત્ર.** | | |
| લઘુક્ષેત્રસમાસ પ્રકરણની મૂળ ગાથાઓ ... ... | | પૃષ્ઠ ૧–૨૩ |
| મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી વિયોગાષ્ટક ... ... ... | | ૨૪ |

# યંત્રોની અનુક્રમણિકા.


દ્વીપ તથા સમુદ્રનું યોજન પ્રમાણુ ૬
મેરૂપર્વતનો ઇષ્ટ સ્થાને વિષ્કંભ ૯
જંબૂદ્વીપની પરિધિનું ગણિત ૧૧
ક્ષેત્રો અને પર્વતોનો વિસ્તાર કાઢવાની રીત ૧૪-૧૫
ક્ષેત્ર તથા કુલગિરિનો વિસ્તાર ૧૭
કુલગિરિપર રહેલા દ્રહોનાં નામ, પ્રમાણુ તથા તેમાં વસનારી દેવીઓનાં નામ ૧૯
દ્રહોમાં રહેલા કમળનું પ્રમાણુ ૨૦
કમળમાં રહેલી કર્ણિકા તથા દેવીના ભવનનું પ્રમાણુ ૨૧
મધ્ય કમળના પરિવારભૂત કમળો ૨૩
દ્રહોનાં નામ તથા તેના દ્વારનું પ્રમાણુ. ૨૪
નદીઓનાં નામ તથા જીભીનું પ્રમાણુ ૨૬-૨૭
નદી, પ્રપાતકુંડ, દ્વીપ અને વેદિકા તથા દ્વારનું પ્રમાણુ ૨૯
નદીઓનો વિસ્તાર તથા ઉંડાપણું ૩૦
સાતે ક્ષેત્રોની મહાનદીઓ તથા પરિવારની નદીઓની સંખ્યા ૩૪
છ કુલગિરિ ઉપરના તથા ગજદંત ઉપરના કૂટોના નામ ૩૬
નંદનવનના કૂટ ૮, કરિકૂટ ૮, કુલકૂટ સંખ્યા ૩૭
જંબૂદ્વીપના સર્વ કૂટોની સંખ્યા ૪૨
પહેલા ત્રણ આરાનું પ્રમાણુ તથા મનુષ્યની હકીકત ૫૧
મેરૂ, વિજયો, વક્ષસ્કાર, અંતરનદી અને વનમુખનો વિસ્તાર ૭૫
મેરૂ, વિજયો વિગેરેનો વિષ્કંભ ૮૧
અઢી દ્વીપમાં રહેલા ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, ગ્રહ અને તારાની સંખ્યા. ૮૯
જંબૂદ્વીપની પારધિનું ગણિત ૯૫
કમળો, દ્વીપો, મેરૂની ચૂલા, કૂટો વિગેરેનો વિષ્કંભાદિક ૯૬-૯૭
જંબૂદ્વીપનું ગણિતપદ ૯૮
ભરતાદિક ક્ષેત્રોનીતથા કુલગિરિનીજીવા૧૦૦
ક્ષેત્રો અને કુલગિરિનું ધનુઃપૃષ્ઠ ૧૦૧
ક્ષેત્રો અને કુલગિરિની બાહા ૧૦૨
દક્ષિણાર્ધ ભરતક્ષેત્રનું પ્રતર ૧૦૩
વૈતાઢ્યાદિક પર્વતો નથા ઉત્તરાર્ધ ભરતાદિકના પ્રતરનું કરણુ ૧૦૪-૧૦૫
વૈતાઢ્ય ભૂતલ પ્રતરનું કરણુ ૧૦૬
વૈતાઢ્ય પ્રથમ દ્વિતીય મેખલા પ્રતર ૧૦૬
સર્વ ક્ષેત્રો અને પર્વતોનું પ્રતર ૧૦૭
વૈતાઢ્યાદિકનું ઘનગણિત ૧૦૮
સર્વ ક્ષેત્રો અને પર્વતોના ઇષુથી ઘનગણિત સુધીની સ્થાપના ૧૦૯
પાતાળકળશાની સ્થાપના ૧૧૯
વેલંધર અનુવેલંધર પર્વતોનાં નામ, તેના દેવો તથા વિસ્તાર વિગેરે ૧૨૩
અંતરદ્વીપોનો વિસ્તાર, પરિધિ વિગેરે ૧૨૭
ધાતકીખંડની નદીઓ, તેની જીભી, વિસ્તાર, દ્વીપ, કુંડ વિગેરે ૧૩૫
દેવકુરૂ અને ઉત્તરકુરૂની જીવા અને ભદ્રશાળવન. ૧૩૬
ધાતકીખંડના ક્ષેત્રોનો વિસ્તાર ૧૩૯
મહાવિદેહ સંબંધી વિજયાદિકનું કરણુ ને સ્થાપના. ૧૪૦-૧
ધાતકીખંડની ત્રણુ પરિધિ. ૧૪૨
ધાતકીખંડના પર્વતોનો વિસ્તાર ૧૪૩
ધાતકીખંડના ૫૪૦ પર્વતોનું વિવરણુ. ૧૪૪
પુષ્કરાર્ધદ્વીપની નદીઓ તથા કુલગિરિનું પ્રમાણુ. ૧૪૯
પુષ્કરાર્ધના ક્ષેત્રોનું ધ્રુવાંકને આધારે પ્રમાણુ. ૧૪૯
પુષ્કરાર્ધના મહાવિદેહના મેરૂ વિગેરેનો વિસ્તાર ૧૫૧
પુષ્કરાર્ધના પર્વતોનું સવિસ્તર વિવરણુ તથા પર્વતોનો વિસ્તાર. ૧૫૪-૫
પુષ્કરાર્ધની ત્રણે પરિધિ ૧૫૫

# આ ગ્રંથમાં સહાય આપનાર શ્રાવિકા બહેનોનું લીસ્ટ.

| | | |
|---|---|---|
| ૫૦ | સાધ્વીજી શ્રી મણિશ્રીજીના ઉપદેશથી શામળાની પોળની શ્રાવિકાઓ તરફથી | અમદાવાદ |
| ૩૫ | શા. હરિચંદ મીઠાભાઈ | ભાવનગર |
| ૩૧ | શા. છોટાલાલ હીરાચંદની ધર્મપત્ની બાઈ પાર્વતી | ,, |
| ૩૦ | બાબુ હનુમાનસિંહજી લખમીચંદજીની વિધવા બાઇ ગટાબાઈ | કલકત્તા |
| ૨૫ | શા. નાથાભાઈ મૂળચંદની પુત્રી બાઇ પોપટ | અમદાવાદ |
| ૨૫ | વોરા હઠીસંગ ઝવેરભાઈની વિધવા બાઈ હેમ | ભાવનગર |
| ૨૫ | શા. પ્રેમચંદ કેવળની વિધવા બાઇ ચંપા | અમદાવાદ |
| ૨૫ | બ્હેન રામબા આણંદજી | ભાવનગર |
| ૨૫ | સંઘવી દામોદરદાસ નેમચંદની વિધવા બાઈ નંદુ | ,, |
| ૧૫ | બાબુ છન્નુલાલ રીખવદાસની માતાજી ભમરીબાઈ | કલકત્તા |
| ૧૩ | સાધ્વી હેમશ્રીજીના ઉપદેશથી શ્રાવિકાઓ તરફથી | અમદાવાદ |
| ૧૧ | ભાઈ કાંતિલાલ હીરાલાલની માતાજી બાઈ જડી | ભાવનગર |
| ૧૧ | શા. ગુલાબચંદભાઇની ધર્મપત્ની બાઇ ઇંદુમતી | ઉજળા |
| ૧૦ | શા. સોમચંદ ઓધવજીની વિધવા બાઈ પોતી | ભાવનગર |
| ૧૦ | શા. તારાચંદ નથુભાઈની ધર્મપત્ની બાઈ દીવાળી | વઢવાણ |
| ૧૦ | શા. તારાચંદ થોભણની ધર્મપત્ની બાઈ મણિ | ભાવનગર |
| ૧૦ | શા. તારાચંદ બેચરની વિધવા બાઇ મૂળી | ,, |
| ૧૦ | શેઠ રતનજી વીરજીની વિધવા બાઇ અંબા | ,, |
| ૧૦ | શા. તનમન કાળીદાસ | અમદાવાદ |
| ૫ | શા. ઓધવજી તેજપાળની ધર્મપત્ની બાઈ સંતોક | ભાવનગર |
| ૫ | શા. જગજીવન મગનલાલની વિધવા બાઇ સમરત | ,, |
| ૫ | વોરા અમરચંદ જસરાજની વિધવા બાઈ કુંવર | ,, |
| ૫ | શા. કરણીલાલ કાંતિલાલ | ,, |
| ૫ | વોરા જયંતીલાલ નાનચંદની ધર્મપત્ની બાઈ કંચન | ,, |
| ૫ | શા. વીઠલ ઉમેદની ધર્મપત્ની બાઈ મંછા | ,, |
| ૫ | વકીલ પ્રભુદાસ મોતીચંદની વિધવા બાઈ ધોળી | ,, |
| ૫ | શા. ભગવાન કરશનની વિધવા બાઇ હરકોર | ,, |
| ૫ | શા. તલકચંદ ગીગાભાઇની વિધવા બાઈ મોતી | ,, |
| ૫ | શા. ગોપાળજી ગીગાભાઇની ધર્મપત્ની બાઇ કીલી | ,, |
| ૫ | શા. ખીમચંદ જીવણની ધર્મપત્ની બાઇ જડી | પાલીતાણા |

| | |
|---|---|
| ૫ શા ગોરધન ત્રિભોવનની ધર્મપત્ની બાઇ ચંદન | ઘોઘા |
| ૫ શા વસંતરાય નગીનદાસ | ” |
| ૫ શા વિઠલદાસ મોતીચંદની વિધવા બાઈ મણિ | ” |
| ૫ શા ચુનીલાલ છગનલાલની વિધવા બાઈ પાર્વતી | ” |
| ૫ શા જીવણ ગોરધનની ધર્મપત્ની બાઇ કડવી | ભાવનગર |
| ૫ બ્હેન ચંદન શામજી     ૫ શા લલ્લુભાઇ કેશવજી | ” |
| ૫ શા પરશોતમ હેમચંદની ધર્મપત્ની બાઇ સાંકળી | ” |
| ૫ શેઠ અનોપચંદ ગોવિંદજીની ધર્મપત્ની બાઈ અંજવાળી | ” |
| ૫ શા જગજીવન ધનજીની ધર્મપત્ની બાઇ સમરત, ૫ બાઈ જેકોર | ” |
| ૫ શા. મહોકમચંદ લલ્લુની વિધવા બાઇ પુંજી | અમદાવાદ |
| ૫ શા બાલાભાઈ જેચંદની વિધવા બાઇ પુતળી | ” |
| ૫ શા સાકરચંદ લલ્લુની વિધવા બાઇ મણિ | ” |
| ૫ વકીલ ભીખાભાઇ રતનચંદની વિધવા બાઈ ચંપા | ” |
| ૫ વકીલ ભીખાભાઈ રતનચંદની પુત્રી બાઇ મેણા | ” |
| ૫ શા નથુભાઈ દેવચંદની ધર્મપત્ની બાઇ હરકોર | ભાવનગર |
| ૫ વોરા નાનચંદ કરશનની પુત્રી બ્હેન મેણા | ” |
| ૫ વોરા પરમાણંદ અમરચંદની ધર્મપત્ની બાઇ મોંઘી | ” |
| ૫ શા ઓધવજી ગાંડાની પુત્રી બાઇ અંજવાળી | ” |
| ૫ બ્હેન મધુરી પરશોતમ     ૫ બ્હેન સુરજ નરોત્તમદાસ | ” |
| ૫ શા. હરજીવન પુરૂષોત્તમની વિધવા બાઈ કસ્તુર | ” |
| ૫ શા. ભોગીલાલ લલ્લુભાઈની ધર્મપત્ની બાઇ સમરત | ” |
| ૫ શા. મગનલાલ હંસરાજની પુત્રી બ્હેન તારા ને કાંતા | ” |
| ૫ શા બાલુભાઇ ફુલચંદની ધર્મપત્ની બાઇ અંજવાળી | ” |
| ૫ વોરા જુઠાભાઈ સાકરચંદની પુત્રી બ્હેન રમણકાંતા | ” |
| ૫ શા ગોપાળજી ડાયાની પુત્રી બ્હેન પરસન | ” |
| ૫ શેઠ નરશી મૂળજીની પુત્રી બ્હેન માકુ | ” |
| ૫ શા. અનોપચંદ નરશીની ધર્મપત્ની બાઈ હેમકોર | ” |
| ૫ શા ત્રિભોવન કાળીદાસની ધર્મપત્ની બાઈ હરકોર | ” |
| ૫ બાઇ ચંપા     ૫ બ્હેન ચંદન ચુનીલાલ | ઘોઘા |
| ૫ બ્હેન જીવી ડાહ્યાભાઈ. ઘોઘા.     ૯૫ પરચુરણ | |

ॐ श्री परमात्मने नमः

श्री रत्नशेखरसूरिविरचित

# श्री लघुक्षेत्रसमास प्रकरणम्

## मूल तथा भाषान्तर.

वीरं जयसेहरपय-पइट्ठिअं पणमिऊण सु(स)गुरुं च ।
मंदु त्ति ससरणट्ठा, खित्तविआराणुमुंछामि ॥ १ ॥

**અર્થ**—(**जयसेहरपयपइट्ठिअं**) ત્રણ લોકના શેખરરૂપ મોક્ષસ્થાનમાં નિશ્ચળ રહેલા (**वीरं**) શ્રી મહાવીરસ્વામીને (**च**) અને (**जयसेहरपयपइट्ठिअं**) જય-શેખરસૂરિના પટ્ટ ઉપર રહેલા (**सु(स)गुरुं**) શ્રી વજ્રસેનસૂરિ નામના પોતાના ગુરૂને (**पणमिऊण**) પ્રણામ કરીને હું રત્નશેખરસૂરિ (**मंदु त्ति**) મંદ–જડ હોવાથી (**ससरणट्ठा**) પોતાના સ્મરણને માટે (**खित्तविआराणुं**) ક્ષેત્રવિચારના લેશને (**उंछामि**) વીણું છું, એટલે વેરાયેલા ધાન્યના કણની જેમ થોડું થોડું ગ્રહણ કરૂં છું. ( ૧ )

પ્રથમ તિર્છાક્ષેત્રમાં રહેલા દ્વીપ અને સમુદ્રોનું સામાન્ય પ્રમાણ કહે છે.

तिरिएगरज्जुखित्ते, असंखदीवोदहीउ ते सव्वे ।
उद्धारपलिअपणवी-सकोडिकोडीसमयतुल्ला ॥ २ ॥

**અર્થ**—( **तिरिएगरज्जुखित्ते** ) એક રાજપ્રમાણ તિર્છાક્ષેત્રને વિષે ( **असंखदीवोदहीउ** ) અસંખ્ય દ્વીપો અને સમુદ્રો છે. ( **ते सव्वे** ) તે સર્વે ( **उद्धारपलिअपणवीसकोडिकोडीसमयतुल्ला** ) પચીશ કોડાકોડી ઉદ્ધાર પલ્યોપમના સમયતુલ્ય એટલે તેના જેટલા સમય થાય તેટલા દ્વીપ અને સમુદ્રો છે. ( આ પલ્યોપમ સૂક્ષ્મ સમજવું )

ઉદ્ધારપલ્યોપમનું સ્વરૂપ આ પ્રમાણે—ઉત્સેધાંગુલના પ્રમાણથી એક યોજન લાંબો, એક યોજન પહોળો અને એક યોજન ઉંડો કુવો કરવો. પછી દેવકુરૂ અને ઉત્તરકુરૂના યુગલિકના એક દિવસથી માંડીને સાત દિવસ સુધીમાં ઉગેલા વાળાગ્રના અસંખ્ય કકડા કરીને ( કલ્પીને ) તે વડે તે કુવો ઠાંસી ઠાંસીને ભરવો. તેમાંથી એક એક સમયે એક એક કકડો કાઢતાં જેટલા કાળે તે કુવો સર્વથા ખાલી થાય તે કાળ એક સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ કહેવાય છે. ( ૨ ) ( અહીં વાળાગ્રમાં અગ્ર શબ્દ કકડાવાચક છે. )

ઉદ્ધારપલ્યોપમની પ્રરૂપણામાં જ વિશેષ સંપ્રદાયના કથનવડે પ્રથમ સ્થૂળ કલ્પનાને કહે છે.

**कुरुसगदिणाविअंगुल–रोमे सगवारविहिअअडखंडे ।**
**बावन्नसयं सहस्सा, सगणउई वीसलक्खाणू ॥ ३ ॥**

**અર્થ**—( **कुरुसगदिणाविअंगुलरोमे** ) દેવકુરૂ અને ઉત્તરકુરૂમાં સાત દિવસના જન્મેલા ઘેટાના એક ઉત્સેધાંગુલપ્રમાણ વાળને ( **सगवारविहिअअडखंडे** ) સાત વાર આઠ–આઠ કકડા કરવાથી ( **अणू** ) તે કકડા ( **वीसलक्खा** ) વીશ લાખ ( **सगणउई** ) સતાણું ( **सहस्सा** ) હજાર ( **बावन्नसयं** ) એક સો ને બાવન ( ૨૦૯૭૧૫૨ ) થાય છે. ( ૩ ) તે આ પ્રમાણે—

અંગુલપ્રમાણ રોમ ૧

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૬૪ | ૫૧૨ | ૪૦૯૬ | ૩૨૭૬૮ | ૨૬૨૧૪૪ |
| ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ |
| ૮ | ૬૪ | ૫૧૨ | ૪૦૯૬ | ૩૨૭૬૮ | ૨૬૨૧૪૪ | ૨૦૯૭૧૫૨ |

આ ઉપર કહેલા કેશના કકડાવડે પલ્ય ભરવાથી પણ તે કકડા સંખ્યાતા જ થાય છે, તે દેખાડવાપૂર્વક અસંખ્યપણું કહેવા માટે સૂક્ષ્મ કકડાની કલ્પના કરે છે.

**ते थूला पल्ले वि हु, संखिज्जा चेव हुंति सव्वे वि ।**
**ते इक्किक्क असंखे, सुहमे खंडे पकप्पेह ॥ ४ ॥**

**અર્થ**—( **ते** ) તે ઉપર કહેલા ( **थूला** ) સ્થૂલ અણુઓ-કકડાઓ ( **पल्ले वि हु** ) ચાર કોશ પ્રમાણ પલ્યને વિષે ભર્યા સતા પણ ( **सव्वे वि** ) સર્વ મળીને ( **संखिज्जा चेव** ) સંખ્યાતા જ ( **हुंति** ) થાય છે તેથી ( **ते** ) તે ( **इक्किक** ) એક એક અણુ ( કકડા ) ના ( **असंखे** ) અસંખ્યાતા ( **सुहमे** ) સૂક્ષ્મ ( **खंडे** ) કકડા ( **पकप्पेह** ) કલ્પવા.

**ભાવાર્થ**-ઉપર જે સૂચીની ગણનાએ એક ઉત્સેધાંગુલના રોમખંડો વીશ લાખ, સતાણુ હજાર, એક સો ને બાવન થયા છે. તેને એક હાથમાં સમાતી સંખ્યા કરવા માટે ચોવીશે ગુણતાં પાંચ કોટિ, ત્રણ લાખ, એકત્રીશ હજાર, છ સો ને અડતાળીશ (૫૦૩૩૧૬૪૮) થાય છે. તેને એક ધનુષમાં સમાતી સંખ્યા કરવા માટે ચારે ગુણતાં વીશ કોટિ, તેર લાખ, છવીશ હજાર, પાંચસો ને બાણુ (૨૦૧૩૨૬૫૯૨) થાય છે. તેને એક કોશમાં સમાતી સંખ્યા કરવા માટે બે હજારે ગુણતાં ચાળીશ હજાર બસો ને પાંસઠ કોટિ, એકત્રીશ લાખ ને ચોરાશી હજાર (૪૦૨૬૫૩૧૮૪૦૦૦) થાય છે. તેને એક યોજનમાં સમાતી સંખ્યા કરવા માટે ચારે ગુણતાં એક લાખ એકસઠ હજાર ને એકસઠ કોટિ, સતાવીશ લાખ ને છત્રીશ હજાર ( ૧૬૧૦૬૧૨૭૩૬૦૦૦ ) થાય છે અર્થાત્ સૂચીની ગણનાએ એક યોજનમાં આટલા રોમખંડ સમાય છે. આ સંખ્યાને એક યોજનનું ચતુરસ્ર પ્રતર કરવા માટે એ જ સંખ્યાવડે ગુણવાથી પચીશ સો ને ચોરાણુ કોટાકોટિ કોટિ, સાત લાખ તેત્રીશ હજાર આઠ સો ને ત્રેપન કોટાકોટિ, પાંસઠ લાખ ચાળીશ હજાર પાંચ સો ને ઓગણોતેર કોટિ અને સાઠ લાખ થાય છે. ત્યારપછી ઘન કરવા માટે આ આંકને પૂર્વના જ અંકવડે ગુણવાથી એકતાળીશ કરોડ, અઠ્ઠોતેર લાખ, ચાર હજાર, સાત સો ને ત્રેસઠ એટલી કોટાકોટિ કોટાકોટિ તથા પચીશ લાખ, અઠ્યાશી હજાર, એક સો ને અઠ્ઠાવન એટલી કોટાકોટિ કોટિ તથા બેંતાળીશ લાખ, સીતોતેર હજાર, આઠ સો ને પીસ્તાળીશ કોટાકોટિ, તથા ચાળીશ લાખ, પચીશ હજાર ને છ સો કોટિ, આટલા ખંડો ઘન કરેલા ચતુરસ્ર યોજનના થાય છે. હવે ચોરસ યોજનવાળા ઘનયોજનનો વૃત્તઘન કરવા માટે આ જ રાશિને ઓગણીશે ગુણતાં આ પ્રમાણે અંક આવે.—૭૯૩૮૨૯૦૫૦૧૯૧૭૫૦૧૨૭૯૦૬૩૪૦૮૬૪૦૦૦૦૦૦૦૦૦ આ અંકને ચોવીશે ભાગ દેતાં તેત્રીશ કોટિ, સાત લાખ, બાસઠ હજાર, એક સો ને ચાર એટલી કોટાકોટિ કોટાકોટિ, તથા ચોવીશ લાખ, પાંસઠ હજાર છસો ને પચીશ એટલી કોટાકોટિ કોટિ તથા બેંતાળીશ લાખ, ઓગણીશ હજાર, નવ સો ને સાઠ એટલી કોટાકોટિ, તથા સતાણુ લાખ, ત્રેપન હજાર ને છ સો કોટિ થાય છે. આ સમવૃત્ત યોજનપ્રમાણ પલ્યમાં રહેલા સર્વ સ્થૂળ રોમખંડોની સંખ્યા જાણવી. આટલી સંખ્યા હોવાથી આ સ્થૂળ રોમખંડો સંખ્યાતા કહ્યા છે. તેને અસંખ્યાત કરવા માટે તે દરેક સ્થૂળ રોમખંડના અસંખ્યાતા સૂક્ષ્મ કકડાની કલ્પના કરવી. ( ૪ )

હવે આ અસંખ્યાતા સૂક્ષ્મ રોમખંડનો પલ્યોપમ થાય છે તે કહે છે:—

**सुहमाणुणिचिअउस्से–हंगुलचउकोसपल्लिघणवट्टे ।**
**पइसमयमणुग्गहनि–ट्ठिअंमि उद्धारपलिउ त्ति ॥ ५ ॥**

**અર્થ:**—કલ્પનાએ કરીને જ (**सुहमाणुणिचिअउस्सेहंगुलचउकोसपल्लिघणवट्टे**) સૂક્ષ્મ અણુઓ (અસંખ્ય વાળાગ્રો) વડે ઠાંસી ઠાંસીને ભરેલો ઉત્સેધ અંગુલના માને કરેલો જે ચાર કોશનો વૃત્ત પલ્ય તે (**पइसमयं**) પ્રતિસમયે (**अणुग्गहनिट्ठिअंमि**) એક એક અણુ (વાળાગ્ર) ગ્રહણ કરવાથી સર્વથા ખાલી થઈ જાય ત્યારે તે (**उद्धारपलिउ त्ति**) ઉદ્ધાર પલ્ય થાય છે. એટલે કે આટલો કાળ સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ કહેવાય છે. (૫)

હવે ચાર ગાથાએ કરીને કેટલાક દ્વીપ અને સમુદ્રનાં નામો કહે છે:—

**पढमो जंबू बीओ, धाइअसंडो अ पुक्खरो तइओ ।**
**वारुणिवरो चउत्थो, खीरवरो पंचमो दीवो ॥ ६ ॥**
**घयवरदीवो छट्ठो, ईक्खुरसो सत्तमो अ अट्ठमओ ।**
**णंदीसरो अ अरुणो, णवमो ईच्चाइसंखिज्जा ॥ ७ ॥**

**અર્થ:**—(**पढमो**) પહેલો (**जंबू**) જંબૂદ્વીપ છે. (**बीओ**) બીજો (**धाइअसंडो**) ધાતકીખંડ છે. (**अ**) અને (**तइओ**) ત્રીજો (**पुक्खरो**) પુષ્કરવરદ્વીપ છે. (**चउत्थो**) ચોથો (**वारुणिवरो**) વારૂણીવરદ્વીપ છે (**पंचमो**) પાંચમો (**खीरवरो**) ખીરવર (**दीवो**) દ્વીપ છે. (૬). (**छट्ठो**) છઠ્ઠો (**घयवरदीवो**) ઘૃતવરદ્વીપ (**सत्तमो**) સાતમો (**इक्खुरसो**) ઈક્ષુરસદ્વીપ (**अ**) અને (**अट्ठमओ**) આઠમો (**णंदीसरो**) નંદીશ્વરદ્વીપ (**अ**) અને (**णवमो**) નવમો (**अरुणो**) અરૂણદ્વીપ (**इच्चाइ**) ઈત્યાદિ (**असंखिज्जा**) અસંખ્ય દ્વીપ છે. (૭).

**सुपसत्थवत्थुणामा, तिपडोआरा तहारुणाईआ ।**
**ईगणामे वि असंखा, जाव य सूरावभास त्ति ॥ ८ ॥**

**અર્થ:**—(**सुपसत्थवत्थुणामा**) સારી પ્રશસ્ત વસ્તુના નામવાળા દ્વીપસમુદ્રો છે. એટલે કે–ઉત્તમ એવા આભરણ, વસ્ત્ર, ગંધ, કમળ, તિલક, પદ્મ, નિધિ, રત્ન, વાસગૃહ, દ્રહ, નદી, વિજય, વખ્ખાર, કલ્પ, ઇંદ્ર, કુરૂ, મંદિર, આવાસ, કૂટ, નક્ષત્ર, ચંદ્ર, સૂર્ય વિગેરે બીજા પણ જે પ્રશસ્ત વસ્તુનાં નામ હોય છે તે નામના દ્વીપ-સમુદ્રો છે. (**तहा**) તથા (**तिपडोआरा**) ત્રિપ્રત્યવતાર (**अरुणाईया**) અરૂણ વિગેરે નામવાળા છે. એટલે કે–અરૂણ ૧, અરૂણવર ૨, અરૂણવરાવભાસ ૩, ઇત્યાદિ. તથા (**इगणामे वि**) એક એક નામવાળા પણ (**असंखा**) અસંખ્ય દ્વીપસમુદ્રો છે, જેમ

એક જંબૂદ્વીપ છે તેમ બીજા પણ અસંખ્ય જંબૂદ્વીપો છે, તથા આ એક એક નામવાળા અસંખ્ય દ્વીપસમુદ્રો અને ત્રિપ્રત્યવતારવાળા દ્વીપસમુદ્રો ( **जाव य** ) યાવત્ ( **सूरावभास त्ति** ) સૂરાવભાસ નામનો દ્વીપ અને સમુદ્ર આવે ત્યાં સુધી જ છે, ત્યારપછી ત્રિપ્રત્યવતારવાળા દ્વીપસમુદ્ર નથી. (૮).

**तत्तो देवे नागे, जक्खे भूए सयंभुरमणे अ ।**
**एए पंच वि दीवा, इगेगणामा मुणेअव्वा ॥९॥**

**અર્થ:**—( **तत्तो** ) ત્યારપછી એટલે સૂરવરાવભાસ નામના દ્વીપ અને સમુદ્ર પછી ( **देवे** ) દેવ નામનો દ્વીપ, ( **नागे** ) નાગ નામનો દ્વીપ, ( **जक्खे** ) યક્ષદ્વીપ, ( **भूए** ) ભૂતદ્વીપ ( **अ** ) અને ( **सयंभुरमणे** ) સ્વયંભૂરમણદ્વીપ, ( **एए** ) આ ( **पंच वि** ) પાંચ નામના ( **दीवा** ) દ્વીપો ( **इगेगणामा** ) એક એક નામના જ ( **मुणेअव्वा** ) જાણવા. (૯). ( એ દરેકની વચ્ચે તે તે નામના સમુદ્રો જાણવા )

અહીં સુધી એકલા દ્વીપની જ વાત છે.

હવે સમુદ્રનાં નામો કહે છે:—

**पढमे लवणो बीए, कालोअहि सेसएसु सव्वेसु ।**
**दीवसमनामया जा, सयंभुरमणोदही चरमो ॥ १० ॥**

**અર્થ:**—( **पढमे** ) પહેલા દ્વીપ ફરતો ( **लवणो** ) લવણ સમુદ્ર છે. ( **बीए** ) બીજા દ્વીપ ફરતો ( **कालोअहि** ) કાલોદધિ નામે સમુદ્ર છે, ( **सेसएसु** ) બાકીના ( **सव्वेसु** ) સર્વ દ્વીપોની ફરતા ( **दीवसमनामया** ) દ્વીપસમાન નામવાળા સમુદ્રો છે. જેમકે પુષ્કરવર દ્વીપ અને પુષ્કરવર સમુદ્ર વિગેરે. ( **जा** ) યાવત્ ( **चरमो** ) છેલ્લો ( **सयंभुरमणोदही** ) સ્વયંભૂરમણદ્વીપ ફરતો સ્વયંભૂરમણ નામે સમુદ્ર છે. (૧૦).

હવે તે સમુદ્રોનો રસ કેવો હોય ? તે કહે છે:—

**बीओ तइओ चरमो, उदगरसा पढमचउत्थपंचमगा ।**
**छट्ठो वि सनामरसा, इक्खुरसा सेसजलनिहिणो ॥ ११ ॥**

**અર્થ**—( **बीओ** ) બીજો કાલોદધિ, ( **तइओ** ) ત્રીજો પુષ્કરવરોદધિ અને ( **चरमो** ) છેલ્લો સ્વયંભૂરમણોદધિ આ ત્રણે સમુદ્રો ( **उदगरसा** ) જળના જ રસવાળા એટલે શુદ્ધ જળવાળા છે. ( **पढमचउत्थपंचमगा** ) પહેલો લવણ સમુદ્ર, ચોથો વારૂણીવર સમુદ્ર, પાંચમો ક્ષીરવર સમુદ્ર અને ( **छट्ठो वि** ) છઠ્ઠો ઘૃતવર સમુદ્ર આ ચારે સમુદ્રો ( **सनामरसा** ) પોતપોતાના નામની સમાન રસવાળા છે. ( **सेसजलनिहिणो** ) બાકીના સર્વે સમુદ્રો ( **इक्खुरसा** ) શેરડીના રસ જેવા રસવાળા-પાણીવાળા છે. (૧૧).

હવે દ્વીપ અને સમુદ્રના વિસ્તારનું પ્રમાણ કહે છે:—

**जंबुद्दीव पमाणं--गुलिजोअणलक्खवट्टविक्खंभो ।**
**लवणाईआ सेसा, वलयाभा दुगुणदुगुणा यं ॥१२॥**

**અર્થ**—( **जंबुद्दीव** ) પહેલો જંબૂદ્વીપ ( **पमाणंगुलिजोअणलक्खवट्टविक्खंभो** ) પ્રમાણાંગુલે કરીને લાખ યોજનના વિષ્કંભવાળો ગોળ છે. ( **य** ) અને ( **सेसा** ) બાકીના ( **लवणाईया** ) લવણ વિગેરે સમુદ્ર અને દ્વીપ ( **वलयाभा** ) વલયના આકારવાળા-ગોળ અને ( **दुगुणदुगुणा** ) બમણા બમણા વિસ્તારવાળા છે. (૧૨). તે નીચેના યંત્રથી જાણવા:—

| દ્વીપનું પ્રમાણ યોજન. | | સમુદ્રનું પ્રમાણ યોજન. | |
|---|---|---|---|
| ૧ જંબૂ દ્વીપ— | ૧૦૦૦૦૦ | લવણ સમુદ્ર— | ૨૦૦૦૦૦ |
| ૨ ધાતકી ખંડ— | ૪૦૦૦૦૦ | કાલોદધિ— | ૮૦૦૦૦૦ |
| ૩ પુષ્કરવર દ્વીપ— | ૧૬૦૦૦૦૦ | પુષ્કરવર સમુદ્ર— | ૩૨૦૦૦૦૦ |
| ૪ વારૂણીવર દ્વીપ— | ૬૪૦૦૦૦૦ | વારૂણીવર સમુદ્ર— | ૧૨૮૦૦૦૦૦ |
| ૫ ક્ષીરવર દ્વીપ— | ૨૫૬૦૦૦૦૦ | ક્ષીરવર સમુદ્ર— | ૫૧૨૦૦૦૦૦ |
| ૬ ઘૃતવર દ્વીપ— | ૧૦૨૪૦૦૦૦૦ | ઘૃતવર સમુદ્ર | ૨૦૪૮૦૦૦૦૦ |
| ૭ ઈક્ષુરસ દ્વીપ— | ૪૦૯૬૦૦૦૦૦ | ઈક્ષુરસ સમુદ્ર— | ૮૧૯૨૦૦૦૦૦ |
| ૮ નંદીશ્વર દ્વીપ— | ૧૬૩૮૪૦૦૦૦૦ | નંદીશ્વર સમુદ્ર— | ૩૨૭૬૮૦૦૦૦૦ |
| ૯ અરૂણ દ્વીપ— | ૬૫૫૩૬૦૦૦૦૦ | અરૂણ સમુદ્ર— | ૧૩૧૦૭૨૦૦૦૦૦ |
| ૧૦ અરૂણવર દ્વીપ— | ૨૬૨૧૪૪૦૦૦૦૦ | અરૂણવર સમુદ્ર— | ૫૨૪૨૮૮૦૦૦૦૦ |
| ૧૧ અરૂણવરાવભાસદ્વીપ- | ૧૦૪૮૫૭૬૦૦૦૦૦ | અરૂણવરાવભાસસમુદ્ર | ૨૦૯૭૧૫૨૦૦૦૦૦ |

હવે છ ગાથાવડે જંબૂદ્વીપની જગતીનું સ્વરૂપ કહે છે.—

**वयरामईहिं णिअणिअ-दीवोदहिमज्झगणिअमूलाहिं ।**
**अट्ठुच्चाहिं बारस—चउमूलेउवरिरुंदाहिं ॥ १३ ॥**
**वित्थारदुगविसेसो, उस्सेहविभत्तखओ चओ होइ ।**
**इअ चूलागिरिकूडा—तुल्लविक्खंभकरणाहिं ॥ १४ ॥**
**गाउदुगुच्चाइ तय—ट्ठभागरुंदाइ पउमवेईए ।**
**देसूणदुजोअणवर—वणाइं परिमंडिअसिराहिं ॥१५॥**
**वेईसमेण महया, गवक्खकडएण संपरित्ताहिं ।**
**अट्ठारसूणचउभत्त—परिहिदारंतराहिं चं ॥ १६ ॥**

**अट्ठुच्चचउसुवित्थर–दुपाससक्कोसकुड्डदाराहिं ।**
**पुव्वाइमहड्डिअ–देवदारविजयाइनामाहिं ॥ १७ ॥**
**णाणामणिमयदेहलि–कवाडपरिघाइदारसोहाहिं ।**
**जगईहिं ते सव्वे, दीवोदहिणो परिक्खित्ता ॥ १८ ॥**

**અર્થ**—તે સર્વે દ્વીપ અને સમુદ્રો જગતીવડે પરિવરેલા છે એમ અઢારમી ગાથા સાથે સંબંધ કરવો. તે જગતીના જ વિશેષણો આપે છે.—તે જગતી ( **वयरामईहिं** ) વજ્રમય છે, તથા ( **निअणिअदीवोदहिमज्झगणिअमूलाहिं** ) જેનો મૂળ વિસ્તાર પોતપોતાના દ્વીપ અને સમુદ્રના વિસ્તારના પ્રમાણુની અંદર ગણેલો છે એવી, તથા ( **अट्ठुच्चाहिं** ) તે જગતીઓ આઠ યોજન ઉંચી છે, તથા ( **बारसचउमूलेउवरिरुंदाहिं** ) મૂળમાં બાર યોજન અને ઉપર ચાર યોજન વિસ્તારવાળી એટલે જાડી છે. ( ૧૩ ). તેમાં ( **वित्थारदुगविसेसो** ) મૂળ અને ઉપરના બન્નેના વિસ્તારનો વિશ્લેષ કરવો એટલે મોટી સંખ્યામાંથી નાની સંખ્યા બાદ કરવી. જે શેષ ( બાકી ) રહે તેને ( **ऊस्सेहविभत्त** ) ઉંચાઈની સંખ્યાવડે ભાંગવા. ભાગમાં જે આવે તેટલું પ્રમાણ ઉપર ચડતાં જાડાઈમાં ( **खओ** ) ઘટતું જાય અને ઉપરથી નીચે ઉતરતાં તેટલું પ્રમાણ ( **चओ होइ** ) વધતું જાય. જેમકે જગતીની જાડાઈ મૂળમાં બાર યોજન છે અને ઉપરની જાડાઈ ચાર યોજન છે તેથી બારમાંથી ચાર બાદ કરતાં બાકી આઠ રહે છે. તેને ઉંચાઈના આઠ યોજનવડે ભાંગતાં ભાગમાં એક આવે છે. તેથી ઉપર ચડતાં એક એક યોજને એક એક યોજન જાડાઈમાં ઘટે છે અને ઉપરથી નીચે ઉતરતાં એક એક યોજને એક એક યોજન જાડાઇમાં વધે છે. તેનું યંત્ર નીચે પ્રમાણે:—

| ઉંચાઈના યોજન | ઉપર ચડતાં જાડાઈના યોજન | ઉપરથી ઉતરવાના યોજન | નીચે ઉતરતાં લભ્ય એવી જાડાઈના યોજન |
|---|---|---|---|
| ૮ | ૪ | મથાળે | ૪ |
| ૭ | ૫ | ૧ | ૫ |
| ૬ | ૬ | ૨ | ૬ |
| ૫ | ૭ | ૩ | ૭ |
| ૪ | ૮ | ૪ | ૮ |
| ૩ | ૯ | ૫ | ૯ |
| ૨ | ૧૦ | ૬ | ૧૦ |
| ૧ | ૧૧ | ૭ | ૧૧ |
| તળીએ | ૧૨ | ૮ | ૧૨ |

જ્યા ભાંગાકાર ન થઇ શકે ત્યાં ભાજ્ય અંકના તેવા અંશે કરવા કે જે પ્રકારે ભાંગાકાર થઇ શકે. ( इअ ) આ જગતી ( चूलागिरिकूडातुल्ल ) મેરૂપર્વતની ચૂલિકા, મેરૂપર્વત અને પર્વતોના કૂટની જેવી ( विक्खंभकरणाहिं ) જેના વિષ્કંભનું કરણુ કરાય તેવી છે. જેમકે મેરૂપર્વતની ચૂલાનો વિષ્કંભ ( જાડપણું ) મૂળમાં–તળીયે બાર યોજન છે અને ઉપરનો વિષ્કંભ ચાર યોજન છે, તે બારમાંથી બાદ કરવાથી શેષ આઠ યોજન રહે છે. હવે તેની ઉંચાઈ ચાળીશ યોજન છે, તે આઠને ચાળીશે ભાંગી શકાય તેમ નથી, તેથી ભાજ્યના અંકને (આઠને) પાંચે ગુણતાં ચાળીશ થાય છે. એટલે ભાજ્ય અને ભાજકનો અંક સરખો થવાથી એક પંચમાંશ ( યોજનનો પાંચમો ભાગ ) લબ્ધ થાય છે. તેથી મૂળથી ઉપર ચડતાં યોજને યોજને એક પંચમાંશ ( યોજનનો પાંચમો ભાગ ) જાડાઈમાં હાનિ પામતો જાય છે અને ઉપરથી નીચે ઉતરતાં યોજને યોજને એક પંચમાંશ વૃદ્ધિ પામે છે.

તથા ગિરિના ઉદાહરણમાં મેરૂપર્વતનો મૂળ વિષ્કંભ દશહજાર ને નેવું યોજન અને એક યોજનના અગ્યારીયા દશ ભાગ ( ૧૦૦૯૦$\frac{૧૦}{૧૧}$ ) છે, તથા ઉપરનો વિષ્કંભ હજાર ( ૧૦૦૦ ) યોજન છે. તે મૂળવિષ્કંભમાંથી બાદ કરતાં નવહજાર ને નેવું યોજન અને એક યોજનના અગ્યારીયા દશ ભાગ ( ૯૦૯૦$\frac{૧૦}{૧૧}$ ) શેષ રહે છે. હવે મેરૂપર્વતની ઉંચાઇ એક લાખ (૧૦૦૦૦૦) યોજનની છે. તેના વડે ૯૦૯૦$\frac{૧૦}{૧૧}$ આ અંકને ભાંગી શકાય નહીં તેથી ભાજ્ય રાશિ (૯૦૯૦)ને અગ્યારીયા ભાગ કરવા માટે અગ્યારે ગુણીએ ત્યારે નવાણુ હજાર નવ સો ને નેવું ( ૯૯૯૯૦ ) થાય તેમાં દશ અંશ નાંખવાથી એક લાખ ( ૧૦૦૦૦૦ ) અંશ થયા. લાખને લાખે ભાંગતાં અગ્યારીયો એક અંશ આવે છે, તેથી મેરૂપર્વત ઉપર મૂળથી ચડતાં દરેક યોજને અગ્યારીયો એક એક અંશ વિષ્કંભમાં ઘટતો જાય છે અને ઉપરથી નીચે ઉતરતાં એક એક અંશ વધતો જાય છે. આવી રીતે ગણતાં મૂળથી ઉપર ચડતાં કુલ અગ્યારીયા લાખ અંશ એટલે ૯૦૯૦$\frac{૧૦}{૧૧}$ યોજન ઘટે છે અને ઉપરથી નીચે ઉતરતાં તેટલા યોજન વધે છે.

નીચેથી એક હજાર યોજન ઉપર આવતાં સમભૂતળા પૃથ્વીનું તળ આવે છે. ત્યાં મેરૂપર્વત બરાબર દશ હજાર યોજન પહોળો રહે છે. ત્યાંથી ૯૯૦૦૦ યોજન ઉપર જતાં નવ હજાર યોજન ઘટે છે, અને એક હજાર યોજન રહે છે. તે જ પ્રમાણે નવાણુ હજાર યોજન ઉતરતાં નવ હજાર યોજન પહોળાઈમાં વધે છે એટલે ભૂમિ પર આવતાં દશ હજાર થાય છે. તેનું યંત્ર આગળ આપેલું છે.

(અથવા જેટલા યોજન ઉપર ચડીએ અથવા ઉતરીએ તેટલી સંખ્યાને અગ્યારે ભાંગવા. ભાગમાં આવે તેટલા યોજન અને શેષ રહે તેટલા અગ્યારીયા ભાગ જાડાઈમાં ચડતાં ઘટે, ઉતરતાં વધે. જેમકે અગ્યાર યોજન ચડીએ કે ઉતરીએ તો અગ્યારને અગ્યારે ભાંગતાં ભાગમાં એક આવે છે અને શેષ શૂન્ય રહે છે માટે

એક યોજન વિસ્તારમાં ઘટે અથવા વધે. પચીશ યોજન ચડીએ કે ઉતરીએ તો પચીશને અગ્યારે ભાંગતાં ભાગમાં બે આવે અને શેષ ત્રણ રહે, તેથી બે યોજન અને અગ્યારીયા ત્રણ ભાગ ઘટે અથવા વધે. ૧૦૦ યોજન ચડીએ કે ઉતરીએ તો નવ યોજન અને એક ભાગ ઘટે અથવા વધે વિગેરે.)

| ચડવાના યોજન | ઘટવાના યોજન | બાકી રહેવાના યોજન |
|---|---|---|
| ૧૧ | ૧ | ૯૯૯૯ |
| ૧૧૦૦ | ૧૦૦ | ૯૯૦૦ |
| ૨૨૦૦ | ૨૦૦ | ૯૮૦૦ |
| ૩૩૦૦ | ૩૦૦ | ૯૭૦૦ |
| ૪૪૦૦ | ૪૦૦ | ૯૬૦૦ |
| ૫૫૦૦ | ૫૦૦ | ૯૫૦૦ |
| ૬૬૦૦ | ૬૦૦ | ૯૪૦૦ |
| ૭૭૦૦ | ૭૦૦ | ૯૩૦૦ |
| ૮૮૦૦ | ૮૦૦ | ૯૨૦૦ |
| ૯૯૦૦ | ૯૦૦ | ૯૧૦૦ |
| ૧૧૦૦૦ | ૧૦૦૦ | ૯૦૦૦ |
| ૨૨૦૦૦ | ૨૦૦૦ | ૮૦૦૦ |
| ૩૩૦૦૦ | ૩૦૦૦ | ૭૦૦૦ |
| ૪૪૦૦૦ | ૪૦૦૦ | ૬૦૦૦ |
| ૫૫૦૦૦ | ૫૦૦૦ | ૫૦૦૦ |
| ૬૬૦૦૦ | ૬૦૦૦ | ૪૦૦૦ |
| ૭૭૦૦૦ | ૭૦૦૦ | ૩૦૦૦ |
| ૮૮૦૦૦ | ૮૦૦૦ | ૨૦૦૦ |
| ૯૯૦૦૦ | ૯૦૦૦ | ૧૦૦૦ ટોચઉપર |

| નીચે ઉતરવાના યોજન | વધવાના યોજન | થવાના યોજન |
|---|---|---|
| ૧૧ | ૧ | ૧૦૦૧ |
| ૧૧૦૦ | ૧૦૦ | ૧૧૦૦ |
| ૧૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ૨૨૦૦૦ | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ૩૩૦૦૦ | ૩૦૦૦ | ૪૦૦૦ |
| ૪૪૦૦૦ | ૪૦૦૦ | ૫૦૦૦ |
| ૫૫૦૦૦ | ૫૦૦૦ | ૬૦૦૦ |
| ૬૬૦૦૦ | ૬૦૦૦ | ૭૦૦૦ |
| ૭૭૦૦૦ | ૭૦૦૦ | ૮૦૦૦ |
| ૮૮૦૦૦ | ૮૦૦૦ | ૯૦૦૦ |
| ૯૯૦૦૦ | ૯૦૦૦ | જમીન ઉપર ૧૦૦૦૦ |

એ જ પ્રમાણે યમલગિરિ, કાંચનગિરિ વિગેરે પર્વતો માટે પણ જાણવું, તથા કૂટાદિકમાં પણ એ જ પ્રમાણે કરવું.—જેમ બલકૂટ મૂળમાં એક હજાર યોજન વિસ્તારવાળો છે, ઉપરનો વિસ્તાર પાંચ સો યોજન છે. તેની બાદબાકી કરતાં પાંચ સો શેષ રહે છે. તેની ઉંચાઈ એક હજાર યોજનની છે. હવે પાંચ સોને હજારે ભાંગી શકાય નહીં તેથી ભાજ્યરાશિ (૫૦૦) ને બએ ગુણતાં એક હજાર થાય. હજારને હજારે ભાંગતા ભાગમાં એક એટલે ½ (અર્ધઅંશ) આવે છે. તેટલું પ્રમાણ ચડતાં હાનિ પામે અને ઉતરતાં વૃદ્ધિ પામે, એટલે કે ચડતાં એક એક યોજને અર્ધ અર્ધ યોજનનો વિસ્તાર ઘટે અને ઉતરતાં તેટલો વિસ્તાર વધે. (૧૪)

વળી તે જગતીઓ કેવી છે? તે કહે છે:—(**गाउदुगुच्चाइ**) બે કોશ ઉંચી, (**तयट्ठभागरुंदाइ**) તે બે કોશના [1]આઠમા ભાગની વિસ્તારવાળી અને (**देसूणदुजोअणवरवणाइं**) કાંઇક ઓછા બે યોજનપ્રમાણ ઉત્તમ વનવાળી (**पउमवेइए**) પદ્મવર વેદિકાવડે (**परिमंडिअसिराहिं**) જેનું શિર શોભિત છે એવી. એટલે કે જગતીની ઉપર મધ્ય ભાગમાં બે ગાઉ ઉંચી અને પાંચસો ધનુષ પહોળી પદ્મવરવેદિકા છે અને તે વેદિકાની બન્ને બાજુએ (પડખે) બે યોજનમાં અઢી સો ધનુષ્ ઓછા એટલા પ્રમાણવાળું પહોળું વન છે. (એટલે કે બન્ને બાજુના વનનું મળીને એકંદર પ્રમાણ ચાર યોજનમાં પાંચ સો ધનુષ ઓછા થાય છે, કેમકે વચ્ચેની વેદિકા પાંચ સો ધનુષ્ પહોળી છે તેથી તેટલું પ્રમાણ ઓછું હોય છે.) (૧૫)

વળી તે જગતીઓ કેવી છે? તે કહે છે.—(**वेईसमेण**) વેદિકાને તુલ્ય (**महया**) મોટા (**गवक्खकडएण**) ગોખના વલયે કરીને (**संपरित्ताहिं**) ચોતરફથી વીંટાયેલી છે, (**च**) તથા (**अट्ठारसूण**) અઢાર યોજન ન્યૂન (**चउभत्त**) ચારે ભાંગેલો (**परिहि**) પરિધિ (**दारंतराहिं**) તેટલું જગતીમાં આવેલા વિજયાદિક દ્વારોનું અંતર છે. (એટલે કે પરિધિના પ્રમાણમાંથી ચાર દ્વારના બે સાખ સાથેના કુલ અઢાર યોજન બાદ કરી તેને ચારે ભાંગવા. ભાગમાં જે આવે તેટલું વિજયાદિક દરેક દ્વારનું અંતર છે.) જેમકે-જંબૂદ્વીપનો પરિધિ ત્રણ લાખ, સોળ હજાર, બસો ને સતાવીશ (૩૧૬૨૨૭) યોજન, ત્રણ (૩) કોશ, એકસો અઠ્ઠાવીશ (૧૨૮) ધનુષ, સાડીતેર (૧૩॥) અંગુલ છે. તેમાંથી અઢાર યોજન બાદ કરી ચારે ભાંગીએ ત્યારે ઓગણાએંશી હજાર અને બાવન (૭૯૦૫૨) યોજન, એક (૧) કોશ, પંદર સો ને બત્રીશ (૧૫૩૨) ધનુષ, ત્રણ (૩) અંગુલ અને ત્રણ (૩) યવ–આટલું દરેક દ્વારનું અંતર છે. એટલે કે એક દ્વારથી બીજું દ્વાર આટલું દૂર છે, તે આ પ્રમાણે:—

---

૧ એક કોશના બે હજાર ધનુષ થાય તેથી બે કોશના ચાર હજાર ધનુષ, તેનો આઠમો ભાગ એટલે ૫૦૦ ધનુષ.

| જંબૂદ્વીપની પરિધિ | | ધનુષ | અંગુલ |
|---|---|---|---|
| યોજન | વધેલા ૧ યોજનને | ૪)૬૧૨૮(૧૫૩૨ | ૪)૧૩॥(૩ |
| ૩૧૬૨૨૭ | ૪ ગુણ્યા | ૪ | ૧૨ |
| બાદ કર્યા. ૧૮ | ૪ ગાઉ | ૨૧ | ૧॥ |
| ૪)૩૧૬૨૦૯(૭૯૦૫૨ | ૩ ગાઉ ભેળવો. | ૨૦ | ૮ જવ કર્યા |
| ૨૮ | ૪)૭(૧ ગાઉ | ૧૨ | ૪)૧૨(૩ જવ. |
| ૩૬ | ૪ | ૧૨ | ૧૨ |
| ૦૦૨૦ | વધેલા ૩ તેના ધનુષ | ૦૦૮ | ૦૦ |
| ૨૦ | ૨૦૦૦ | ૮ | ૨૫૫.૫ |
| ૦૦૯ | ૬૦૦૦ | ૦ | ૨૦૬૪ |
| ૮ | ૧૨૮ ભેળવ્યા | | |
| ૧ યોજન | ૬૧૨૮ | | |

આ હિસાબ પ્રમાણે ૭૯૦૫૨ યોજન, ૧ કોશ, ૧૫૩૨ ધનુષ, ૩ અંગુલ, ૩ યવ. (આઠ યવનો એક અંગુલ, બે હજાર ધનુષનો એક કોશ, એ પ્રમાણે ગણવું.)

હવે લવણસમુદ્રની પરિધિ ૧૫૮૧૧૩૯ યોજનની છે, તેમાંથી અઢાર યોજન બાદ કરતાં ૧૫૮૧૧૨૧ રહે, તેને ચારે ભાંગતા ૩૯૫૨૮૦ યોજન ને એક કોશ, એટલું એક દ્વારથી બીજા દ્વારનું અંતર જાણવું.

ધાતકીખંડની પરિધિ ૪૧૧૦૯૬૧ યોજનની છે, તેમાંથી અઢાર બાદ કરતાં ૪૧૧૦૯૪૩ રહે, તેને ચારે ભાંગતાં ૧૦૨૭૭૩૫ યોજન ને ત્રણ કોશ, એટલું એક દ્વારથી બીજા દ્વારનું અંતર જાણવું.

કાલોદધિની પરિધિ ૯૧૭૦૬૦૫ યોજન છે, તેમાંથી અઢાર બાદ કરતાં બાકી ૯૧૭૦૫૮૭ રહે, તેને ચારે ભાંગતાં ૨૨૯૨૬૪૬ યોજન ને ૩ કોશ, એટલું એક દ્વારથી બીજા દ્વારનું અંતર જાણવું. (૧૬).

વળી એ જગતીઓ કેવી છે? તે કહે છે:-(**अट्ठुच्च**) આઠ યોજન ઉંચા, (**चउसुवित्थर**) ચાર યોજન વિસ્તારવાળા (પહોળા) તથા (**दुपाससक्कोसकुड्ड**) બન્ને બાજુ એક-એક કોશપ્રમાણ બારસાખની ભીંતવાળા (**दाराहिं**) ચાર દ્વારો છે જેને વિષે એવી. (ચારે દરવાજાની બારસાખની ભીંતો આઠ હોવાથી આઠ કોશની એટલે બે યોજનની ભીંતો થઇ, તથા દરેક દરવાજાની પહોળાઇ ચાર-ચાર યોજન હોવાથી ચારે દરવાજાનો વિસ્તાર સોળ યોજનનો થયો. તેમાં ભીંતોના બે યોજન ભેળવવાથી અઢાર (૧૮) યોજન થાય છે, તેથી તે ૧૮ યોજન પરિધિમાંથી બાદ કરવાના કહ્યા છે.) વળી તે જગતીઓ કેવી છે? તે કહે છે:-(**पुव्वाइ**) પૂર્વાદિક દિશાના અનુક્રમે (**महड्ढिअदेव**) મહર્દ્ધિક દેવતાઓના અને (**दार**) દ્વારોના (**विजयाइनामाहिं**) વિજયાદિક નામો છે જેને વિષે એવી, એટલે કે તે જગતી-

ઓના ચાર દ્વાર છે, તેનાં નામ પૂર્વાદિ દિશાના ક્રમે વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત છે, તથા તેના અધિષ્ઠાતા દેવોનાં નામ પણ તે જ છે. ( ૧૭ ).

વળી તે જગતીઓ કેવી છે ? તે કહે છેઃ-( **णाणामणिमय** ) વિવિધ પ્રકારના રત્નમય ( **देहलि** ) ઉંમરા, ( **कवाड** ) બારણાં અને ( **परिघाइ** ) ભોગળ વિગેરે વડે ( **दारसोहाहिं** ) દ્વારની શોભા છે જેને વિષે એવી ( **जगईहिं** ) જગતીઓએ કરીને ( **ते सव्वे** ) તે સર્વ ( **दीवोदहिणो** ) દ્વીપ અને સમુદ્રો ( **परिक्खित्ता** ) વીંટાયેલા છે. ( ૧૮ ).

હવે વેદિકાની બન્ને બાજુએ રહેલા વનની રમણીયતા કહે છે.—

**वरतिणतोरणझयछ–त्तवाविपासायसेलसिलवट्टे ।**
**वेइवणे वरमंडव–गिहासणेसुं रमंति सुरा ॥ १९ ॥**

**અર્થ**:—( **वर** ) શ્રેષ્ઠ એટલે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શવડે પાંચે ઇંદ્રિયોને ખુશ કરનારા ( **तिण** ) નડ જાતિની વનસ્પતિ વિગેરે, ( **तोरण** ) બહારના દ્વારે શોભા માટે બાંધેલા તોરણો, ( **झय** ) ધ્વજ, ( **छत्त** ) છત્ર, ( **वावि** ) વાવ, ( **पासाय** ) ક્રીડા કરવાના પ્રાસાદો, ( **सेल** ) ક્રીડાપર્વતો અને ( **सिलवट्ट** ) શિલાપટ્ટ એટલે મોટી શિલાઓ જેને વિષે છે એવા ( **वेइवणे** ) વેદિકાની બંને બાજુના વનમાં (**वर**) મનોહર એવા (**मंडव**) દ્રાક્ષ વિગેરેના મંડપોને વિષે, (**गिह**) કદલી વિગેરેના ગૃહોને વિષે અને ( **आसणेसुं** ) સિંહાસનોને વિષે, ( **सुरा** ) દેવો ( **रमंति** ) ક્રીડા કરે છે. ( ૧૯ ).

હવે અધિકારી દેવો અને દેવીઓનું ઉત્પત્તિસ્થાન ક્યાં છે ? તે કહે છેઃ—

**इह [3]अहिगारो [2]जेसिं, सुराण देवीण [4]ताणमुप्पत्ती ।**
**[6]णिअदीवोदहिणामे, [5]असंखइमे [7]सणयरीसु ॥ २० ॥**

**અર્થ**:—( **इह** ) આ મનુષ્ય ક્ષેત્રને વિષે એટલે જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિ સમુદ્ર અને પુષ્કરાર્ધરૂપ પીસ્તાળીશ લાખ યોજનના વિસ્તારવાળા ગોળ અઢી દ્વીપ અને બે સમુદ્રરૂપ ક્ષેત્રને વિષે ( **जेसिं** ) જે ( **सुराण** ) દેવોનો તથા ( **देवीण** ) દેવીઓનો ( **अहिगारो** ) અધિકાર એટલે સ્વામીત્વાદિ વ્યાપાર છે, ( **ताणं** ) તેઓનું ( **उप्पत्ती** ) ઉત્પત્તિસ્થાન અહીંથી ( **असंखइमे** ) અસંખ્યાતમા અને ( **णिअदीवोदहिणामे** ) પોતાનો અધિકાર અહીં જે દ્વીપ કે સમુદ્રમાં હોય તે નામવાળા જ દ્વીપ અને સમુદ્રને વિષે ( **सणयरीसु** ) પોતપોતાની નગરીઓમાં છે. ( ૨૦ ).

હવે જંબૂદ્વીપમાં આવેલા કુલપર્વતો અને ક્ષેત્રોના વિચારને કહે છેઃ—

**जंबूदीवो छहिं कुल–गिरिहिं सत्तहिं तहेव वासेहिं।**
**पुव्वावरदीहेहिं, परिछिन्नो ते इमे कमसो ॥ २१ ॥**

**અર્થઃ**—( **जंबूदीवो** ) જંબૂદ્વીપ ( **पुव्वावरदीहेहिं** ) પૂર્વ–પશ્ચિમ લાંબા ( **छहिं** ) છ ( **कुलगिरिहिं** ) કુલગિરિવડે ( **तहेव** ) તથા ( **सत्तहिं** ) સાત ( **वासेहिं** ) વર્ષોવડે એટલે ક્ષેત્રોવડે ( **परिछिन्नो** ) વિભાગ કરાયેલો છે, ( **ते** ) તે કુલગિરિ તથા ક્ષેત્રો ( **कमसो** ) અનુક્રમે ( **इमे** ) આ પ્રમાણે છે. તેમનાં નામ અનુક્રમે કહે છે. ( ૨૧. )

પ્રથમ કુલગિરિનાં નામો કહે છેઃ—

**हिमवंसिहरी महाहिमव–रुप्पि णिसढो अ णीलवंतो अ।**
**बाहिरओ दुदु गिरिणो, उभओ वि सवेइआ सव्वे ॥ २२ ॥**

**અર્થઃ**—દક્ષિણ તરફ ( **हिमवं** ) હિમવાન પર્વત અને ઉત્તર દિશાએ ( **सिहरी** ) શિખરી પર્વત છે, ( **महाहिमवरुप्पि** ) દક્ષિણમાં મહાહિમવાન અને ઉત્તરમાં રૂક્મી પર્વત છે, ( **अ** ) તથા ( **णिसढो** ) દક્ષિણમાં નિષધ ( **अ** ) અને ઉત્તરમાં ( **णीलवंतो** ) નીલવાન પર્વત છે. આ પ્રમાણે ( **बाहिरओ** ) બહારથી ( **दुदु** ) બેબે ( **गिरिणो** ) પર્વતો સરખા છે તેથી તે પર્વતો યુગ્મી કહેવાય છે. ( **सव्वे** ) તે સર્વે એટલે છએ પર્વતો ( **उभओ वि** ) બન્ને બાજુએ ( **सवेइआ** ) વેદિકા સહિત છે. તે વેદિકાઓ જગતીની ઉપર રહેલી વેદિકા જેવી છે. ( ૨૨. )

હવે ક્ષેત્રોનાં નામ કહે છેઃ—

**भरहेरवय त्ति दुगं, दुगं च हेमवयरण्णवयरूवं।**
**हरिवासरम्मयदुगं, मज्झि विदेहु त्ति सग वासा ॥ २३ ॥**

**અર્થઃ**—( **भरहेरवय त्ति** ) ભરત અને ઐરવત એ ( **दुगं** ) બે ક્ષેત્રો તુલ્ય છે, ( **च** ) અને ( **हेमवयरण्णवयरूवं** ) હૈમવંત અને ઐરણ્યવતરૂપ ( **दुगं** ) બે ક્ષેત્રો તુલ્ય છે, ( **हरिवासरम्मयदुगं** ) હરિવર્ષ અને રમ્યક એ બે ક્ષેત્રો તુલ્ય છે, તથા ( **मज्झि** ) મધ્યે ( **विदेहु त्ति** ) વિદેહ નામે ક્ષેત્ર છે, એ પ્રમાણે ( **सग** ) સાત ( **वासा** ) ક્ષેત્રો છે. ( ૨૩. )

| ક્ષેત્રો | ક્ષેત્રાંક (ખાંડવા) | લક્ષગુણા કર્યા | ભાજક અંક | લબ્ધક્ષેત્ર વિસ્તાર યોજન | કલા. | બે ક્ષેત્રનો મળીને |
|---|---|---|---|---|---|---|
| બાહ્યક્ષેત્ર ૨ ભરત-ઐરવત | ૧ | ૧૦૦૦૦૦ | ૧૯૦ | ૫૨૬ — | ૬ | ૧૦૫૨ - ૧૨ |
| મધ્યક્ષેત્ર ૨ હૈમવંત-ઐરણ્યવત | ૪ | ૪૦૦૦૦૦ | ૧૯૦ | ૨૧૦૫ — | ૫ | ૪૨૧૦ - ૧૦ |
| અભ્યંતર ક્ષેત્ર ૨ હરિવર્ષ-રમ્યક | ૧૬ | ૧૬૦૦૦૦૦ | ૧૯૦ | ૮૪૨૧ — | ૧ | ૧૬૮૪૨ - ૨ |
| મહાવિદેહ ક્ષેત્ર ૧ | ૬૪ | ૬૪૦૦૦૦૦ | ૧૯૦ | ૩૩૬૮૪— | ૪ | ૩૩૬૮૪ - ૪ |
| | | | | | | ૫૫૭૮૯-૯ |

સર્વક્ષેત્રનો એકંદર વિસ્તાર ૫૫૭૮૯ યોજન ને ૯ કળા છે.

હવે સાત ક્ષેત્રને મધ્યે રહેલા પર્વતોને સામાન્યપણે કહે છે:—

**दो दीहा चउ वट्टा, वेअड्ढा खित्तछक्कमज्झम्मि ।**
**मेरू विदेहमज्झे, पमाणमित्तो कुलगिरीणं ॥ २४ ॥**

**અર્થ:**—( **दो** ) બે ( **दीहा** ) દીર્ઘ-લાંબા અને ( **चउ** ) ચાર ( **वट्टा** ) વૃત્ત-ગોળ આકારવાળા ( **वेयड्ढा** ) વૈતાઢ્યપર્વત ( **खित्तछक्कमज्झम्मि** ) છ ક્ષેત્રોના મધ્યમાં છે એટલે કે ભરત અને ઐરવત એ બે ક્ષેત્રમાં બે દીર્ઘ વૈતાઢ્ય છે અને હૈમવંત, ઐરણ્યવત, હરિવર્ષ અને રમ્યક એ ચાર ક્ષેત્રમાં ચાર વૃત્ત વૈતાઢ્ય છે એમ છ ક્ષેત્રમાં છ પર્વતો છે. તથા ( **विदेहमज्झे** ) મહાવિદેહ ક્ષેત્રના મધ્યમાં ( **मेरू** ) મેરૂ પર્વત છે. આ રીતે સાત ક્ષેત્રોમાં રહેલા, સાત પર્વતો કહ્યા. ( **इत्तो** ) હવે ( **कुलगिरीणं** ) કુલગિરિનું ( **पमाणं** ) ઉચ્ચત્વ વિગેરે પ્રમાણ કહે છે. ( ૨૪. )

**इगदोचउसयउच्चा, कणगमया कणगरायया कमसो ।**
**तवणिज्जसुवेरुलिआ, बहिमज्झब्भिंतरा दो दो ॥ २५ ॥**

**અર્થ:**—( **बहिमज्झब्भिंतरा** ) બહારના, મધ્યના અને આભ્યંતરના ( **दो दो** ) બબે કુલપર્વતો ( **कमसो** ) અનુક્રમે ( **इगदोचउसयउच्चा** ) એક સો, બસો અને ચારસો યોજન ઉંચા છે, તેમજ ( **कणगमया** ) સુવર્ણમય, ( **कणगरायया** ) સુવર્ણ અને રૂપામય, ( **तवणिज्जसुवेरुलिआ** ) રક્ત સુવર્ણ અને સારા વૈડૂર્યમય છે. એટલે

કે બહારના બે પર્વતો હિમવંત ને શિખરી એક સો યોજન ઉંચા અને સુવર્ણ-મય છે, મધ્યના બે પર્વતો બસો યોજન ઉંચા અને તેમાંનો પહેલો મહાહિમવંત સુવર્ણમય અને બીજો રૂક્મી રૂપામય છે, તથા આભ્યંતરના બે પર્વતો ચારસો યોજન ઉંચા અને તેમાંનો એક નિષધ રક્ત સુવર્ણમય અને બીજો નીલવંત વૈડૂર્યરત્નમય છે. ( ૨૫ ).

હવે તે કુલગિરિઓની જાડાઈ જાણવા માટે કરણ બતાવે છે.—

**दुगअडदुतीस अंका, लक्खगुणा कमेण नउअसयभइआ ।**
**मूलोवरि समरूवं, वित्थारं बिंति जुअलतिगे ॥ २६ ॥**

**અર્થ**:—( **दुग** ) બે, ( **अड** ) આઠ અને ( **दुतीस** ) બત્રીશ ( **अंका** ) એ અંકને ( ખાંડવાને ) ( **लक्खगुणा** ) લાખગુણા કરી ( **कमेण** ) અનુક્રમે ( **नउअसयभइआ** ) એક સો ને નેવુંએ ભાંગવા. તેમ કરવાથી ( **जुअलतिगे** ) પર્વતના ત્રણ યુગલનો એટલે છએ પર્વતોનો (**मूलोवरि**) નીચે અને ઉપર (**समरूवं**) એક સરખો ( **वित्थारं** ) વિસ્તાર આવે છે એમ ( **बिंति** ) કહે છે. તેની સ્થાપના આ પ્રમાણે:—

| કુલ પર્વત | પર્વતના અંક ( ખાંડવા ) | લાખગુણા કર્યા | ભાજક અંક | લબ્ધગિરિ વિસ્તાર યોજન કળા. | બે પર્વતના મળીને |
|---|---|---|---|---|---|
| બાહ્યગિરિ ૨ હિમવંત-શિખરી | ૨ | ૨૦૦૦૦૦ | ૧૯૦ | ૧૦૫૨— ૧૨ | ૨૧૦૫- ૫ |
| મધ્યગિરિ ૨ મહાહિમવંત-રૂક્મી | ૮ | ૮૦૦૦૦૦ | ૧૯૦ | ૪૨૧૦— ૧૦ | ૮૪૨૧- ૧ |
| આભ્યંતરગિરિ ૨ નિષધ-નીલવંત | ૩૨ | ૩૨૦૦૦૦૦ | ૧૯૦ | ૧૬૮૪૨— ૨ | ૩૩૬૮૪- ૪<br>૪૪૨૧૦-૧૦ |

છએ પર્વતનો મળીને વિસ્તાર યોજન ૪૪૨૧૦ કળા ૧૦ } બે મળીને એક
પ્રથમ કહ્યા પ્રમાણે સાત ક્ષેત્રનો વિસ્તાર ૫૫૭૮૯ ૯ } લાખ યોજન.

અહીં ભાંગવાનો અંક જે ૧૯૦ કહ્યો છે તેની ઉત્પત્તિ આ પ્રમાણે છે:—ભરત અને ઐરવત ક્ષેત્ર થકી મહાવિદેહપર્યંત ક્ષેત્રો ને પર્વતો બમણા બમણા વિસ્તારવાળા હોવાથી તેના ખાંડવાના અંક આ પ્રમાણે થાય છે—૧-૨-૪-૮-૧૬-૩૨-૬૪-૩૨-૧૬-૮-૪-૨-૧. આ સર્વ અંકનો સરવાળો કરવાથી ૧૯૦ થાય છે. ત્યારપછી ભાજ્ય અને ભાજકની સંખ્યામાંથી એક એક શૂન્ય કાઢી નાખીએ ત્યારે ભાજકનો અંક ૧૯ થાય છે એમ સર્વત્ર જાણવું. જેમકે બાહ્યગિરિના બે અંકને લાખે ગુણવાથી બે લાખ થયા. તેમાંથી એક શૂન્ય કાઢી નાંખતા વીશ

હજાર થયા. ૧૯૦માંથી શૂન્ય કાઢી નાંખીએ એટલે ૧૯ રહ્યા. પછી વીશ હજારને ઓગણીશે ભાંગતાં ભાગમાં ૧૦૫૨ આવે ઉપર ૧૨ કળા વધે. એમ સર્વત્ર જાણવું. ( ૨૬ ).

હવે તે જ લાધેલા ગિરિના વિસ્તારના અંકને બે ગાથાવડે કહે છે:—

**बावण्णहिओ सहसो, बार कला बाहिराण वित्थारो ।**
**मज्झिमगाण दसुत्तर–बायालसया दस कला य ॥ २७ ॥**

**अभिंतराण दुकला, सोलसहस्सडसया सबायाला ।**
**चउचत्तसहस्स दो सय, दसुत्तरा दस कला सव्वे ॥ २८ ॥**

**અર્થ**—( **बाहिराण** ) બહારના બે ગિરિ હિમવંત અને શિખરીનો ( **वित्थारो** ) વિસ્તાર ( **बावण्णहिओ** ) બાવન અધિક ( **सहसो** ) એક હજાર એટલે એક હજાર ને બાવન યોજન ( ૧૦૫૨ ) તથા ( **बार कला** ) બાર કળા છે. ( **य** ) તથા ( **मज्झिमगाण** ) મધ્યના બે ગિરિ મહાહિમવંત અને રૂકુમિનો વિસ્તાર ( **दसुत्तर** ) દશ અધિક (**बायालसया**) બેંતાળીશ સો એટલે ૪૨૧૦ યોજન અને ઉપર ( **दस कला** ) દશ કળા છે; તથા ( **अभिंतराण** ) અભ્યંતરના બે ગિરિ નિષધ અને નીલવંતનો વિસ્તાર ( **सबायाला** ) બેંતાળીશ સહિત ( **सोलसहस्स** ) સોળ હજાર અને ( **अडसया** ) આઠ સો એટલે ૧૬૮૪૨ યોજન અને ઉપર ( **दुकला** ) બે કળા છે. ( **सव्वे** ) સર્વનો એટલે આ છએ ગિરિનો વિસ્તાર એકત્ર કરીએ ત્યારે ( **चउचत्तसहस्स** ) ચુમાળીશ હજાર, ( **दो सय** ) બસો ને ( **दसुत्तरा** ) દશ અધિક એટલે ૪૪૨૧૦ યોજન અને ઉપર ( **दस कला** ) દશ કળા છે. ( ૨૭–૨૮ ).

હવે ક્ષેત્રનો વિસ્તાર જાણવા માટે કરણને કહે છે:—

**इगचउसोलसंका, पुव्वुत्तविही अ खित्तजुअलतिगे ।**
**वित्थारं बिंति तहा, चउसट्ठिंको विदेहस्स ॥ २९ ॥**

**અર્થ**—( **इग** ) એક ( **चउ** ) ચાર અને ( **सोलसंका** ) સોળના અંકને-ખાંડવાને (**पुव्वुत्तविही अ**) પૂર્વે કહેલી વિધિ પ્રમાણે લાખે ગુણી તેને એક સો ને નેવુંએ ભાંગવાથી ( **खित्तजुअलतिगे** ) ત્રણ ક્ષેત્રયુગલના ( **वित्थारं** ) વિસ્તારને ( **बिंति** ) પંડિતો કહે છે. ( **तहा** ) તથા ( **चउसट्ठिंको** ) ચોસઠના અંકને લાખે

ગુણી એક સો નેવુંએ ભાંગવાથી ( **विदेहस्स** ) વિદેહક્ષેત્રનો વિસ્તાર આવે છે, એમ પંડિતો કહે છે. ( ૨૯ ). સ્થાપના[1] આ પ્રમાણે.—

| ક્ષેત્ર | યોજન | કળા | પર્વત | યોજન | કળા | |
|---|---|---|---|---|---|---|
| ભરત | ૫૨૬ | ૬ | હિમવંત | ૧૦૫૨ | ૧૨ | |
| ઐરવત | ૫૨૬ | ૬ | શિખરી | ૧૦૫૨ | ૧૨ | ૫૫૭૮૯—૯ |
| હિમવંત | ૨૧૦૫ | ૫ | મહાહિમવંત | ૪૨૧૦ | ૧૦ | ૪૪૨૧૦-૧૦ |
| ઐરણ્યવંત | ૨૧૦૫ | ૫ | રૂક્મી | ૪૨૧૦ | ૧૦ | ૧૦૦૦૦૦ |
| હરિવર્ષ | ૮૪૨૧ | ૧ | નિષધ | ૧૬૮૪૨ | ૨ | |
| રમ્યક્ | ૮૪૨૧ | ૧ | નીલવંત | ૧૬૮૪૨ | ૨ | |
| મહાવિદેહ | ૩૩૬૮૪ | ૪ | કુલ | ૪૪૨૧૦ | ૧૦ | |
| કુલ | ૫૫૭૮૯ | ૯ | | | | |

આ બંને રકમનો સરવાળો કરવાથી એક લાખ યોજન જંબૂદ્વીપનો વિસ્તાર થાય છે.

આ લાધેલા અંકને બે ગાથાવડે કહે છે:—

**पंचे सया छव्वीसा, छच्च कला खित्तपढमजुअलम्मि ।**
**बीए इगवीससया, पणुत्तरा पंच य कला य ॥ ३० ॥**
**चुलसीसय इगवीसा, इक्क कला तइअगे विदेहिं पुणो ।**
**तित्तीससहस छसय, चुलसीआ तहा कला चउरो ॥ ३१ ॥**

**અર્થ**[2]:—( **खित्तपढमजुअलम्मि** ) પહેલા બે ક્ષેત્રનો પ્રત્યેકનો વિસ્તાર ( **पंच सया** ) પાંચ સો ને ( **छव्वीसा** ) છવીશ ( ૫૨૬ ) યોજન ( **छच्च** ) અને છ ( **कला** ) કળા છે. ( **बीए** ) બીજા બે ક્ષેત્રનો પ્રત્યેકનો વિસ્તાર ( **इगवीससया** ) એકવીશ સો ( **पणुत्तरा** ) પાંચ અધિક એટલે ( ૨૧૦૫ ) યોજન ( **पंच य** ) અને પાંચ ( **कला य** ) કળા છે. (૩૦). તથા ( **तइअगे** ) ત્રીજા બે ક્ષેત્રનો પ્રત્યેકનો વિસ્તાર ( **चुलसीसय** ) ચોરાશી સો ને ( **इगवीसा** ) એકવીશ ( ૮૪૨૧ ) યોજન અને ( **इक्क कला** ) એક કળા છે, ( **पुणो** ) તથા વળી ( **विदेहिं** ) મહાવિદેહ ક્ષેત્રનો વિસ્તાર ( **तित्तीससहस** ) તેત્રીશ હજાર ( **छसय** ) છસો ને ( **चुलसीआ** ) ચોરાશી ( ૩૩૬૮૪ ) યોજન ( **तहा** ) અને ઉપર ( **चउरो** ) ચાર ( **कला** ) કળા છે. [2]૩૧.

૧ ગાથા ૨૩ નો યંત્ર જુઓ. ૨ ગાથા ૨૩ નો યંત્ર જુઓ.

હવે આ સર્વ ક્ષેત્ર તથા પર્વતોની એકત્ર સંખ્યા કહે છે:—

**पणपन्नसहस सग सय, गुणणउआ णव कला सयलवासा ।**
**गिरिखित्तंकसमासे, जोअणलक्खं हवइ पुण्णं ॥ ३२ ॥**

**અર્થ**:—(**सयलवासा**) સર્વ ક્ષેત્રોનો વિસ્તાર એકત્ર કરીએ ત્યારે (**पणपन्न-सहस**) પંચાવન હજાર, (**सग सय**) સાત સો ને નેવ્યાશી (૫૫૭૮૯) યોજન અને ઉપર (**णव कला**) નવ કળા થાય છે, તથા (**गिरिखित्तंकसमासे**) છએ ગિરિના અને સાતે ક્ષેત્રના અંકને ભેગા કરીએ ત્યારે (**पुण्णं**) પરિપૂર્ણ (**जोअणलक्खं**) એક લાખ યોજન (**हवइ**) થાય છે. (૩૨).

હવે ભરત અને ઐરવત ક્ષેત્રના અર્ધભાગનું પ્રમાણ કહે છે:—

**पण्णाससुध्ध बाहिर–खित्ते दलिअम्मि दुसय अडतीसा ।**
**तिण्णि य कला य एसो, खंडचउक्कस्स विक्खंभो ॥ ३३ ॥**

**અર્થ**:—(**बाहिरखित्ते**) બાહ્ય ક્ષેત્રનું પ્રમાણ એટલે ભરત અને ઐરવતનું પ્રમાણ ૫૨૬ યોજન ને ૬ કળા છે. તેમાંથી (**पण्णाससुध्ध**) વૈતાઢ્યના પચાસ યોજન શોધીએ એટલે બાદ કરીએ ત્યારે ૪૭૬ યોજન અને ૬ કળા રહે. પછી (**दलिअम्मि**) તેનું અર્ધ કરીએ ત્યારે (**दुसय**) બસો (**अडतीसा**) આડત્રીશ (૨૩૮) યોજન (**तिण्णि य**) અને ત્રણ (**कला य**) કળા રહે છે. (**एसो**) આટલો (**खंडचउक्कस्स**) ચાર ખંડનો એટલે કે ભરતના દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધ તથા ઐરવતના દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધ એ દરેકનો (**विक्खंभो**) વિસ્તાર જાણવો. (૩૩).

હવે દ્રહોનું પ્રમાણ કહે છે:—

**गिरिउवरि सवेइदहा, गिरिउच्चत्ताउ दसगुणा दीहा ।**
**दीहत्तअध्धरुंदा, सव्वे दसजोअणुव्वेहा ॥ ३४ ॥**

**અર્થ**:—(**गिरिउवरि**) બાહ્ય, મધ્ય અને આભ્યંતરના જે બબે ગિરિ છે તેની ઉપર (**सवेइदहा**) વેદિકાસહિત દ્રહો હોય છે. (**सव्वे**) તે સર્વ દ્રહો (**गिरिउच्चत्ताउ**) પોતપોતાના પર્વતના ઉંચપણાથી (**दसगुणा**) દશગુણા (**दीहा**) લાંબા હોય છે, તથા (**दीहत्तअध्धरुंदा**) લંબાઇથી અર્ધપ્રમાણ વિસ્તારવાળા પહોળા હોય છે, તથા (**दसजोअणउव्वेहा**) દશ-દશ યોજન ઉંડા હોય છે. (૩૪). તેની સ્થાપના નીચે પ્રમાણે:—

| ગિરિ | ઉંચાઇ યોજન | દશગુણા લાંબા યોજન | તેનાથી અર્ધ વિસ્તાર યોજન | ઉંડા યોજન |
|---|---|---|---|---|
| બાહ્યગિરિ-હિમવંત-શિખરી | ૧૦૦ | ૧૦૦૦ | ૫૦૦ | ૧૦ |
| મધ્યગિરિ-મહાહિમવંત-રૂક્મી | ૨૦૦ | ૨૦૦૦ | ૧૦૦૦ | ૧૦ |
| આભ્યંતરગિરિ-નિષધ-નીલવંત | ૪૦૦ | ૪૦૦૦ | ૨૦૦૦ | ૧૦ |

તે દ્રહોનાં નામ કહે છે.—

**बहि पउमपुंडरीआ, मज्झे ते चेव हुंति महपुव्वा ।**
**तेगच्छिकेसरीआ, अभिंतरिआ कमेणेसुं ॥ ३५ ॥**

**અર્થ**—( **बहि** ) બાહ્યના બે પર્વત ઉપર ( **पउमपुंडरीआ** ) પદ્મ અને પુંડરીક નામના દ્રહ છે, તથા ( **मज्झे** ) મધ્યના બે પર્વત ઉપર ( **ते चेव** ) તેજ દ્રહો ( **महपुव्वा** ) મહાશબ્દપૂર્વક એટલે મહાપદ્મ અને મહાપુંડરીક નામના ( **हुंति** ) છે, તથા ( **अभिंतरिआ** ) આભ્યંતરના બે પર્વત ઉપર ( **तेगच्छिकेसरीआ** ) તિગિચ્છ અને કેશરી નામના છે. ( **एसुं** ) આ દ્રહોને વિષે રહેનારી દેવીઓનાં નામ ( **कमेण** ) અનુક્રમે કહે છે. ( ૩૫ ).

**सिरिलच्छी हिरिबुद्धी, धीकित्ती नामिआउ देवीओ ।**
**भवणवईओ पलिओ–वमाउ वरकमलणिलयाउ ॥ ३६ ॥**

**અર્થ**—( **सिरिलच्छी** ) શ્રી અને લક્ષ્મી પહેલા બે દ્રહમાં, તથા બીજા બે દ્રહમાં ( **हिरिबुद्धी** ) હ્રી અને બુદ્ધિ, તથા ત્રીજા બે દ્રહમાં ( **धीकित्ती** ) ધી અને કીર્તિ ( **नामिआउ** ) એવા નામવાળી ( **देवीओ** ) દેવીઓ વસે છે. તે સર્વે ( **भवणवईओ** ) ભવનપતિનિકાયમાં ઉત્પન્ન થયેલી, ( **पलिओवमाउ** ) એક પલ્યોપમના આયુષ્યવાળી અને ( **वरकमलणिलयाउ** ) શ્રેષ્ઠ કમળરૂપ ઘરવાળી એટલે શ્રેષ્ઠ કમળમાં વસનારી હોય છે. ( ૩૬ ) **સ્થાપના:—**

| ગિરિનામ | દ્રહનામ | તેમાં વસનારી દેવીનાં નામ |
|---|---|---|
| હિમવંત | પદ્મ | શ્રીદેવી |
| શિખરી | પુંડરીક | લક્ષ્મીદેવી |
| મહાહિમવંત | મહાપદ્મ | હ્રીદેવી |
| રૂક્મી | મહાપુંડરીક | બુદ્ધિદેવી |
| નિષધ | તિગિચ્છ | ધીદેવી |
| નીલવંત | કેશરી | કીર્તિદેવી |

તે દ્રહોમાં રહેલા કમળોનું પ્રમાણ કહે છે:—

**जलुवरि कोसदुगुच्चं, दहवित्थरपणसयंसवित्थारं ।**
**बाहल्ले वित्थरद्धं, कमलं देवीण मूलिल्लं ॥ ३७ ॥**

**અર્થ**—( **देवीण** )શ્રી વિગેરે સર્વ દેવીઓનું ( **मूलिल्लं** ) મૂળ–મુખ્ય નિવાસ-રૂપ ( **कमलं** ) કમળ ( **जलुवरि** ) જળની ઉપર ( **कोसदुगुच्चं** ) બે કોશ ઉંચું છે, તથા ( **दहवित्थर** ) દ્રહના વિસ્તારથી ( **पणसयंस** ) પાંચસોમે ભાગે ( **वित्थारं** ) વિસ્તારવાળું છે, તથા ( **बाहल्ले** ) જાડાપણામાં ( **वित्थरद्धं** ) વિસ્તારથી અર્ધ છે. (૩૭).

**સ્થાપના:—**

| દેવીનું નામ | જળ ઉપર ગાઉ | દ્રહ વિસ્તાર યોજન | પાંચસોમો અંશ વિસ્તાર યોજન | તેથી અર્ધ જાડું યોજન |
|---|---|---|---|---|
| શ્રીદેવી | ૨ | ૫૦૦ | ૧ | ૦॥ |
| લક્ષ્મીદેવી | ૨ | ૫૦૦ | ૧ | ૦॥ |
| હ્રીદેવી | ૨ | ૧૦૦૦ | ૨ | ૧ |
| બુદ્ધિદેવી | ૨ | ૧૦૦૦ | ૨ | ૧ |
| ધીદેવી | ૨ | ૨૦૦૦ | ૪ | ૨ |
| કીર્તિદેવી | ૨ | ૨૦૦૦ | ૪ | ૨ |

હવે તે કમળના વર્ણાદિક કહે છે:—

**मूले कंदे नाले, तं वयरारिट्ठवेरुलियरूवं ।**
**जंबुणयमज्झतवणि–ज्जबाहिअदलं रत्तकेसरिअं ॥ ३८ ॥**

**અર્થ**—( **तं** ) તે કમળ ( **मूले** ) મૂળને વિષે, ( **कंदे** ) કંદને વિષે, અને ( **नाले** ) નાળને વિષે અનુક્રમે ( **वयर** ) વજ્રમય, ( **अरिट्ठ** ) અરિષ્ટરત્નમય અને ( **वेरुलियरूवं** ) વૈડૂર્યરત્નમય છે એટલે કે તે કમળનું મૂળ વજ્રમય છે, કંદ અરિષ્ટરત્નમય છે અને નાળ વૈડૂર્યરત્નમય છે, તથા ( **जंबुणयमज्झ** ) રક્તસુવર્ણમય મધ્યનાં પત્ર છે અને ( **तवणिज्जबाहिअदलं** ) તપાવેલા પીળા સુવર્ણમય બહારનાં પત્ર છે, તથા ( **रत्तकेसरिअं** ) રક્તવર્ણવાળી કેસરા છે. (૩૮). આ કમળ પૃથ્વી-કાયમય છે, વનસ્પતિકાયમય નથી એમ સમજવું.

હવે તે કમળની મધ્યે રહેલી કર્ણિકા તથા દેવીના ભવનને કહે છે:—

**कमलद्धपायपिहुलु—च्चकणगमयकण्णिगोवरिं भवणं।**
**अद्धेगकोसपिहुदी—हचउदसयचालधणुहुच्चं ॥ ३९ ॥**

**અર્થ**—( **कमलद्धपाय** ) કમળનો વિસ્તાર જે અનુક્રમે એક, બે અને ચાર યોજન છે, તેનાથી અર્ધ અને પા ભાગ જેટલી ( **पिहुलुच्च** ) પૃથુલા એટલે જાડી અને ઉંચી અર્થાત્ અનુક્રમે અર્ધ, એક અને બે યોજન જાડી અને પા, અર્ધ અને એક યોજન ઉંચી એવી ( **कणगमय** ) સુવર્ણમય ( **कण्णिगा** ) કર્ણિકા છે, ( **उवरिं** ) તેની ઉપર ( **भवणं** ) દ્રહદેવીનું ભવન હોય છે. તે ભવન ( **अद्धेगकोसपिहुदीह** ) અર્ધકોશ પહોળું, એક કોશ લાંબું અને ( **चउदसयचाल** ) ચૌદ સો ને ચાળીશ ( **धणुहुच्चं** ) ધનુષ ઉંચું હોય છે. ( ૩૯ ). સ્થાપના:—

| દ્રહ | કમળ વિસ્તાર યોજન | કર્ણિકા વિસ્તાર યોજન | કર્ણિકા ઉંચી યોજન | ભવન પહોળું કોશ | ભવન લાંબુ કોશ | ભવન ઉંચું ધનુષ |
|---|---|---|---|---|---|---|
| પદ્મદ્રહ | ૧ | ०॥ | ०। | ०॥ | ૧ | ૧૪૪૦ |
| પુંડરીકદ્રહ | ૧ | ०॥ | ०। | ०॥ | ૧ | ૧૪૪૦ |
| મહાપદ્મદ્રહ | ૨ | ૧ | ०॥ | ०॥ | ૧ | ૧૪૪૦ |
| મહાપુંડરીકદ્રહ | ૨ | ૧ | ०॥ | ०॥ | ૧ | ૧૪૪૦ |
| તિગિચ્છદ્રહ | ૪ | ૨ | ૧ | ०॥ | ૧ | ૧૪૪૦ |
| કેશરીદ્રહ | ૪ | ૨ | ૧ | ०॥ | ૧ | ૧૪૪૦ |

હવે દ્વારનું પ્રમાણ કહે છે:—

**पच्छिमदिसि विणु धणुपण—सय उच्च ढाइज्जसय पिहुपवेसं।**
**दारतिगं इह भवणे, मज्झे दहदेविसयणिज्जं ॥ ४० ॥**

**અર્થ**—( **पच्छिमदिसि** ) પશ્ચિમ દિશાને ( **विणु** ) વર્જીને બાકીની ત્રણ દિશાઓમાં ( **धणुपणसय** ) પાંચ સો ધનુષ ( **उच्च** ) ઉંચા અને ( **ढाइज्जसय** ) અઢી સો ધનુષ ( **पिहुपवेसं** ) પૃથુપ્રવેશવાળાં એટલે પહોળા ને પ્રવેશવાળા ( **दारतिगं** ) ત્રણ દ્વાર-દરવાજા (**इह भवणे**) આ ભવનને વિષે છે. (**मज्झे**) તે ભવનના મધ્યમાં ( **दहदेविसयणिज्जं** ) દ્રહદેવીઓની શય્યા છે. ( ૪૦ ) સ્થાપના—

દ્રહદેવીના ભવનનું માન-ઉંચાઈ ધનુષ ૫૦૦, પહોળા ધનુષ ૨૫૦, પ્રવેશ[૧]-ધનુષ ૨૫૦.

હવે પરિવારના કમળો કહે છે.—

**तं मूलकमलद्धप्प—माणकमलाण अडहिअसएणं ।**
**परिखित्तं तब्भवणे—सु भूसणाईणि देवीणं ॥ ४१ ॥**

**અર્થ**—( **तं** ) તે કમળ ( **मूलकमलद्धप्पमाण** ) મૂળ કમળથી અર્ધ પ્રમાણુ-વાળા ( **कमलाण** ) કમળોના ( **अडहिअसएणं** ) એક સો ને આઠ વડે ( **परिखित्तं** ) પરિવરેલું છે. એટલે કે તે મૂળ કમળની ફરતાં તેનાથી અર્ધ પ્રમાણુવાળા ૧૦૮ કમળો છે. અને ( **तब्भवणेसु** ) તેના ઉપર રહેલા ભવનોને વિષે ( **देवीणं** ) દ્રહદેવીઓના ( **भूसणाईणि** ) આભૂષણુ વિગેરે વસ્તુ રહેલી હોય છે. ( ૪૧ ).

**मूलपउमाउ पुव्विं, महयरियाणं चउण्ह चउ पउमा ।**
**अवराइ सत्त पउमा, अणिआहिवईण सत्तण्हं ॥ ४२ ॥**

**અર્થ**—બીજા વલયમાં ( **मूलपउमाउ** ) મૂળ કમળથી ( **पुव्विं** ) પૂર્વ દિશામાં ( **चउण्ह** ) ચાર ( **महयरियाणं** ) મહત્તરિકાના ( **चउ** ) ચાર ( **पउमा** ) કમળો છે, ( **अवराइ** ) પશ્ચિમ દિશામાં ( **सत्तण्हं** ) સાત ( **अणिआहिवईण** ) અનીકાધિપતિના ( **सत्त** ) સાત ( **पउमा** ) કમળો છે. ( ૪૨ ).

**वायव्वाइसु तिसु सुरि—सामण्णसुराण चउसहस पउमा ।**
**अट्ठदसबारसहसा, अग्गेआइसु तिपरिसाणं ॥ ४३ ॥**

**અર્થ**—( **वायव्वाइसु** ) વાયવ્ય વિગેરે એટલે વાયવ્ય, ઉત્તર અને ઈશાન એ ( **तिसु** ) ત્રણુ દિશાને વિષે થઈને—એકંદર ( **सुरि** ) દેવીસંબંધી ( **सामण्ण-सुराण** ) સામાનિક દેવોના ( **चउसहस** ) ચાર હજાર ( **पउमा** ) કમળો છે. ( **अग्गेआइसु** ) અગ્નિ આદિક એટલે અગ્નિ, દક્ષિણુ અને નૈર્ઋત એ ત્રણુ દિશામાં ( **तिपरिसाणं** ) બાહ્ય, મધ્ય અને આભ્યંતર એ ત્રણુ પર્ષદાના ( **अट्ठदसबार-सहसा** ) અનુક્રમે આઠ હજાર, દશ હજાર અને બાર હજાર કમળો છે. ( ૪૩ ).

**इअ बीअपरिक्खेवो, तइए चउसु वि दिसासु देवीणं ।**
**चउ चउ पउमसहस्सा, सोलससहसाऽऽयरक्खाणं ॥ ४४ ॥**

---

૧ ઉંબરાની પહોળાઈ તે પ્રવેશ જાણવો. આ હીસાબે ઉંબરાની પહોળાઇ લંબાઈ સરખી થાય છે.

અર્થ—( इअ ) આ ઉપર કહ્યા પ્રમાણે ( बीअपरिक्खेवो ) કમળોનો બીજો પરિક્ષેપ પૂરો થયો. ( तइए ) ત્રીજા પરિક્ષેપને વિષે ( चउसु वि ) ચારે ( दिसासु ) દિશાઓમાં ( आयरक्खाणं ) આત્મરક્ષક ( देवीणं ) દેવીઓના ( चउ चउ ) ચાર ચાર ( पउमसहस्सा ) હજાર કમળો છે તેથી સર્વ મળીને ( सोलससहसा ) સોળ હજાર કમળો છે. (૪૪).

**अभिओगाइ तिवलए, दुतीसचत्ताडयाललक्खाइं ।**
**इगकोडि वीस लक्खा, सड्ढा वीसं सयं सव्वे ॥ ४५ ॥**

અર્થ—( अभिओगाइ ) આભિયોગિક વિગેરે દેવોના કમળો ( तिवलए ) ત્રણ વલયમાં ( ચોથા, પાંચમા ને છટ્ઠા વલયમાં ) અનુક્રમે ( दुतीस ) બત્રીશ લાખ, ( चत्ता ) ચાળીશ લાખ અને ( अडयाललक्खाइं ) અડતાળીશ લાખ છે. ( सव्वे ) આ અને ઉપરના સર્વે મળીને ( इगकोडि ) એક કરોડ, ( वीस लक्खा ) વીશ લાખ, ( सड्ढा ) અર્ધલાખ સહિત એટલે પચાસ હજાર, ( वीसं सयं ) એક સો ને વીશ ૧૨૦૫૦૧૨૦ કમળો હોય છે. ( ૪૫ ). સ્થાપના—

| | |
|---|---|
| ૧ મૂળ કમળ | ૧ |
| ૨ આભરણના કમળ | ૧૦૮ |
| ૩ મહત્તરાના કમળ | ૪ |
| ૪ અનીકાધિપતિના કમળ | ૭ |
| ૫ સામાનિકના કમળ | ૪૦૦૦ |
| ૬ આભ્યંતર પર્ષદાના કમળ | ૮૦૦૦ |
| ૭ મધ્ય પર્ષદાના કમળ | ૧૦૦૦૦ |
| ૮ બાહ્ય પર્ષદાના કમળ | ૧૨૦૦૦ |
| ૯ આત્મરક્ષકના કમળ | ૧૬૦૦૦ |
| ૧૦ ચોથા વલયમાં આભિયોગિકના કમળ | ૩૨૦૦૦૦૦ |
| ૧૧ પાંચમા વલયમાં આભિયોગિકના કમળ | ૪૦૦૦૦૦૦ |
| ૧૨ છટ્ઠા વલયમાં આભિયોગિકના કમળ | ૪૮૦૦૦૦૦ |
| કુલ કમળ | ૧૨૦૫૦૧૨૦ |

હવે દ્રહનાં દ્વારો કહે છે:—

**पुव्वावरमेरुमुहं, दुसु दारतिगं पि सदिसि दहमाणा ।**
**असिईभागपमाणं, सतोरणं णिग्गयणईअं ॥ ४६ ॥**

અર્થ—( दुसु ) બે દ્રહને વિષે એટલે હિમવંત અને શિખરી એ બે પર્વત પર રહેલા પદ્મદ્રહ અને પુંડરીક દ્રહને વિષે ( पुव्वावर ) પૂર્વ અને પશ્ચિમ દિશાએ તથા ( मेरुमुहं ) મેરૂપર્વતની સન્મુખ એટલે ઉત્તર દિશાએ એમ ત્રણ

દિશાએ ત્રણ દ્વાર છે. ( **दारतिगं पि** ) તે ત્રણ દ્વાર પણ ( **सदिसि** ) પોતાની દિશાના ( **दहमाणा** ) દ્રહના પ્રમાણથી ( **असिईभागपमाणं** ) એંશીમા ભાગના પ્રમાણવાળા છે. એટલે કે પૂર્વ અને પશ્ચિમ દિશાએ દ્રહનું પ્રમાણ પાંચ સો ૫૦૦ યોજન છે, તેને એંશીએ ભાંગવાથી સવા છ ૬$\frac{1}{4}$ યોજન આવે છે. એટલે તે બે દિશાના દ્વાર સવા છ યોજનના છે, તથા મેરૂની દિશાએ દ્રહનું પ્રમાણ એક હજાર ૧૦૦૦ યોજન છે, તેને એંશીએ ભાંગવાથી સાડાબાર ૧૨$\frac{1}{2}$ યોજન આવે છે. એટલે તે દિશાના દ્વારનો વિસ્તાર સાડાબાર યોજન છે. તે ત્રણે દ્વારો ( **सतोरणं** ) તોરણ સહિત એટલે તોરણવડે ભૂષિત છે, તથા ( **निग्गयणईअं** ) તે દ્વારમાંથી નદી નીકળેલી છે. (૪૬).

બાકીના ચાર દ્રહનાં દ્વારો કહે છે:—

**जामुत्तरदारदुगं, सेसेसुं दहेसु ताण मेरुमुहा ।**
**सदिसि दहासिअभागा, तयद्धमाणा य बाहिरिया ॥ ४७ ॥**

**અર્થ**:—( **सेसेसु** ) બાકીના ( **दहेसु** ) ચાર દ્રહોને વિષે ( **जामुत्तर** ) દક્ષિણ અને ઉત્તર દિશાએ ( **दारदुगं** ) બે બે દ્વાર છે. કુલ આઠ દ્વાર છે. ( **ताण** ) તે દ્વારોમાં જે ( **मेरुमुहा** ) મેરૂની સન્મુખ દ્વારો છે તે ( **सदिसि** ) પોતાની દિશાએ ( **दहासिअभागा** ) દ્રહના પ્રમાણથી એંશીમે ભાગે છે. એટલે કે મધ્યના બે દ્રહ મહાપદ્મ અને મહાપુંડરીકનું મેરૂદિશાતરફનું પ્રમાણ બે હજાર ( ૨૦૦૦ ) યોજન છે, તેનો એંશીએ ભાંગતાં પચીશ ૨૫ યોજન આવે છે, એટલે તે દ્વાર ૨૫ યોજનના છે, તથા આભ્યંતરના બે દ્રહ તિગિચ્છ અને કેશરીનું મેરૂદિશા તરફનું પ્રમાણ ચાર હજાર યોજન છે, તેને એંશીએ ભાંગતાં ૫૦ યોજન આવે છે. એટલે તે દ્વાર ૫૦ યોજનના છે. ( **य** ) તથા ( **तयद्धमाणा** ) તેનાથી અર્ધપ્રમાણવાળા ( **बाहिरिया** ) બાહ્યદ્વારો એટલે દક્ષિણ દિશાના દ્વારો છે અર્થાત્ જ્યાં મધ્યના દ્વારો પચીશ ૨૫ યોજન છે ત્યાં બાહ્ય દ્વારો સાડાબાર ૧૨$\frac{1}{2}$ યોજન છે અને જ્યાં મધ્ય દ્વારો પચાસ ૫૦ યોજન પ્રમાણ છે ત્યાં બાહ્ય દ્વારો પચીશ ૨૫ યોજન છે. ( ૪૭ ). સ્થાપના:—

| દ્રહના નામ | પૂર્વદ્વાર વિસ્તાર યોજન | પશ્ચિમદ્વાર વિસ્તાર યોજન | ઉત્તરદ્વાર વિસ્તાર યોજન | દક્ષિણદ્વાર વિસ્તાર યોજન |
|---|---|---|---|---|
| ૧ પદ્મદ્રહ | ૬$\frac{1}{4}$ | ૬$\frac{1}{4}$ | ૧૨$\frac{1}{2}$ | ૦ |
| ૨ પુંડરીકદ્રહ | ૬$\frac{1}{4}$ | ૬$\frac{1}{4}$ | ૧૨$\frac{1}{2}$ | ૦ |
| ૩ મહાપદ્મદ્રહ | ૦ | ૦ | ૨૫ | ૧૨$\frac{1}{2}$ |
| ૪ મહાપુંડરીકદ્રહ | ૦ | ૦ | ૨૫ | ૧૨$\frac{1}{2}$ |
| ૫ તિગિચ્છદ્રહ | ૦ | ૦ | ૫૦ | ૨૫ |
| ૬ કેશરીદ્રહ | ૦ | ૦ | ૫૦ | ૨૫ |

હવે તે દ્વારોમાંથી નીકળતી નદીઓ કહે છે:—

**गंगा सिंधू रत्ता, रत्तवई बाहिरं णइचउक्कं ।**
**बहिदहपुव्वावरदा—रवित्थरं वहइ गिरिसिहरे ॥ ४८ ॥**

**અર્થ**—ભરતક્ષેત્રમાં ( **गंगा** ) ગંગા નદી અને ( **सिंधू** ) સિંધુ નદી છે, તથા ઐરવતક્ષેત્રમાં ( **रत्ता** ) રક્તા અને ( **रत्तवई** ) રક્તવતી એ નામની બે નદીઓ છે. આ ( **णइचउक्कं** ) ચાર નદીઓ ( **बाहिरं** ) બાહ્ય કહેવાય છે. વળી તે ચારે નદીઓ ( **बहिदह** ) બાહ્યદ્રહના એટલે પદ્મ અને પુંડરીક એ બે દ્રહના ( **पुव्वावरदार** )પૂર્વ અને પાશ્ચિમદ્વારની જેટલા એટલે સવાછ યોજન ( **वित्थरं** ) વિસ્તારવાળી નીકળે છે અને ( **गिरि सिहरे** ) હિમવંત અને શિખરી એ બે પર્વત ઉપર પણ તેટલા જ વિસ્તારે ( **वहइ** ) વહે છે. (૪૮).

હવે બે ગાથાએ કરીને તે નદીઓની ગતિ કહે છે—

**पंच सय गंतु णिअगा—वत्तणकूडाउ बहिमुहं वलइ ।**
**पणसयतेवीसेहिं, साहिअतिकलाहिं सिहराओ ॥ ४९ ॥**
**णिवडइ मगरमुहोवम—वयरामयजिब्भिआइवयरतले ।**
**णिअगे णिवायकुंडे, मुत्तावलिसमप्पवाहेण ॥ ५० ॥**

**અર્થ**—આ ચાર નદીઓ દ્રહના દ્વારથી ( **पंच सय** ) પાંચ સો યોજન સુધી પર્વતના શિખર ઉપર દ્વારની સન્મુખ પૂર્વ અને પશ્ચિમદિશા તરફ ( **गंतु** ) જઈને પછી (**णिअगावत्तणकूडाउ**) પોતાના નામવાળા આવર્તન કૂટથી એટલે ગંગાવર્તનકૂટ, સિંધ્વાવર્તનકૂટ, રક્તાવર્તનકૂટ અને રક્તવત્યાવર્તનકૂટથી ( **बहिमुहं** ) બાહ્ય એટલે ભરત અને ઐરવતક્ષેત્રની સન્મુખ ( **वलइ** ) વળે છે. તે વખતે પર્વતના મધ્યભાગથી બહાર આવતાં તે નદીઓ પર્વત ઉપર કેટલા યોજન ચાલે? તે કહે છે.—( **सिहराओ** ) તે નદીઓ પર્વતના શિખર ઉપર ( **पणसयतेवीसेहिं** ) પાંચ સો ત્રેવીશ યોજન અને (**साहिअतिकलाहिं**) કાંઈક અધિક એવી ત્રણ કળા આટલું પર્વત ઉપર ચાલે છે. આ પ્રમાણ શી રીતે આવે? તે કહે છે.—એ બંને પર્વતનો વિસ્તાર એક હજાર બાવન યોજન અને બાર કળા છે. તેમાંથી નદીનું મુખ સવાછ યોજન બાદ કરીએ ત્યારે બાકી એક હજાર છેંતાલીશ યોજન અને ઉપર પા યોજનની પોણીપાંચ કળા બાર કળામાંથી બાદ કરતાં સવાસાત કળા રહે. તેનું અર્ધ કરીએ ત્યારે પાંચ સો ત્રેવીશ યોજન અને સાડીત્રણ કળાથી કાંઈક અધિક એટલું પ્રમાણ આવે છે. ( ૪૯ ). પોતપોતાના નામના કૂટથી દૂર રહીને વળી જાય છે.

પર્વતનો વિસ્તાર યોજન ૧૦૫૨-૧૨ કળા
બાદ કર્યા. ૬-૪॥
બાકી ) ૧૦૪૬-७॥ ( યો. કળા.
ભાંગ્યા ૨ ૧૦૪૬- ૫૨૩-૩॥
००००

ઉપર પ્રમાણે પર્વતના વિસ્તારના અર્ધને એટલે ૫૨૩ યોજન ૩॥ કળા ઓળંગીને શિખરના તળથી ( **मगरमुहोवम** ) મગરના મુખની ઉપમાવાળી એટલે મગરમચ્છના મુખ જેવી ( **वयरामय** ) વજ્રમય ( **जिब्भिआइ** ) જીભીવડે કરીને એટલે જીભના આકારવાળી પરનાળવડે કરીને ( **वयरतले** ) વજ્રમય તળીયાવાળા ( **निअगे** ) પોતાના એટલે તે તે નદીના નામવાળા ( **निवायकुंडे** ) નિપાત[1] કુંડમાં ( **मुत्तावलिसमप्पवाहेण**) મોતીના હારની જેવા પ્રવાહે કરીને ( **निवडइ** ) પડે છે. (૫૦).

હવે તે જીભીનું પ્રમાણ કહે છે:—

**दहदारवित्थराओ, वित्थरपण्णासभागजड्डाओ ।**
**जड्डुत्ताओ चउगुण-दीहाओ सव्वजिब्भीओ ॥ ५१ ॥**

**અર્થ**—( **सव्वजिब्भीओ** ) સર્વે જીભીઓ ( **दहदारवित्थराओ** ) દ્રહના દ્વારની જેટલા જ વિસ્તારવાળી છે, ( **वित्थरपण्णासभागजड्डाओ** ) વિસ્તારથી પચાસમે ભાગે જાડી છે, તથા ( **जड्डुत्ताओ** ) જાડપણાથી ( **चउगुण** ) ચારગુણી ( **दीहाओ** ) લાંબી છે. તેની સ્થાપના આ પ્રમાણે.—

| નદી નામ | જિન્હાનો વિસ્તાર | જિન્હાનું જાડપણુ | જિન્હાનું લાંબપણુ |
|---|---|---|---|
| ભરત અને ઐરવતની -૪ | યોજન ૬। | કોશ ०॥ | કોશ ૨ |
| હિમવંત અને ઐરણ્યવતની-૪ | યોજન ૧૨॥ | કોશ ૧ | યોજન ૧ |
| હરિવર્ષ અને રમ્યકની -૪ | યોજન ૨૫ | કોશ ૨ | યોજન ૨ |
| મહાવિદેહની નદીઓ -૨ | યોજન ૫૦ | કોશ ૪ | યોજન ૪ |

અથવા બીજી રીત આ પ્રમાણે:—

૧ ગંગાનિપાત કુંડ, સિંધુનિપાત કુંડ, રક્તાનિપાત કુંડ અને રક્તવતીનિપાત કુંડ.

બહારના બે પર્વત વિષે
માંહેલી
૬ા યોજન જીભ પહોળી છે.
તેના ગાઉ ૪
કરવા ——
૫૦) ૨૫ ગાઉ થયા.
——
૦ાા ગાઉ જીભ
ગુણવા ૪ જાડી છે.
——
૨ ગાઉ જીભ
લાંબી છે.

——

બહારના બે પર્વતમાં
બહારની
૧૨ાા યોજન પહોળી
૪
——
૫૦) ૫૦
૧ ગાઉ જીભ જાડી
ગુણવા ૪
——
૪ ગાઉ=૧ યો. જીભ લાંબી

મધ્યના બે પર્વતને વિષે
માંહેલી દિશાની
૫૦) ૨૫ યોજન જીભ
—— પહોળી
૦ાા યોજન જીભ
ગુણવા ૪ જાડી
——
૨ યોજન જીભ
લાંબી

——

મધ્યના બે પર્વતમાં બહારની દિશાની જીભ પહોળી છે.
૫૦) ૧૨ાા યોજન જીભ
—— પહોળી છે.
૦ા યોજન જીભ
ગુણવા ૪ જાડી છે.
——
૧ યોજન જીભ
લાંબી છે.

આભ્યંતરના બે પર્વત વિષે
માંહેની જે જીભ છે તે
૫૦) ૨૫ યોજન પહોળી
—— છે.
૦ાા યોજન જાડી
ગુણવા ૪ છે.
——
૨ યોજન જીભ
લાંબી છે.

——

આભ્યંતરના બે પર્વતો વિષે
મહાવિદેહ તરફની
૫૦) ૫૦ યોજન પહોળી
——
૧ યોજન જાડી
ગુણવા ૪
——
૪ યોજન લાંબી

હવે કુંડને વિષે રહેલા દ્વીપનું પ્રમાણ કહે છે.—

**कुंडंतो अडजोअण–पिहुलो जलउवरि कोसदुगमुच्चो ।**
**वेइजुओ णइदेवी–दीवो दहदेविसमभवणो ॥ ५२ ॥**

**અર્થ**—( **कुंडंतो** ) કુંડના મધ્યમાં ( **अडजोअणपिहुलो** ) આઠ યોજન પહોળો અને ( **जलउवरि** ) જળની ઉપર ( **कोसदुगं** ) બે કોશ ( **उच्चो** ) ઉંચો તથા ( **वेइजुओ** ) વેદિકાયુક્ત ( **णइदेवीदीवो** ) નદીદેવીનો દ્વીપ એટલે ગંગાદેવી દ્વીપ વિગેરે છે તે ( **दहदेविसमभवणो** ) દ્રહદેવીની જેવા ભવનવાળો છે. ( ૫૨. )

હવે કુંડનું સ્વરૂપ કહે છે.—

**जोअणसट्ठिपिहुत्ता, सवायछप्पिहुलवेइतिदुवारा ।**
**एए दसुंड कुंडा, एवं अण्णे वि णवरं ते ॥ ५३ ॥**

**અર્થ**—(**जोअणसट्ठि**) સાઠ યોજન (**पिहुत्ता**) પહોળા, (**सवायछ**) સવાછ યોજન (**पिहुल**) પહોળા (**वेइतिदुवारा**) વેદિકાના ત્રણ દ્વાર છે જેને વિષે એવા (**एए**) આ (**कुंडा**) કુંડો (**दसुंड**) દશ યોજન ઉંડા છે. (**एवं**) એ જ પ્રમાણે (**अण्णे वि**) બીજા પણ કુંડો છે. (**णवरं ते**) પરંતુ તેમાં વિશેષ છે તે કહે છે. (૫૩.)—

## एसिं वित्थारतिगं, पडुच्च समदुगुणचउगुणट्ठगुणा ।
## चउसट्ठिसोलचउदो, कुंडा सव्वे वि इह णवई ॥ ५४ ॥

**અર્થ**—(**एसिं**) આ પૂર્વે કહેલા કુંડોના (**वित्थारतिगं**) ત્રણ પ્રકારના વિસ્તારને એટલે કુંડના વિસ્તારને, દ્વીપના વિસ્તારને અને વેદિકાના દ્વારના વિસ્તારને (**पडुच्च**) આશ્રીને (**चउसट्ठि**) ચોસઠ (**सोलं**) સોળ, (**चउ**) ચાર અને (**दो**) બે કુંડો અનુક્રમે (**सम**) સરખા, (**दुगुण**) બમણા, (**चउगुण**) ચારગુણા અને (**अट्ठगुणा**) આઠગુણા છે. (**इह**) આ જંબૂદ્વીપમાં (**सव्वे वि**) સર્વ મળીને (**णवई**) નેવું કુંડો છે. (૫૪). બત્રીશ વિજયની ૬૪ નદીના ૬૪ અને બાર અંતર્નદીઓના (૧૨) પ્રપાત કુંડો સમજવા નહીં. તે નદીઓ તે કુંડમાંથી જ નીકળે છે.

**વિસ્તરાર્થ**—મહાવિદેહની બત્રીશ વિજયોની (૬૪) નદીઓના ચોસઠ કુંડો છે, તેનો વિસ્તાર ભરત ઐરવતના કુંડ સરખો છે એટલે કે તે ચોસઠ કુંડો સાઠ યોજન પહોળા છે, તેના દ્વીપો આઠ યોજન પહોળા છે અને વેદિકાના દ્વારો સવાછ યોજન પહોળા છે; તથા હૈમવતની બે નદીઓ, ઐરણ્યવતની બે નદીઓ અને બાર અંતર્નદીઓના મળીને જે સોળ કુંડો છે, તેનો વિસ્તાર બમણો એટલે સાઠ યોજનને બમણા કરવાથી એક સો ને વીશ યોજન છે, દ્વીપનો વિસ્તાર આઠને બમણા કરવાથી સોળ યોજન છે અને વેદિકાનાં દ્વારનો વિસ્તાર સવાછને બમણા કરવાથી સાડાબાર યોજન છે. તથા હરિવર્ષની બે નદી અને રમ્યકની બે નદીના ચાર પ્રપાત કુંડો છે તેનો વિસ્તાર ચારગુણો છે તેથી સાઠને ચારગુણા કરતાં બસો ને ચાળીશ યોજન કુંડનો વિસ્તાર છે, દ્વીપનો વિસ્તાર આઠને ચારગુણા કરવાથી બત્રીશ યોજન છે અને વેદિકાના દ્વારનો વિસ્તાર સવાછને ચારગુણા કરવાથી પચીશ યોજન છે. તથા મહાવિદેહમાં બે નદીઓ છે, તેના બે પ્રપાત કુંડનો વિસ્તાર આઠગુણો હોવાથી સાઠને આઠે ગુણતાં ચારસો ને એંશી યોજન છે, દ્વીપનો વિસ્તાર આઠને આઠગુણા કરવાથી ચોસઠ યોજન છે અને વેદિકાના દ્વારનો વિસ્તાર સવાછને આઠગુણા કરવાથી પચાસ યોજન છે. (૫૪)

**સ્થાપના—**

| નદીની સંખ્યા | કુંડની સંખ્યા. | કુંડ વિસ્તાર યોજન | દ્વીપવિસ્તાર યોજન | વેદિકાદ્વાર વિસ્તાર યો૦ |
|---|---|---|---|---|
| ભરત અને એરવતની ૪ | ૪ | ૬૦ | ૮ | ૬ા |
| હેમવત અને ઐર૦ ૪ અંતરનદી–૧૨ | ૧૬ | ૧૨૦ | ૧૬ | ૧૨ા |
| હરિવર્ષ અને રમ્ય૦ ૪ | ૪ | ૨૪૦ | ૩૨ | ૨૫ |
| મહાવિદેહની—૨ | ૨ | ૪૮૦ | ૬૪ | ૫૦ |
| બત્રીશ વિજયની–૬૪ | ૬૪ | ૬૦ | ૮ | ૬ા |
| કુલ–૯૦ | ૯૦ | | | |

હવે બે ગાથાએ કરીને ચાર બાહ્ય નદીની ગતિ કહે છે.

**एअं[2] च[1] णइचउक्कं[3], कुंडाओ बहिदुवारपरिवूढं ।**
**सगसहसणइसमेअं, वेअड्ढगिरिं पि भिंदेइ ॥ ५५ ॥**
**तत्तो बाहिरखित्त–द्धमज्झओ वलइ[3] पुव्वअवरमुहं[2] ।**
**णइसत्तसहससाहियं[4], जगइतलेणं उदहिमेइ ॥ ५६ ॥**

**અર્થ**—( **च** ) અને ( **एअं** ) આ ( **णइचउक्कं** ) ચાર નદીઓ–ગંગા, સિંધુ, રક્તા અને રક્તવતી ( **कुंडाओ** ) પોતપોતાના નિપાત કુંડથી ( **बहिदुवार** ) બાહ્ય દ્વારથી એટલે દક્ષિણ અને ઉત્તર દ્વારથી ( **परिवूढं** ) નીકળે છે અને ( **सगसहस** ) સાત હજાર ( **णइसमेअं** ) નદીઓના પરિવારવાળી થઇને ( **वेअड्ढगिरिं पि** ) વૈતાઢ્ય પર્વતને પણ ( **भिंदेइ** ) ભેદે છે ( ૫૫ ) ( **तत्तो** ) ત્યારપછી ( **बाहिरखित्त** ) બાહ્ય-ક્ષેત્રના એટલે ભરત અને ઐરવત ક્ષેત્રના ( **अद्धमज्झओ** ) અર્ધના મધ્યભાગથી ( **पुव्वअवरमुहं** ) પૂર્વ અને પશ્ચિમ દિશાની સન્મુખ ( **वलइ** ) વળે છે એટલે કે ભરતક્ષેત્રમાં ગંગા નદી પૂર્વ દિશાએ સમુદ્ર તરફ જાય છે અને સિંધુ નદી પશ્ચિમ દિશાએ સમુદ્ર તરફ જાય છે, તથા ઐરવત ક્ષેત્રમાં રક્તાનદી પૂર્વ દિશાએ અને રક્તવતી પશ્ચિમ દિશાએ સમુદ્ર તરફ જાય છે. આ નદીઓ વૈતાઢ્ય પર્વતને ભેદીને બહાર નીકળ્યા પછી પણ ( **णइसत्तसहससहियं** ) બીજી સાત હજાર નદીઓએ કરીને સહિત થાય છે. સર્વ મળીને ચૌદ હજાર નદીઓના પરિવારયુક્ત થઇને ( **जगई-तलेणं** ) જગતીના તળને પણ વૈતાઢ્યની જેમ ભેદીને ( **उदहिमेइ** ) સમુદ્રમાં જાય છે–સમુદ્રને મળે છે. ( ૫૬ )

હવે તે નદીઓનો વિસ્તાર તથા ઉંડાપણું કહે છે—

**धुरि कुंडदुवारसमा, पज्जंते दसगुणा य पिहुलत्ते ।**
**सव्वत्थ महणईओ, वित्थरपण्णासभागुंडा ॥ ५७ ॥**

**અર્થ**—સર્વ નદીઓ ( **धुरि** ) પ્રથમ નીકળતાં ( **कुंडदुवारसमा** ) કુંડના દ્વારની જેટલા વિસ્તારવાળી હોય છે. ( **य** ) અને ( **पज्जंते** ) છેડે ( **पिहुलत्ते** ) પૃથુપણામાં એટલે વિસ્તારમાં ( **दसगुणा** ) દશગુણી થાય છે. જેમકે ભરત અને ઐરવતની ચાર નદીઓનો કુંડના દ્વાર પાસે સવાછ યોજનનો વિસ્તાર છે, તે છેવટે સમુદ્રને મળે ત્યારે દશગુણો વિસ્તાર થવાથી સવાછને દશે ગુણતાં સાડીબાસઠ યોજનનો વિસ્તાર થાય છે. તે જ રીતે બત્રીશ વિજયોની ચોસઠ નદીઓનો પણ આ જ પ્રમાણે આદિ અને અંતનો વિસ્તાર જાણવો, તથા હૈમવત અને ઐરણ્યવત ક્ષેત્રની ચાર નદી અને મહાવિદેહક્ષેત્રમાં આવેલી બાર અંતરનદી મળી કુલ સોળ નદીઓનો આદિ વિસ્તાર સાડાબાર યોજન અને છેડે દશગુણો કરવાથી એક સો ને પચીશ યોજન થાય છે. તથા હરિવર્ષ અને રમ્યક ક્ષેત્રમાં ચાર નદીઓ છે, તેનો વિસ્તાર આદિમાં પચીશ યોજન છે. તેને દશગુણો કરતાં બસો પચાસ યોજનનો અંતે વિસ્તાર છે. તથા મહાવિદેહ ક્ષેત્રની બે નદીઓનો આદિ વિસ્તાર પચાસ યોજન છે, તેને દશે ગુણતાં છેડે પાંચસો યોજનનો વિસ્તાર થાય છે. ( **सव्वत्थ** ) સર્વત્ર ( **महणईओ** ) મોટી નદીઓ સર્વે ( **वित्थरपण्णासभागुंडा** ) વિસ્તારથી પચાસમે ભાગે ઉંડી હોય છે. જેમ ગંગા વિગેરેનો વિસ્તાર આદિમાં સવાછ યોજન છે ત્યાં પચાસે ભાંગતાં અર્ધ કોશ ઉંડી છે એમ જાણવું. તથા છેડે સાડી બાસઠ યોજનનો વિસ્તાર છે ત્યાં તેને પચાસે ભાંગતાં સવા યોજન ઉંડી છે એમ જાણવું. એ જ પ્રમાણે સર્વ નદીઓ વિષે જાણવું. ( ૫૭ ) **સ્થાપનાઃ**—

| નદીઓ | આદિ વિસ્તાર યોજન | અંત વિસ્તાર યોજન | આદિમાં ઉંડી યોજન | છેડે ઉંડી યોજન |
|---|---|---|---|---|
| ભરત-ઐરવત ને ૩૨ વિજયોની મળીને ૬૮ | ૬l | ૬૨ll | ⅛ (oll કોશ) | ૧l ( ૫ કોશ ) |
| હૈમવત-ઐરણ્યવતની ને અંતરનદી મળીને ૧૬ | ૧૨ll | ૧૨૫ | ol ( ૧ કોશ) | ૨ll (૧૦ કોશ) |
| હરિવર્ષ-રમ્યકની -૪ | ૨૫ | ૨૫૦ | oll ( ૨ કોશ) | ૫ (૨૦ કોશ) |
| મહાવિદેહક્ષેત્રની -૨ | ૫૦ | ૫૦૦ | ૧ ( ૪ કોશ) | ૧૦ (૪૦ કોશ) |

ભરત ને ઐરવત—એ ક્ષેત્રની નદીની ગતિ કહી. હવે બાકીના પાંચ ક્ષેત્રની નદીઓની ગતિ બે ગાથાએ કરીને કહે છે.—

**पणखित्तमहणईओ, सदारदिसि दहविसुद्धगिरिअद्धं ।**
**गंतूण सजिब्भीहिं, णिअणिअकुंडेसु णिवडंति ॥ ५८ ॥**
**णिअजिब्भिअपिहुलत्ता, पणवीसंसेण मुत्तु मज्झगिरिं ।**
**जाममुहा पुव्वुदहिं, इअरा अवरोअहिमुविंति ॥ ५९ ॥**

**અર્થ**—( **पणखित्त** ) પાંચ ક્ષેત્રની એટલે હૈમવત, ઐરણ્યવત, હરિવાસ, રમ્યક અને મહાવિદેહ ક્ષેત્રની ( **महणईओ** ) મોટી નદીઓ ( **सदारदिसि** ) પોતપોતાના દ્વારની દિશામાં ( **दहविसुद्ध** ) ગિરિના વિસ્તારમાંથી દ્રહનો વિસ્તાર શોધી એટલે બાદ કરી બાકી રહેલા ( **गिरिअद्धं** ) ગિરિના વિસ્તારને અર્ધ કરવાથી જેટલા યોજન આવે તેટલા યોજન ગિરિના શિખર ઉપર ચાલીને ( **सजिब्भीहिं** ) પોતપોતાની જીભીવડે ( **णिअणिअकुंडेसु** ) પોતપોતાના ( પ્રપાત ) કુંડને વિષે ( **णिवडंति** ) પડે છે. જેમકે—હિમવાન અને શિખરી પર્વતની બબે થઇને ચાર નદીઓ છે. તે પર્વતનો વિસ્તાર ૧૦૫૨ યોજન અને ૧૨ કળા છે, તેમાંથી દ્રહનો વિસ્તાર ૫૦૦ યોજન છે તે બાદ કરતાં બાકી ૫૫૨ યોજન અને ૧૨ કળા રહે. તેનું અર્ધ કરવાથી ૨૭૬ યોજન અને ૬ કળા પર્વત ઉપર વહે છે. તથા મહાહિમવાન અને રૂક્મી પર્વત ઉપર ચાર નદીઓ છે. તે પર્વતનો વિસ્તાર ૪૨૧૦ યોજન ૧૦ કળા છે, તેમાંથી દ્રહનો વિસ્તાર ૧૦૦૦ યોજન બાદ કરતાં બાકી ૩૨૧૦ યોજન અને ૧૦ કળા રહે. તેનું અર્ધ કરવાથી ૧૬૦૫ યોજન અને પાંચ કળા પર્વત પર વહે છે. તથા નિષધ અને નીલવંત પર્વત ઉપર ચાર નદીઓ છે. તે પર્વતનો વિસ્તાર ૧૬૮૪૨ યોજન અને ૨ કળા છે. તેમાંથી દ્રહનો વિસ્તાર ૨૦૦૦ યોજન બાદ કરતાં બાકી ૧૪૮૪૨ યોજન અને ૨ કળા રહે છે. તેનું અર્ધ કરવાથી ૭૪૨૧ યોજન અને ૧ કળા પર્વતના શિખર પર વહે છે–ગતિ કરે છે અને પછી પોતપોતાના પ્રપાતકુંડમાં પોતપોતાની જીભીવડે પડે છે. (૫૮).

**સ્થાપના:**—

| ગિરિ | ગિરિ વિસ્તાર યોજન–કળા | દ્રહ વિસ્તાર યોજન | બાદ કરતાં શેષ યોજન–કળા | અર્ધ કરતાં યોજન–કળા |
|---|---|---|---|---|
| હિમવાન–શિખરી | ૧૦૫૨–૧૨ | ૫૦૦ | ૫૫૨–૧૨ | ૨૭૬–૬ |
| મહાહિમવાન–રૂક્મી | ૪૨૧૦–૧૦ | ૧૦૦૦ | ૩૨૧૦–૧૦ | ૧૬૦૫–૫ |
| નિષધ–નીલવાન | ૧૬૮૪૨– ૨ | ૨૦૦૦ | ૧૪૮૪૨– ૨ | ૭૪૨૧–૧ |

(**णिअजिब्भिआपिहुलत्ता**) પોતપોતાની જીભીના વિસ્તારના (**पणवीसंसेण**) પચીશમે ભાગે (**मज्झगिरिं**) મધ્યગિરિને એટલે વૃત્તવૈતાઢ્યને તથા મેરૂપર્વતને (**मुत्तु**) મૂકીને (**जाममुहा**) દક્ષિણ મુખવાળી નદી (**पुव्वुदहिं**) પૂર્વસમુદ્રમાં અને (**इअरा**) બીજી એટલે ઉત્તર મુખવાળી નદી (**अवरोदहिं**) પશ્ચિમ સમુદ્રમાં (**उविंति**) જાય છે. જેમકે-ભરત અને ઐરવતની ચાર નદીઓની જીભી સવાછ યોજન છે તેને ચારે ગુણતાં ૨૫ કોશ થાય, તેને પચીશે ભાંગતાં એક કોશ આવે; તેથી ગંગાદેવી કૂટ અને સિંધુદેવી કૂટ તથા રક્તાદેવીકૂટ અને રક્તવતીદેવી કૂટને એક ગાઉ દૂર રાખીને તે નદીઓ દક્ષિણ ને ઉત્તર તરફ વળે છે. હૈમવત અને ઐરણ્યવતની ચાર નદીઓની જીભી ૧૨॥ યોજન વિસ્તારવાળી છે. તેના ગાઉ કરવા માટે ચારે ગુણતાં ૫૦ ગાઉ થાય, તેને પચીશે ભાંગતાં ૨ ગાઉ આવે તેથી તે ક્ષેત્રના મધ્યમાં આવેલા વૃત્તવૈતાઢ્યને બે ગાઉ દૂર મૂકીને તે નદીઓ પૂર્વ કે પશ્ચિમ સમુદ્ર તરફ વળે છે. તથા હરિવર્ષ અને રમ્યક ક્ષેત્રમાં ચાર નદીઓ છે. તેની જીભીનો વિસ્તાર ૨૫ યોજન છે તેને પચીશે ભાંગતાં એક યોજન આવે. તેથી તે નદીઓ તે ક્ષેત્રના વૃત્તવૈતાઢ્યને એક યોજન એટલે ચાર ગાઉ દૂર મૂકીને પૂર્વ કે પશ્ચિમ સમુદ્ર તરફ વળે છે. તથા મહાવિદેહક્ષેત્રમાં બે નદીઓ છે. તેની જીભી ૫૦ યોજન વિસ્તારવાળી છે. તેને પચીશે ભાંગતાં બે યોજન આવે છે. તેથી તે બે નદીઓ મેરૂપર્વતને બે યોજન એટલે આઠ ગાઉ દૂર મૂકીને પૂર્વ કે પશ્ચિમ દિશાના સમુદ્ર તરફ વહે છે. (૫૯).

હવે પાંચ ક્ષેત્રની નદીઓનાં નામ તથા તેના પરિવારરૂપ નદીઓની સંખ્યા ત્રણ ગાથાવડે કહે છે.—

**हेमवइ रोहिअंसा, रोहिआ गंगदुगुणपरिवारा ।**
**एरण्णवए सुवण्ण–रुप्पकूलाओ ताण समा ॥ ६० ॥**

**અર્થ:**—(**हेमवइ**) હૈમવંત ક્ષેત્રમાં (**रोहिअंसा**) રોહિતાંશા અને (**रोहिआ**) રોહિતા એ બે નદીઓ (**गंगदुगुण**) ગંગા નદીથી બમણા (**परिवारा**) પરિવારવાળી છે, એટલે કે ગંગાનો પરિવાર ચૌદ હજાર નદીઓનો છે તેને બમણા કરવાથી અઠ્ઠાવીશ હજાર નદીઓનો પરિવાર આ નદીઓનો પ્રત્યેકનો છે. (**एरण्णवए**) ઐરણ્યવતક્ષેત્રમાં (**सुवण्ण**) સુવર્ણકૂલા અને (**रुप्पकूलाओ**) રૂપ્યકૂલા નામની બે નદીઓ છે, તે (**ताण समा**) તેના જેવી જ છે એટલે રોહિતાંશા અને રોહિતા નદીના જેટલા જ પરિવારવાળી છે અર્થાત્ અઠ્ઠાવીશ અઠ્ઠાવીશ હજાર નદીઓના પરિવારવાળી છે. (૬૦).

**हरिवासे हरिकंता, हरिसलिला गंगचउगुणणईआ ।**
**एसिं समा रम्मयए, णरकंता णारिकंता य ॥ ६१ ॥**

**અર્થ**:—(**हरिवासे**) હરિવર્ષ ક્ષેત્રમાં (**हरिकंता**) હરિકાંતા અને (**हरिसलिला**) હરિસલિલા નામની બે નદીઓ છે તે (**गंगचउगुण**) ગંગાનદીથી ચારગુણી (**णईआ**) નદીઓના પરિવારવાળી છે એટલે કે ચૌદ હજારને ચારે ગુણતાં છપ્પન હજાર નદીઓના પરિવારવાળી આ બન્ને નદીઓ છે. (**एसि समा**) આ બે નદીઓના જેવી જ (**रम्मयए**) રમ્યક ક્ષેત્રને વિષે (**णरकंता**) નરકાંતા (**य**) અને (**णारिकंता**) નારીકાંતા નામની બે નદીઓ છે એટલે કે છપ્પન હજાર નદીઓના પરિવારવાળી છે. (૬૧.)

**सीओआ सीआओ, महाविदेहम्मि तासु पत्तेयं ।**
**णिवडइ पणलक्ख दुती–ससहस अडतीस णइसलिलं ॥६२॥**

**અર્થ**—(**महाविदेहम्मि**) મહાવિદેહક્ષેત્રમાં (**सीओआ**) શીતોદા અને (**सीआओ**) શીતા એ બે નામની નદીઓ છે. (**तासु**) તે (**पत्तेयं**) પ્રત્યેકને વિષે (**पणलक्ख**) પાંચ લાખ (**दुतीससहस**) બત્રીશ હજાર અને (**अडतीस**) આડત્રીશ (**णइसलिलं**) નદીઓનું પાણી પડે છે એટલે કે તે પ્રત્યેક નદીનો પરિવાર ૫૩૨૦૩૮ નદીઓનો છે. (૬૨.)

શીતોદા અને શીતા નદીઓનો જે પરિવાર ઉપર કહ્યો, તેનો વિસ્તાર કરે છે.-

**कुरुणइ चुलसीसहसा, छच्चेवंतरणईउ पइविजयं ।**
**दो दो महाणईओ, चउदसहस्सा उ पत्तेयं ॥ ६३ ॥**

**અર્થ**—(**कुरुणइ**) કુરૂક્ષેત્રમાં રહેલી નદીઓ (**चुलसीसहसा**) ચોરાશી હજાર છે, (**छच्चेव**) છ જ (**अंतरणईउ**) અંતર નદીઓ છે અને (**पइविजयं**) દરેક વિજયમાં (**दो दो**) બબે (**महाणईओ**) મોટી નદીઓ છે. (**उ**) વળી તે મહાનદીઓને (**पत्तेयं**) દરેક દરેકને (**चउदससहस्सा**) ચૌદ ચૌદ હજાર નદીઓનો પરિવાર છે. (૬૩.)

**સ્થાપના.—**

| | |
|---|---|
| દેવકુરૂ અથવા ઉત્તરકુરૂક્ષેત્રની નદીઓ | ૮૪૦૦૦ |
| એક બાજુના મહાવિદેહની અંતરનદીઓ | ૬ |
| સોળ વિજયની નદીઓ | ૩૨ |
| ૩૨ નદીઓની ચૌદ ચૌદ હજાર ગણતાં તેના પરિવારની નદીઓ | ૪૪૮૦૦૦ |
| શીતોદાની કુલ નદીઓ | ૫૩૨૦૩૮ |
| શીતાની પણ તેટલી જ | ૫૩૨૦૩૮ |
| મહાવિદેહની કુલ નદીઓ | ૧૦૬૪૦૭૬ |

હવે આખા જંબૂદ્વીપની સર્વ નદીઓની સંખ્યા કહે છે.—

**अडसयरि महणईओ, बारस अंतरणईउ सेसाओ ।**
**परिअरणई चउद्दस, लक्खा छप्पण्ण सहसा य ॥ ६४ ॥**

**અર્થ**—(**अडसयरि**) અઠ્ઠોતેર (**महणईओ**) મહાનદીઓ છે એટલે કે સાતે ક્ષેત્રની મળીને ગંગાદિક ચૌદ નદીઓ અને બત્રીશ વિજયની થઇને ચોસઠ નદીઓ, એ બન્ને મળીને અઠ્ઠોતેર મહાનદીઓ છે. (**बारस**) બાર (**अंतरणईउ**) અંતર નદીઓ છે એટલે કે પૂર્વ અને પશ્ચિમ મહાવિદેહમાં મળીને વિજયોના આંતરામાં રહેલી છ છ અંતર નદીઓ હોવાથી બાર અંતર નદીઓ છે. (**सेसाओ**) બાકીની (**परिअरणई**) પરિવારભૂત નદીઓ (**चउद्दस लक्खा**) ચૌદ લાખ (**य**) અને (**छप्पण्ण सहसा**) છપ્પન હજાર છે. (૬૪)

**સ્થાપના:—**

| ક્ષેત્ર | મહાનદી | | પરિવાર નદી | |
|---|---|---|---|---|
| ભરત | ગંગા | ૧ | ૧૪૦૦૦ | |
| | સિંધુ | ૧ | ૧૪૦૦૦ | |
| ઐરવત | રક્તા | ૧ | ૧૪૦૦૦ | |
| | રક્તવતી | ૧ | ૧૪૦૦૦ | |
| હૈમવત | રોહિતાંશા | ૧ | ૨૮૦૦૦ | |
| | રોહિતા | ૧ | ૨૮૦૦૦ | |
| ઐરણ્યવત | સુવર્ણકૂલા | ૧ | ૨૮૦૦૦ | |
| | રૂપ્યકૂલા | ૧ | ૨૮૦૦૦ | |
| હરિવર્ષ | હરિકાંતા | ૧ | ૫૬૦૦૦ | |
| | હરિસલિલા | ૧ | ૫૬૦૦૦ | |
| રમ્યક | નરકાંતા | ૧ | ૫૬૦૦૦ | સોળ વિજયની ૩૨ નદીઓના ચૌદ ચૌદ હજારનો પરિવાર હોવાથી ૪૪૮૦૦૦ અને કુરૂક્ષેત્રની ૮૪૦૦૦ મળીને ૫૩૨૦૦૦ |
| | નારીકાંતા | ૧ | ૫૬૦૦૦ | |
| મહાવિદેહ | શીતોદા | ૧ | ૫૩૨૦૦૦ | |
| | શીતા | ૧ | ૫૩૨૦૦૦ | |
| બત્રીશવિજય | | ૬૪ | ૧૪૫૬૦૦૦ | |
| અંતર નદી | | ૧૨ | | |
| | | ૯૦ | | |

હવે કુલગિરિ વિગેરેના કૂટ એટલે શિખર સંબંધી હકીકત કહે છે.—

**एगारडणवकूडा, कुलगिरिजुअलत्तिगे वि पत्तेअं ।**
**इइ छप्पण्ण चउ चउ, वक्खारेसु त्ति चउसट्ठी ॥ ६५ ॥**

અર્થ—( **कुलगिरि** ) કુલગિરિના ( **जुअलत्तिगे वि** ) ત્રણ યુગલ એટલે છ પર્વતમાંના ( **पत्तेयं** ) દરેક ગિરિ ઉપર અનુક્રમે ( **एगार** ) અગ્યાર ( **अड** ) આઠ અને ( **णवकूडा** ) નવ કૂટ છે. એટલે હિમવાન અને શિખરી પર્વતપર અગ્યાર અગ્યાર કૂટ છે, મહાહિમવાન અને રૂકમી પર્વતપર આઠ આઠ કૂટ છે, તથા નિષધ અને નીલવંત ગિરિ ઉપર નવ નવ કૂટ છે. ( **इइ** ) આ પ્રમાણે કુલ ( **छप्पण्ण** ) છપ્પન કૂટો છ કુલગિરિના છે. તથા ( **वक्खारेसु** ) સોળ વક્ષસ્કાર પર્વતો છે તેમાંના દરેક પર્વત ઉપર ( **चउ चउ** ) ચાર ચાર કૂટ છે. ( **त्ति** ) આ પ્રમાણે કુલ ( **चउसट्ठी** ) ચોસઠ કૂટ છે. ( ૬૫ )

**सोमणसगंधमाइणि, सग सग विज्जुप्पभिमालवंति पुणो ।**
**अट्ठट्ठ सयल तीसं, अड णंदणि अट्ठ करिकूडा ॥ ६६ ॥**

અર્થ—( **सोमणस** ) સોમનસ નામના ગજદંત ગિરિ ઉપર ( **सग** ) સાત કૂટ છે, ( **गंधमाइणि** ) ગંધમાદન ગિરિ ઉપર ( **सग** ) સાત કૂટ છે, ( **विज्जुप्पभि** ) વિદ્યુત્પ્રભ ગિરિ ઉપર ( **अट्ठ** ) આઠ કૂટ છે, ( જો કે અહીં હરિકૂટ નામે નવમો કૂટ પણ છે, પરંતુ તે સહસ્રાંક કૂટમાં ગણવામાં આવશે. ) ( **पुणो** ) તથા ( **मालवंति** ) માલ્યવાન ગિરિ ઉપર ( **अट्ठ** ) આઠ કૂટ છે, ( અહીં પણ હરિસ્સહ નામનો નવમો કૂટ છે પરંતુ તે પણ સહસ્રાંક કૂટમાં ગણવામાં આવશે. ) ( **सयल** ) આ ચારે ગજદંત ગિરિના સમગ્ર મળીને ( **तीसं** ) ત્રીશ કૂટ છે, તથા ( **णंदणि** ) નંદન વનમાં ( **अड** ) આઠ કૂટ છે. ( અહીં પણ ઇશાન ખૂણામાં બળકૂટ નામનો નવમો કૂટ છે તે પણ સહસ્રાંક કૂટમાં ગણવામાં આવશે. ) તથા ભદ્રશાલ વનમાં ( **करिकूडा** ) કરિકૂટ એટલે હાથીના આકારવાળા કૂટ ( **अट्ठ** ) આઠ છે. ( ૬૬ )

કૂટનાં નામો આ પ્રમાણે.—

| હિમવાનના કૂટ ૧૧ પૂર્વ દિશાના ક્રમે | શિખરિણીના કૂટ ૧૧ પૂર્વાદિ ક્રમે | મહાહિમવાનના કૂટ ૮ પૂર્વાદિ ક્રમે | રૂકમી પર્વતના કૂટ ૮ પૂર્વાદિ ક્રમે | નિષધ પર્વતના કૂટ ૯ પૂર્વાદિ ક્રમે | નીલવંત પર્વતના કૂટ ૯ પૂર્વાદિ ક્રમે |
|---|---|---|---|---|---|
| ૧ સિદ્ધ કૂટ | ૧ સિદ્ધ કૂટ | ૧ સિદ્ધ કૂટ | ૧ સિદ્ધ કૂટ | ૧ સિદ્ધ કૂટ | ૧ સિદ્ધ કૂટ |
| ૨ હિમવત્ ,, | ૨ શિખરી ,, | ૨ મહાહિમવત ,, | ૨ રૂકમી ,, | ૨ નિષધ ,, | ૨ નીલવંત ,, |
| ૩ ભરત ,, | ૩ ઐરણ્યવત ,, | ૩ હૈમવત્ ,, | ૩ રમ્યક ,, | ૩ હરિવર્ષ ,, | ૩ પૂર્વવિદેહ ,, |
| ૪ ઇલાદેવી ,, | ૪ સુવર્ણકૂલા ,, | ૪ રોહિતા ,, | ૪ નરકાંતા ,, | ૪ પૂર્વવિદેહ ,, | ૪ શીતા ,, |
| ૫ ગંગાવર્તન ,, | ૫ શ્રીદેવી ,, | ૫ હ્રી ,, | ૫ બુદ્ધિ ,, | ૫ હ્રી ,, | ૫ કીર્તિ ,, |
| ૬ શ્રીકૂટ ,, | ૬ રક્તાવર્તન ,, | ૬ હરિકાંતા ,, | ૬ રૈપ્યકૂલા ,, | ૬ ધૃતિ ,, | ૬ નારીકાંતા ,, |
| ૭ રોહિતાંસા ,, | ૭ લક્ષ્મી ,, | ૭ હરિવર્ષ ,, | ૭ ઐરણ્યવત ,, | ૭ શીતોદા ,, | ૭ અપરવિદેહ ,, |
| ૮ સિંધ્વાવર્તન ,, | ૮ રક્તવત્યાવર્તન | ૮ વૈડૂર્ય ,, | ૮ મણિકાંચન ,, | ૮ અપરવિદેહ ,, | ૮ રમ્યક ,, |
| ૯ સુરાદેવી ,, | ૯ ગંધાવતી ,, | | | ૯ રૂચક ,, | ૯ ઉપદર્શન ,, |
| ૧૦ હૈમવત્ ,, | ૯ ઐરવત ,, | | | | |
| ૧૧ વૈશ્રમણ ,, | ૧૧ તેગિચ્છિ ,, | | | | |

આ પ્રમાણે છ કુલગિરિના કૂટ કુલ ૫૬ છે.

સોળ વખારા પર્વત ઉપર ચાર ચાર કૂટો છે, તેમનાં નામ સર્વને વિષે સરખાં જ છે. તેમાં બે બાજુએ પોતપોતાની વિજયના નામના જ બબે કૂટો છે ૨, ત્રીજો પોતપોતાના વખારાના નામનો ૩ અને ચોથો મહાનદીની દિશાએ રહેલો સિદ્ધકૂટ ૪. આ પ્રમાણે સોળે વક્ષસ્કાર પર્વતોના થઈને ૬૪ કૂટ હોય છે.

| સોમનસગિરિ કૂટ ૭ મેરૂદિશાના ક્રમે નિષધની સન્મુખ | ગંધમાદનગિરિ કૂટ ૭ મેરૂદિશાથી નીલવંત સન્મુખ | વિદ્યુત્પ્રભગિરિ કૂટ ૮ મેરૂદિશાથી નિષધ સન્મુખ | માલ્યવાનગિરિ કૂટ ૮ મેરૂદિશાથી નીલવંત સન્મુખ |
|---|---|---|---|
| ૧ સિદ્ધકૂટ | ૧ સિદ્ધકૂટ | ૧ સિદ્ધકૂટ | ૧ સિદ્ધકૂટ |
| ૨ સોમનસકૂટ | ૨ ગંધમાદનકૂટ | ૨ વિદ્યુત્પ્રભકૂટ | ૨ માલ્યવત્કૂટ |
| ૩ મંગલાવતીકૂટ | ૩ ગંધગકૂટ | ૩ દેવકુરૂકૂટ | ૩ ઉત્તરકુરૂકૂટ |
| ૪ દેવકુરૂકૂટ | ૪ ઉત્તરકુરૂકૂટ | ૪ બ્રહ્મકૂટ | ૪ કચ્છકૂટ |
| ૫ વિમલકૂટ | ૫ સ્ફાટિકકૂટ | ૫ કનકકૂટ | ૫ સાગરકૂટ |
| ૬ કાંચનકૂટ | ૬ લોહિતાક્ષકૂટ | ૬ સ્વસ્તિકકૂટ | ૬ રજતકૂટ |
| ૭ વિશિષ્ટકૂટ | ૭ આનંદકૂટ | ૭ શીતોદાકૂટ | ૭ શીતાકૂટ |
| | | ૮ સ્વયંજલકૂટ | ૮ પૂર્ણભદ્રકૂટ |

કુલ ચાર ગજદંતગિરિના કૂટ ૩૦ છે.

| નંદનવનમાં કૂટ ૮ | કરિકૂટ ૮ | કુલ કૂટની સંખ્યા |
|---|---|---|
| ઈશાનેંદ્રના પ્રાસાદના પૂર્વભવનને આંતરે પ્રદક્ષિણાને ક્રમે | શીતાના ઉત્તરકાંઠાથી પ્રદક્ષિણાને ક્રમે | |
| ૧ નંદન કૂટ | ૧ પદ્મોત્તર કૂટ | છ કુલગિરિના ૫૬ |
| ૨ મંદર કૂટ | ૨ નીલવત્ કૂટ | સોળ વક્ષસ્કારના ૬૪ |
| ૩ નિષધ કૂટ | ૩ સ્વહસ્તિ કૂટ | ચાર ગજદંતના ૩૦ |
| ૪ હેમવત કૂટ | ૪ અંજનગિરિ કૂટ | નંદનવનના ૮ |
| ૫ રજત કૂટ | ૫ કુમુદ કૂટ | કરિકૂટ ૮ |
| ૬ રૂચક કૂટ | ૬ પલાસ કૂટ | કુલ ૧૬૬ |
| ૭ સાગરચિત્ર કૂટ | ૭ અવતંસ કૂટ | |
| ૮ વજ્ર કૂટ | ૮ રોચનગિરિ કૂટ | |

**इअ पणसयउच्च छासट्ठिसउ (य) कूडा तेसु दीहरगिरीणं ।**
**पुव्वणइ मेरुदिसि अंतासिद्धकूडेसु जिणभवणा ॥ ६७ ॥**

**અર્થ**—( **इअ** ) આ પ્રમાણે ( **पणसयउच्च** ) પાંચ સો યોજન ઉંચા ( **छासट्ठिसउ** ) એક સો ને છાસઠ ૧૬૬ ( **कूडा** ) કૂટો છે. ( **तेसु** ) તે પાંચ સો યોજન ઉંચા કૂટોને વિષે ( **दीहरगिरीणं** ) જે દીર્ઘ–લાંબા પર્વતો એટલે છ કુલગિરિ, સોળ વક્ષસ્કાર અને ચાર ગજદંત પર્વતો છે, તેમની અનુક્રમે પૂર્વદિશાએ, નદીની દિશાએ અને મેરૂની દિશાએ પર્યંતમાં રહેલા સિદ્ધકૂટોને વિષે જિનભવનો છે, એ પ્રથમ કહી ગયા છીએ. એટલે કે છ કુલગિરિની પૂર્વ દિશાને છેડે, સોળ વક્ષસ્કારની ઉપર શીતા કે શીતોદા નદીની દિશાને છેડે અને ચાર ગજદંતની મેરૂદિશાને છેડે સિદ્ધકૂટો રહેલા છે અને તેની ઉપર જિનભવનો છે. (૬૭).

હવે તે જિનભવનોનું પ્રમાણ કહે છે.—

**ते सिरिगिहाओ दोसय–गुणप्पमाणा तहेव तिदुवारा ।**
**णवरं अडवीसाहिअ–सयगुणदारप्पमाणमिहं ॥ ६८ ॥**

**અર્થ**—( **ते** ) તે એટલે પાંચસો યોજન ઉંચા સિદ્ધકૂટ ઉપર રહેલા જિનભવનો ( **सिरिगिहाओ** ) શ્રીદેવીના ગૃહના પ્રમાણથી ( **दोसयगुणप्पमाणा** ) બસો ગુણા પ્રમાણવાળા છે. જેમકે શ્રીદેવીનું ગૃહ એક કોશ લાંબુ, અર્ધ કોશ પહોળું અને ચૌદસો ચાળીશ ૧૪૪૦ ધનુષ ઉંચું છે. તેને બસોએ ગુણીએ ત્યારે બસો કોશ એટલે પચાસ યોજન લાંબુ, સો કોશ એટલે પચીશ યોજન પહોળું અને

છત્રીશ યોજન ઉંચું દરેક જિનભુવન છે. તથા ( **तहेव** ) તે જ પ્રમાણે એટલે શ્રીદેવીના ગૃહની જ પ્રમાણે આ જિનભવનો ( **तिदुवारा** ) ત્રણ દ્વારવાળાં છે. ( **णवरं** ) તેમાં વિશેષ આ પ્રમાણે છે.—( **इहं** ) અહીં ( **अडवीसाहियसय** ) એક સો અઠ્ઠાવીશ ( **गुण** ) ગુણું ( **दारप्पमाणं** ) દ્વારનું પ્રમાણ છે. એટલે કે શ્રીદેવીના ગૃહના દ્વારનું જે પ્રમાણ પૂર્વે કહ્યું છે તેનાથી એકસો ને અઠ્ઠાવીશ-ગુણું જિનભવનનું દ્વાર છે. જેમકે—શ્રીગૃહનું દ્વાર પાંચસો ધનુષ ઉંચું, અઢીસો ધનુષ પહોળું અને અઢીસો ધનુષ્યના પ્રવેશવાળું છે, તેને એકસો ને અઠ્ઠાવીશે ગુણતાં જિનભવનના દ્વારનું પ્રમાણ ઉંચાઇમાં આઠ યોજન, પહોળાઈમાં ચાર યોજન અને પ્રવેશમાં ચાર યોજન હોય છે. (૬૮).

**સ્થાપના:—**

| શ્રીદેવીના ગૃહનું પ્રમાણ. | ગુણવાનો અંક. | ગુણતાં આવેલું જિનભવનનું પ્રમાણ. |
|---|---|---|
| લાંબુ— ૧ કોશ | ૨૦૦ | યોજન ૫૦ |
| પહોળું— ૦ાા કોશ | ૨૦૦ | યોજન ૨૫ |
| ઉંચું— ૧૪૪૦ ધનુષ | ૨૦૦ | યોજન ૩૬ |

| શ્રીદેવીના ગૃહના દ્વારનું પ્રમાણ. | ગુણવાનો અંક. | ગુણતાં આવેલું જિનભવન દ્વાર પ્રમાણ. |
|---|---|---|
| ઉંચું— ૫૦૦ ધનુષ | ૧૨૮ | યોજન ૮ |
| પહોળું— ૨૫૦ ધનુષ | ૧૨૮ | યોજન ૪ |
| પ્રવેશ— ૨૫૦ ધનુષ | ૧૨૮ | યોજન ૪ |

હવે બાકીના પાંચ સો યોજન ઉંચા કૂટો ઉપર રહેલા પ્રાસાદનું પ્રમાણ કહે છે.—

**पणवीसं कोससयं, समचउरसवित्थडा दुगुणमुच्चा ।**
**पासाया कूडेसु, पणसयउच्चेसु सेसेसु ॥ ६९ ॥**

**અર્થ**—( **पणसयउच्चेसु** ) પાંચ સો યોજન ઉંચા એવા ( **सेसेसु** ) બાકીના એટલે કુલગિરિ, વક્ષસ્કાર અને ગજદંત સિવાયના અર્થાત્ નંદનવનના અને કરિકૂટના ( **कूडेसु** ) આઠ આઠ મળીને સોળ કૂટ છે તેના ઉપર ( **पासाया** ) પ્રાસાદો એટલે ક્રીડાના ગૃહો છે. તે દરેક પ્રાસાદ ( **पणवीसं कोससयं** ) એક

સો ને પચીશ કોશ ( **समचउरस** ) સમચતુરસ્ર એટલે સમચોરસપણે ( **वित्थडा** ) વિસ્તારવાળા-લાંબા પહોળા છે અને ( **दुगुणं** ) તેથી બેગુણા ( **उच्चा** ) ઉંચા છે. (૬૯).

હવે સહસ્રાંક કૂટો કહે છે.—

**बलहरिस्सहहरिकूडा, णंदणवणि मालवंति विज्जुपभे ।**
**ईसाणुत्तरदाहिण–दिसासु सहसुच्च कणगमया ॥ ७० ॥**

**અર્થ**—( **बल** ) બલકૂટ, ( **हरिस्सह** ) હરિસ્સહ કૂટ અને ( **हरिकूडा** ) હરિકૂટ નામના ત્રણ કૂટ છે તે અનુક્રમે ( **णंदणवणि** ) નંદનવનમાં, ( **मालवंति** ) માલ્યવંતગિરિ ઉપર અને ( **विज्जुपभे** ) વિદ્યુત્પ્રભ ગિરિ ઉપર છે તથા અનુક્રમે ( **ईसाण** ) ઈશાન, ( **उत्तर** ) ઉત્તર અને ( **दाहिण** ) દક્ષિણ ( **दिसासु** ) દિશાઓને વિષે છે. તે ( **सहसुच्च** ) હજાર યોજન ઉંચા છે તેથી સહસ્રાંક નામે કહેવાય છે તથા ( **कणगमयां** ) તે ત્રણે કૂટો સુવર્ણમય છે. ( ૭૦ )

**સ્થાપના—**

| | | | |
|---|---|---|---|
| નંદનવનમાં | બલકૂટ | ઈશાન દિશાએ | ૧૦૦૦ યોજન ઉંચા |
| માલ્યવંત ઉપર | હરિસ્સહ કૂટ | ઉત્તર દિશાએ | ૧૦૦૦ યોજન ઉંચા |
| વિદ્યુત્પ્રભ ઉપર | હરિકૂટ | દક્ષિણ દિશાએ | ૧૦૦૦ યોજન ઉંચા: |

હવે વૈતાઢ્ય પર્વત પર રહેલા કૂટો કહે છે—

**वेअड्ढेसु वि णव णव, कूडा पणवीसकोसउच्चा ते ।**
**सव्वे तिसय छडुत्तर, एसु वि पुव्वंति जिणकूडा ॥ ७१ ॥**

**અર્થ**—( **वेअड्ढेसु वि** ) વૈતાઢ્ય પર્વતો ઉપર પણ ( **णव णव** ) નવ નવ ( **कूडा** ) કૂટો છે એટલે કે ભરત અને ઐરવત ક્ષેત્રના બે અને બત્રીશ વિજયના બત્રીશ મળીને કુલ ચોત્રીશ દીર્ઘ વૈતાઢ્યો છે. તે દરેક ઉપર નવ નવ કૂટો છે, તેથી ચોત્રીશને નવે ગુણતાં કુલ ( **तिसय** ) ત્રણ સો ને ( **छडुत्तर** ) છ અધિક ૩૦૬ કૂટો થાય છે. ( **ते सव्वे** ) તે સર્વ કૂટો ( **पणवीसकोस** ) પચીશ કોશ ( **उच्चा** ) ઉંચા હોય છે. ( **एसु वि** ) તેમને વિષે પણ ( **पुव्वंति** ) પૂર્વ દિશાને છેડે ( **जिणकूडा** ) સિદ્ધકૂટ છે. ( ૭૧ )

તે સિદ્ધકૂટપર રહેલા ચૈત્યનું પ્રમાણ કહે છે—

**ताणुवरिं चेइहरा, दहदेवीभवणतुल्लपरिमाणा ।**
**सेसेसु अ पासाया, अद्धेगकोसं पिहुच्चत्ते ॥ ७२ ॥**

**અર્થ**—( **ताणुवरिं** ) તે સિદ્ધકૂટોની ઉપર ( **चेइहरा** ) ચૈત્યગૃહો છે, તે ( **दहदेवी** ) દ્રહદેવીના ( **भवणतुल्ल** ) ભવનની તુલ્ય ( **परिमाणा** ) પ્રમાણવાળા છે. જેમકે દ્રહદેવીનું એટલે શ્રીદેવીનું ગૃહ એક કોશ લાંબું, અર્ધ કોશ પહોળું અને ચૌદ સો ચાળીશ ૧૪૪૦ ધનુષ ઉંચું છે તે જ પ્રમાણે આ જિનચૈત્યો પણ છે. તથા જેમ શ્રીદેવીના ગૃહનાં દ્વાર પાંચ સો ધનુષ ઉંચાં, અઢી સો ધનુષ પહોળાં અને અઢી સો ધનુષ પ્રવેશવાળાં છે તેમ આ ચૈત્યનાં દ્વારો પણ તેટલા જ પ્રમાણવાળાં છે. ( **अ** ) તથા ( **सेसेसु** ) બાકીનાં વૈતાઢ્યનાં કૂટો ઉપર ( **पासाया** ) પ્રાસાદો એટલે ક્રીડાગૃહો છે તે ( **अद्धेगकोसं** ) અર્ધ કોશ અને એક કોશ ( **पिहुच्चत्ते** ) વિસ્તારવાળા અને ઉંચા છે. એટલે કે અર્ધ કોશ લાંબા પહોળા અને એક કોશ ઉંચા છે. (૭૨).

હવે તે કૂટોનો વિસ્તાર વિગેરે કહે છે.

**गिरिकरिकूडा उच्च—त्तणाउ समअध्धमूलुवरिरुंदा ।**
**रयणमया णवरि विअ—ड्ढमज्झिमा तिति कणगरूवा ॥७३॥**

**અર્થ**—( **गिरि** ) ગિરિના કૂટ અને ( **करिकूडा** ) કરિકૂટ ( **उच्चत्तणाउ** ) ઉંચપણામાં ( **सम** ) તુલ્ય અને ( **अद्ध** ) તેથી અર્ધ ( **मूलुवरिरुंदा** ) અનુક્રમે મૂળમાં અને ઉપર વિસ્તારવાળા છે એટલે કે જેટલા ઉંચા છે તેટલા મૂળમાં વિસ્તારવાળા છે અને તેથી અર્ધ શિખર ઉપર વિસ્તારવાળા છે. જેમકે બલકૂટ, હરિસ્સહકૂટ અને હરિકૂટ એ ત્રણ સહસ્રાંકકૂટ હજાર યોજન ઉંચા છે તેથી હજાર યોજન મૂળમાં વિસ્તારવાળા અને પાંચ સો યોજન શિખર ઉપર વિસ્તારવાળા છે. તથા છ કુલગિરિના ૫૬ કૂટ, સોળ વક્ષસ્કારના ૬૪ કૂટ, ચાર ગજદંતાના ૩૦ કૂટ, નંદનવનના ૮ કૂટ તથા કરિકૂટ ૮ સર્વ મળીને ૧૬૬ કૂટ જે કહ્યા છે તે ૫૦૦ યોજન ઉંચા કહ્યા છે તેથી ૫૦૦ યોજન મૂળમાં વિસ્તારવાળા અને ૨૫૦ યોજન શિખર ઉપર વિસ્તારવાળા છે, તથા ભરતનો એક કૂટ, ઐરવતનો એક કૂટ અને બત્રીશ વિજયના વૈતાઢ્યના બત્રીશ કૂટ મળી કુલ ૩૪ ઋષભકૂટો પચીશ યોજન ઉંચા છે તેથી તેઓ પચીશ યોજન મૂળમાં વિસ્તારવાળા છે અને સાડાબાર યોજન શિખર ઉપર વિસ્તારવાળા છે. ઈત્યાદિ જાણવું. તથા આ કૂટો ઉપર નીચેથી ચડતાં અનુક્રમે વિસ્તાર ઘટતો જાય અને ઉપરથી નીચે ઉતરતાં વિસ્તાર વધતો જાય, તે બાબતની ગણતરી જગતીની જેમ જાણી

લેવી. તથા આ સર્વ કૂટો ( **रयणमया** ) રત્નમય છે. ( **णवरि** ) પરંતુ તેમાં વિશેષ એ છે કે—( **विअड्ड** ) વૈતાઢ્ય પર્વતના ( **मज्झिमा** ) મધ્યના ( **तिति** ) ત્રણ ત્રણ કૂટ ( **कणगरूवा** ) સુવર્ણમય છે, તેમજ ત્રણ સહસ્રાંક કૂટ પણ સુવર્ણમય છે એમ સીતેરમી ગાથામાં કહી ગયા છીએ. (૭૩).

હવે વૃક્ષના કૂટો કહે છે:—

**जंबूणयरययमया, जगइसमा जंबुसामलीकूडा ।**
**अट्ठट्ठ तेसु दहदेवि–गिहसमा चारुचेइहरा ॥ ७४ ॥**

**અર્થ**—( **जंबुसामलीकूडा** ) જંબૂવૃક્ષ અને શાલ્મલી વૃક્ષના કૂટો ( **अट्ठट्ठ** ) આઠ આઠ છે. તેમાં ( **जंबूणय** ) જંબૂવૃક્ષના કૂટો જાંબૂનદ એટલે સુવર્ણમય અને ( **रययमया** ) શાલ્મલી વૃક્ષના કૂટો રૂપામય છે. તે સર્વ કૂટો ( **जगइसमा** ) જગતીની તુલ્ય છે એટલે કે મૂળમાં બાર યોજન વિસ્તારવાળા, શિખર ઉપર ચાર યોજન વિસ્તારવાળા અને આઠ યોજન ઉંચા છે. ( **तेसु** ) તે કૂટો ઉપર ( **दहदेवि** ) દ્રહદેવીના એટલે શ્રીદેવીના ( **गिहसमा** ) ગૃહસમાન એટલે એક કોશ લાંબા, અર્ધ કોશ પહોળા અને ચૌદ સો ચાળીશ ૧૪૪૦ ધનુષ ઉંચા ( **चारुचेइहरा** ) મનોહર ચૈત્યગૃહો છે. (૭૪).

હવે ઋષભકૂટો કહે છે:—

**तेसि समोसहकूडा, चउतीसं चुल्लकुंडजुअलंतो ।**
**जंबूणएसु तेसु अ, वेअड्ढेसुं व पासाया ॥ ७५ ॥**

**અર્થ**—( **तेसि** ) તે વૃક્ષકૂટની ( **सम** ) સમાન પ્રમાણવાળા ( **उसहकूडा** ) ઋષભકૂટ છે. તે ( **चउतीसं** ) ભરત, ઐરવત અને બત્રીશ વિજયમાં એક એક હોવાથી કુલ ચોત્રીશ છે. વળી તે ( **चुल्लकुंडजुअलंतो** ) ઉપરના મોટાની અપેક્ષાએ નાના એટલે સાઠ યોજનના વિસ્તારવાળા બબે કુંડની વચ્ચે છે એટલે કે ગંગા, સિંધુ, રક્તા અને રક્તવતીના પ્રપાત કુંડોની વચ્ચે છે, તથા ( **जंबूणएसु** ) સુવર્ણમય એવા ( **तेसु अ** ) તે ઋષભકૂટો ઉપર ( **वेअड्ढेसुं व** ) વૈતાઢ્યના પ્રાસાદ જેવા ( **पासाया** ) પ્રાસાદો છે એટલે કે એક કોશ ઉંચા અને અર્ધ કોશ વિસ્તારવાળા–લાંબાપહોળા છે. (૭૫).

હવે જંબૂદ્વીપને વિષે સર્વ મળીને કૂટોની સંખ્યા કહે છે.—

**पंचसए पणवीसे, कूडा सव्वे वि जंबुदीवम्मि ।**
**ते पत्तेअं वरवण–जुआहि वेईहिं परिक्खित्ता ॥७६॥**

**અર્થ**—( **पंचसए** ) પાંચ સો ( **पणवीसे** ) પચીશ ( **कूडा** ) કૂટો ( **सव्वे वि** ) સર્વ મળીને ( **जंबुदीवम्मि** ) જંબૂદ્વીપમાં છે. ( **ते पत्तेअं** ) તે દરેક કૂટ ( **वरवण** ) શ્રેષ્ઠ એવા વને કરીને ( **जुआहि** ) યુક્ત-સહિત એવી ( **वेईहिं** ) વેદિકાવડે ( **परिक्खित्ता** ) પરિવરેલા છે. (૭૬).

**સ્થાપના:—**

| | | | |
|---|---|---|---|
| હિમવાન | ઉપર | કૂટ | ૧૧ |
| શિખરી | ” | ” | ૧૧ |
| મહાહિમવંત | ” | ” | ૮ |
| રૂક્મી પર્વત | ” | ” | ૮ |
| નિષધ | ” | ” | ૯ |
| નીલવંત | ” | ” | ૯ |
| સોળ વક્ષસ્કાર | ” | ” | ૬૪ |
| સોમનસ | ” | ” | ૭ |
| ગંધમાદન | ” | ” | ૭ |
| વિદ્યુત્પ્રભ | ” | ” | ૮ |
| માલ્યવાન | ” | ” | ૮ |
| નંદનવનમાં | | ” | ૮ |
| ભદ્રશાળવનમાં | | કરિકૂટ | ૮ |
| | | | ૧૬૬ |

| | | |
|---|---|---|
| સહસ્રાંક ( હરિ, હરિસ્સહ, બલ ) | કૂટ | ૩ |
| (વિદ્યુત્પ્રભ, માલ્યવાન ઉપર અને નંદનવનમાં) | | |
| ચોત્રીશ વૈતાઢ્યોના નવ નવ | ” | ૩૦૬ |
| જંબૂવૃક્ષના | ” | ૮ |
| શાલ્મલી વૃક્ષના | ” | ૮ |
| ભરત, ઐરવત, બત્રીશ વિજયના | | |
| | ઋષભકૂટ | ૩૪ |
| | | ૩૫૯ |
| | | ૧૬૬ |
| | | ૫૨૫ |

હવે જંબૂદ્વીપમાં જે જે સ્થાને જિનભવનો છે તે કહે છે:—

**छसयरिकूडेसु तहा, चूला चउवणतरूसु [3]जिणभवणा ।**
**[4]भणिया [2]जंबुद्दीवे, [6]सदेवया [5]सेससंठाणेसु ॥७७॥**

**અર્થ**—( **छसयरि** ) છોંતેર ( **कूडेसु** ) કૂટો ઉપર એટલે છ કુલગિરિના છ કૂટ, ચાર ગજદંતાના ચાર કૂટ, ચોત્રીશ વૈતાઢ્યના ચોત્રીશ કૂટ, સોળ વક્ષસ્કારના સોળ કૂટ, જંબૂ વૃક્ષ અને શાલ્મલી વૃક્ષના આઠ આઠ મળીને સોળ કૂટ, એ સર્વ મળીને ૭૬ કૂટો ઉપર ( **तहा** ) તથા ( **चूला** ) મેરૂની ચૂલિકા ઉપર, તથા ( **चउवण** ) મેરૂના ચાર વનને વિષે, તથા ( **तरूसु** ) જંબૂ વૃક્ષ અને શાલ્મલી વૃક્ષ એ બે વૃક્ષો ઉપર, આટલે ઠેકાણે ( **जंबुद्दीवे** ) જંબૂદ્વીપમાં

( जिणभवणा ) જિનેશ્વરનાં ભવનો ( भणिया ) કહ્યા છે. ( सेसठाणेसु ) બાકીના કૂટાદિક સ્થાનોને વિષે ( सदेवया ) પોતપોતાના સ્થાનના નામવાળા દેવોનાં ભવનો છે. (૭૭.)

હવે જિનભવનના વિસંવાદ સ્થાનો કહે છે.—

**करिकूडकुंडणइदह–कुरुकंचणयमलसमविअड्ढेसु ।**
**जिणभवणविसंवाओ, जो तं जाणंति गीअत्था ॥ ७८ ॥**

**અર્થ**—( करिकूड ) કરિકૂટ, ( कुंड ) નદીપ્રપાત કુંડો, ( णइ ) નદીઓ, (दह) દ્રહો, ( कुरुकंचण ) કુરૂ ( દેવકુરૂ–ઉત્તરકુરૂ ) ક્ષેત્રમાં રહેલા બસો કંચનગિરિ, ( यमल ) શીતોદા અને શીતા નદીના દ્રહની પાસે રહેલા ચાર યમક નામના પર્વતો તથા ( समविअड्ढेसु ) વૃત્ત વૈતાઢ્યો, આટલા સ્થાનોને વિષે ( जो ) જે ( जिणभवण ) જિનેશ્વરના ભવનનો ( विसंवाओ ) વિસંવાદ એટલે છે કે નહીં એવો સંદેહ જોવામાં આવે છે, ( तं ) તેના નિર્ણયને ( गीअत्था ) ગીતાર્થો જ ( जाणंति ) જાણે છે. (૭૮.)

હવે ચાર ગાથાવડે વૈતાઢ્યનું સ્વરૂપ કહે છે:—

**पुव्वावरजलहिंता, दसुच्चदसपिहुलमेहलचउक्का ।**
**पणवीसुच्चा पण्णा–सतीसदसजोअणापिहुत्ता ॥ ७९ ॥**

**અર્થ**:—જંબૂદ્વીપમાં ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રને વિષે એક એક લાંબા વૈતાઢ્ય પર્વત છે. તે બન્ને ( पुव्वावरजलहिंता ) પૂર્વ અને પશ્ચિમ સમુદ્ર સુધી લાંબા છે. ( दसुच्च ) દશ યોજન ઉંચી અને ( दसपिहुल ) દશ યોજન પહોળી ( मेहलचउक्का ) ચાર મેખલા છે જેની એવા તે વૈતાઢ્યો છે. એટલે કે દરેક વૈતાઢ્ય ઉપર ઉત્તર તરફ બે અને દક્ષિણ તરફ બે એમ ચાર મેખલાઓ છે. તથા તે વૈતાઢ્યો ( पणवीसुच्चा ) પચીશ યોજન ઉંચા છે. તથા તે વૈતાઢ્યો ( पण्णास ) પચાસ, ( तीस ) ત્રીશ અને ( दस ) દસ ( जोअण ) યોજન ( पिहुत्ता ) પહોળા છે એટલે કે સમભૂતળા પૃથ્વીથી દસ યોજન ઉપર જઈએ ત્યાં સુધી પચાસ યોજન પહોળા છે. ત્યાં પહેલી મેખળા આવે છે તે મેખળા ઉત્તર તથા દક્ષિણ બાજુએ દસ દસ યોજન પહોળી છે તેથી પચાસમાંથી વીશ યોજન બાદ કરતાં બાકી ત્રીશ યોજન પહોળા છે ને બીજા દસ યોજન ઉંચે ચડીએ ત્યાં સુધી ત્રીશ યોજન વૈતાઢ્ય પહોળા છે. પછી ત્યાં બીજી મેખળા આવે છે તે પણ ઉત્તર દક્ષિણ બાજુએ દસ દસ યોજન પહોળી હોવાથી ત્રીશમાંથી વીશ બાદ કરતાં બાકી દસ યોજન વૈતાઢ્ય પહોળા છે, ત્યાંથી પાંચ યોજન ઉપર ચડીએ ત્યાં સુધી તે પર્વતો દસ

યોજન પહોળા છે ત્યાં તેનું શિખર આવે છે તેથી પચાશ યોજનની ઉંચાઈ પૂર્ણ થઇ. તેના ઉપર પ્રથમ કહ્યા પ્રમાણે કૂટો રહેલા છે. ( હિમવાન વગેરે બીજા પર્વતો ભીંતને આકારે એક સરખા પહોળા ) છે. (૭૯.)

**वेईहिं परिक्खित्ता, सखयरपुरपण्णसट्ठिसेणिदुगा ।**
**सदिसिंदलोगपालो–वभोगि उवरिल्लमेहलया ॥ ८० ॥**

**અર્થ:**—તથા તે બન્ને વૈતાઢ્ય પર્વતો ( **वेईहिं** ) વેદિકાવડે ( **परिक्खित्ता** ) શોભિત છે. એટલે કે ઉપરની ગાથામાં કહ્યા પ્રમાણે અનુક્રમે પચાસ, ત્રીશ અને દસ યોજનના વિસ્તારને છેડે બન્ને ( ઉત્તર–દક્ષિણ ) બાજુએ એક એક વેદિકા હોવાથી કુલ છ વેદિકા ( વનખંડ સહિત ) દરેક પર્વત ઉપર રહેલી છે. તથા ( **सखयरपुरपण्णसट्ठिसेणिदुगा** ) ખેચરના નગર પચાસ અને સાઠની બે શ્રેણિ સહિત છે. એટલે કે દક્ષિણ ને ઉત્તર બાજુની પહેલી મેખલા જે દસ દસ યોજન પહોળી છે તેમાં વિદ્યાધરોની રાજધાની સહિત પચાસ અને સાઠ નગરોની શ્રેણિ છે, તેમાં ભરતક્ષેત્રમાં દક્ષિણ શ્રેણિમાં પચાસ નગરો છે અને ઉત્તર શ્રેણિમાં લંબાઈ વધારે હોવાથી સાઠ નગરો છે. ઐરવતક્ષેત્રમાં ઉત્તર બાજુ ૫૦ અને દક્ષિણ બાજુ લંબાઈ વધારે હોવાથી ૬૦ નગરો છે. તથા ( **सदिसिंद** ) પોતપોતાની દિશાના ઇંદ્રોના ( **लोगपालोवभोगि** ) લોકપાળોને ઉપભોગ–ક્રીડા કરવા લાયક ( **उवरिल्लमेहलया** ) ઉપરની મેખલા છે જેની એવા તે બન્ને વૈતાઢ્યો છે. એટલે કે ભરતક્ષેત્રન વૈતાઢ્યની બીજી બે મેખળા ઉપર સૌધર્મ ઇંદ્રના લોકપાળો ક્રીડા કરે છે અને ઐરવત-ક્ષેત્રના વૈતાઢ્યની બીજી બે મેખળા ઉપર ઇશાનેંદ્રના લોકપાળો ક્રીડા કરે છે. (૮૦.)

**दुदुखंडविहिअभरहे–रवया दुदुगुरुगुहा य रुप्पमया ।**
**दो दीहा वेअड्ढा, तहा दुतीसं च विजएसु ॥ ८१ ॥**

**અર્થ:**—તથા ( **दुदु** ) બે બે ( **खंड** ) ખંડ ( **विहिअ** ) કર્યા છે ( **भरहेरवया** ) ભરત અને ઐરવતના જેણે, એટલે કે આ વૈતાઢ્યો ભરત અને ઐરવતની વચ્ચે પડેલા હોવાથી તેના ઉત્તર અને દક્ષિણ એવા બબે ખંડ પડેલા છે. તથા ( **दुदुगुरुगुहा** ) બબે મોટી ગુફાઓ છે જેમાં, એટલે કે દરેક વૈતાઢ્યમાં તળીએ બબે મોટી ગુફાઓ તમિસ્રા ને ખંડપ્રપાતા નામની રહેલી છે. ( **य** ) તથા ( **रुप्पमया** ) તે વૈતાઢ્યો રૂપામય–રૂપાના છે. આવી રીતે ( **दो** ) બે ( **दीहा** ) દીર્ઘ ( **वेअड्ढा** ) વૈતાઢયો છે. ( **तहा** ) તથા ( **च** ) વળી ( **विजएसु** ) બત્રીશે વિજયોમાં ( **दुतीसं** ) બત્રીશ વૈતાઢ્યો છે એટલે કે એક એક વિજયમાં એક એક વૈતાઢ્ય હોવાથી બત્રીશ વિજયમાં બત્રીશ વૈતાઢ્યો ઉપર કહ્યા પ્રમાણે જ છે. (૮૧.)

**णवरं ते विजयंता, सखयरपणपण्णपुरदुसेणीआ ।**
**एवं खयरपुराइं, सगतीससयाइं चालाइं ॥ ८२ ॥**

**અર્થ**:—( **णवरं** ) વિશેષ એ છે જે ( **ते** ) તે વિજયના વૈતાઢ્યો ( **विजयंता** ) વિજયના બે બાજુના અંત સુધી લાંબા છે પણ સમુદ્રપર્યંત લાંબા નથી, તેથી બન્ને બાજુ સમાન હોવાથી ( **सखयरपणपण्णपुरदुसेणीआ** ) વિદ્યાધરોના પંચાવન પંચાવન નગરોની બે શ્રેણિસહિત છે એટલે કે બન્ને શ્રેણિમાં વિદ્યાધરોના પંચાવન પંચાવન નગરો છે. ( **एवं** ) આ પ્રમાણે સર્વ મળીને ( **खयरपुराइं** ) વિદ્યાધરોના નગરો ( **सगतीससयाइं** ) સાડત્રીશ સો અને ( **चालाइं** ) ચાળીશ થાય છે એટલે કે ભરત અને ઐરવતના મળી બે વૈતાઢ્યો અને બત્રીશ વિજયના બત્રીશ વૈતાઢ્યો મળીને ચોત્રીશ થાય છે તેને બે શ્રેણિના મળીને એક સો દશે ( ૫૫+૫૫=૧૧૦ અથવા ૬૦+૫૦ મળી ૧૧૦ ) ગુણવાથી ૩૭૪૦ થાય છે. (૮૨.)

હવે ચોત્રીશે વૈતાઢ્યોની ગુફાઓનું સ્વરૂપ કહે છે—

**गिरिवित्थरदीहाओ, अडुच्चचउपिहुपवेसदाराओ ।**
**बारसपिहुलाउ अडु–च्चयाउ वेअड्ढ दुगुहाओ ॥ ८३ ॥**

**અર્થ**:—( **वेअड्ढ** ) તે વૈતાઢ્ય પર્વતને વિષે ( **दुगुहाओ** ) બબે ગુફાઓ છે. ( **गिरिवित्थरदीहाओ** ) તે પર્વતના વિસ્તાર જેટલી એટલે પચાસ યોજન લાંબી છે. તથા ( **अडुच्च** ) આઠ યોજન ઉંચા, ( **चउपिहु** ) ચાર યોજન પહોળા અને ચાર યોજન ( **पवेसदाराओ** ) પ્રવેશવાળા ઉત્તર દક્ષિણ સન્મુખ તેના દ્વારો છે તથા તે ગુફાઓ અંદરથી ( **बारसपिहुलाउ** ) બાર યોજન પહોળી અને ( **अडुच्चयाउ** ) આઠ યોજન ઉંચી છે. તે ગુફાઓ ગંગા અને સિંધુ તથા રક્તા અને રક્તવતીની વચ્ચે છે. (૮૩.)

તે સર્વ ગુફાઓમાં બબે નદીઓ છે તે કહે છે—

**तम्मज्झदुजोअणअं–तराउ तितिवित्थराउ दुणईओ ।**
**उम्मग्गनिमग्गाओ, कडगाउ महाणईगयाओ ॥ ८४ ॥**

**અર્થ**:—( **तम्मज्झ** ) તે પચાસ યોજન લાંબી ગુફાના મધ્યભાગના ( **दुजोअण** ) પચીશમું અને છવીશમું એ બે યોજન છે ( **अंतराउ** ) જેના આંતરામાં એવી ( **तितिवित्थराउ** ) ત્રણ ત્રણ યોજન વિસ્તારવાળી ( **दुणईओ** ) બે નદીઓ છે. ( **उम्मग्गनिमग्गाओ** ) તે ઉન્મગ્ના અને નિમગ્ના નામની છે. એટલે કે ગુફાના

દક્ષિણ દ્વારથી એકવીશ યોજન જઈએ ત્યારે ૨૨-૨૩-૨૪ એ ત્રણ યોજન પહોળી ઉન્મગ્ના નદી છે ત્યારપછી પચીસમું અને છવીશમું એ બે યોજન મૂકીને ૨૭-૨૮-૨૯ એ ત્રણ યોજન પહોળી નિમગ્ના નદી આવે છે. ત્યારપછી એકવીશ યોજન જઈએ ત્યારે ગુફાનું ઉત્તર દ્વાર આવે છે. તથા તે નદીઓ ( **कडगाउ** ) પર્વતની મધ્યે રહેલા કટક એટલે મોટા પાષાણ થકી નીકળીને ( **महाणईगयाओ** ) ગંગા સિંધુ વગેરે મહાનદીઓમાં મળે છે. (૮૪.)

તે ગુફાઓમાં પ્રવેશ કરતી વખતે ચક્રવર્તી કાકિણી રત્નવડે મંડલો કરે છે, તે કહે છે:—

**इह पइभित्तिं गुणव–ण्णमंडले लिहइ चक्कि दुदुसमुहे।**
**पणसयधणुहपमाणे, बारेगडजोअणुज्जोए ॥ ८५ ॥**

**અર્થ:**—( **इह** ) આ ગુફાને વિષે ( **पइभित्तिं** ) દરેક ભીંતે એટલે બન્ને બાજુની ભીંતે સૂર્યની જેવા આકારવાળા ( **गुणवण्ण** ) ઓગણપચાસ ( **मंडले** ) માંડલા ( **दुदुसमुहे** ) બબે સન્મુખ ( **चक्कि** ) ચક્રવર્તી કાકિણી રત્નવડે ( **लिहइ** ) લખે છે-આળેખે છે. તે મંડળો ઉત્સેધાંગુલે ( **पणसय** ) પાંચસો ( **धणुहपमाणे** ) ધનુષ પ્રમાણ અને ( **बारेगडजोअणुज्जोए** ) બાર યોજન, એક યોજન અને આઠ યોજન સુધી પ્રકાશ કરનારાં હોય છે. એટલે કે પ્રમાણાંગુલે કરીને ગુફાનો વિસ્તાર બાર યોજન છે તેથી બાર યોજનને, બબે મંડલની વચ્ચે એક એક યોજનનું આંતરૂં છે તેથી એક યોજનને અને મંડળની નીચે તથા ઉપર થઇને આઠ યોજન ઉંચાઈ છે તેથી આઠ યોજનને આ મંડલ પ્રકાશિત કરે છે.

**વિસ્તરાર્થ:**—ચક્રવર્તીને મણિરત્નવડે જ માર્ગાદિકનો પ્રકાશ થાય છે, પરંતુ બીજા જનોને માટે પૂર્વાદિક કટકમાં-ભીંત ઉપર પ્રથમ એક યોજન છોડીને કાકિણી રત્નવડે ઉત્સેધાંગુલ પ્રમાણ પાંચ સો ધનુષ લાંબું પહોળું સૂર્યમંડળ જેવું (ગોળ આકૃતિનું ) પહેલું મંડલ કરે છે. પછી પશ્ચિમ દિશાની ભીંતે તેની જ સન્મુખ બીજું મંડલ આલેખે છે. ત્યારપછી પૂર્વ દિશાની ભીંતે જે પહેલું મંડળ કર્યું છે તેનાથી પ્રમાણાંગુલે એક યોજનને આંતરે ત્રીજું મંડળ કરે છે અને તેની જ સન્મુખ પશ્ચિમ દીશાની ભીંતે ચોથું મંડળ કરે છે. આ પ્રમાણે એક એક યોજનને આંતરે પૂર્વ અને પશ્ચિમ દિશાની ભીંત ઉપર મંડલોને આલેખતા આલેખતા તમિસ્રા ગુફાના ઉત્તર દ્વાર સુધી જાય છે. આ રીતે એક એક ભીંત ઉપર ઓગણપચાસ ઓગણપચાસ મંડલો થાય છે. એટલે કુલ અઠ્ઠાણું મંડલો હોય છે. અહીં બન્ને બાજુની ભીંત ઉપર જે મંડલો આલેખે છે તેમાં આરંભે અને છેડે ચાર ચાર મંડલો કમાડ ઉપર કરે છે એમ જાણવું. આ મંડલો બાબત કેટલાક આચાર્યો કહે છે કે-ગુફામાં પ્રવેશ કરતા ચક્રવર્તી ગોમૂત્રિકાના ન્યાયે કરીને

એક ભીંત ઉપર પચીશ અને બીજી ભીંત ઉપર ચોવીશ એમ કુલ ઓગણપચાસ જ માંડલા કરે છે. આ બાબતનો નિર્ણય કેવળી જ જાણે છે. અહીં માંડલાનું આંતરૂં જે યોજનનું કહ્યું છે તે પ્રમાણાંગુલે જાણવું અને મંડલનો જે આયામ-વિસ્તાર પાંચસો ધનુષ કહ્યો તે ઉત્સેધાંગુલે જાણવો; પરંતુ તે મંડલ જેટલા યોજનને પ્રકાશિત કરે છે તે યોજન પ્રમાણાંગુલના જાણવા. (૮૫).

હવે તે ગુફાઓનાં નામ કહે છે:—

**सा[8] तमिसगुहा जीए,[7] चक्की[2] पविसेइ[3] मज्झखंडंतो ।**
**उसहं[6] अंकिअ सो जी-ए वलइ सा खंडगपवाया ॥ ८६ ॥**

**અર્થ:**—( **जीए** ) જે ગુફામાં ( **चक्की** ) ચક્રવર્તી ( **मज्झखंडंतो** ) દક્ષિણના મધ્યખંડથી ઉત્તરના મધ્યખંડને વિષે ( **पविसेइ** ) પ્રવેશ કરે છે ( **सा** ) તે ( **तमिसगुहा** ) તમિસ્રા નામની ગુફા છે. અને ( **सो** ) તે ચક્રવર્તી ( **उसहं** ) ઋષભકૂટને ( **अंकिअ** ) અંક કરીને એટલે ઋષભકૂટ ઉપર પોતાનું નામ લખીને ( **जीए** ) જે ગુફામાં ( **वलइ** ) પાછા વળે છે, પાછા વળીને બહારના મધ્યખંડમાં આવે છે. ( **सा** ) તે ( **खंडगपवाया** ) ખંડકપ્રપાતા નામની ગુફા છે. (૮૬).

હવે તે ગુફાની ઉઘડેલી સ્થિતિને કહે છે:—

**कयमालनट्टमालय-सुराउ वड्ढइणिबद्धसलिलाउ ।**
**जा चक्की ता चिट्ठंति, ताउ उग्घडियदाराउ ॥ ८७ ॥**

**અર્થ:**—અનુક્રમે ( **कयमाल** ) કૃતમાળ અને ( **नट्टमालय** ) નૃત્તમાલ નામના ( **सुराउ** ) દેવો તે બે ગુફાના અધિષ્ઠાયક છે એટલે કે તમિસ્રા ગુહાનો અધિષ્ઠાયક દેવ કૃતમાલ છે અને ખંડપ્રપાતા ગુહાનો અધિષ્ઠાયક દેવ નૃત્તમાલ છે. ( **वड्ढइ** ) ચક્રવર્તીના વાર્ધકીરત્ને એટલે સૂત્રધારે ( **णिबद्ध** ) બાંધ્યું છે ( **सलिलाउ** ) પાણી જેનું એવી તે ગુફાઓ છે એટલે કે તે ગુફાઓમાં રહેલી ઉન્મગ્ના અને નિમગ્ના એ બે નદીઓ ઉપર વાર્ધકીરત્ને પૂલ બાંધેલા હોય છે તેથી તે નદીઓ સુખેથી ઓળંગી શકાય છે. તથા ( **जा** ) જ્યાંસુધી ( **चक्की** ) ચક્રવર્તી જીવતા હોય અથવા દીક્ષા ન લીધી હોય ( **ता** ) ત્યાંસુધી ( **ताउ** ) તે ગુફાઓ ( **उग्घडियदाराउ** ) ઉઘાડા દ્વારવાળી ( **चिट्ठंति** ) રહે છે. (૮૭). ( નદીપરના પુલ અને માંડલા પણ ત્યાંસુધી જ રહે છે. )

હવે બાહ્યખંડના મધ્યભાગમાં રહેલી નગરીનું પ્રમાણ કહે છે:—

**बहिखंडंतो बारस–दीहा नववित्थडा अउज्झपुरी ।**
**सा लवणा वेअड्ढा, चउदहिअसयं चिगारकला ॥ ८८॥**

**અર્થ**—( **बहिखंडंतो** ) બાહ્યખંડની મધ્યે એટલે દક્ષિણાર્ધ ભરતના મધ્યખંડની વચ્ચે ( **बारस-दीहा** ) બાર યોજન લાંબી અને ( **नववित्थडा** ) નવ યોજન પહોળી એવી (**अउज्झपुरी**) અયોધ્યા નામની નગરી છે. (**सा**) તે નગરી (**लवणा**) લવણ સમુદ્રથી અને ( **वेअड्ढा** ) વૈતાઢ્ય પર્વતથી ( **चउदहिअसयं** ) ચૌદ અધિક સો એટલે એક સો ને ચૌદ ( ૧૧૪ ) યોજન ( **च** ) અને ( **इगारकला** ) અગ્યાર કળા દૂર છે. તે આ પ્રમાણે–આખા ભરતક્ષેત્રનો વિસ્તાર ૫૨૬ યોજન ને ૬ કળા છે તેમાંથી વૈતાઢ્યના વિસ્તારના પચાસ યોજન બાદ કરીએ ત્યારે ૪૭૬ યોજન અને ૬ કળા રહે છે, તેનું અર્ધ કરવાથી બાહ્યખંડનો એટલે દક્ષિણાર્ધનો વિસ્તાર ૨૩૮ યોજન અને ૩ કળા થાય છે. તેમાંથી નગરીના વિસ્તારના ૯ યોજન બાદ કરીએ ત્યારે ૨૨૯ યોજન અને ૩ કળા રહે છે. તેનું અર્ધ કરીએ ત્યારે ૧૧૪ યોજન થાય તેમાં એક યોજન વધે છે. તેની કળા ૧૯ થાય તેમાં ૩ કળા નાંખવાથી ૨૨ કળા થાય. તેનું અર્ધ કરતાં ૧૧ કળા રહે છે. તેથી ૧૧૪ યોજન અને ૧૧ કળા આટલી લવણસમુદ્ર અને વૈતાઢયથી દૂર અયોધ્યાનગરી છે એમ જાણવું. (૮૮).

હવે માગધાદિક તીર્થો કહે છે:—

**चक्किवसणइपवेसे, तित्थदुगं मागहो पभासो अ ।**
**ताणंतो वरदामो, इह सव्वे बिडुत्तरसयं ति ॥ ८९ ॥**

**અર્થ**:—( **चक्किवसणइपवेसे** ) ચક્રવર્તીને વશવર્તી નદીના પ્રવેશને સ્થાને ( **मागहो** ) માગધ નામે ( **अ** ) અને ( **पभासो** ) પ્રભાસ નામે ( **तित्थदुगं** ) બે તીર્થ છે. તથા ( **ताणंतो** ) તે બે તીર્થની મધ્યે-વચ્ચે ( **वरदामो** ) વરદામ નામે ત્રીજું તીર્થ છે. (**इह**) આ જંબૂદ્વીપને વિષે (**सव्वे**) સર્વ મળીને ( **बिडुत्तरसयं ति**) એક સો ને બે તીર્થો છે. તે આ પ્રમાણે:—ભરતક્ષેત્ર, ઐરવતક્ષેત્ર અને બત્રીશ વિજય મળીને કુલ ચોત્રીશ ક્ષેત્રોમાં ચક્રવર્તી હોય છે. તેમાં ભરતક્ષેત્રમાં ગંગા અને સિંધુ તથા ઐરવતક્ષેત્રમાં રક્તા અને રક્તવતી એ બબે નદીઓ પૂર્વ અને પશ્ચિમ સમુદ્રને મળે છે તથા બત્રીશ વિજયની બબે નદીઓ શીતોદા અને શીતા નદીને મળે છે. આ પોતપોતાના સંગમનું જે સ્થાન છે તે સ્થાનને તીર્થ કહેવામાં આવે છે. તેમાં પૂર્વદિશાના સંગમસ્થાનરૂપ જે તીર્થ છે તે **માગધ** નામનું તીર્થ છે અને પશ્ચિમદિશાના સંગમસ્થાનરૂપ જે તીર્થ છે તે **પ્રભાસ** નામનું તીર્થ છે, તથા તે બન્નેની વચ્ચે **વરદામ** નામનું ત્રીજું તીર્થ છે. એ પ્રમાણે ચોત્રીશે ક્ષેત્રોમાં ત્રણત્રણ તીર્થ હોવાથી ચોત્રીશને ત્રણે ગુણતાં ૧૦૨ તીર્થો થાય છે. (૮૯).

હવે ભરત અને ઐરવતક્ષેત્રમાં ફરતા કાળચક્રનું સ્વરૂપ કહે છે:—

**भरहेरवए छछअर–यमयावसप्पिणिउसप्पिणीरूवं ।**
**परिभमइ कालचक्कं, दुवालसारं सया वि कमा ॥ ९० ॥**

**અર્થ**—( **भरहेरवए** ) ભરત અને ઐરવત ક્ષેત્રને વિષે ( **छछअरयमय** ) છ છ આરામય ( **अवसप्पिणिउसप्पिणीरूवं** ) અવસર્પિણી અને ઉત્સર્પિણીરૂપ એટલે છ આરા અવસર્પિણીના અને છ આરા ઉત્સર્પિણીના મળીને કુલ ( **दुवालसारं** ) બાર આરાવાળું ( **कालचक्कं** ) એક કાળચક્ર ( **सया वि** ) નિરંતર અનાદિ અનંત કાળ સુધી ( **कमा** ) અનુક્રમે ( **परिभमइ** ) ભ્રમણ કરે છે–ફર્યા કરે છે. (૯૦)

હવે આરાનાં નામો કહે છે:—

**सुसमसुसमा य१ सुसमा२, सुसमदुसमा य३ दुसमसुसमा य४ ।**
**दुसमा य५ दुसमदुसमा६, कमुक्कमा दुसु वि अरछक्कं ॥ ९१ ॥**

**અર્થ**—( **दुसु वि** ) બન્નેને વિષે એટલે અવસર્પિણી અને ઉત્સર્પિણીને વિષે ( **कमुक्कमा** ) ક્રમે કરીને અને ઉત્ક્રમે કરીને ( **अरछक्कं** ) છ છ આરા હોય છે, તેનાં નામ આ પ્રમાણે–( **सुसमसुसमा** ) પહેલો સુષમસુષમ નામનો આરો છે ૧, (**य**) તથા ( **सुसमा** ) બીજો સુષમ નામનો આરો છે ૨, ( **सुसमदुसमा** ) ત્રીજો સુષમદુષમ નામનો આરો છે ૩, (**य**) અને ( **दुसमसुसमा** ) ચોથો દુષમ-સુષમ નામનો આરો છે ૪, (**य**) અને ( **दुसमा** ) પાંચમો દુષમ નામનો આરો છે ૫, (**य**) તથા ( **दुसमदुसमा** ) છઠ્ઠો દુષમદુષમ નામનો આરો છે ૬. આ અનુક્રમે અવસર્પિણીના છ આરા છે અને ઉત્ક્રમે એટલે છેલ્લેથી ગણતાં ઉત્સર્પિણીના પણ તે જ નામના છ આરા છે એટલે કે દુષમદુષમ ૧, દુષમ ૨, દુષમસુષમ ૩, સુષમદુષમ ૪, સુષમ ૫ અને સુષમસુષમ ૬. તેમાં અવસર્પિણી એ પડતો કાળ છે અને ઉત્સર્પિણી એ ચડતો કાળ છે. આ બારે આરા મળીને એક કાળચક્ર કહેવાય છે. (૯૧)

હવે સાગરોપમ કાળનું માન કહે છે:—

**पुव्वुत्तपल्लिसमसय–अणुग्गहणा णिट्ठिए हवइ पलिओ ।**
**दसकोडिकोडिपलिए– हिं सागरो होइ कालस्स ॥ ९२ ॥**

**અર્થ**:—( **पुव्वुत्तपल्लि** ) પૂર્વે કહેલો જે પલ્ય એટલે અસંખ્યાતા રોમના અણુવડે એક યોજનપ્રમાણ ભરેલો પલ્ય, તેમાંથી ( **समसय** ) સો સો વર્ષે ( **अणुग्गहणा** ) એક એક અણુ ગ્રહણ કરવાથી ( **णिट्ठिए** ) તે પલ્ય ખાલી થાય ત્યારે

( **पलिओ** ) એક પલ્યોપમ કાળનું માન ( **हवइ** ) થાય છે; તથા ( **दसकोडिकोडि-पलिएहिं** ) દશ કોડાકોડિ પલ્યોપમે કરીને ( **सागरो** ) એક સાગરોપમ ( **कालस्स** ) કાળનું માન ( **होइ** ) થાય છે. (૯૨)

હવે આરાનું પ્રમાણ કહે છે—

**सागरचउतिदुकोडा–कोडिमिए अरतिगे नराण कमा ।**
**आऊ तिदुइगपलिआ, तिदुइगकोसा तणुच्चत्तं ॥ ९३ ॥**

**અર્થ:**—( **सागरचउतिदु** ) સાગરોપમના ચાર, ત્રણ અને બે ( **कोडाकोडि-मिए** ) કોડાકોડિ પ્રમાણ ( **अरतिगे** ) પહેલા ત્રણ આરાને વિષે ( **नराण** ) મનુષ્યોનું ( **आऊ** ) આયુષ્ય ( **कमा** ) અનુક્રમે ( **तिदुइगपलिआ** ) ત્રણ, બે અને એક પલ્યોપમનું હોય છે. તથા ( **तिदुइगकोसा** ) ત્રણ, બે અને એક કોશ ( **तणुच्चत्तं** ) શરીરની ઉંચાઈ હોય છે. એટલે કે-પહેલા આરાનું પ્રમાણ ચાર કોડાકોડિ સાગરોપમનું છે, બીજો આરો ત્રણ કોડાકોડિ સાગરોપમનો અને ત્રીજો આરો બે કોડાકોડિ સાગરોપમનો છે. મનુષ્યોનું આયુષ્ય પહેલા આરામાં ત્રણ પલ્યોપમનું છે, બીજા આરામાં બે પલ્યોપમનું અને ત્રીજા આરામાં એક પલ્યોપમનું છે. પહેલા આરામાં મનુષ્યોના શરીરની ઉંચાઇ ત્રણ ગાઉની છે, બીજા આરામાં બે ગાઉની અને ત્રીજા આરામાં એક ગાઉની છે. (૯૩)

તે જ ત્રણ આરાને વિષે આહારાદિકનું પ્રમાણ કહે છે—

**तिदुइगदिणेहिं तुबरि–बयरामलमित्तु तेसिमाहारो ।**
**पिट्ठकरंडा दोसय, छप्पण्णा तद्दलं च दलं ॥ ९४ ॥**

**અર્થ**—( **तिदुइगदिणेहिं** ) ત્રણ આરાને વિષે અનુક્રમે ત્રણ, બે અને એક દિવસે કરીને ( **तेसिं** ) તે મનુષ્યોને ( **तुबरिबयरामलमित्तु** ) તુવેર, બોર અને આમળા પ્રમાણ ( **आहारो** ) આહાર હોય છે. એટલે કે પહેલા આરામાં મનુષ્યોને ત્રણ દિવસ ગયા પછી ચોથે દિવસે આહારની ઇચ્છા થાય છે. તે વખતે તેઓ તુવેરના કણ જેટલો આહાર કરીને તૃપ્ત થાય છે, એ જ પ્રમાણે બીજા આરામાં બે દિવસ ગયા પછી ત્રીજે દિવસે આહારની ઇચ્છા થાય છે અને બોર પ્રમાણ આહારથી તૃપ્ત થાય છે, એ જ પ્રમાણે ત્રીજા આરામાં એકાંતર દિવસે આમળા પ્રમાણ આહાર કરી તૃપ્ત થાય છે. હવે પહેલા આરાના મનુષ્યોને ( **पिट्ठकरंडा** ) પૃષ્ઠકરંડક ( **दोसय** ) બસો ને ( **छप्पण्णा** ) છપ્પન હોય છે, બીજા આરામાં ( **तद्दलं** ) પૃષ્ઠકરંડક તેથી અર્ધા એટલે એક સો ને અઠ્ઠાવીશ હોય છે, ( **च** ) અને ત્રીજા આરાના મનુષ્યોને પૃષ્ઠકરંડક ( **दलं** ) તેથી પણ અર્ધા એટલે ચોસઠ હોય છે. (૯૪)

હવે તે જ ત્રણ આરાને વિષે [1]અપત્યપાલન કરવાનું પ્રમાણ કહે છે—

**गुणवण्णदिणे तह पनर–पणरअहिए अवच्चपालणया ।**
**अवि सयलजिआ जुअला, सुमण सुरूवा य सुरगइआ ॥९५॥**

**અર્થ**:—પહેલા આરાને વિષે ( **अवच्चपालणया** ) અપત્યનું પાલન એટલે યુગલિક મનુષ્યો–દંપતી જે પુત્રપુત્રીરૂપ યુગલને જન્મ આપે તેનું પાલન–પોષણ ( **गुणवण्णदिणे** ) ઓગણપચાસ દિવસ સુધી કરે છે. ( અપત્ય પ્રસવ પછી છ માસે તેના માતાપિતા મરણ પામે છે. એમ ત્રણે આરા માટે સમજવું. ) ( **तह** ) તથા બીજા આરાને વિષે ( **पनर** ) પંદર દિવસ અધિક એટલે ચોસઠ દિવસ સુધી અપત્યનું પાલન કરે છે અને ત્રીજા આરાને વિષે (**पणरअहिए**) તેથી પણ પંદર દિવસ અધિક એટલે ઓગણાએંશી દિવસ સુધી અપત્યનું પાલન કરે છે. ( **अवि** ) તથા વળી તે ત્રણે આરામાં ( **जुअला** ) યુગલધર્મવાળા ( **सयलजिआ** ) સમગ્ર પંચેંદ્રિય જીવો ( **सुमण** ) સારા મનવાળા એટલે અલ્પ કષાય હોવાથી શુભ ચિત્તવાળા, ( **सुरूवा** ) સારા રૂપવાળા એટલે સમચતુરસ્ર સંસ્થાનવાળા ( **य** ) અને ( **सुरगइआ** ) દેવગતિવાળા હોય છે એટલે કે યુગલધાર્મિક મનુષ્યો અને તિર્યંચો એ સર્વે પોતાના આયુષ્યના ક્ષયે મરીને પોતાના આયુષ્ય સમાન અથવા હીન આયુષ્યવાળા દેવોને વિષે જ ઉત્પન્ન થાય છે. ( ૯૫ )

**સ્થાપના :—**

| આરાનું નામ | આરાનું પ્રમાણ | મનુષ્યનું આયુ | શરીરની ઉંચાઇ | આહાર દિન | આહાર પ્રમાણ | પૃષ્ઠક-રંડક | અપત્ય-પાલન |
|---|---|---|---|---|---|---|---|
| ૧ સુષમસુષમા | ૪સાગરોપમ | ૩ પલ્યોપમ | ૩ કોશ | ૩દિનપછી | તુવેર | ૨૫૬ | ૪૯ દિન |
| ૨ સુષમ | ૩સાગરોપમ | ૨ પલ્યોપમ | ૨ કોશ | ૨દિનપછી | બોર | ૧૨૮ | ૬૪ દિન |
| ૩ સુષમદુષમ | ૨સાગરોપમ | ૧ પલ્યોપમ | ૧ કોશ | ૧દિનપછી | આમળું | ૬૪ | ૭૯ દિન |

હવે તે ત્રણ આરાને વિષે દશ પ્રકારના કલ્પવૃક્ષો જે જે વસ્તુ આપે છે તે બે ગાથાવડે કહે છે—

**तेसिं मत्तंग १ भिंगा २, तुडिअंगा ३ जोइ ४ दीव ५ चित्तंगा ६ ।**
**चित्तरसा ७ मणिअंगा ८, गेहागारा ९ अणिअयक्खा १० ॥९६॥**

[1] પુત્ર અને પુત્રીરૂપ.

**पाणं १ भायण २ पिच्छण ३, रविपह ४ दीवपह ५ कुसुम ६ माहारो ७।**
**भूसण ८ गिह ९ वत्थासण १०, कप्पदुमा[2] दसविहा[1] दिंति[3] ॥९७॥**

**અર્થ:**—( **दसविहा** ) આ દશ પ્રકારના ( **कप्पदुमा** ) કલ્પવૃક્ષો ( **दिंति** ) અનુક્રમે આ મનવાંછિત વસ્તુઓ આપે છે, તે કહે છે-( **तेसि** ) તે યુગલિક મનુષ્યોને ( **मत्तंग** ) મત્તંગ નામના કલ્પવૃક્ષો ( **पाणं** ) દ્રાક્ષાપાન વિગેરે પીવાની વસ્તુ આપે છે ૧, ( **भिंगा** ) ભૃંગ નામના કલ્પવૃક્ષો ( **भायण** ) સુવર્ણના થાળ, વાટકા વિગેરે પાત્રો આપે છે ૨, ( **तुडिअंगा** ) તૂર્યાંગ નામના કલ્પવૃક્ષો ( **पिच्छण** ) વાજિત્ર સહિત બત્રીશ પાત્રબદ્ધ નાટક વિગેરે દેખાડે છે ૩, ( **जोइ** ) જ્યોતિરંગ નામના કલ્પવૃક્ષો રાત્રે પણ [1]( **रविपह** ) સૂર્યના ઉદ્યોત જેવી પ્રભાને પ્રગટ કરે છે ૪, ( **दीव** ) દીપાંગ નામના કલ્પવૃક્ષો ( **दीवपह** ) ઘરની અંદર દીવાની જેવી પ્રભાને પ્રગટ કરે છે ૫, ( **चित्तंगा** ) ચિત્રાંગ નામના કલ્પવૃક્ષો ( **कुसुमं** ) વિચિત્ર જાતિના પંચવર્ણના સુગંધી પુષ્પો તથા માળા વિગેરે આપે છે ૬, ( **चित्तरसा** ) ચિત્રરસાંગ નામના કલ્પવૃક્ષો ( **आहारो** ) મનોહર ષડ્રસ મિષ્ટાન્નાદિક આહારને આપે છે ૭, ( **मणिअंगा** ) મણિતાંગ નામના કલ્પવૃક્ષો ( **भूसण** ) મણિ, મુકુટ, કુંડળ, કેયૂર વિગેરે આભૂષણોને આપે છે ૮, ( **गेहागारा** ) ગેહાકાર નામના કલ્પવૃક્ષો (**गिह**) વિચિત્ર પ્રકારની ચિત્રશાળા વિગેરે સહિત સાત માળના, પાંચ માળના અને ત્રણ માળના વિગેરે ઘરોને આપે છે ૯, તથા ( **अणिअयक्खा** ) અનિયત[2] નામના કલ્પવૃક્ષો ( **वत्थासण** ) દેવદૂષ્ય વિગેરે વસ્ત્રો અને ભદ્રાસન વિગેરે આસનો તથા શય્યા વિગેરે આપે છે. ( ૯૬-૯૭ )

હવે સર્વ આરાઓને વિષે તિર્યંચોના પણ આયુષ્યના પ્રમાણને બહોળતાએ કહે છે:—

**मणुआउसम गयाई, हयाइ चउरंसजाइ अट्ठंसा ।**
**गोमहिसुट्टखराई, पणंस साणाइ दसमंसा ॥ ९८ ॥**
**इच्चाइ तिरच्छाण वि, पायं सव्वारएसु सारिच्छं ।**
**तइआरसेसि कुलगर—णयजिणधम्माइ उप्पत्ती ॥९९॥**

**અર્થ:**—( **मणुआउसम** ) મનુષ્યના આયુષ્યની જેટલા આયુષ્યવાળા (**गयाई**) હાથી, સિંહ, અષ્ટાપદ વિગેરે હોય છે. ( **हयाइ** ) ઘોડા, ખચ્ચર વિગેરે

૧ દિવસે પણ ત્યાં પ્રકાશ તેનો જ છે. સૂર્ય તો કલ્પવૃક્ષના આચ્છાદનથી દેખાતો જ નથી.
૨ અનગ્ન એવું પણ નામ છે.

( **चउरंस** ) મનુષ્યના ચોથા ભાગના આયુષ્યવાળા હોય. છે. ( **अजाइ** ) બકરા, ઘેટા વિગેરે ( **अट्ठंसा** ) મનુષ્યના આઠમા ભાગના આયુષ્યવાળા હોય છે. ( **गोमहिसुट्टखराई** ) બળદ, પાડા, ઉંટ, ગધેડા વિગેરે ( **पणंस** ) મનુષ્યના આયુષ્યના પાંચમા ભાગના આયુષ્યવાળા હોય છે. ( **साणाइ** ) કુતરા, વરૂ, ચિત્તા વિગેરે ( **दसमंसा** ) મનુષ્યના આયુષ્યના દશમા ભાગના આયુષ્યવાળા હોય છે. ( **इच्चाइ** ) ઈત્યાદિ ( **तिरच्छाण वि** ) તિર્યંચોનું પણ આયુષ્ય ( **पायं** ) પ્રાયે કરીને ( **सव्वारएसु** ) સર્વ એટલે છએ આરાને વિષે ( **सारिच्छं** ) સમાન એટલે મનુષ્યના આયુથી ઉપર જણાવેલા અંશ પ્રમાણ છે. તથા ( **तइआरसेसि** ) ત્રીજો આરો કાંઈક શેષ રહે ત્યારે ( **कुलगर** ) કુલકરોની, ( **णय** ) નીતિની, ( **जिण** ) તીર્થંકરની અને ( **धम्माइ** ) ધર્મ, અગ્નિ વિગેરેની ( **उप्पत्ती** ) ઉત્પત્તિ થાય છે. ( ૯૮-૯૯ ).

હવે આરાને આશ્રીને પહેલા અને છેલ્લા તીર્થંકરની ઉત્પત્તિ કહે છે:—

**कालदुगे तिचउत्था-रगेसु एगूणणवइपक्खेसु ।**
**सेसि गएसुं सिज्झं-ति हुंति पढमंतिमजिणिंदा ॥१००॥**

**અર્થ**:—( **कालदुगे** ) બન્ને કાળને વિષે એટલે અવસર્પિણી અને ઉત્સર્પિણીને વિષે ( **तिचउत्थारगेसु** ) ત્રીજા અને ચોથા આરાના ( **एगूणणवइपक्खेसु** ) નેવ્યાસી પખવાડીયા ( **सेसि** ) બાકી રહે ત્યારે અને ( **गएसुं** ) જાય ત્યારે ( **पढमंतिमजिणिंदा** ) પહેલા અને છેલ્લા તીર્થંકર ( **सिज्झंति** ) સિદ્ધિપદને પામે અને ( **हुंति** ) જન્મ પામે એટલે કે—અવસર્પિણીમાં ત્રીજા આરાના નેવ્યાશી પખવાડીયા બાકી રહે ત્યારે પહેલા તીર્થંકર સિદ્ધિપદને પામે અને ચોથા આરાના નેવ્યાશી પખવાડીયા બાકી રહે ત્યારે છેલ્લા તીર્થંકર સિદ્ધિપદને પામે તથા ઉત્સર્પિણીને વિષે ત્રીજા આરાના નેવ્યાશી પખવાડીયા જાય ત્યારે પ્રથમ તીર્થંકર જન્મે અને ચોથા આરાના નેવ્યાશી પખવાડીયા જાય ત્યારે છેલ્લા તીર્થંકર જન્મે. (૧૦૦).

**સ્થાપના:—**

| | | | | | |
|---|---|---|---|---|---|
| અવસર્પિણી | ત્રીજા આરાના | ૮૯ પખવાડીયા | શેષ રહે ત્યારે | પ્રથમ જિનેશ્વર | સિદ્ધ થાય |
| અવસર્પિણી | ચોથા આરાના | ૮૯ પખવાડીયા | શેષ રહે ત્યારે | છેલ્લા જિનેશ્વર | સિદ્ધ થાય |
| ઉત્સર્પિણી | ત્રીજા આરાના | ૮૯ પખવાડીયા | વ્યતીત થાય ત્યારે | પહેલા જિનેશ્વર | જન્મે |
| ઉત્સર્પિણી | ચોથા આરાના | ૮૯ પખવાડીયા | વ્યતીત થાય ત્યારે | છેલ્લા જિનેશ્વર | જન્મે |

હવે ચોથા આરાનું સ્વરૂપ કહે છે:—

**बायालसहसवरसू–णिगकोडाकोडिअयरमाणाए ।**
**तुरिए नराउ पुव्वा–ण कोडि तणु कोसचउरंसं ॥१०१॥**

**અર્થ**—(**बायालसहस**) બેંતાલીશ હજાર (**वरसूण**) વર્ષ ન્યૂન (**इगकोडाकोडि**) એક કોડાકોડિ (**अयरमाणाए**) સાગરોપમના પ્રમાણવાળા (**तुरिए**) ચોથા આરાને વિષે (**नराउ**) મનુષ્યોનું આયુષ્ય (**पुव्वाण कोडि**) એક કોટિ પૂર્વનું હોય છે, તથા તેમનું (**तणु**) શરીર (**कोसचउरंसं**) એક કોશને ચોથે ભાગે એટલે પાંચ સો ધનુષ પ્રમાણ ઉંચું હોય છે. (૧૦૧).

હવે પાંચમા આરાનું સ્વરૂપ કહે છેઃ—

**वरिसेगवीससहस–प्पमाणपंचमरए सगकरुच्चा ।**
**तीसहिअसयाउ णरा, तयंति धम्माइआणंतो ॥१०२॥**

**અર્થ**:—(**वरिसेगवीससहस**) એકવીશ હજાર વર્ષના (**प्पमाण**) પ્રમાણવાળા (**पंचमरए**) પાંચમા આરાને વિષે (**णरा**) મનુષ્યો પ્રારંભમાં (**सगकरुच्चा**) સાત હાથ ઉંચા હોય છે, તથા (**तीसहिअसयाउ**) ત્રીશ અધિક સો વર્ષના[1] એટલે એક સો ને ત્રીશ વર્ષના આયુષ્યવાળા હોય છે. (**तयंति**) તેને અંતે એટલે પાંચમા આરાને છેડે (**धम्माइआणंतो**) ધર્માદિકનો અંત–નાશ થાય છે. (૧૦૨)

**खारग्गिविसाईहिं, हाहाभूआकयाइपुहवीए ।**
**खगबीय विअड्ढाइसु, णराइबीयं बिलाईसु ॥१०३॥**

**અર્થ**:—(**खारग्गिविसाईहिं**) લવણાદિક ક્ષાર, અગ્નિ અને વિષાદિકની વૃષ્ટિવડે (**हाहाभूआकयाइ**) હાહાભૂત કરેલી (**पुहवीए**) પૃથ્વી ઉપર (**खगबीय**) પક્ષીનું બીજ (**विअड्ढाइसु**) વૈતાઢ્ય વિગેરે પર્વતને વિષે અને (**णराइबीयं**) મનુષ્ય અને પશુનું બીજ (**बिलाईसु**) બિલ વિગેરેને વિષે રહે છે. (૧૦૩).

હવે બિલનું સ્વરૂપ કહે છેઃ—

**[2]बहुमच्छचक्कवहणइ–चउक्कपासेसु णव णव बिलाई ।**
**[1]वेअड्ढोभयपासे, [3]चउआलसयं बिलाणेवं ॥ १०४ ॥**

**અર્થ**:—(**वेअड्ढोभयपासे**) વૈતાઢ્ય પર્વતની ઉત્તર-દક્ષિણ બન્ને બાજુએ

૧ અન્યત્ર એક સો વીશ વર્ષ કહેલા છે.

( **बहुमच्छ** ) ઘણાં માછલાં એટલે જળચરોવાળી અને ( **चक्कवह** ) ચક્રની ધારા જેવડા પ્રવાહવાળી ( **णइचउक्क** ) ગંગા, સિંધુ, રક્તા અને રક્તવતી નામની ચાર નદીઓ રહેશે તેના ( **पासेसु** ) બન્ને બાજુના તટને વિષે ( **णव णव** ) નવ નવ બિલો છે. ( **बिलाणेवं** ) એ પ્રમાણે સર્વ મળીને બિલો ( **चउआलसयं** ) એક સો ને ચુમાળીશ થાય છે. એટલે કે દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં ગંગા ને સિંધુ એ બે નદીઓના ચાર તટ છે અને એજ પ્રમાણે ઉત્તરાર્ધ ભરતમાં પણ તે બે નદીઓના ચાર તટ છે, બન્ને મળીને આઠ તટ થયા. તે દરેક તટે નવ નવ બિલો હોવાથી નવને આઠે ગુણતાં બહોંતેર બિલો ભરતક્ષેત્રના એટલે એક વૈતાઢ્યના થયા. એ જ પ્રમાણે ઐરવતક્ષેત્રમાં એક વૈતાઢ્ય છે. તેની બે નદીઓના પણ આઠ તટ થાય અને તેને નવે ગુણતાં ૭૨ થાય. સર્વ મળીને જંબૂદ્વીપને વિષે ૧૪૪ બિલો છે. (૧૦૪.)

હવે છઠ્ઠા આરામાં મનુષ્યાદિકનું સ્વરૂપ કહે છે.—

**पंचमसमछट्टारे, दुकरुच्चा वीसवरिसआउ णरा ।**
**मच्छासिणो कुरूवा, कूरा बिलवासि कुगइगमा ॥१०५॥**

**અર્થ**:—( **पंचमसम** ) પાંચમા આરાની જેટલા એટલે એકવીશ હજાર વર્ષના પ્રમાણવાળા ( **छट्टारे** ) છઠ્ઠા આરામાં (**णरा**) મનુષ્યો ( **दुकरुच्चा** ) બે હાથ ઉંચા હોય છે, ( **वीसवरिसआउ** ) વીશ વર્ષના આયુષ્યવાળા, ( **मच्छासिणो** ) મત્સ્યનો આહાર કરનારા, (**कुरूवा**) ખરાબ રૂપવાળા, (**कूरा**) ક્રૂર અધ્યવસાયવાળા, ( **बिलवासि** ) બિલમાં વસનારા અને છેવટ મરીને ( **कुगइगमा** ) નરક અને તિર્યંચરૂપ કુગતિમાં જનારા હોય છે. (૧૦૫)

**णिल्लज्जा णिव्वसणा, खरवयणा पिअसुआइठिइरहिआ ।**
**थीओ छवरिसगब्भा, अइदुहपसवा बहुसुआ य ॥१०६॥**

**અર્થ**:—તથા તે છઠ્ઠા આરાના મનુષ્યો (**णिल्लज्जा**) લજ્જારહિત ( **णिव्वसणा** ) વસ્ત્રરહિત-નગ્ન, ( **खरवयणा** ) કઠોર વચન બોલનારા, ( **पिअसुआइ** ) પિતા પુત્ર વિગેરેની ( **ठिइरहिआ** ) સ્થિતિ-મર્યાદારહિત એટલે પિતાપુત્ર, સ્ત્રીપુરૂષ, ભાઇબેન વિગેરેની મર્યાદા વિનાના, સ્વતંત્ર વર્તણુકવાળા થશે અને ( **थीओ** ) સ્ત્રીઓ (**छवरिसगब्भा**) છ વર્ષની વયે ગર્ભને ધારણ કરનારી, (**अइदुहपसवा**) અતિ દુઃખે કરીને ગર્ભનો પ્રસવ કરનારી (**य**) અને (**बहुसुआ**) ઘણાં છોકરાંવાળી હોય છે. (૧૦૬.)

હવે સંપૂર્ણ કાળચક્ર કહે છે:—

**इअ अरछक्केणवस–प्पिणि त्ति ओसप्पिणी वि विवरीआ।**
**वीसं सागरकोडा–कोडीओ कालचक्कम्मि ॥ १०७ ॥**

**અર્થ**:–(**इअ**) આ પ્રમાણે એટલે ઉપર કહ્યા પ્રમાણે (**अरछक्केण**) છ આરાએ કરીને (**अवसप्पिणि त्ति**) અવસર્પિણી સમાપ્ત થાય છે. અને (**विवरीआ**) તેનાથી વિપરીત એવી (**ओसप्पिणी वि**) ઉત્સર્પિણી પણ સમાપ્ત થાય છે. એટલે કે અવસર્પિણીમાં પ્રથમ આરાથી આરંભીને ઉત્તરોત્તર સર્વ ભાવો ક્ષીણ થતા જાય અને ઉત્સર્પિણીમાં પ્રથમ આરાથી આરંભીને ઉત્તરોત્તર સર્વ ભાવો વૃદ્ધિ પામતા જાય છે, તેથી અવસર્પિણી એ પડતો કાળ છે અને ઉત્સર્પિણી એ ચડતો કાળ છે. આ પ્રમાણે (**कालचक्कंमि**) અવસર્પિણી અને ઉત્સર્પિણીરૂપ એક કાળચક્રને વિષે (**वीसं**) વીશ (**सागरकोडाकोडीओ**) કોડાકોડિ સાગરોપમ પ્રમાણ કાળ જાય છે. (૧૦૭.)

હવે ચાર યુગ્મ યુગ્મ ક્ષેત્રને વિષે અનુક્રમે ચાર આરાનું સમાનપણું કહે છે.—

**कुरुदुगि हरिरम्मयदुगि, हेमवएरण्णवइदुगि विदेहे ।**
**कमसो सयावसप्पिणि, अरयचउक्काइसमकालो ॥१०८॥**

**અર્થ**:—(**कुरुदुगि**) બે કુરૂક્ષેત્રમાં એટલે દેવકુરૂ અને ઉત્તરકુરૂમાં, (**हरिरम्मयदुगि**) હરિવર્ષ અને રમ્યક એ બે ક્ષેત્રમાં, (**हेमवएरण्णवइदुगि**) હૈમવત અને ઐરણ્યવત એ બે ક્ષેત્રમાં તથા (**विदेहे**) વિદેહમાં એટલે પૂર્વમહાવિદેહ અને પશ્ચિમમહાવિદેહ એ બે ક્ષેત્રમાં (**कमसो**) અનુક્રમે (**सया**) સદાકાળ (**अवसप्पिणि**) અવસર્પિણીના (**अरयचउक्काइसमकालो**) ચાર આરાના પ્રારંભના જેવો કાળ વર્તે છે. એટલે કે–સુષમસુષમા નામના પહેલા આરાને પ્રારંભે જેવો કાળ વર્તે છે તેવો કાળ સદા દેવકુરૂ અને ઉત્તરકુરૂને વિષે વર્તે છે, સુષમ નામના બીજા આરાના આરંભમાં જેવો કાળ વર્તે છે તેવો કાળ હરિવર્ષ અને રમ્યકક્ષેત્રમાં વર્તે છે, સુષમદુષમ નામના ત્રીજા આરાના આરંભમાં જેવો કાળ વર્તે છે તેવો કાળ હૈમવત અને ઐરણ્યવત ક્ષેત્રમાં વર્તે છે, તથા દુષમસુષમ નામના ચોથા આરાના આરંભમાં જેવો કાળ વર્તે છે તેવો કાળ મહાવિદેહક્ષેત્રમાં વર્તે છે. (૧૦૮.)

હવે વૃત્તવૈતાઢ્યનું સ્વરૂપ બે ગાથાવડે કહે છે:—

**हेमवएरण्णवए, हरिवासे रम्मए य रयणमया ।**
**सद्दावइ विअडावइ, गंधावइ मालवंतक्खा ॥ १०९ ॥**
**चउवट्टविअड्ढा सा–इअरुणपउमप्पभाससुरवासा ।**
**मूलुवरि पिहुत्ते तह, उच्चत्ते जोयणसहस्सं ॥ ११० ॥**

**અર્થ**:—( **हेमवएरण्णवए** ) હૈમવત ક્ષેત્રમાં, ઐરણ્યવત ક્ષેત્રમાં, ( **हरिवासे** ) હરિવર્ષક્ષેત્રમાં (**य**) અને (**रम्मए**) રમ્યક ક્ષેત્રમાં—આ ચાર ક્ષેત્રમાં અનુક્રમે (**रयणमया**) સર્વ રત્નમય (**सद्दावइ**) શબ્દાપાતી, (**विअडावइ**) વિકટાપાતી, (**गंधावइ**) ગંધાપાતી અને (**मालवंतक्खा**) માલ્યવાન એ નામના (**चउ**) ચાર (**वट्टविअड्ढा**) ગોળવૈતાઢ્ય પર્વતો છે. તેમાં અનુક્રમે ( **साइ** ) સ્વાતિ, ( **अरुण** ) અરૂણ, ( **पउम** ) પદ્મ અને (**प्पभास**) પ્રભાસ ( **सुरवासा** ) એ નામના ચાર દેવોના આવાસો છે. એટલે કે હૈમવત ક્ષેત્રમાં શબ્દાપાતી નામનો વૃત્તવૈતાઢ્ય છે તેની ઉપર સ્વાતિ નામના દેવનો નિવાસ છે, ઐરણ્યવત ક્ષેત્રમાં વિકટાપાતી નામનો વૃત્તવૈતાઢ્ય છે તેની ઉપર અરૂણ દેવનો આવાસ છે, હરિવર્ષ ક્ષેત્રમાં ગંધાપાતી નામનો વૃત્તવૈતાઢ્ય છે તેની ઉપર પદ્મદેવનો આવાસ છે અને રમ્યકક્ષેત્રમાં માલ્યવાન નામે વૃત્તવૈતાઢ્ય છે તેની ઉપર પ્રભાસદેવનો આવાસ છે. તથા ( **जोयणसहस्सं** ) એક હજાર યોજન (**मूलुवरि**) મૂળને વિષે તથા ઉપર શિખરને વિષે તે ચારે પર્વતો ( **पिहुत्ते** ) પૃથુ—જાડા છે (**तह**) તથા ( **उच्चत्ते** ) ઉંચપણાને વિષે પણ એક હજાર યોજન છે. (૧૦૯–૧૧૦.)

હવે મેરૂપર્વતનું સ્વરૂપ કહે છે:—

**मेरू वट्टो सहस्स—कंदो लक्खूसिओ सहस्सुवरिं ।**
**दसगुण भुवि तं सणवइ, दसिगारंसं पिहुलमूले ॥१११॥**

**અર્થ**:—(**मेरू**) મેરૂપર્વત (**वट्टो**) વર્તુલ-ગોળ છે, તે ( **सहस्सकंदो** ) કંદને વિષે એટલે ભૂમિમાં એક હજાર યોજન છે તથા (**लक्खूसिओ**) લાખ યોજન ઉંચો છે એટલે કે એક હજાર યોજન ભૂમિમાં અને નવાણુ હજાર યોજન પૃથ્વીથી ઉંચો છે તેથી નવાણુ હજારમાં એક હજાર ભેળવવાથી લાખ યોજન ઉંચપણે થયો. તથા ( **सहस्सुवरिं** ) એક હજાર યોજન ઉપર એટલે શિખર ઉપર વિસ્તારવાળો-પહોળો છે. તે હજાર યોજનને ( **दसगुण** ) દશગુણા કરીએ ત્યારે દશ હજાર યોજન થાય તેટલો ( **भुवि** ) પૃથ્વીતળ ઉપર પહોળો છે તથા ( **तं** ) તે દશ હજાર યોજનને ( **सणवइ** ) નેવું યોજન સહિત કરીએ અને ઉપર ( **दसिगारंसं** ) એક યોજનના અગીયારિયા દશ ભાગ નાંખીએ ત્યારે દશ હજાર ને નેવું યોજન અને ઉપર અગીયારિયા દશ ભાગ એટલો ( **पिहुलमूले** ) મૂળને વિષે એટલે કંદને વિષે પહોળો છે. (૧૧૧).

હવે મેરૂના ત્રણ કાંડ કહે છે:—

**पुढवुवलवयरसक्कर—मयकंदो उवरि जाव सोमणसं ।**
**फलिहंकरययकंचण—मओ अ जंबूणओ सेसो ॥११२॥**

**અર્થ**:—( **पुढवुवल** )પૃથ્વી એટલે માટી, ઉપલ એટલે પાષાણ (**वयर**) વજ્ર એટલે હીરા અને ( **सक्कर** ) શર્કરા એટલે કાંકરા આ ચાર વસ્તુ ( **मय** ) મય ( **कंदो** ) મેરૂનો કંદ છે એટલે પૃથ્વીની અંદર જે એક હજાર યોજનનો કંદ છે તે આ ચાર વસ્તુમય છે એ મેરૂનો પહેલો કાંડ સમજવો. ૧. (**उवरिं**) પછી ભૂમિથી ઉપર જતાં ( **जाव सोमणसं** ) સૌમનસ નામનું વન આવે ત્યાંસુધી ( **फलिह** ) સ્ફટિકરત્ન, ( **अंक** ) અંકરત્ન, ( **रयय** ) રૂપું અને ( **कंचणमओ** ) કંચન એટલે સુવર્ણ એ ચારમય છે. આ ત્રેસઠ હજાર યોજનનો બીજો કાંડ છે. ૨. ( **अ** ) તથા ( **सेसो** ) બાકીનો મેરૂપર્વત એટલે સૌમનસ વનથી શિખર સુધી ( **जंबूणओ** ) રક્તસુવર્ણમય છે. આ છત્રીશ હજાર યોજનનો ત્રીજો કાંડ છે. ૩. આ પ્રમાણે એક હજાર, ત્રેસઠ હજાર અને છત્રીશ હજાર મળીને લાખ યોજન પૂર્ણ થાય છે. (અહીં એટલું વિશેષ જાણવાનું છે કે-પહેલો કાંડ હજાર યોજનનો છે તેમાં પ્રથમથી અઢીસો અઢીસો યોજન માટી, પાષાણ, હીરા અને કાંકરામય છે. એ જ રીતે ત્રેસઠ હજારના બીજા કાંડમાં પણ પંદર હજાર સાતસો ને પચાસ યોજન સ્ફટિક-રત્નમય, ૧૫૭૫૦ અંકરત્નમય, ૧૫૭૫૦ રૂપામય અને ૧૫૭૫૦ સુવર્ણમય છે. તથા ત્રીજો કાંડ એકલા રક્તસુવર્ણમય છે ) (૧૧૨).

હવે મેરૂની ચૂલિકાનું સ્વરૂપ કહે છે:—

**तदुवरि चालीसुच्चा, वट्टा मूलुवरि बार चउ पिहुला ।**
**वेरुलिया वरचूला, सिरिभवणपमाणचेइहरा ॥११३॥**

**અર્થ**:—( **तदुवरि** ) લાખ યોજન ઉંચા એવા તે મેરૂપર્વત ઉપર ( **चालीसुच्चा** ) ચાળીશ યોજન ઉંચી, ( **वट्टा** ) વર્તુલ-ગોળ, ( **मूलुवरि** ) મૂળમાં અને ઉપર અનુક્રમે (**बार चउ**) બાર યોજન અને ચાર યોજન (**पिहुला**) પહોળી એટલે મૂળમાં બાર યોજન પહોળી અને ઉપર ચાર યોજન પહોળી તથા ( **वेरु-लिया** ) વૈડૂર્યરત્નની ( **वरचूला** ) શ્રેષ્ઠ એવી ચૂલિકા છે. તે ( **सिरिभवणपमाण** ) શ્રીદેવીના ભવનની જેટલા પ્રમાણવાળા ( **चेइहरा** ) ચૈત્યગૃહવડે એટલે જિનભવન-વડે શોભિત છે અર્થાત્ ચૂલિકા ઉપર તેવું જિનભવન છે. (૧૧૩).

હવે પંડક વનનું સ્વરૂપ કહે છે:—

**चूलातलाउ चउसय, चउणवई वलयरूवविक्खंभं ।**
**बहुजलकुंडं पंडग-वणं च सिहरे सवेईअं ॥ ११४ ॥**

**અર્થ**—( **चूलातलाउ** ) ચૂલિકાના તળથકી ( **सिहरे** ) સમગ્ર શિખરના તળને વિષે ( એટલે કે હજાર યોજન પહોળું શિખર છે તેની મધ્યે બાર યોજન પહોળી

ચૂલિકા છે તે બાદ કરતાં ૯૮૮ યોજન રહેલા શિખરભાગને અર્ધ કરતાં (**चउसय**) ચાર સો ( **चउणवई** ) ચોરાણુ યોજન ચૂલિકાની ફરતું ( **वलयरूवविक्खंभं** ) વલય-રૂપ એટલે વલયને આકારે વિષ્કંભવાળું એટલે પહોળું અને ( **बहुजलकुंडं** ) ઘણા જળના કુંડોવાળું તથા ( **सवेईअं** ) વેદિકા સહિત એવું ( **पंडगवणं** ) પંડકવન છે. ( ચાર સો ચોરાણુ યોજનનું ચોતરફ ફરતું વન છે તેને બમણું કરવાથી ૯૮૮ યોજન પૂર્ણ થાય છે. ) (૧૧૪).

તે પંડકવનમાં જિનભવનો અને પ્રાસાદોનું સ્વરૂપ કહે છે:—

**पण्णासजोअणेहिं, चूलाओ चउदिसासु जिणभवणा ।**
**सविदिसि सक्कीसाणं, चउवाविजुआ य पासाया ॥११५॥**

**અર્થ**—આ પંડકવનમાં ( **चूलाओ** ) ચૂલિકાની ( **चउदिसासु** ) ચારે દિશામાં ( **पण्णासजोअणेहिं** ) ચૂલિકાથી પચાસ યોજન દૂર ( **जिणभवणा** ) એક એક જિનભવન છે એટલે ચારે દિશામાં થઇને ચાર જિનભવન છે. ( **य** ) તથા (**सविदिसि**) પોતાની (ચૂલિકાની) વિદિશામાં (**सक्कीसाणं**) સૌધર્મ ઇંદ્રના અને ઈશાન ઇંદ્રના (**चउवाविजुआ**) ચાર વાવોવડે યુક્ત એવા ( **पासाया** ) પ્રાસાદો છે. એટલે કે અગ્નિ અને નૈઋત ખૂણામાં શક્રેંદ્રના બે પ્રાસાદો અને તેની ચાર દિશાએ ચાર વાવડીઓ છે અને વાયવ્ય તથા ઇશાન ખૂણામાં ઇશાનેંદ્રના બે પ્રાસાદો છે તે દરેકની ચારે દિશાએ ચાર વાવડીઓ છે. (૧૧૫).

હવે તે જિનભવનો અને પ્રાસાદોનું પ્રમાણ કહે છે:—

**कुलगिरिचेइहराणं, पासायाणं चिमे समट्ठगुणा ।**
**पणवीसरुंददुगुणा–यामाउ इमाउ वावीओ ॥ ११६ ॥**

**અર્થ**—( **कुलगिरि** ) કુલગિરિ ઉપર રહેલા ( **चेइहराणं** ) ચૈત્યગૃહો એટલે જિનભવનો ( **च** ) અને ( **पासायाणं** ) પ્રાસાદોથી ( **इमे** ) આ પંડકવનના જિન-ભવનો અને પ્રાસાદો અનુક્રમે ( **सम** ) સરખા અને ( **अट्ठगुणा** ) આઠગુણા છે. એટલે કે કુલગિરિ ઉપર રહેલા જિનભવનોની જેટલા પ્રમાણવાળા જ પંડકવનના જિનભવનો છે અને કુલગિરિ ઉપર રહેલા પ્રાસાદોથી આઠગુણા પ્રમાણવાળા પંડક-વનના પ્રાસાદો છે. જેમકે-કુલગિરિના જિનભવન ૫૦ યોજન લાંબા, ૨૫ યોજન પહોળા અને ૩૬ યોજન ઉંચા છે તેવા જ પંડકવનના જિનભવનો છે; તથા કુલ-ગિરિના પ્રાસાદો ૧૨૫ કોશ લાંબા-પહોળા છે તેને આઠગુણા કરતાં ૧૦૦૦ કોશ થાય તેને ચારે ભાગતાં ૨૫૦ યોજન લાંબા-પહોળા પંડકવનના પ્રાસાદો છે

અને કુલગિરિના પ્રાસાદ ૨૫૦ કોશ ઉંચા છે તેને આઠગુણા કરતાં ૨૦૦૦ કોશ થાય તેને ચારે ભાગ દેતાં ૫૦૦ યોજન ઉંચા પંડકવનના પ્રાસાદો છે.

**સ્થાપના:—**

| | | | |
|---|---|---|---|
| કુલગિરિના જિનભવન | ૫૦ યોજન લાંબા | ૨૫ યોજન પહોળા | ૩૬ યોજન ઉંચા |
| પંડકવનના જિનભવન | ૫૦ યોજન લાંબા | ૨૫ યોજન પહોળા | ૩૬ યોજન ઉંચા |
| કુલગિરિના પ્રાસાદ | ૧૨૫ કોશ લાંબા | ૧૨૫ કોશ પહોળા | ૨૫૦ કોશ ઉંચા |
| પંડકવનના પ્રાસાદ | ૨૫૦ યોજન લાંબા | ૨૫૦ યોજન પહોળા | ૫૦૦ યોજન ઉંચા |

હવે તે દરેક પ્રાસાદની ચારે દિશાએ જે એક એક વાવડી છે ( **इमाउ** ) તે ( **वावीओ** ) વાવડીઓ ( **पणवीसरुंद** ) પચીશ યોજન પહોળી અને ( **दुगुणायामाउ** ) બમણી એટલે પચાસ યોજન લાંબી છે. તે વાવડીઓના નામો ઇશાન ખૂણાના પ્રાસાદથી પ્રદક્ષિણાના અનુક્રમે કહે છે-તેમાં ઈશાનખૂણાના પ્રાસાદની ફરતી પુંડ્રા ૧, પુંડ્રપ્રભા ૨, રક્તા ૩ અને રક્તવતી ૪ નામની વાવડીઓ છે. અગ્નિ ખૂણાના પ્રાસાદની ફરતી ક્ષીરરસા ૧, ઈક્ષુરસા ૨, અમૃતરસા ૩ અને વારૂણીરસા ૪ નામની છે. નૈઋત ખૂણાના પ્રાસાદની ફરતી શંખોત્તરા ૧, શંખા ૨, શંખાવર્તા ૩ અને બલાહકા ૪ નામની છે. તથા વાયવ્ય ખૂણાના પ્રાસાદની ફરતી પુષ્પોત્તરા ૧, પુષ્પવતી ૨, સુપુષ્પા ૩ અને પુષ્પમાલિની ૪ નામની છે. (૧૧૬).

હવે તે પંડકવનમાં જિનભવનની આગળ જે ચાર શિલાઓ છે તેનું સ્વરૂપ કહે છે:—

**जिणहरबहिदिसि जोअण–पणसय दीहद्धपिहुल चउउच्चा ।**
**अद्धससिसमा चउरो, सिअकणयसिला सवेईआ ॥ ११७ ॥**

**અર્થ**—( **जिणहरबहिदिसि** ) તે પંડકવનમાં જિનભવનની બહારની દિશામાં -ભાગમાં ( **जोअणपणसय** ) પાંચ સો યોજન ( **दीह** ) લાંબી, ( **अद्ध** ) તેનાથી અર્ધ એટલે અઢીસો યોજન ( **पिहुल** ) પહોળી અને ( **चउउच्चा** ) ચાર યોજન ઉંચી તથા ( **अद्धससिसमा** ) અર્ધ ચંદ્રના આકારવાળી અને ( **सवेईआ** ) વેદિકાસહિત ( **चउरो** ) ચાર ( **सिअकणयसिला** ) શ્વેત સુવર્ણની શિલાઓ છે. (૧૧૭)

હવે તે શિલાઓ ઉપર રહેલાં સિંહાસનોના પ્રમાણને કહે છે:—

**सिलमाणद्धसहस्सं–समाणसीहासणेहिं दोहिं जुआ ।**
**सिल पंडुकंबला र–त्तकंबला पुव्वपच्छिमओ ॥ ११८ ॥**

અર્થ—( **सिलमाण** ) શિલાનું જે પ્રમાણુ કહ્યું છે તેના ( **अट्ठसहस्संस** ) આઠ હજાર ભાગના ( **माण** ) પ્રમાણુવાળા ( **दोहिं** ) બે ( **सीहासणेहिं** ) સિંહાસન-વડે ( **जुआ** ) યુક્ત એવી ( **पुव्वपच्छिमओ** ) પૂર્વ અને પશ્ચિમ દિશાને વિષે અનુક્રમે ( **पंडुकंबला** ) પાંડુકંબલા અને ( **रत्तकंबला** ) રક્તકંબલા નામની ( **सिल** ) શિલા છે.

વિસ્તરાર્થ—પૂર્વ દિશામાં પાંડુકંબલા નામની શિલા છે અને પશ્ચિમ દિશામાં રક્તકંબલા નામની શિલા છે. તે બન્ને શિલા ઉપર બબે સિંહાસન છે. તે સિંહાસનો શિલાના પ્રમાણને આઠ હજારે ભાગ દેતાં જે આવે તેટલા માન-વાળા છે. તે આ પ્રમાણે—શિલાઓ પાંચ સો યોજન લાંબી, અઢી સો યોજન પહોળી અને ચાર યોજન ઉંચી છે. તેને પ્રથમ કોશ કરવા માટે ચારે ગુણતાં અનુક્રમે ૨૦૦૦-૧૦૦૦-૧૬ થાય છે. તેને ધનુષ કરવા માટે બે હજારે ગુણતાં અનુક્રમે ૪૦૦૦૦૦૦-૨૦૦૦૦૦૦-૩૨૦૦૦ થાય છે. તેને આઠ હજારે ભાગ દેતા અનુક્રમે તે સિંહાસનો ૫૦૦ ધનુષ લાંબા, ૨૫૦ ધનુષ પહોળા અને ૪ ધનુષ ઉંચા હોય છે. (૧૧૮) ( યોજનને ૮૦૦૦ વડે ભાંગતા જેટલા યોજન એટલા ધનુષ આવે એમ સમજવું. ) તથા—

**जामुत्तराउ ताओ, इगेगसीहासणाउ अइपुव्वा ।**
**चउसु वि तासु नियासण–दिसि भवजिणमज्जणं होइ ॥११९॥**

અર્થ—( **जामुत्तराउ** ) દક્ષિણ દિશાએ અને ઉત્તર દિશાએ રહેલી ( **ताओ** ) તે બે શિલાઓ ( **अइपुव्वा** ) 'અતિ' શબ્દ જેની પૂર્વે છે એવી છે એટલે કે દક્ષિણ દિશાએ અતિપાંડુકંબલા નામની અને ઉત્તર દિશાએ અતિરક્ત-કંબલા નામની છે. તે બન્ને શિલા ઉપર ( **इगेगसीहासणाउ** ) એક એક સિંહાસન છે. ( **तासु** ) તે ( **चउसु वि** ) ચારે શિલાઓ ઉપર ( **नियासणदिसि** ) પોત-પોતાના સિંહાસનની તરફ રહેલી દિશામાં ( **भवजिणमज्जणं** ) ઉત્પન્ન થયેલા જિનેશ્વરનો મજ્જન એટલે જન્માભિષેકનો મહોત્સવ ( **होइ** ) થાય છે. વળી પૂર્વ અને પશ્ચિમ દિશાની જે બે શિલા છે તે દક્ષિણ-ઉત્તર લાંબી છે અને પૂર્વ-પશ્ચિમ પહોળી છે, તથા દક્ષિણ અને ઉત્તરદિશામાં જે બે શિલા છે તે પૂર્વ-પશ્ચિમ લાંબી છે અને દક્ષિણ-ઉત્તર પહોળી છે. વળી તે શિલાઓ અર્ધ ચંદ્રાકારે હોવાથી તેની વક્રતા અંદરની દિશામાં છે કે બહારની દિશામાં છે? એ બાબત વિકલ્પ છે. દિગંબરના શાસ્ત્રમાં તો પૂર્વ અને પશ્ચિમ દિશાની શિલાઓ દક્ષિણ-ઉત્તર લાંબી છે અને દક્ષિણ તથા ઉત્તરની શિલાઓ પૂર્વપશ્ચિમ લાંબી છે, અને તેનું મુખ પોતપોતાના ક્ષેત્રની સન્મુખ છે એમ કહ્યું છે; તેથી તેની વક્રતા અંદરના ભાગમાં હોય તેમ સંભવે છે. આનું તત્ત્વ તો તત્ત્વવેત્તા જ જાણે. તથા

પાંડુકંબલા અને રક્તકંબલા એ બે શિલા ઉપર બબે સિંહાસન હોવાથી ચાર સિંહાસન છે. તેનું કારણ એ કે—પૂર્વમહાવિદેહ અને પશ્ચિમમહાવિદેહમાં એકી વખતે બબે તીર્થંકરોનો જન્મ થાય તે વખતે એકી સાથે ચારે તીર્થંકરોનો જન્માભિષેક થઈ શકે છે, અને અતિપાંડુકંબલા તથા અતિરક્તકંબલા એ બે શિલા ઉપર એક એક સિંહાસન છે તેથી ભરત અને ઐરવત ક્ષેત્રમાં એકી વખતે એકેક તીર્થંકરનો જન્મ થાય ત્યારે તે બન્નેનો સ્નાત્રમહોત્સવ પણ એકી સાથે થઇ શકે છે; તેથી સર્વ મળીને છ સિંહાસનો છે. ( ૧૧૯ )

હવે સૌમનસ વનનું સ્વરૂપ કહે છે:—

**सिहरा छत्तीसेहिं, सहसेहिं मेहलाइ पंच सए ।**
**पिहुलं सोमणसवणं, सिलविणु पंडगवणसरिच्छं ॥१२०॥**

**અર્થ:**—( **सिहरा** ) મેરૂપર્વતના શિખરથી નીચે ( **छत्तीसेहिं** ) છત્રીશ (**सहसेहिं**) હજાર ૩૬૦૦૦ યોજન આવીએ ત્યારે ત્યાં ( **पंच सए** ) પાંચ સો યોજન પહોળી વલયને આકારે ( **मेहलाइ** ) મેખલા છે. તેમાં ( **पिहुलं** ) પાંચ સો યોજન પહોળું વલયને આકારે (**सोमणसवणं**) સૌમનસ નામનું વન છે. તે વન (**सिलविणु**) માત્ર ચાર શિલા સિવાય સર્વ પ્રકારે ( **पंडगवणसरिच्छं** ) પંડકવનની જેવું જ છે એટલે કે ચાર દિશાએ ચાર જિનભવન છે, ચાર વિદિશાએ ચાર પ્રાસાદ છે અને દરેક પ્રાસાદની ચારે દિશાએ ચાર-ચાર વાવો છે. તે વાવોનાં નામ આ રીતે છે- ઇશાનખૂણાના પ્રાસાદની ફરતી-સુમના ૧, સૌમનસા ૨, સૌમનસ્યા ૩ અને મનોરમા ૪. અગ્નિખૂણાના પ્રાસાદની ફરતી-ઉત્તરકુરા ૧, દેવકુરા ૨, વારિષેણા ૩ અને સરસ્વતી ૪. નૈઋતખૂણાના પ્રાસાદની ફરતી-વિશાલા ૧, માઘભદ્રા ૨, અભયસેના ૩ અને રોહિણી ૪. વાયવ્યખૂણાના પ્રાસાદની ફરતી-ભદ્રોત્તરા ૧, ભદ્રા ૨, સુભદ્રા ૩ અને ભદ્રાવતી ૪. આ નામની વાવો છે. (૧૨૦)

હવે જ્યાં આ સૌમનસ વન છે ત્યાં મેરૂનું જાડપણું કહે છે.—

**तब्बाहिरि विक्खंभो, बायालसयाइं दुसयरि जुआइं ।**
**अट्ठेगारसभागा, मज्झे तं चेव सहसूणं ॥ १२१ ॥**

**અર્થ:**—( **तब्बाहिरि** ) તે સૌમનસવનના બહારના છેડા એટલે પૂર્વ-પશ્ચિમ કે દક્ષિણ-ઉત્તરના જે બે પર્યંત ભાગ છે તેની વચ્ચે મેરૂનો ( **विक्खंभो** ) વિષ્કંભ એટલે જાડપણું ( **बायालसयाइं** ) બેંતાલીશસો ( **दुसयरि जुआइं** ) બહોંતેર સહિત ( **अट्ठेगारसभागा** ) અગ્યારીયા આઠ ભાગ ( ૪૨૭૨ યોજન અને ૮ કળા ) છે. ( તેની પરિધિ-૧૩૫૧૧ યોજન અને અગ્યારિયા ૬ ભાગ $\frac{6}{11}$ થાય છે ) તથા

( **मज्झे** ) તે સૌમનસવનની મધ્યે એટલે અંદરના પૂર્વ પશ્ચિમ કે ઉત્તર દક્ષિણના જે બે પર્યંત ભાગ છે તેની વચ્ચે મેરૂનો વિસ્તાર ( **तं चेव** ) તે જ ( **सहसूणं** ) હજાર યોજન ઓછો જાણવો. કેમકે સૌમનસવન દરેક દિશાએ પાંચસો યોજન પહોળું હોવાથી બન્ને દિશાનું પ્રમાણ એકત્ર કરવાથી એક હજાર યોજન થાય છે તે ૪૨૭૨$\frac{૮}{૧૧}$ માંથી બાદ કરતાં વન સિવાયના મેરૂનો વિસ્તાર ૩૨૭૨$\frac{૮}{૧૧}$ યોજનનો થાય છે. ( તેની પરિધિ ૧૦૩૪૯ યોજન અને અગ્યારિયા ૨ ભાગ $\frac{૨}{૧૧}$ થાય છે. )

આ વિષ્કંભ જાણવાની રીત કહે છે:-જે ઠેકાણે મેરૂનો વિષ્કંભ જાણવાની ઇચ્છા હોય તે ઠેકાણે સમભૂતલાથી મેરૂનું જે ઉંચપણું હોય તેને અગ્યારે ભાગ દેવો. ભાગમાં જે આવે તેને સમભૂતલા ઉપર મેરૂનો જે વિસ્તાર છે તેમાંથી બાદ કરવા, જે બાકી રહે તે જાણવાને ઇચ્છેલા સ્થાને વિષ્કંભ જાણવો. જેમકે સમભૂતળાથી ૬૩૦૦૦ યોજન ઉંચે જઇએ ત્યારે સૌમનસવન આવે છે તેનો વિષ્કંભ જાણવો છે માટે ૬૩૦૦૦ ને અગ્યારે ભાંગવાથી ભાગમાં ૫૭૨૭$\frac{૩}{૧૧}$ આવે છે. તેને સમભૂતળાના ૧૦૦૦૦ યોજનરૂપ વિષ્કંભમાંથી બાદ કરીએ. એટલે ૪૨૭૨$\frac{૮}{૧૧}$ આવશે. આટલો સૌમનસવન પાસે મેરૂનો વિષ્કંભ આવે છે. આ પ્રમાણે નંદનવન વિગેરે સર્વ ઠેકાણે ભાવના કરવી. પરિધિ જાણવાની રીત આગળ કહેશે. (૧૨૧).

હવે નંદનવનનું સ્વરૂપ કહે છે:—

**तत्तो सड्ढदुसट्ठी–सहसेहिं णंदणं पि तह चेव ।**
**णवरि भवणपासायं–तरट्ठ दिसि कुमरिकूडा वि ॥१२२॥**

**અર્થ**:—( **तत्तो** ) તે સૌમનસ વનથી નીચે ( **सड्ढदुसट्ठी** ) સાડીબાસઠ ( **सहसेहिं** ) હજાર ૬૨૫૦૦ યોજન ઉતરીએ ત્યારે ત્યાં (**णंदणं पि**) નંદનવન પણ ( **तह चेव** ) તે જ રીતે એટલે સૌમનસ વનની જેવું જ છે. એટલે કે ૫૦૦ યોજન વલયને આકારે ચોતરફ પહોળું છે. ( **णवरि** ) વિશેષ એ છે જે-( **भवणपासायं-तरट्ठदिसि** ) ચાર જિનભવન અને ચાર પ્રાસાદના આંતરાની આઠ દિશાઓમાં-વિભાગમાં ( **कुमरिकूडा वि** ) દિક્‌કુમારીના આઠ કૂટો છે તે પાંચસો યોજન ઉંચા છે અને નવમો બળકૂટ એક હજાર યોજન ઉંચો છે તેથી તે સહસ્રાંક કહેવાય છે તે પ્રથમ કહી ગયા છીએ. આ દિક્‌કુમારિકાઓ સમભૂતળા પૃથ્વીથી એક હજાર યોજન ઉંચે ( એટલે કે સમભૂતળાથી ૫૦૦ યોજન ઉંચે નંદનવન છે અને તે વનમાં ૫૦૦ યોજન ઉંચા દિક્‌કુમારીના કૂટો છે તેથી એક હજાર યોજન ઉંચે ) કૂટની ઉપર રહેલા પોતપોતાના ભવનોને વિષે વસે છે તેથી ( ૯૦૦ યોજન તિર્ચ્છાલોકને અતિક્રમવાથી ) તે ઊર્ધ્વલોકવાસી કહેવાય છે. તે કુમારીઓનાં નામ આ પ્રમાણે—મેઘંકરા ૧, મેઘવતી ૨, સુમેઘા ૩, મેઘમાલિની ૪, સુવત્સા ૫, વત્સમિત્રા ૬, બલાહકા ૭ અને વારિષેણા ૮.

વાપીનાં નામો આ પ્રમાણે—ઇશાન ખૂણામાં રહેલા પ્રાસાદની ફરતી-નંદોત્તરા ૧, નંદા ૨, સુનંદા અને નંદિવર્ધિની ૪ એ નામની વાવો છે. અગ્નિખૂણામાં રહેલા પ્રાસાદની ફરતી નંદિષેણા ૧, અમોઘા ૨, ગોસ્તૂપા ૩ અને સુદર્શના ૪ એ નામની વાવો છે. નૈઋત્ય ખૂણાના પ્રાસાદની ફરતી ભદ્રા ૧, વિશાલા ૨, કુમુદા ૩ અને પુંડરીકિણી ૪ એ નામની વાવો છે અને વાયવ્ય ખૂણામાં રહેલા પ્રાસાદની ફરતી-વિજયા ૧, વૈજયંતી ૨, જયંતી ૩ અને અપરાજિતા ૪ એ નામની વાવો છે. (૧૨૨).

હવે નંદનવનના પ્રદેશને વિષે મેરૂનો વિસ્તાર કહે છે:—

**णवसहस णवसयाइं, चउपण्णा छच्चिगारहाया य ।**
**णंदणबहिविक्खंभो, सहसूणो होई मज्झम्मि ॥१२३॥**

**અર્થ**:—( **णवसहस** ) નવ હજાર ( **णवसयाइं** ) નવ સો ( **चउपण्णा** ) ચોપન યોજન (**य**) અને ઉપર ( **छच्चिगारहाया** ) અગ્યારિયા છ ભાગ (૯૯૫૪$\frac{૬}{૧૧}$) આટલો ( **णंदणबहिविक्खंभो** ) નંદનવનના બહારના છેડા સુધીના મેરૂનો વિસ્તાર છે. તેને ( **सहसूणो** ) એક હજાર ઊણા કરીએ ત્યારે ( **मज्झंमि** ) મધ્યનો એટલે વન સિવાય એકલા મેરૂનો વિસ્તાર ( **होइ** ) થાય છે. તેથી ૮૯૫૪$\frac{૬}{૧૧}$ મધ્યનો વિસ્તાર છે. તે આ રીતે-સમભૂતળાથી ૫૦૦ યોજન ઉંચે નંદનવન છે તેથી ૫૦૦ ને અગ્યારે ભાંગતા ૪૫ યોજન અને અગ્યારીયા પાંચ ભાગ આવે છે. તેને સમભૂતળાના વિસ્તારના દશ હજાર યોજનમાંથી બાદ કરવા છે તેથી ૯૯૫૪$\frac{૬}{૧૧}$ યોજન વન સહિત મેરૂનો વિસ્તાર થયો. તેની પરિધિ ૩૧૪૭૯ જોજન થાય છે અને એકલા મેરૂનો વિસ્તાર ૮૯૫૪$\frac{૬}{૧૧}$ યોજન છે તેની પરિધિ ૨૮૩૧૬$\frac{૮}{૧૧}$ યોજન થાય છે. (૧૨૩).

હવે ભદ્રશાલ વનનું સ્વરૂપ કહે છે:—

**तदहो पंचसएहिं, महिअलि तह चेव भद्दसालवणं ।**
**णवरमिह दिग्गइ च्चिअ, कूडा वणवित्थरं तु इमं ॥१२४॥**

**અર્થ**:—( **तदहो** ) તે નંદનવનની નીચે ( **पंचसएहिं** ) પાંચ સો યોજન જઈએ ત્યારે ( **महिअलि** ) પૃથ્વીતળને વિષે ( **तह चेव** ) તે જ પ્રકારે એટલે નંદનવનની જેમ ( **भद्दसालवणं** ) ભદ્રશાલ નામે વન છે. ( **णवरं** ) વિશેષ એ છે કે-( **इह** ) અહીં એટલે આ ભદ્રશાલ વનમાં ( **दिग्गइ च्चिअ** ) દિગ્ગજને આકારે જ ( **कूडा** ) આઠ ફૂટો છે એટલે કે આઠ કરિકૂટ છે. (**तु**) પુનઃ વળી ( **वणवित्थरं** ) વનનો વિસ્તાર ( **इमं** ) આ પ્રમાણે હવે પછીની ગાથામાં કહ્યા પ્રમાણે છે. અહીં ભદ્રશાલ વનમાં મેરૂની ચારે દિશાએ શીતોદા અને શીતા એ બે નદીઓના પ્રવાહે રૂંધી છે તેથી ચાર દિશામાં ચાર જિનભવનો નથી; પરંતુ નદીના કિનારાની પાસે જિનભવનો છે, અને ચાર પ્રાસાદો ગજદંતગિરિની પાસે છે, તથા તે ભવનો

અને પ્રાસાદોના આઠ આંતરાને વિષે આઠ કરિકૂટ છે. અહિં પણ ચાર વિદિશાઓમાં ચાર ચાર વાવો છે. તેનાં નામ આ પ્રમાણે-ઈશાનખૂણામાં-પદ્મા ૧, પદ્માભા ૨, કુમુદા ૩ અને કુમુદાભા ૪. અગ્નિખૂણામાં-ઉત્પલગૌમા ૧, નલિના ૨, ઉત્પલોજ્વલા ૩ અને ઉત્પલા ૪. નૈઋત્યખૂણામાં ભૃંગી ૧, ભૃંગિની ૨, ભંજની ૩ અને કજ્જલપ્રભા ૪. વાયવ્યખૂણામાં-શ્રીકાંતા ૧, શ્રીમહિતા ૨, શ્રીનંદા ૩ અને શ્રીનિલયા ૪. એ નામની વાવો છે.

હવે ભદ્રશાલવનનો વિસ્તાર કહે છે—

**बावीस सहस्साइं, मेरूओ पुव्वओ अ पच्छिमओ ।**
**तं चौडसीविहत्तं, वणमाणं दाहिणुत्तरओ ॥ १२५ ॥**

અર્થ:—( **मेरूओ** ) મેરૂપર્વતથકી ( **पुव्वओ** ) પૂર્વ ( **अ** ) અને ( **पच्छिमओ** ) પશ્ચિમ દિશામાં (**बावीस सहस्साइं** ) બાવીશ હજાર ૨૨૦૦૦ યોજન વિસ્તારવાળું ભદ્રશાલ વન છે. ( **च** ) તથા ( **तं** ) તે બાવીશ હજારને ( **अडसीविहत्तं** ) અઠ્ઠાશીએ ભાગતાં ૨૫૦ લાભે, તેટલા યોજન ( **दाहिणुत्तरओ** ) દક્ષિણ અને ઉત્તર દિશામાં ( **वणमाणं** ) ભદ્રશાલ વનનો વિસ્તાર છે. ( ૧૨૫ )

હવે ગજદંત ગિરિનું વર્ણન કરે છે—

**छव्वीस सहस चउ सय, पणहत्तरि गंतु कुरुणइपवाया ।**
**उभओ विणिग्गया गय—दंता मेरुम्मुहा चउरो ॥ १२६ ॥**

અર્થ:—( **कुरुणइपवाया** ) કુરૂક્ષેત્રમાં આવેલી શીતોદા અને શીતા નદીના પ્રપાતકુંડથી ( **छव्वीस सहस** ) છવીશ હજાર ( **चउ सय** ) ચાર સો અને ( **पणहत्तरि** ) પંચોતેર ૨૬૪૭૫ યોજન ( **गंतु** ) જઈએ ત્યારે તે ઠેકાણે નિષધ અને નીલવંત એ બે કુલગિરિમાંથી ( **उभओ** ) બે બે ( **गयदंता** ) ગજદંત પર્વતો ( **विणिग्गया** ) નીકળ્યા છે. ( **चउरो** ) તે ચારે ગજદંત પર્વતો ( **मेरुम्मुहा** ) મેરૂપર્વની સન્મુખ છે. ( મેરૂ સુધી પહોંચેલા છે. ) તે હાથીના દાંતને આકારે હોવાથી ગજદંત કહેવાય છે. ( મેરૂપર્વત ૧૦૦૦૦ યોજન અને તેના પૂર્વ-પશ્ચિમે ભદ્રશાલ વન બાવીશ બાવીશ હજાર યોજન-કુલ ૫૪૦૦૦ યોજન પ્રમાણ કુરૂક્ષેત્રમાં બે ગજદંતાની પહોળાઈના એક હજાર યોજન જતાં ૫૩૦૦૦ તેમાંથી શીતા શીતોદાના મૂળ વિસ્તારના ૫૦ યોજન જતાં ૫૨૯૫૦ તેના અર્ધ ભાગે ૨૬૪૭૫ યોજન થાય એટલા શીતા ને શીતોદાથી બંને બાજુના ગજદંતો છેટા છે. ) ( ૧૨૬ ).

હવે તે ચારે ગજદંત પર્વતોનાં વર્ણ તથા નામ કહે છે—

**अग्गेआइसु पयाहि–णेण सिअरत्तपीअनीलाभा ।**
**सोमणसविज्जुप्पह–गंधमायणमालवंतक्खा ॥ १२७ ॥**

**અર્થ:**—( **अग्गेआइसु** ) અગ્નિ ખૂણ વિગેરે ચાર વિદિશાને વિષે (**पयाहिणेण**) પ્રદક્ષિણાના ક્રમવડે ( **सिअरत्तपीअनीलाभा** ) શ્વેત, રક્ત, પીત અને નીલ વર્ણવાળા એટલે રૂપું, વિદ્રુમ, સુવર્ણ અને વૈડૂર્ય રત્નની જેવા વર્ણવાળા ( **सोमणस** ) સૌમનસ, ( **विज्जुप्पह** ) વિદ્યુત્પ્રભ, ( **गंधमायण** ) ગંધમાદન અને ( **मालवंतक्खा** ) માલ્યવંત નામના તે પર્વતો છે. એટલે કે અગ્નિખૂણામાં સૌમનસ નામનો ગજદંત રૂપા જેવા શ્વેત વર્ણવાળો છે ૧, નૈર્ઋત્ય ખૂણામાં વિદ્યુત્પ્રભ નામનો ગજદંત વિદ્રુમ જેવા રક્ત વર્ણવાળો છે ૨, વાયવ્યખૂણામાં ગંધમાદન નામનો ગજદંત સુવર્ણ જેવા પીત વર્ણવાળો છે ૩ અને ઇશાનખૂણામાં માલ્યવંત નામનો ગજદંત વૈડૂર્યરત્ન જેવા નીલ વર્ણવાળો છે ૪. ( ૧૨૭ )

હવે ( ગજદંતની નીચે ) અધોલોકમાં વસનારી દિક્કુમારીઓનું સ્થાન કહે છે—

**अहलोयवासिणीओ, दिसाकुमारीउ अट्ठ एएसिं ।**
**गयदंतागिरिवराणं, हिट्ठा चिट्ठंति भवणेसु ॥ १२८ ॥**

**અર્થ:**—( **अहलोयवासिणीओ** ) અધોલોકમાં વસનારી ( **अट्ठ** ) આઠ ( **दिसाकुमारीउ** ) દિક્કુમારીઓ છે, તે ( **एएसिं** ) આ ( **गयदंतगिरिवराणं** ) શ્રેષ્ઠ એવા ગજદંત પર્વતોની ( **हिट्ठा** ) નીચે ( **भवणेसु** ) ભવનોને વિષે એટલે આવાસોને વિષે ( **चिट्ठंति** ) રહે છે. આ સામાન્યપણે કહ્યું છે, પરંતુ તેમના સ્થાન વિગેરે સંબંધી વિશેષ હકીકત ગુરૂમહારાજ પાસેથી જાણવી.[1] તેમનાં નામ આ પ્રમાણે છે. ભોગંકરા ૧, ભોગવતી ૨, સુભોગા ૩, ભોગમાલિની ૪, સુવત્સા ૫, વત્સમિત્રા ૬, પુષ્પમાલા ૭ અને નંદિતા ૮ ઇતિ. ( ૧૨૮ )

હવે તે ગજદંતગિરિની ઉંચાઇ તથા જાડાઇ ( અને લંબાઈ ) કહે છે—

**धुरि अंते चउपणसय, उच्चत्ति पहुत्ति पणसयाऽसिसमा ।**
**दीहत्ति इमे छकला, दुसय णवुत्तर सहसतीसं ॥ १२९ ॥**

**અર્થ**—તે ચારે ગજદંતગિરિ ( **धुरि** ) ધુર-અગ્રભાગને વિષે એટલે કુલગિરિમાંથી નીકળે છે તે પ્રદેશને વિષે અને ( **अंते** ) છેડે એટલે મેરૂપર્વ-

૧ ચારે ગજદંતાની નીચે બે બે મળીને કુલ આઠ દેવીઓના સ્થાન સમભૂતલથી એક હજાર યોજન નીચે છે. તેથી જ તે અધોલોકવાસી કહેવાય છે.

તના પ્રદેશને વિષે અનુક્રમે ( **चउपणसय** ) ચાર સો અને પાંચ સો યોજન (**उच्चत्ति**) ઉંચા છે એટલે પ્રારંભમાં ચાર સો યોજન અને છેડે પાંચ સો યોજન ઉંચા છે તથા ( **पहुत्ति** ) પહોળપણામાં-જાડપણામાં ( **पणसयाऽसिसमा** ) પ્રારંભમાં પાંચ સો યોજન પહોળા અને અંતે-છેડે અસિસમ એટલે ખડ્ગની ધારાની જેમ અંગુલના સંખ્યાતમે ભાગે પહોળા છે. તથા ( **इमे** ) આ ગજદંત પર્વતો ગજદંતાના આકારે વાંકા હોવાથી ( **दीहत्ति** ) લાંબપણાને વિષે ( **सहसतीसं** ) ત્રીશ હજાર ( **दुसय** ) બસો ને ( **णवुत्तर** ) ઉપર નવ અને ( **छकला** ) છ કલા ૩૦૨૦૯$\frac{6}{19}$ હોય છે. તે બે ગજદંતાની અણીઓ મળી ગયેલ હોવાથી બે ગજદંતની લંબાઇ એકઠી કરીએ ત્યારે કુરૂક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ થાય છે. તે ૬૦૪૧૮$\frac{12}{19}$ યોજન અર્ધ વર્તુલાકાર હોવાથી થાય છે. તથા શીતોદા અને શીતા નદીના પ્રપાતકુંડથી બંને બાજુ ૨૬૪૭૫ યોજન દૂર ગજદંત પર્વત છે તેથી તે બે પર્વતોનું અંતર એકઠું કરવા માટે તેને બમણા કરવાથી ૫૨૯૫૦ યોજન થાય. તેમાં પ્રપાતકુંડમાંથી નીકળ્યા પછીના પ્રારંભના પ્રવાહના પચાસ ભેળવતાં ૫૩૦૦૦ યોજન થાય. આટલી કુરૂક્ષેત્રની જીવા જાણવી. ( તેમાં બે ગજદંતાની હજાર યોજનની પ્રારંભની પહોળાઇ ભેળવતાં ૫૪૦૦૦ યોજન થાય છે. ) ( ૧૨૯ )

હવે કુરૂક્ષેત્રના વિસ્તારને એટલે ઇષુને કહે છે—

## ताणंतो देवुत्तर–कुराउ चंदद्धसंठियाउ दुवे ।
## दससहसविसुद्धमहा–विदेहदलमाणपिहुलाओ ॥ १३० ॥

**અર્થ**—( **ताणंतो** ) તે ગજદંત પર્વતોને મધ્યે એટલે બબે ગજદંતની વચ્ચે ( **देवुत्तरकुराउ** ) દેવકુરૂ અને ઉત્તરકુરૂ નામના બે ક્ષેત્ર છે. તેમાં મેરૂની દક્ષિણમાં દેવકુરૂ અને મેરૂની ઉત્તર દિશામાં ઉત્તરકુરૂ છે. તેમાં યુગલીયાઓનો નિવાસ છે. વળી ( **दुवे** ) તે બન્ને ક્ષેત્રો ( **चंदद्धसंठियाउ** ) અર્ધચંદ્રને આકારે રહેલા છે, તથા ( **दससहसविसुद्ध** ) દશ હજારે બાદ કરેલા ( **महाविदेह** ) મહાવિદેહ ક્ષેત્રના ( **दल** ) અર્ધ ( **माण** ) પ્રમાણ જેટલા ( **पिहुलाओ** ) પૃથુ એટલે વિસ્તારવાળા છે. એટલે કે મહાવિદેહ ક્ષેત્રનો વિસ્તાર તેત્રીશ હજાર છ સો ને ચોરાશી યોજન અને ચાર કળા ૩૩૬૮૪ $\frac{4}{19}$ છે. તેમાંથી મેરૂનો વિસ્તાર દશ હજાર ૧૦૦૦૦ યોજન બાદ કરતાં બાકી ત્રેવીશ હજાર છ સો ચોરાશી અને ચાર કળા ૨૩૬૮૪$\frac{4}{19}$ રહે છે. તેનું દળ એટલે અર્ધ કરતાં ૧૧૮૪૨$\frac{2}{19}$ થાય છે. આટલો તે દરેક કુરૂક્ષેત્રનો વિસ્તાર એટલે ઇષુપ્રમાણ છે.

**વિસ્તરાર્થ**—અહીં મહાવિદેહ ક્ષેત્રનો વિસ્તાર જાણવા માટે કહે છે કે—એક ખાંડવાનું ભરતક્ષેત્ર ૫૨૬ યોજન અને ૬ કળા છે, અને ૬૪ ખાંડવાનું મહાવિદેહ ક્ષેત્ર છે તેથી ૫૨૬ અને ૬ કળાને ચોસઠે ગુણવા જોઇએ; તેથી ૫૨૬ ને

૬૪ વડે ગુણતાં ૩૩૬૬૪ થાય અને છ કળાને ચોસઠે ગુણતાં ૩૮૪ કળા થાય. તેના યોજન કરવા માટે ઓગણીશે ભાંગતાં ૨૦ યોજન આવે અને ઉપર ૪ કળા વધે. તે વીશને ૩૩૬૬૪ માં નાંખીએ ત્યારે ૩૩૬૮૪ યોજન અને ઉપર ૪ કળા, આટલો મહાવિદેહ ક્ષેત્રનો વિસ્તાર જાણવો. (૧૩૦.)

હવે કુરૂક્ષેત્રમાં આવેલા પર્વતો કહે છે:—

**णइपुव्वावरकूले, कणगमया बलसमा गिरी दो दो ।**
**उत्तरकुराइ जमगा, विचित्तचित्ता य इअरीए ॥ १३१ ॥**

**અર્થ**—( **णइ** ) શીતોદા અને શીતા એ બે નદીના ( **पुव्वावरकूले** ) પૂર્વ અને પશ્ચિમ તટને વિષે ( **कणगमया** ) કનકમય એટલે સુવર્ણના ( **दो दो** ) બબે ( **गिरी** ) પર્વતો છે. તે ( **बलसमा** ) બલકૂટની જેવા છે એટલે હજાર યોજન ઉંચા, હજાર યોજન મૂળમાં વિસ્તારવાળા અને પાંચ સો યોજન શિખર પર વિસ્તારવાળા છે. તેમાં ( **उत्तरकुराइ** ) ઉત્તરકુરૂને વિષે ( **जमगा** ) જમક[1] નામના બે પર્વતો છે. ( **य** ) અને ( **इअरीए** ) ઈતરને વિષે એટલે દેવકુરૂને વિષે ( **विचित्तचित्ता** ) વિચિત્ર અને ચિત્ર નામના બે પર્વતો છે એટલે કે—શીતોદાના પૂર્વતટને વિષે વિચિત્ર નામનો પર્વત છે અને તેના પશ્ચિમતટને વિષે ચિત્ર નામનો પર્વત છે. (૧૩૧).

હવે કુરૂક્ષેત્રની બન્ને નદીઓના દ્રહો કહે છે:—

**णइवहदीहा पण पण, हरया दुदुदारया इमे कमसो ।**
**णिसहो तह देवकुरू, सूरो सुलसो य विज्जुपभो ॥ १३२ ॥**

**तह णीलवंत उत्तर–कुरु चंदेरवय मालवंतु त्ति ।**
**पउमदहसमा णवरं, एएसु सुरा दहसणामा ॥ १३३ ॥**

**અર્થ**:—( **णइवहदीहा** ) બન્ને નદીના પ્રવાહને વિષે દીર્ઘપણું છે જેમનું એવા ( **पण पण** ) પાંચ પાંચ ( **हरया** ) દ્રહો છે. તે ( **दुदुदारया** ) દક્ષિણ અને ઉત્તર દિશાએ એકેક મળીને બબે દ્વારવાળા છે, તે ( **कमसो** ) અનુક્રમે ( **इमे** ) આ છે, એટલે તેમનાં નામો આ પ્રમાણે છે.-( **णिसहो** ) નિષધ ૧, ( **तह** ) તથા ( **देवकुरू** ) દેવકુરૂ ૨, ( **सूरो** ) સૂર ૩, ( **सुलसो** ) સુલસ ૪ ( **य** ) અને ( **विज्जुपहो** ) વિદ્યુત્પ્રભ ૫. આ પાંચ શીતોદા નદીના પ્રવાહમાં રહેલા દ્રહો (કુંડો) છે. ( **तह** ) તથા

[1] અન્યત્ર જમક ને સમક નામના બે પર્વતો કહ્યા છે.

( **णीलवंत** ) નીલવાન ૧, ( **उत्तरकुरु** ) ઉત્તરકુરૂ ૨, ( **चंद** ) ચંદ્ર ૩, ( **एरवय** ) એરવત ૪ અને ( **मालवंतु** ) માલ્યવાન ૫. ( **त्ति** ) આ પાંચ દ્રહો શીતા નદીના પ્રવાહમાં રહેલા છે. આ સર્વ દ્રહો ( **पउमदहसमा** ) પદ્મદ્રહની તુલ્ય છે એટલે કે-હજાર યોજન લાંબા અને પાંચ સો યોજન પહોળા ( તથા દશ યોજન ઉંડા ) છે.[1] ( **णवरं** ) વિશેષ એ કે ( **एएसु** ) આ દશે દ્રહોને વિષે ( **सुरा** ) અધિષ્ઠાયક દેવો ( **दहसणामा** ) દ્રહની સરખા નામવાળા છે એટલે કે નિષધદ્રહનો અધિષ્ઠાયક દેવ નિષધ નામનો છે ઇત્યાદિ. ( ૧૩૨-૧૩૩. )

હવે કુલગિરિ, યમલગિરિ, પાંચ દ્રહ અને મેરૂ એ સર્વનું આંતરૂં કહે છે:-

**अड सय चउतीस जोअ-णाइं तह सेगसत्तभागाओ ।**
**इक्कारस य कलाओ, गिरिजमलदहाणमंतरयं ॥ १३४ ॥**

**અર્થ**—( **अड सय** ) આઠ સો ( **चउतीस** ) ચોત્રીશ ( **जोअणाइं** ) યોજન ( **तह** ) તથા ( **सेगसत्तभागाओ** ) સાતીયા એક ભાગસહિત ( **इक्कारस य** ) અગ્યાર (**कलाओ**) કળા ૮૩૪$\frac{11}{19}$ $\frac{1}{7}$ આટલું (**गिरिजमलदहाणं**) કુલગિરિ, યમલગિરિ, પાંચ દ્રહ અને મેરૂનું ( **अंतरयं** ) આંતરૂં છે. તે આ પ્રમાણે-કુરૂનો વિસ્તાર ૧૧૮૪૨ યોજન અને ૨ કળા છે. તેમાંથી યમલગિરિનો વિસ્તાર ૧૦૦૦ યોજન છે અને પાંચ દ્રહોનો મળીને મેરૂ સન્મુખ વિસ્તાર ( લંબાઇ ) ૫૦૦૦ યોજન છે તે મળીને થયેલા ૬૦૦૦ યોજન બાદ કરવા. ત્યારે ૫૮૪૨$\frac{2}{19}$ રહે તેને ( આઠ વસ્તુના આંતરા સાત થાય માટે ) સાતે ભાંગવા એટલે ૮૩૪$\frac{4}{7}$ થાય. બાકી જે ચાર રહ્યા છે તેની કળા કરવા માટે ઓગણીશવડે ગુણતાં છોંતેર થાય તેમાં ઉપરની બે કળા ઉમેરતાં ૭૮ કળા થાય. તેને સાતે ભાગ દેતાં ભાગમાં ૧૧ કળા આવે. બાકી ૧ શેષ રહે તેથી સાતીયો એક ભાગ. એટલે ઉપર કહ્યા પ્રમાણે ૮૩૪ યોજન એક યોજનના ઓગણીશીયા અગ્યાર ભાગ-કળા અને એક કળાનો સાતીયો એક ભાગ ૮૩૪ $\frac{11}{19}$ $\frac{1}{7}$ કુલગિરિ વિગેરે દરેકનું આંતરૂં સિદ્ધ થાય છે. ( ૧૩૪. )

( કુલગિરિ નિષધ કે નીલવંત તેનાથી યમલગિરિનું, તેનાથી પહેલા દ્રહનું, તેનાથી બીજા, ત્રીજા, ચોથા, પાંચમા દ્રહનું અને તેનાથી મેરૂપર્વતનું એમ કુલ સાત આંતરા એ પ્રમાણે સમજવા. )

હવે કાંચનગિરિ કહે છે.—

**दहपुव्वावरदसजो-यणेहि दस दस विअैद्धकूडाणं ।**
**सोलसगुणप्पमाणा, कंचणगिरिणो दुसय सव्वे ॥ १३५ ॥**

---

૧ એ દ્રહો ક્યાં આવેલા છે તે હવે પછીની ગાથામાં કહેલ છે.

**અર્થ**:—( **दहपुव्वावर** ) દરેક દ્રહની પૂર્વ અને પશ્ચિમ દિશાએ ( **दसजोयणेहिं** ) દશ યોજન દૂર ( **दस दस** ) દશ દશ ( **कंचणगिरिणो** ) કાંચન પર્વતો છે. તે પર્વતો ( **विअड्ढकूडाणं** ) વૈતાઢ્યના કૂટથી ( **सोलसगुणप्पमाणा** ) સોળગુણા પ્રમાણવાળા છે એટલે કે વૈતાઢ્યકૂટ પચીશ કોશ ઉંચા, પચીશ કોશ મૂળમાં વિસ્તારવાળા અને સાડાબાર કોશ શિખરપર વિસ્તારવાળા છે. તેને સોળગુણા કરવાથી આ કંચનગિરિઓ સો યોજન ઉંચા, સો યોજન મૂળમાં વિસ્તારવાળા અને પચાસ યોજન શિખર ઉપર વિસ્તારવાળા છે. તે ( **सव्वे** ) સર્વ મળીને ( **दुसय** ) બસો કંચનગિરિઓ છે. તે આ રીતે-દેવકુરૂ અને ઉત્તરકુરૂમાં મળીને કુલ દશ દ્રહો છે. તે દરેકની પૂર્વ દિશામાં દશ દશ કંચનગિરિ હોવાથી દશને દશે ગુણતાં સો થયા. તે જ રીતે દશે દ્રહોની પશ્ચિમ દિશામાં પણ દશ દશ કંચનગિરિ હોવાથી સો થયા. સર્વ મળીને બસો કંચનગિરિઓ છે. ( ૧૩૫ ). ( આ દશ દશ કંચનગિરિઓનો મૂળ વિસ્તાર સો સો યોજન હોવાથી એકંદર હજાર યોજન થાય. તેટલા દ્રહ લાંબા હોવાથી તે કંચનગિરિઓ મૂળમાં એક બીજાને મળતા ( અડતા ) છે ને ઉપર જતાં પચાસ યોજન હોવાથી ત્યાં પચાસ પચાસ યોજન છેટા છે. )

**સ્થાપના** :—

| કાંચનગિરિ | ઉંચપણું | મૂળમાં વિસ્તાર | શિખરનો વિસ્તાર |
|---|---|---|---|
| વૈતાઢ્યકૂટ પ્રમાણ | ૨૫ કોશ | ૨૫ કોશ | ૧૨।। કોશ |
| ગુણાકારનો અંક | ૧૬ | ૧૬ | ૧૬ |
| કાંચનગિરિનું પ્રમાણ | ૧૦૦ યોજન | ૧૦૦ યોજન | ૫૦ યોજન |

હવે જંબૂવૃક્ષને વર્ણવે છે:—

**उत्तरकुरुपुव्वध्धे, जंबूणय जंबुपीढमंतेसु ।**
**कोसदुगुच्चं कमि व-ड्डमाणु चेउवीसगुणं मज्झे ॥१३६॥**

**અર્થ**:—આ દેવકુરૂ ને ઉત્તરકુરૂના મધ્યમાં આવેલી શીતા ને શીતોદા નદીઓએ બંને ક્ષેત્રના પૂર્વાર્ધ ને પશ્ચિમાર્ધ એવા બે ભાગ પાડેલા છે તેમાંના ( **उत्तरकुरुपुव्वध्धे** ) ઉત્તરકુરૂના પૂર્વાર્ધને વિષે ( **जंबूणय** ) રક્તસુવર્ણમય ( **जंबुपीढं** ) જંબૂપીઠ છે. તે ( **अंतेसु** ) છેડાને વિષે ફરતું ( **कोसदुगुच्चं** ) બે કોશ ઉંચું (જાડું) છે અને ( **कमि** ) અનુક્રમે ( **वड्ढमाणु** ) વધતું વધતું હોવાથી ( **मज्झे** ) મધ્યભાગમાં ( **चउवीसगुणं** ) ચોવીશગુણું ઉંચું છે. એટલે કે બે કોશને ચોવીશે ગુણતાં ૪૮ કોશ થાય તેના યોજન કરવા માટે ચારે ભાગતાં ૧૨ યોજન મધ્યભાગે ઉંચું (જાડું) છે. (૧૩૬).

**पणसयवट्टपिहुत्तं, परिखित्तं तं च पउमवेईए ।**
**गाउदुगध्धुच्चपिहु—त्तचारुचउदारकलिआए ॥ १३७ ॥**

અર્થ:—( **तं** ) તે પીઠ ( **पणसय** ) પાંચ સો યોજન ( **वट्टपिहुत्तं** ) ગોળ વિસ્તારવાળું-લાંબું પહોળું છે. (**च**) તથા (**पउमवेईए**) પદ્મવર વેદિકાવડે (**परिखित्तं**) વીંટાયેલું છે એટલે તે પીઠની ફરતી પદ્મવરવેદિકા છે. તે વેદિકા કેવી છે? તે કહે છે:— ( **गाउदुगद्ध** ) બે કોશ અને અર્ધ કોશ ( **उच्चपिहुत्त** ) ઉંચા અને પહોળા અર્થાત્ બે કોશ ઉંચા અને [1]અર્ધ કોશ પહોળા ( **चारु** ) મનોહર ( **चउदार** ) ચાર દ્વારવડે ( **कलिआए** ) સહિત છે. ( ૧૩૭. )

**तं मज्झे अडवित्थर—चउच्चमणिपीढिआइ जंबुतरू ।**
**मूले कंदे खंधे, वरवयरारिट्ठवेरुलिए ॥ १३८ ॥**

**तस्स य साहपसाहा, दला य बिंटा य पल्लवा कमसो ।**
**सोवण्णजायरूवा, वेरुलितवणिज्जजंबुणया ॥ १३९ ॥**

**सो रययमयपवालो, राययविडिमो य रयणपुप्फफलो ।**
**कोसदुगं उव्वेहे, थुडसाहाविडिमविक्खंभो ॥ १४० ॥**

અર્થ:—( **तं मज्झे** ) તે પીઠના મધ્યભાગમાં ( **अडवित्थर** ) આઠ યોજનના વિસ્તારવાળી ( **चउच्च** ) ચાર યોજન ઉંચી ( **मणिपीढिआइ** ) મણિપીઠિકાને વિષે ( **जंबुतरू** ) જંબૂવૃક્ષ છે. તે વૃક્ષ ( **मूले** ) મૂળને વિષે, ( **कंदे** ) કંદને વિષે અને ( **खंधे** ) સ્કંધને વિષે અનુક્રમે (**वरवयर**) શ્રેષ્ઠ વજ્રરત્ન, (**अरिट्ठ**) અરિષ્ટરત્ન અને ( **वेरुलिए** ) વૈડૂર્યરત્નમય છે, એટલે કે તે જંબૂવૃક્ષનું મૂળ ( પૃથ્વીમાં ચોતરફ પ્રસરેલી મૂળીયાની જટા ) વજ્રરત્નમય છે, કંદ ( પૃથ્વીમાં રહેલું થડ ) અરિષ્ટરત્નમય છે અને સ્કંધ ( પૃથ્વી ઉપર રહેલું શાખા નીકળે ત્યાં સુધીનું થડ ) વૈડૂર્યરત્નમય છે. (૧૩૮). (**य**) તથા ( **तस्स** ) તે જંબૂવૃક્ષની (**साह**) મુખ્ય મોટી શાખાઓ, ( **पसाहा** ) પ્રશાખા એટલે મોટી શાખામાંથી નીકળેલી નાની શાખાઓ, ( **दला** ) પાંદડાંઓ, ( **य** ) અને ( **बिंटा** ) વૃંત એટલે પાંદડાંનાં ડીંટ, ( **य** ) અને ( **पल्लवा** ) કિસલયરૂપ નવાંકુર ( **कमसो** ) અનુક્રમે ( **सोवण्ण** ) સુવર્ણમય, ( **जायरूवा** ) જાતરૂપમય, ( **वेरुलि** ) વૈડૂર્યરત્નમય, ( **तवणिज्ज** ) તપનીયમય અને ( **जंबुणया** ) જાંબૂનદમય છે. એટલે કે મુખ્ય શાખાઓ સુવર્ણમય પીળા વર્ણવાળી છે, પ્રશાખાઓ

[1] ‘ એક કોશ પહોળા ’ એમ બૃહત્ક્ષેત્રસમાસમાં કહ્યું છે. એમ પણ અર્થ થઇ શકે છે.

જાતરૂપમય[1] એટલે કાંઈક શ્વેતવર્ણવાળા સુવર્ણમય છે, પાંદડાંઓ નીલવર્ણવાળા વૈડૂર્યરત્નમય છે, વૃંતો તપાવેલા સુવર્ણમય છે અને નવાંકુરો રક્તવર્ણવાળા સુવર્ણમય છે. ( ૧૩૯ ). ( **सो** ) તે જંબૂવૃક્ષ ( **रययमयपवालो** ) રજતમય પ્રવાલવાળો છે એટલે તેના નવા પલ્લવ-પાંદડાં રૂપામય છે. ( **रायययविडिमो** ) રૂપામય વિડિમ એટલે વચ્ચેની ઊર્ધ્વ શાખાવાળો છે. ( **य** ) તથા ( **रयणपुप्फफलो** ) વિવિધ રત્નમય પુષ્પવાળો અને ફળવાળો છે. ( **कोसदुगं** ) બે કોશ (**उव्वेहे**) ભૂમિમાં ઉંડો છે. તથા ( **थुड** ) થડ, ( **साहा** ) મુખ્ય શાખા અને ( **विडिम** ) વચ્ચેની ઊર્ધ્વ શાખાનો ( **विक्खंभो** ) વિષ્કંભ-જાડપણું બે કોશ છે. ( ૧૪૦ )

**थुडसाहविडिमदीह–त्ति गाउए अट्ठपणरचउवीसं ।**
**साहा सिरिसमभवणा, तम्माणसचेइअं विडिमं ॥१४१॥**

**અર્થ**:—( **थुड** ) થડ, ( **साह** ) મુખ્ય શાખાઓ અને ( **विडिम** ) ઊર્ધ્વ શાખાનું ( **दीहत्ति** ) દીર્ઘપણું-લંબાઈ અનુક્રમે ( **अट्ठ** ) આઠ, ( **पणर** ) પંદર અને ( **चउवीसं** ) ચોવીશ ( **गाउए** ) કોશ છે. એટલે કે થડ આઠ કોશ લાંબું છે, મુખ્ય શાખાઓ પંદર કોશ લાંબી છે અને ઊર્ધ્વ શાખા ચોવીશ કોશ લાંબી છે. તેમાં ( **साहा** ) ચાર દિશામાં નીકળેલી ચાર મુખ્ય શાખાઓ ( **सिरिसमभवणा** ) શ્રીદેવીના ભવનની જેવા ભવનવાળી છે, અને ( **तम्माणसचेइअं** ) તે જ પ્રમાણવાળા ચૈત્યગૃહ સહિત એટલે શ્રીગૃહની જેવા જિનભવનવડે સહિત ( **विडिमं** ) વચ્ચેની ઊર્ધ્વ શાખા છે. ( ૧૪૧ )

**पुव्विल्ल सिज्ज तिसु आ–सणाणि भवणेसु णाढिअसुरस्स ।**
**सा जंबू बारसवे–इआहि कमसो परिक्खित्ता ॥ १४२ ॥**

**અર્થ**:—( **पुव्विल्ल** ) પૂર્વ દિશાએ ગયેલી શાખાના ભવનને વિષે ( **णाढिअसुरस्स**) જંબૂદ્વીપનો અધિષ્ઠાયક દેવ જે અનાધૃતસુર તેની (**सिज्ज**) શય્યા છે અને બાકીના (**तिसु**) ત્રણ (**भवणेसु**) ભવનને વિષે તે જ દેવના (**आसणाणि**) આસનો છે. એટલે બેસવા માટે સિંહાસનો છે. વળી ( **सा जंबू** ) તે જંબૂવૃક્ષ ( **कमसो** ) અનુક્રમે ( **बारसवेइआहिं** ) બાર વેદિકાવડે ( **परिक्खित्ता** ) વીંટાયેલો છે. ( ૧૪૨ )

**दहपउमाणं जं वि–त्थरं तु तमिहावि जंबुरुक्खाणं ।**
**नवरं महयरियाणं, ठाणे इह अग्गमाहिसीओ ॥ १४३ ॥**

---

[1] ટીકામાં रौप्य લખ્યું છે અને જાતરૂપનો અર્થ कनक લખ્યો છે.

અર્થ—( तु ) પુનઃ વળી પહેલાં ( दहपउमाणं ) દ્રહના પદ્મોનો ( जं वित्थरं ) જે પરિવારરૂપ પદ્મોનો વિસ્તાર કહ્યો છે ( तं ) તે ( इहावि ) અહીં પણ ( जंबुरुक्खाणं ) જંબૂવૃક્ષોનો તે જ પ્રમાણે જાણવો એટલે કે—શ્રીદેવીના મુખ્ય પદ્મના પરિવારરૂપ બીજા પદ્મો કહ્યા છે તેજ રીતે આ મુખ્ય જંબૂવૃક્ષના પરિવારરૂપ બીજા નાના જંબૂવૃક્ષો જાણવા. ( नवरं ) વિશેષ એ છે કે—( महयरियाणं ) ત્યાં શ્રીદેવીના અધિકારમાં ચાર મહત્તરિકા કહી છે તેમને ( ठाणे ) ઠેકાણે ( इह ) અહીં ( अग्गमहिसीओ ) ચાર અગ્ર મહિષીઓ જાણવી. (૧૪૩).

**कोसदुसएहिं जंबू, चउद्दिसिं पुव्वसालसमभवणा ।**
**विदिसासु सेसतिसमा, चउवाविजुया य पासाया ॥१४४॥**

અર્થ—( जंबू ) જંબૂવૃક્ષની ( चउद्दिसिं ) ચારે દિશામાં ( कोसदुसएहिं ) બસો કોશ એટલે પચાસ યોજન દૂર જઈએ ત્યારે તે ઠેકાણે (पुव्वसालसमभवणा) પૂર્વદિશાની મુખ્ય શાખાપર રહેલા ભવનની જેવા ચાર ભવનો છે, અને (विदिसासु) ચારે વિદિશામાં તેટલે જ દૂર ( सेसतिसमा ) બાકીની ત્રણ દિશાની ત્રણ મુખ્ય શાખાઓ ઉપર રહેલા ભવનની જેવા ( य ) અને ( चउवाविजुया ) ચાર ચાર વાવોએ કરીને યુક્ત એવા ( पासाया ) પ્રાસાદો છે. એક એક વિદિશામાં એક એક હોવાથી ચાર પ્રાસાદો છે. તે બેસવા માટેના સિંહાસનોસહિત છે. તેની ફરતી વાવો એક કોશ લાંબી, અર્ધ કોશ પહોળી અને કોશના આઠમા ભાગ જેટલી ( અઢીસો ધનુષ ) ઉંડી છે. ( ૧૪૪ ).

**ताणंतरेसु अड जिण—कूडा तह सुरकुराइ अवरद्धे ।**
**रायपीढे सामलि—रुक्खो एमेव गरुलस्स ॥ १४५ ॥**

અર્થ—( ताण ) તે ચાર ભવન અને ચાર પ્રાસાદના ( अंतरेसु ) આઠ આંતરાને વિષે ( अड जिणकूडा ) જિનભવનો સહિત આઠ કૂટો છે. તે કૂટો મૂળમાં બાર યોજન વિસ્તારવાળા, ચાર યોજન શિખર પર વિસ્તારવાળા અને આઠ યોજન ઉંચા છે. ( तह ) તથા ( सुरकुराइ )દેવકુરૂના ( अवरद्धे ) પશ્ચિમાર્ધને વિષે ( रायपीढे ) રૂપામય પીઠ ઉપર ( गरुलस्स ) ગરૂડદેવનો ( सामलिरुक्खो ) શાલ્મલી નામનો વૃક્ષ છે તે પણ ( एमेव ) એ જ પ્રમાણે એટલે જંબૂવૃક્ષની જેવો જ પરિમાણ ને પરિવારવાળો છે. ( ૧૪૫. )

હવે મહાવિદેહના વિજયાદિકનું સ્વરૂપ કહે છે—

**बत्तीस सोल बारस, विजया वक्खार अंतरणईओ ।**
**मेरुवणाओ पुव्वा–वरासु कुलगिरिमहणयंता ॥ १४६ ॥**

**અર્થ**—( **बत्तीस** ) બત્રીશ, ( **सोल** ) સોળ અને ( **बारस** ) બાર આ સંખ્યાના ક્રમે કરીને ( **विजया** ) વિજયો, ( **वक्खार** ) વક્ષસ્કાર અને ( **अंतरणईओ** ) અંતરનદીઓ ( **मेरुवणाओ** ) મેરૂના ભદ્રશાલ વનથકી ( **पुव्वावरासु** ) પૂર્વ અને પશ્ચિમ દિશાને વિષે ( **कुलगिरिमहणयंता** ) કુલગિરિથી આરંભીને મહાનદી પર્યંત છે. એટલે કે—મેરૂના ભદ્રશાળ વનથી પૂર્વદિશામાં, નિષધ અને નીલવંત પર્વતથી આરંભીને શીતા નદી સુધી લાંબી આઠ આઠ વિજયો, ચાર ચાર વક્ષસ્કારો અને ત્રણ ત્રણ અંતરનદીઓ અનુક્રમે છે. અર્થાત્—મેરૂના વનથી પૂર્વ દિશામાં પ્રથમ બે વિજયો, પછી બે વક્ષસ્કાર, ફરી પાછા બે વિજય અને પછી બે અંતરનદીઓ, ફરીથી બે વિજય, ઇત્યાદિ ક્રમવડે સોળ વિજય, આઠ વક્ષસ્કાર અને છ અંતરનદીઓ છે. તેજ પ્રમાણે પશ્ચિમ દિશામાં પણ છે. તે બન્ને મળી બત્રીશ વિજય, સોળ વક્ષસ્કાર અને બાર અંતરનદીઓ છે. ( ૧૪૬ ).

હવે વિજયાદિકનું પહોળપણું કહે છે—

**विजयाण पिहुत्ति सग–ट्ठभाग बारुत्तरा दुवीससया ।**
**सेलाणं पंचसए, सवेइणइ पन्नवीससयं ॥ १४७ ॥**

**અર્થ:**—( **बारुत्तरा** ) બાર અધિક ( **दुवीससया** ) બાવીશ સો એટલે બાવીશસો ને બાર યોજન તથા ઉપર ( **सगट्ठभाग** ) આઠીયા સાત ભાગ ૨૨૧૨$\frac{7}{8}$ આટલું ( **विजयाण** ) દરેક વિજયનું ( **पिहुत्ति** ) પહોળપણું—વિસ્તાર છે. ( **सेलाणं** ) વક્ષસ્કાર પર્વતોનું ( **पंचसए** ) પાંચ સો ૫૦૦ યોજન પહોળપણું છે અને ( **सवेइणइ** ) અંતરનદીઓનું ( **पन्नवीससयं** ) એક સો ને પચીશ ૧૨૫ યોજન પહોળપણું છે. તે જાણવાનો ઉપાય આ પ્રમાણે છે.-મેરૂપર્વત અને ભદ્રશાલવનનું બે બાજુનું મળીને પૂર્વ-પશ્ચિમ પહોળાપણું ૫૪૦૦૦ યોજન છે એટલે ૫૪૦૦૦ યોજન પ્રમાણ ભૂમિ મેરૂ અને બે બાજુના વને મળીને રોકી છે. સોળ વિજયોનું મળીને પહોળાપણું ૩૫૪૦૬ યોજન છે, આઠ વક્ષસ્કાર પર્વતોનું મળીને પહોળાપણું ૪૦૦૦ યોજન છે, છ અંતરનદીઓનું મળીને પહોળાપણું ૭૫૦ યોજન છે, અને બે બાજુના-પૂર્વ ને પશ્ચિમના વનમુખનું પહોળાપણું ૫૮૪૪ યોજન છે. આ પાંચમાંથી જેનો વિષ્કંભ ( વિસ્તાર-પહોળાપણું ) કાઢવાની ( જાણવાની ) ઇચ્છા હોય તે સિવાય બાકીના ચારનો વિષ્કંભ એકઠો કરવો એટલે કે બાકીના ચારના પહોળપણાના જેટલા યોજનો ઉપર લખ્યા છે તેનો સરવાળો કરવો. જે અંક આવે તેને દ્વીપના ( એટલે અહીં જંબૂદ્વીપના વિષ્કંભમાંથી

( એટલે અહીં એક લાખમાંથી ) બાદ કરવા. જે શેષ રહે તેને ઇચ્છેલા અંકે ભાંગવા. જે આવે તે ઇષ્ટ વિષયનો ( સ્થાનનો ) વિષ્કંભ જાણવો. (૧૪૭).

**સ્થાપના:—**

| વિષ્કંભ લાવવાનાં સ્થાનો. | ઈષ્ટ સિવાયના સ્થાનનો વિષ્કંભ યોજન. | ચારેનો સરવાળો. | ઈષ્ટ સ્થાનનો વિષ્કંભ યોજન | ભાંગવાનો અંક. | ભાંગવાથી આવેલો ઈષ્ટ સ્થાનનો વિષ્કંભ યોજન. |
|---|---|---|---|---|---|
| ૧ મેરૂ પર્વત ભદ્રશાળવન સાથે | ૩૫૪૦૬–૪૦૦૦ ૭૫૦–૫૮૪૪ | ૪૬૦૦૦ | ૫૪૦૦૦ | ૧ | ૫૪૦૦૦ |
| ૨ સોળ વિજયો | ૫૪૦૦૦–૪૦૦૦ ૭૫૦–૫૮૪૪ | ૬૪૫૯૪ | ૩૫૪૦૬ | ૧૬ | ૨૨૧૨ ૭/૮ |
| ૩ આઠ વક્ષસ્કાર | ૫૪૦૦૦–૩૫૪૦૬ ૭૫૦–૫૮૪૪ | ૯૬૦૦૦ | ૪૦૦૦ | ૮ | ૫૦૦ |
| ૪ છ અંતરનદી | ૫૪૦૦૦–૩૫૪૦૬ ૪૦૦૦–૫૮૪૪ | ૯૯૨૫૦ | ૭૫૦ | ૬ | ૧૨૫ |
| ૫ બે વનમુખ | ૫૪૦૦૦–૩૫૪૦૬ ૪૦૦૦–૭૫૦ | ૯૪૧૫૬ | ૫૮૪૪ | ૨ | ૨૯૨૨ |
| | | | ૧૦૦૦૦૦ | | |

હવે વિજયાદિકનો આયામ ( લંબાઇ ) કહે છે—

**सोलससहस्स पणसय, बाणउआ तह य दो कलाओ य।**
**एएसिं सव्वेसिं, आयामो वणमुहाणं च ॥ १४८ ॥**

**અર્થ:**—( **सोलससहस्स** ) સોળ હજાર ( **पणसय** ) પાંચ સો ( **बाणउआ** ) બાણું યોજન ( **तह य** ) તથા વળી ઉપર ( **दो कलाओ य** ) બે કળા એટલે ઓગણીશીયા બે ભાગ. આટલો ( **आयामो** ) આયામ-લાંબપણું ( **एएसिं** ) આ ( **सव्वेसिं** ) સર્વનો એટલે દરેક વિજય, વક્ષસ્કાર અને અંતરનદીનો છે. ( **च** ) તથા વળી ( **वणमुहाणं** ) દરેક વનમુખનો પણ તેટલો જ આયામ છે એટલે શીતોદા અને શીતા નદીના પૂર્વ-પશ્ચિમ કિનારે જે ચાર વનમુખ છે તેનો પણ તેટલો જ વિસ્તાર છે. ( ૧૪૮ )

હવે વક્ષસ્કારનું ઉચ્ચત્વાદિક કહે છે—

**गयदंतगिरिव्वुच्चा, वक्खारा ताणमंतरणईणं ।**
**विजयाणं च भिहाणा–इँ मालवंता पयाहिणओ ॥१४९॥**

**અર્થઃ**—( **वक्खारा** ) વક્ષસ્કાર પર્વતો ( **गयदंतगिरिव्व** ) ગજદંત ગિરિની જેટલા ( **उच्चा** ) ઉંચા છે. જેમ ગજદંતગિરિ કુલગિરિની પાસે ચાર સો યોજન ઉંચા છે અને છેડે પાંચ સો યોજન ઉંચા છે તેમ આ વક્ષસ્કારગિરિઓ પણ કુલગિરિની સમીપે ચાર સો યોજન ઉંચા છે અને છેડે એટલે શીતોદા અને શીતા નદીની સમીપે પાંચ સો યોજન ઉંચા છે. તથા તેનું જાડપણું આદિ અને અંતમાં ( પ્રારંભે અને છેડે ) પાંચ સો યોજન જ છે. તથા ( **ताणं** ) તે ૧૬ વક્ષસ્કારનાં, ( **अंतरणईणं** ) બાર અંતરનદીઓનાં, ( **च** ) અને ( **विजयाणं** ) ૩૨ વિજયોનાં ( **भिहाणाइँ** ) નામો ( **मालवंता** ) માલ્યવંત નામના ગજદંત પર્વતથી શરૂ કરીને ( **पयाहिणओ** ) પ્રદક્ષિણાએ નીચે પ્રમાણે જાણવા. ( ૧૪૯ )

પ્રથમ ૧૬ વક્ષસ્કારનાં નામો કહે છે—

**चित्ते १ य बंभकूडे २, णलिणीकूडे ३ य एगसेले ४ य ।**
**तिउडे ५ वेसमणे ६ वि य, अंजण ७ मायंजणे ८ चेव ॥१५०॥**

**अंकावइ ९ पम्हावइ १०, आसीविस ११ तह सुहावहे १२ चंदे १३ ।**
**सूरे १४ णागे १५ देवे १६ सोलस वक्खारगिरिणामा ॥ १५१ ॥**

**અર્થ**:—( **चित्ते** ) ચિત્રકૂટ ૧, ( **य** ) અને ( **बंभकूडे** ) બ્રહ્મકૂટ ૨, ( **णलिणीकूडे** ) નલિનીકૂટ ૩, ( **य** ) અને ( **एगसेले** ) એકશૈલકૂટ ૪, ( **य** ) અને ( **तिउडे** ) ત્રિકૂટ ૫, ( **वेसमणे** ) વૈશ્રમણકૂટ ૬, ( **वि य** ) અપિ ચ–વળી ( **अंजण** ) અંજનકૂટ ૭, ( **मायंजणे** ) માતંજનકૂટ ૮, ( **चेव** ) નિશ્ચે ( **अंकावइ** ) અંકાપાતીકૂટ ૯, ( **पम्हावइ** ) પદ્મમાપાતીકૂટ ૧૦, ( **आसीविस** ) આશીવિષકૂટ ૧૧, ( **तह** ) તથા ( **सुहावहे** ) સુખાવહકૂટ ૧૨, ( **चंदे** ) ચંદ્રકૂટ ૧૩, ( **सूरे** ) સૂરકૂટ ૧૪ ( **णागे** ) નાગકૂટ ૧૫ અને ( **देवे** ) દેવકૂટ ૧૬. ( **सोलस** ) આ સોળ ( **वक्खारगिरिणामा** ) વક્ષસ્કાર પર્વતનાં નામો જાણવાં. ( ૧૫૦-૧૫૧ )

હવે અંતરનદીઓનાં નામ કહે છે—

**गाहावई १ दहवई २, वेगवई ३ तत्त ४ मत्त ५ उम्मत्ता ६ ।**
**खीरोय ७ सीयसोया ८ तह अंतोवाहिणी ९ चेव ॥ १५२ ॥**

**उम्मीमालिणि १० गंभी–रमालिणी ११ फेणमालिणी १२ चेव ।**
**सव्वत्थ वि दसजोयण–उंडा कुंडुब्भवा एया ॥ १५३ ॥**

અર્થ:—( **गाहावई** ) ગ્રાહવતી ૧, ( **दहवई** ) દ્રહવતી ૨, ( **वेगवई** ) વેગવતી ૩, ( **तत्त** ) તપ્તા ૪, ( **मत्त** ) મત્તા ૫, ( **उम्मत्ता** ) ઉન્મત્તા ૬, ( **खरोिय** ) ક્ષીરોદા ૭, ( **सीयसोया** ) શીતશ્રોતા ૮, ( **तह** ) તથા ( **अंतोवाहिणी** ) અંતર્વાહિની ૯, ( **चेव** ) નિશ્ચે ( **उम्मीमालिणि** ) ઊર્મિમાલિની ૧૦, ( **गंभीरमालिणी** ) ગંભીરમાલિની ૧૧ અને ( **फेणमालिणी** ) ફેનમાલિની ૧૨ ( **चेव** ) નિશ્ચે ( **एया** ) આ બાર નદીઓ ( **सव्वत्थ वि** ) સર્વ ઠેકાણે ( **दसजोयणउंडा** ) દશ યોજન ઉંડી છે. તથા ( **कुंडुब्भवा** ) નિષધ અને નીલવંતગિરિની પાસે રહેલા પોતપોતાની તુલ્ય નામવાળા કુંડમાંથી ઉત્પન્ન થયેલી–નીકળેલી છે. જેમ ગ્રાહવંત કુંડમાંથી ગ્રાહવતી નદી નીકળી છે ઇત્યાદિ. અહીં નદીઓની દેવીઓ, તેના દ્વીપો વિગેરે વિશેષ હકીકત રોહિતાંશા નદીની પ્રમાણે જાણવી. ( ૧૫૨–૧૫૩. )

હવે વિજયનાં નામો કહે છે—

**कच्छु १ सुकच्छो २ य महा–कच्छो ३ कच्छावई ४ तहा ।**
**आवत्तो ५ मंगलावत्तो ६, पुक्खलो ७ पुक्खलावई ८ ॥१५४॥**

**वच्छु ९ सुवच्छो १० य महा–वच्छो ११ वच्छावई १२ वि य ।**
**रम्मो १३ य रम्मओ १४ चेव, रमणी १५ मंगलावई १६ ॥ १५५ ॥**

**पम्हु १७ सुपम्हो १८ य महा–पम्हो १९ पम्हावई २० तओ ।**
**संखो २१ णलिणणामा २२ य, कुमुओ २३ णलिणावई २४॥१५६॥**

**वप्पु २५ सुवप्पो २६ अ महा–वप्पो २७ वप्पावइ २८ त्ति य ।**
**वग्गू २९ तहा सुवग्गू ३० य, गंधिलो ३१ गंधिलावई ३२ ॥१५७॥**

અર્થ:—( **कच्छु**[1] ) કચ્છ ૧, ( **सुकच्छो** ) સુકચ્છ ૨, ( **य** ) અને ( **महाकच्छो** ) મહાકચ્છ ૩, ( **कच्छावई** ) કચ્છવત્ ( કચ્છાવતી ) ૪, ( **तहा** ) તથા ( **आवत्तो** )

---

૧ ટીકામાં સર્વે નપુંસકલિંગે લખ્યા છે, પરંતુ ગુજરાતીમાં બધા નામો સ્ત્રીલિંગે વપરાય છે. જેમકે કચ્છા, સુકચ્છા, મહાકચ્છા, કચ્છાવતી વિગેરે.

આવર્ત ૫, (**मंगलावत्तो**) મંગલાવર્ત ૬, (**पुक्खलो**) પુષ્કલ ૭, (**पुक्खलावई**) પુષ્કલવત્ (પુષ્કલાવતી) (**वच्छु**) વચ્છ ૯, (**सुवच्छो**) સુવચ્છ ૧૦, (**य**) અને (**महावच्छो**) મહાવચ્છ ૧૧, (**वच्छावई**) વચ્છવત્ (વચ્છાવતી) ૧૨, (**वि य**) અપિ ચ-વળી (**रम्मो**) રમ્ય ૧૩, (**य**) અને (**रम्मओ**) રમ્યક ૧૪, (**चेव**) નિશ્ચે (**रमणी**) રમણીય ૧૫, (**मंगलावई**) મંગલાવત્ (મંગળાવતી) ૧૬, (**पम्हु**) પદ્મ ૧૭, (**सुपम्हो**) સુપદ્મ ૧૮, (**य**) અને (**महापम्हो**) મહાપદ્મ ૧૯, (**पम्हावई**) પદ્મવત્ (પદ્માવતી) ૨૦, (**तओ**) ત્યારપછી (**संखो**) શંખ ૨૧, (**णलिणणामा**) નલિન નામનું ૨૨, (**य**) અને (**कुमुओ**) કુમુદ ૨૩, (**णालिणावई**) નલિનવત્ (નલિનાવતી) ૨૪, (**वप्पु**) વપ્ર ૨૫, (**सुवप्पो**) સુવપ્ર ૨૬, (**अ**) અને (**महावप्पो**) મહાવપ્ર ૨૭, (**वप्पावइ त्ति**) વપ્રવત્ (વપ્રાવતી) એવે નામે ૨૮, (**य**) અને (**वग्गू**) વલ્ગુ ૨૯, (**तहा**) તથા (**सुवग्गू**) સુવલ્ગુ ૩૦, (**अ**) અને (**गंधिलो**) ગંધિલ ૩૧ અને (**गंधिलावई**) ગંધિલવત્ (ગંધિલાવતી) ૩૨. આ પ્રમાણે વિજયનાં નામો છે. (૧૫૪-૧૫૭)

**एए पुव्वावरगय-विअड्डदलिय त्ति णइदिसिदलेसु ।**
**भरहद्धपुरिसमाओ, इमेहिं णामेहिं णयरीओ ॥ १५८ ॥**

**અર્થ:**—(**एए**) આ કચ્છાદિક વિજયો (**पुव्वावरगय**) પૂર્વ અને પશ્ચિમ દિશામાં રહેલા એટલે પૂર્વ-પશ્ચિમ લાંબા અને વિજયની મધ્યમાં રહેલા (**विअड्डदलिय त्ति**) વૈતાઢ્ય પર્વતવડે દલરૂપ કરાયા છે એટલે ઉત્તરાર્ધ અને દક્ષિણાર્ધ એવા બે ખંડવાળા કરાયા છે તથા તેમાં રહેલી બે નદીઓવડે ભરતક્ષેત્રની જેમ છ ખંડવાળા થયા છે. (**णइदिसिदलेसु**) નદીદિશિના દલને વિષે એટલે શીતા ને શીતોદા તરફના દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધના મધ્યખંડને વિષે (**भरहद्धपुरिसमाओ**) ભરતાર્ધની એટલે દક્ષિણ ભરતાર્ધના મધ્ય ખંડમાં રહેલી અયોધ્યા નગરીની જેવી (**इमेहिं णामेहिं**) આ કહેવાશે એવા નામે કરીને (**णयरीओ**) નગરીઓ છે. (૧૫૮).

તે નગરીઓનાં નામ કહે છે—

**खेमा १ खेमपुरा २ वि अ, अरिट्ठ ३ रिट्ठावई ४ य णायव्वा ।**
**खग्गी ५ मंजूसा ६ वि य, ओसहिपुरि ७ पुंडरिगिणी ८ य॥१५९॥**

**सुसीमा ९ कुंडला १० चेव, अवराविअ ११ पहंकरा १२ ।**
**अंकावइ १३ पम्हावइ १४, सुभा १५ रयणसंचया १६ ॥१६०॥**

**आसपुरा १७ सीहपुरा १८, महापुरा १९ चेव हवइ विजयपुरा २० ।**
**अवराइया २१ य अवरा २२, असोगा २३ तह वीअसोगा २४ य॥१६१॥**

**विजया २५ य वेजयंती २६, जयंति २७ अपराजिया २८ य बोधव्वा ।**
**चक्कपुरा २९ खग्गपुरा ३०, होइ अवज्झा ३१ अउज्झा ३२ य ॥१६२॥**

**અર્થ**:—કચ્છા વિગેરે વિજયોમાં અનુક્રમે આ નામની નગરીઓ છે-( **खेमा** ) ક્ષેમા ૧, ( **खेमपुरा** ) ક્ષેમપુરા ૨, ( **वि अ** ) અપિ ચ-વળી ( **अरिट्ठ** ) અરિષ્ટા ૩, ( **य** ) અને ( **अरिट्ठावई** ) અરિષ્ટાવતી ૪, ( **णायव्वा** ) જાણવી. ( **खग्गी** ) ખડ્ગી ૫, ( **मंजूसा** ) મંજૂષા ૬, ( **वि य** ) અપિ ચ-વળી ( **ओसहिपुरि** ) ઔષધિપુરી ૭, ( **पुंडरिगिणी** ) પૌંડરીકિણી ૮, ( **य** ) અને ( **सुसीमा** ) સુસીમા ૯, ( **कुंडला** ) કુંડલા ૧૦, ( **चेव** ) નિશ્ચે ( **अवराविअ** ) અપરાવતી ૧૧, ( **पहंकरा** ) પ્રભંકરા ૧૨, ( **अंकावइ** ) અંકાવતી ૧૩, ( **पम्हावइ** ) પદ્મમાવતી ૧૪, ( **सुभा** ) શુભા ૧૫, ( **रयणसंचया** ) રત્નસંચયા ૧૬, ( **आसपुरा** ) અશ્વપુરા ૧૭, ( **सीहपुरा** ) સિંહપુરા ૧૮, ( **महापुरा** ) મહાપુરા ૧૯, ( **चेव** ) નિશ્ચે (**हवइ**) છે. ( **विजयपुरा** ) વિજયપુરા ૨૦, ( **अवराइआ** ) અપરાજિતા ૨૧, ( **य** ) અને (**अवरा**) અપરા ૨૨, ( **असोगा** ) અશોકા ૨૩, ( **तह** ) તથા ( **वीअसोगा** ) વીતશોકા ૨૪, ( **य** ) અને ( **विजया** ) વિજયા ૨૫, ( **य** ) અને ( **वेजयंती** ) વૈજયંતી ૨૬, ( **जयंति** ) જયંતી ૨૭, ( **अपराजिया** ) અપરાજિતા ૨૮, ( **य** ) અને (**बोधव्वा**) જાણવી. ( **चक्कपुरा** ) ચક્રપુરા ૨૯, ( **खग्गपुरा** ) ખડ્ગપુરા ૩૦, ( **होइ** ) છે. (**अवज्झा**) અવધ્યા ૩૧, ( **य** ) અને ( **अउज्झा** ) અયોધ્યા ૩૨. ઇતિ. ( ૧૫૯-૧૬૨ ).

હવે વિજયની નદીઓનું સ્વરૂપ કહે છે—

**कुंडुब्भवा उ गंगा-सिंधूओ कच्छपम्हपमुहेसु ।**
**अट्ठट्ठसु विजएसुं, सेसेसु य रत्तरत्तवई ॥ १६३ ॥**

**અર્થ**:—(**कुंडुब्भवा उ**) નિષધની સમીપે જે ૩૨ કુંડો છે તેમાંથી જ નીકળેલી (**गंगासिंधूओ**) ગંગા અને સિંધુ નામની નદીઓ (**कच्छपम्हपमुहेसु**) કચ્છપ્રમુખ અને પદ્મમપ્રમુખ ( **अट्ठट्ठसु** ) દક્ષિણ બાજુની આઠ આઠ એટલે કુલ ૧૬ ( **विजएसुं** ) વિજયોને વિષે હોય છે. ( **य** ) અને ( **सेसेसु** ) બાકીના એટલે વચ્છ વિગેરે આઠ અને વપ્ર વિગેરે આઠ કુલ ૧૬ ઉત્તર બાજુની વિજયોને વિષે (**रत्तरत्तवई**) રક્તા અને રક્તવતી નામની નદીઓ નીલવંત પાસેના ૩૨ કુંડોમાંથી નીકળેલી છે. આ સર્વ નદીઓ વૈતાઢ્યને ભેદીને શીતા અને શીતોદાને વિષે પ્રવેશ કરે છે-મળે છે. (૧૬૩).

હવે શીતા અને શીતોદાની બન્ને બાજુ મળીને ચાર વનમુખ છે, તે કહે છે—

**अविवक्खिऊण जगई सवेइवणमुहचउक्कपिहुलत्तं ।**
**गुणतीससय दुवीसा, णइंति गिरिअंति एगकला ॥१६४॥**

**અર્થ**:—( **जगई** ) જગતીની ( **अविवक्खिऊण** ) નહીં વિવક્ષા કરીને એટલે જગતીના આઠ યોજન જુદા ગણ્યા વિના-અર્થાત્ તેને ભેળા ગણીને ( **सवेइ** ) વેદિકાસહિત (**वणमुहचउक्क**) ચારે વનમુખનું (**पिहुलत्तं**) પહોળાપણું (**गुणतीससय**) ઓગણત્રીશ સો ને ( **दुवीसा** ) બાવીશ ૨૯૨૨ યોજન ( **णइंति** ) નદીની પાસે છે. અને ત્યાંથી ઓછું ઓછું થતાં છેડે (**गिरिअंति**) નિષધ અને નીલવંત ગિરિની પાસે ( **एगकला** ) એકજ કળા પહોળાપણું છે.

હવે આ વનમુખનો વિષ્કંભ ( પહોળાપણું ) લાવવાનું કરણ ( રીત ) બતાવે છે.-કુલગિરિથી નદી તરફ જનાર મનુષ્ય જે ઠેકાણે વનમુખનો વિષ્કંભ જાણવાને ઈચ્છે, તે ઠેકાણે કુલગિરિથી જેટલા યોજનાદિક તે આવ્યો હોય તે યોજનાદિકના અંકને (યોજનને ૧૯ વડે ગુણી ઉપર કળા હોય તે તેમાં ભેળવવી.) વનમુખના અંત્ય વિસ્તારના અંકવડે એટલે ૨૯૨૨ વડે ગુણવો. પછી વનની કુલ લંબાઈ જે ૧૬૫૯૨ યોજન અને ૨ કળા છે, તેને સવર્ણ કરવા એટલે કે યોજનની સંખ્યાને ૧૯ વડે ગુણી તેમાં ઉપરની બે કળા નાંખવી. તેમ કરવાથી કુલ કળા ૩૧૫૨૫૦ થાય છે. તે વડે ઉપરના ગુણાકાર કરેલા અંકનો ભાંગાકાર કરવો. ભાગમાં જે આવે તેટલા યોજન અને બાકી શેષ રહે તે કળા સમજવી. આટલો ઇષ્ટ સ્થાનનો વિષ્કંભ જાણવો.

જેમકે-કુલગિરિથી ૧૬૫૯૨ યોજન અને ૨ કળા જઇએ ત્યારે વનમુખનો વિષ્કંભ કેટલો હોય ? તે જાણવું છે માટે તે યોજનના અંકને ૧૯ વડે ગુણતાં ૩૧૫૨૪૮ થાય તેમાં ઉપરની ૨ કળા નાખવાથી ૩૧૫૨૫૦ થાય. તેને ૨૯૨૨ વડે ગુણતાં ૯૨૧૧૬૦૫૦૦ થાય. તેને વનની કુલ લંબાઇની જે કળા ૩૧૫૨૫૦ કરી છે તે વડે ભાંગતાં ભાગમાં ૨૯૨૨ આવે છે બાકી શેષ શૂન્ય રહે છે તેથી નદી પાસે આવેલા વનમુખનો વિષ્કંભ ૨૯૨૨ યોજનનો છે એમ સિદ્ધ થયું. એ જ પ્રમાણે સર્વત્ર જાણવું.

જેમકે કુલગિરિથી ૧૦૦ યોજન જઇએ ત્યારે તેનો વિષ્કંભ કેટલો હોય ? તે જાણવું હોય તો ૧૦૦ ને ૧૯ વડે ગુણતાં ૧૯૦૦ કળા થઇ. તેને ૨૯૨૨ વડે ગુણતાં ૫૫૫૧૮૦૦ થયા. તેને વનની કુલ લંબાઈની કળા ૩૧૫૨૫૦ વડે ભાંગતાં ૧૭ યોજન અને ઉપર અર્ધ યોજનથી પણ વધારે વિષ્કંભ આવે છે. તે જાણી લેવું. ( ૧૬૪ ).

હવે વિજયાદિકનો વિસ્તાર એકત્ર કરતાં લાખ યોજનપૂર્ણ થાય છે તે કહે છે—

**पणतीस सहस चउ सय, छडुत्तरा सयलविजयविक्खंभो ।**
**वणमुहदुगविक्खंभो, अडवण्ण सया य चोयाला ॥१६५॥**
**सग सय पण्णासा णइ–पिहुत्ति चउवण्ण सहस मेरुवणे ।**
**गिरिवित्थरि चउ सहसा, सव्वसमासो हवइ लक्खं ॥१६६॥**

**અર્થ:**—( **पणतीस** ) પાંત્રીશ ( **सहस** ) હજાર ( **चउ** ) ચાર ( **सय** ) સો અને ( **छडुत्तरा** ) ઉપર છ એટલા યોજન ( **सयल** ) સમગ્ર એટલે એક બાજુની સોળ ( **विजय** ) વિજયોનો મળીને ( **विक्खंभो** ) વિસ્તાર છે, તથા ( **वणमुहदुग** ) બે બાજુના ( પૂર્વ ને પશ્ચિમના ) વનમુખનો ( **विक्खंभो** ) વિસ્તાર ( **अडवण्ण** ) અઠ્ઠાવન ( **सया** ) સો (य) અને (**चोयाला**) ચુમાળીશ યોજન છે, તથા (**सग सय**) સાત સો અને ( **पण्णासा** ) પચાસ યોજન ( **णइपिहुत्ति** ) છ અંતરનદીનો વિસ્તાર છે, તથા ( **चउवण्ण** ) ચોપન ( **सहस** ) હજાર યોજન ( **मेरुवणे** ) મેરૂ અને ભદ્રશાળ વનનો વિસ્તાર છે, તથા ( **गिरिवित्थरि** ) આઠ વક્ષસ્કાર ગિરિનો વિસ્તાર ( **चउ सहसा** ) ચાર હજાર યોજન છે. ( **सव्वसमासो** ) એ સર્વને એકઠા કરવાથી ( **लक्खं** ) પરિપૂર્ણ એક લાખ યોજન ( **हवइ** ) થાય છે. ( ૧૬૫-૧૬૬ )

**સ્થાપના:—**

| | | | |
|---|---|---|---|
| સોળ વિજયનો વિષ્કંભ | — | ૩૫૪૦૬ | યોજન |
| બે વનમુખનો વિષ્કંભ | — | ૫૮૪૪ | ” |
| છ અંતરનદીનો વિષ્કંભ | — | ૭૫૦ | ” |
| મેરૂનો વિષ્કંભ | — | ૧૦૦૦૦ | ” |
| બે બાજુના ભદ્રશાળ વનનો વિષ્કંભ | — | ૪૪૦૦૦ | ” |
| આઠ વક્ષસ્કાર ગિરિ વિષ્કંભ | — | ૪૦૦૦ | ” |
| સર્વ અંકનો સરવાળો | ... ... | ૧૦૦૦૦૦ | યોજન. |

હવે અધોગ્રામ ક્યાં છે તે કહે છે:—

**[५]जोअणसयदसगंते, [२]समधरणीओ [४]अहो [६]अहोगामा ।**
**[३]बायालीससहसेहिं, गंतुं [१]मेरुस्स पच्छिमओ ॥ १६७ ॥**

**અર્થ**—( **मेरुस्स** ) મેરૂપર્વતની ( **पच्छिमओ** ) પશ્ચિમ દિશાએ ( **समधरणीओ** ) સમભૂતલા પૃથ્વીથી ( **बायांलीससहसेहिं** ) બેંતાળીશ હજાર યોજન ( **गंतुं** )

જઈએ ત્યારે ( **अहो** ) નીચે ( **जोअणसयदसगंते** ) દશ સો યોજનને અંતે એટલે એક હજાર યોજન ઉંડા જઈએ તે ઠેકાણે ( **अहोगामा** ) અધોગ્રામ આવે છે.

**ભાવાર્થ**—મેરૂપર્વતથી પશ્ચિમ તરફ સમભૂતલાથી અનુક્રમે માત્રાએ માત્રાએ ભૂમિ નીચી નીચી થતી જાય છે, તે ૪૨૦૦૦ યોજન જઈએ ત્યારે ત્યાં સમભૂતલાની અપેક્ષાએ ૧૦૦૦ યોજન ઉંડાપણું નીચાણ આવે છે. તે ઠેકાણે જે ગામો છે તે અધોગ્રામ કહેવાય છે. ( જંબૂદ્વીપના લાખ યોજનમાંથી મેરૂના દશ હજાર યોજન બાદ કરતાં ૯૦૦૦૦ રહે તેના અર્ધ એટલે ૪૫૦૦૦ યોજન બંને બાજુ છે તેમાંથી વનમુખના ૨૯૨૨ યોજન બાદ કરતાં ૪૨૦૭૮ યોજન રહે છે તે સ્થાને એક હજાર યોજન ઉંડાઇ સમજવી.) હવે સમભૂતલાથી ઉંચે અને નીચે નવ સો નવ સો યોજન સુધી તિર્યગ્લોક છે. તે નવ સો યોજનની ઉપરનો ભાગ તે ઊર્ધ્વલોક અને નવ સો યોજનથી નીચેનો ભાગ તે અધોલોક કહેવાય છે, તેથી એક હજાર યોજન નીચે જઈએ ત્યારે જે ગામો આવે તે અધોગ્રામ કહેવાય છે. (૧૬૭.)

હવે મહાવિદેહક્ષેત્ર વિગેરેમાં તીર્થંકરાદિકની ઉત્પત્તિ વિષે કહે છે—

**चउ चउतीसं च जिणा, जहण्णमुक्कोसओ अ हुंति कमा ।**
**हरिचक्किबला चउरो तीसं पत्तेअमिह दीवे ॥ १६८ ॥**

**અર્થ**:—( **इह दीवे** ) આ જંબૂદ્વીપ નામના દ્વીપને વિષે ( **जहण्णं** ) જઘન્યથી ( **अ** ) અને ( **उक्कोसओ** ) ઉત્કૃષ્ટથી ( **कमा** ) અનુક્રમે ( **चउ** ) ચાર ( **च** ) અને ( **चउतीसं** ) ચોત્રીશ ( **जिणा** ) તીર્થંકરો ( **हुंति** ) હોય છે. એટલે કે આ જંબૂદ્વીપમાં જઘન્યથી ચાર અને ઉત્કૃષ્ટથી ચોત્રીશ તીર્થંકરો હોય છે, કેમકે બત્રીશ વિજય અને ભરત તથા ઐરવત એ ચોત્રીશ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટકાળે એક એક તીર્થંકર હોઈ શકે છે તેથી તે વખતે ચોત્રીશ હોય છે; તથા ( **हरि** ) વાસુદેવ, ( **चक्कि** ) ચક્રવર્તી અને ( **बला** ) બળદેવ ( **पत्तेअं** ) તે દરેક દરેક ( **चउरो** ) જઘન્યથી ચાર ચાર અને ઉત્કૃષ્ટથી ( **तीसं** ) ત્રીશ ત્રીશ હોય છે. અહીં કોઈ શંકા કરે કે—ચક્રી અને વાસુદેવ[1] ઉત્કૃષ્ટથી ચોત્રીશ ચોત્રીશ કેમ ન હોય ? ઉત્તર—જે ક્ષેત્રમાં જે વખતે ચક્રવર્તી હોય તે ક્ષેત્રમાં તે વખતે વાસુદેવો હોતા નથી એમ નિશ્ચય છે, અને જઘન્યથી ચાર ચાર ચક્રવર્તી અને વાસુદેવ હોય છે, એમ કહી ગયા છીએ તેથી જે ક્ષેત્રોમાં જે વખતે ચાર ચક્રવર્તીઓ હોય તે ક્ષેત્રોમાં તે વખતે વાસુદેવો હોય નહીં. તે સિવાયના ક્ષેત્રોમાં ૩૦ વાસુદેવ હોય અને જે ચાર ક્ષેત્રમાં વાસુદેવો હોય તેમાં ચક્રવર્તીઓ હોય નહીં, તે સિવાયના ૩૦ ક્ષેત્રોમાં ચક્રવર્તી હોય. તેથી ઉત્કૃષ્ટપણે પણ ચક્રીઓ ને વાસુદેવો ત્રીશ ત્રીશ જ હોય, એમ જે કહ્યું છે તે બરાબર છે. (૧૬૮). અહીં ક્ષેત્ર શબ્દે મહાવિદેહની ૩૨ વિજય અને ભરત તથા ઐરવત મળી ૩૪ ક્ષેત્ર સમજવા.

૧ બળદેવ પણ સમજી લેવા

હવે ચંદ્ર અને સૂર્યનું [1]ચારક્ષેત્ર કહે છે.

**ससिदुगरविदुगचारो, इह दीवे तेसिं चारखित्तं तु ।**
**पण सय दसुत्तराइं, इगसट्ठि हाया (भागा) य अडयाला ॥१६९॥**

**અર્થઃ**—(**ससिदुग**) બે ચંદ્ર અને (**रविदुग**) બે સૂર્યનો (**चारो**) ચાર-ચાલવું તે (**इह दीवे**) આ જંબૂદ્વીપને વિષે (લવણસમુદ્ર ઉપરનું મળીને) (**तु**) તુ પુનઃ—તથા વળી (**तेसि**) તે ચંદ્ર-સૂર્યનું (**चारखित्तं**) ચાલવાનું-ગતિ કરવાનું જવા-આવવાનું મળીને ક્ષેત્ર આટલું છે,—(**पण सय**) પાંચ સો અને (**दसुत्तराइं**) ઉપર દશ એટલે ૫૧૦ યોજન (**य**) અને (**अडयाला**) અડતાળીશ (**इगसट्ठि हाया-भागा**) એકસઠીયા ભાગ એટલે એક યોજનના એકસઠ ભાગ કરવા તેમાંથી અડતાળીશ ભાગ. આટલું—૫૧૦$\frac{48}{61}$ ચંદ્રસૂર્યનું ચારક્ષેત્ર છે. (૧૬૯). (જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન છે અને તે પણ સમુદ્ર ઉપર ૩૩૦$\frac{48}{61}$ યોજન છે. કુલ ૫૧૦$\frac{48}{61}$ યોજન છે.)

હવે તે ચંદ્ર-સૂર્યના મંડળોની સંખ્યા અને તેમનું પ્રમાણ કહે છે-

**पणरस चुलसीइसयं, छप्पणडयालभागमाणाइं ।**
**ससिसूरमंडलाइं, तयंतराणिगिगहीणाइं ॥ १७० ॥**

**અર્થઃ**—(**ससि**) ચંદ્ર અને (**सूर**) સૂર્યનાં (**मंडलाइं**) માંડલા અનુક્રમે (**पणरस**) પંદર અને (**चुलसीइसयं**) એક સો ચોરાશી છે એટલે કે ચંદ્રનાં માંડલા પંદર છે અને સૂર્યનાં માંડલા ૧૮૪ છે. તે (**छप्पण्ण**) છપ્પન અને (**अडयालभाग**) અડતાળીશ ભાગ (**माणाइं**) પ્રમાણવાળાં છે એટલે કે ચંદ્રનાં મંડળ એકસઠીયા છપ્પન ભાગ $\frac{56}{61}$ પ્રમાણવાળાં છે અને સૂર્યના મંડળ એકસઠીયા અડતાળીશ ભાગ $\frac{48}{61}$ પ્રમાણવાળાં છે. તથા (**तयंतराणि**) તે સર્વ માંડલાના આંતરા (**इगिगहीणाइं**) એક એક ઓછા છે એટલે કે પંદર માંડલાના આંતરા ચૌદ થાય છે અને ૧૮૪ માંડલાના આંતરા ૧૮૩ થાય છે. મંડળને આકારે (ગોળ) આકાશમાં ચાલતા એવા ચંદ્ર અને સૂર્યના વિમાનોએ અનુક્રમે $\frac{56}{61}$ અને $\frac{48}{61}$ પ્રમાણ ક્ષેત્રનો વિભાગ રોકેલો હોય છે-તેટલી જગ્યા તેણે રોકેલી હોય છે, તેનું નામ જ માંડલા કહેવાય છે. (૧૭૦)

હવે એક માંડલાથી બીજા માંડલા સુધીમાં વચ્ચે કેટલું અંતર હોય છે? તે કહે છેઃ—

**पणतीसजोअणे भाग-तीस चउरो अ भाग सगहा(भा)या ।**
**अंतरमाणं ससिणो, रविणो पुण जोअणे दुण्णि ॥ १७१ ॥**

---

૧ ચાલવાનું-ગતિ કરવાનું ક્ષેત્ર.

**અર્થ**:—( **पणतीस** ) પાંત્રીશ ( **जोअणे** ) યોજન અને ( **भागतीस** ) એકસઠીયા ત્રીશ ભાગ ( **अ** ) તથા ( **भागसगहाया** ) એક ભાગના સાત ભાગ કરીએ તેવા ( **चउरो** ) ચાર ભાગ યોજન ૩૫-$\frac{૩૦}{૬૧}$-$\frac{૪}{૭}$ આટલું ( **ससिणो** ) ચંદ્રનું ( **अंतरमाणं** ) અંતરનું માન છે એટલે ચંદ્રના એક માંડલાથી બીજા માંડલા સુધી વચ્ચેનું અંતર છે. ( **पुण** ) તથા વળી ( **रविणो** ) સૂર્યનું એટલે સૂર્યના એક મંડળથી બીજા મંડળ વચ્ચેનું અંતર (**दुण्णि**) બે (**जोअणे**) યોજન છે.

આ અંતર જાણવાનું કરણ આ પ્રમાણે છે, જેટલા માંડલા હોય તેટલી સંખ્યાને તે માંડલાના પરિમાણ ( પ્રમાણ )વડે ગુણવી. પછી તેને એકસઠે ભાગ દેવો. જે લાધે તેને મૂળ રાશિમાંથી ( ચારક્ષેત્રમાંથી ) બાદ કરવા. જે શેષ રહે તેને માંડલાની સંખ્યામાંથી એક ઓછા એવા આંતરાવડે ભાંગવા. જે ભાગમાં આવે તે યોજન જાણવા. જે શેષ રહે તેને એકસઠે ગુણવા. તેમાં ઉપરની રાશિના જે અંશ હોય તે નાંખવા. પછી ફરીથી તેને આંતરાવડે ભાંગવા. જે ભાગમાં આવે તે અંશ. જે બાકી રહે તેને સાતે ગુણવા. પછી તેને આંતરાવડે ભાગવા. જે ભાગમાં આવે તે પ્રતિઅંશ. આ પ્રમાણે દરેક આંતરા વચ્ચેનું અંતર જાણવું.

જેમકે—ચંદ્રના માંડલાનું અંતર કાઢવું છે. ચંદ્રના માંડલા ૧૫ છે, તેને માંડલાના પ્રમાણભૂત ૫૬ ભાગવડે ગુણીએ, ત્યારે ૮૪૦ થાય. તેને ૬૧ વડે ભાંગવાથી ભાગમાં ૧૩ આવે. બાકી એકસઠીયા ૪૭ અંશ શેષ રહે ૧૩$\frac{૪૭}{૬૧}$, તેને મૂળ રાશિમાંથી ( ચારક્ષેત્રમાંથી ) એટલે ૫૧૦$\frac{૪૮}{૬૧}$ માંથી બાદ કરીએ ત્યારે ૪૯૭$\frac{૧}{૬૧}$ રહે. હવે આ ૪૯૭$\frac{૧}{૬૧}$ ને માંડલાની સંખ્યા પંદરમાંથી એક બાદ કરતાં જે ચૌદ આંતરા છે તે ૧૪ વડે ભાંગવા. તો ભાગમાં ૩૫ યોજન આવ્યા. બાકી ૭ રહ્યા. તેને અંશ કરવા માટે ૬૧ વડે ગુણતાં ૪૨૭ થાય તેમાં ઉપરનો ૧ અંશ ઉમેરવાથી ૪૨૮ થયા. તેને ફરીથી ચૌદ આંતરાવડે ભાંગતાં ભાગમાં ૩૦ આવે. ( તે અંશ થયા એટલે $\frac{૩૦}{૬૧}$ થયા. ) બાકી ૮ વધે છે તેને સાતે ગુણતાં ૫૬ થાય. તેને પાછા ચૌદ આંતરાએ ભાંગતાં ભાગમાં ૪ આવે છે તેથી $\frac{૪}{૭}$ પ્રતિઅંશ થયા. આ પ્રમાણે એટલે ૩૫ યોજન, એકસઠીયા ૩૦ અંશ અને સાતીયા ૪ પ્રતિઅંશ ૩૫$\frac{૩૦}{૬૧}$ $\frac{૪}{૭}$ આટલું ચંદ્રના દરેક માંડલા વચ્ચેનું અંતર છે.

એ જ રીતે સૂર્યના માંડલાનું અંતર કાઢવું. તે આ પ્રમાણે—સૂર્યના માંડલા ૧૮૪ છે. એક એક માંડલાનું પરિમાણ એકસઠીયા ૪૮ ભાગનું છે તેથી ૧૮૪ ને ૪૮ વડે ગુણતાં ૮૮૩૨ ભાગ થાય. તેને ૬૧ વડે ભાંગતાં ભાગમાં ૧૪૪ યોજન આવે બાકી ૪૮ અંશ વધે. હવે ચાર ક્ષેત્રની મૂળ રાશિ ૫૧૦ યોજન અને ૪૮ અંશ છે તેમાંથી ૧૪૪ યોજન અને ૪૮ અંશ બાદ કરીએ ત્યારે ૩૬૬ યોજન રહે તેને ૧૮૪ માંથી એક ઓછા એવા ૧૮૩ આંતરાવડે ભાગ દેતાં ભાગમાં બરાબર

બે યોજન આવે છે. શેષ કાંઈ રહેતું નથી, તેથી સૂર્યના દરેક માંડલા વચ્ચે બબે યોજનનું અંતર છે એમ જાણવું. (૧૭૧)

હવે જંબૂદ્વીપની અંદર અને લવણસમુદ્રની અંદર ચંદ્ર અને સૂર્યની ગતિ કહે છે:—

**दीवंतो असिअसए, पण पणसट्ठी अ मंडला तेसिं ।**
**तीसहिअतिसय लवणे, दसिगुणवीसं सयं कमसो ॥१७२॥**

**અર્થ**:—( **कमसो** ) અનુક્રમે ( **तेसिं** ) તે ચંદ્ર અને સૂર્યના માંડલામાંથી ( **दीवंतो** ) જંબૂદ્વીપની અંદર ( **असिअसए** ) એક સો ને એંશી યોજન પ્રમાણ ક્ષેત્રને વિષે ( **पण** ) ચંદ્રના પાંચ માંડલા ( **अ** ) અને સૂર્યના ( **पणसट्ठी** ) પાંસઠ ( **मंडला** ) માંડલા હોય છે. તથા ( **लवणे** ) લવણસમુદ્રમાં ( **तीसहियतिसय** ) ત્રણ સોને ત્રીશ યોજન પ્રમાણ ક્ષેત્રને વિષે ( **दस** ) ચંદ્રના દશ માંડલા અને સૂર્યના ( **इगुणवीसं सयं** ) એક સો ને ઓગણીશ માંડલા હોય છે. તેટલા ક્ષેત્રમાં તેઓ ગતિ કરે છે. (૧૭૨) લવણ સમુદ્રમાં ૩૩૦ યોજન ઉપરાંત $\frac{૪૬}{૬૧}$ ભાગ જેટલું ગમન છે તે અલ્પ હોવાથી જણાવેલ નથી.

હવે બે ચંદ્ર અને બે સૂર્યનું પરસ્પર અંતર કહે છે—

**ससिससिरविरवि अंतरि, मज्झे इगलक्खु तिसय साट्ठूणो ।**
**साहिअदुसयरिपणचइ–बहि लक्खो छसय साठहिओ ॥१७३॥**

**અર્થ**:—( **मज्झे** ) સર્વ આભ્યંતર મંડલમાં વર્તતા ( **ससिससि** ) એક ચંદ્રથી બીજા ચંદ્રની વચ્ચે તથા ( **रविरवि** ) એક સૂર્યથી બીજા સૂર્યની વચ્ચે ( **अंतरि** ) આંતરૂં ( **तिसय साट्ठूणो** ) ત્રણ સો ને સાઠ ઊણા ( **इगलक्खु** ) એક લાખ યોજન છે એટલે કે ૯૯૬૪૦ યોજનનું અંતર છે. ત્યારપછી ( **साहिअ** ) સાધિક–અધિકસહિત ( **दुसयरि** ) બહોંતેર યોજન ( ઝાઝેરી ) અને ( **पण** ) પાંચ યોજન ( ઝાઝેરી ) ( **चइ** ) વૃદ્ધિ થાય છે. એટલે કે ચંદ્રના માંડલામાં દરેક માંડલે ૭૨ યોજન અને એકસઠીયા પર ભાગ ૭૨$\frac{૫૨}{૬૧}$ લગભગ અંતરની વૃદ્ધિ થાય છે અને સૂર્યના માંડલાને વિષે દરેક માંડલે ૫$\frac{૩૫}{૬૧}$ આટલી અંતરની વૃદ્ધિ થાય છે. તથા ( **बहि** ) બાહ્યમંડલને વિષે વર્તતા બે ચંદ્ર અને બે સૂર્યનું પરસ્પર અંતર ( **लक्खो** ) એક લાખ, ( **छसय** ) છ સો અને ( **साठहिओ** ) સાઠ અધિક ૧૦૦૬૬૦ યોજનનું છે. બે ચંદ્રનું અંતર $\frac{૧૬}{૬૧}$ યોજન ઓછું છે તે અલ્પ હોવાથી જણાવેલા નથી.

**વિસ્તરાર્થ**:—એક ચંદ્ર અને સૂર્ય નિષધ પર્વતે સર્વ આભ્યંતર મંડલે ઉદય પામે અને બીજો ચંદ્ર અને સૂર્ય નીલવંત પર્વતે સર્વ આભ્યંતર મંડલે

ઉદય પામે છે. તે માંડલા પૂર્વ સમુદ્રથી જંબૂદ્વીપની અંદર ૧૮૦ યોજનપ્રમાણ ક્ષેત્રમાં છે અને પશ્ચિમ દિશાના સર્વ આભ્યંતર માંડલાઓ પણ ૧૮૦ યોજન-પ્રમાણ ક્ષેત્રમાં છે. બન્ને મળી ૩૬૦ યોજન થાય, તે લાખ યોજનમાંથી બાદ કરતાં ૯૯૬૪૦ યોજન બે ચંદ્રમંડલ અને બે સૂર્યમંડલનું પરસ્પર પૂર્વ-પશ્ચિમ સર્વ આભ્યંતર મંડલે અંતર જાણવું. તે જ પ્રમાણે પૂર્વ લવણસમુદ્રમાં સર્વ બાહ્યમંડલ ૩૩૦ યોજન છે અને પશ્ચિમ સમુદ્રમાં પણ તે જ પ્રમાણે ૩૩૦ યોજન છે તે બન્ને મળીને ૬૬૦ યોજન થાય, તે લાખ યોજનમાં ભેળવવાથી ૧૦૦૬૬૦ યોજન પરસ્પર આંતરૂં થાય છે.

ચંદ્રના ૧૫ મંડલના ૧૪ આંતરા છે દરેક આંતરૂં એક બાજુ ૩૫ ૩૦/૬૧ ૪/૭ પ્રમાણ છે તેને બમણા કરતાં ૭૧-૦-૧/૭ થાય તેમાં ચંદ્રના બે માંડલાના મળીને યોજન ૧ ને ૫૧/૬૧ ભેળવતાં ૭૨ યો. ૫૧/૬૧ ૧/૭ થાય. તેમાંના ૭૨ યોજનને ૧૪ વડે ગુણતાં ૧૦૦૮ યોજન થાય. ઉપર એકસઠીયા ૫૧ ભાગ છે તેને પણ ૧૪ વડે ગુણતાં ૭૧૪ ભાગ થાય તેના યોજન કરવા માટે ૬૧ વડે ભાંગતાં ૧૧ યોજન અને ૪૩ ભાગ વધે, તેમાં ચુરણીયા એક ભાગને ૧૪ વડે ગુણી ૭ વડે ભાંગતા ૨/૬૧ ભાગ આવે તે ભેળવતાં ૪૫/૬૧ થયા તે ૧૦૧૯ યોજન ને ૪૫/૬૧ ભાગમાં ચંદ્રના છેલા બે મંડળના યો. ૧ ૫૧/૬૧ ભેળવતાં ૧૦૨૦ ૯૬/૬૧ ભાગ થયા એટલું બંને બાજુનું મળીને ચારક્ષેત્ર છે. તેને પહેલા આંતરાના ૯૯૬૪૦ યોજનમાં ભેળવતાં ૧૦૦૬૬૦ યોજનને ૯૬/૬૧ ભાગ થાય.

સૂર્યના મંડલ ૧૮૪ છે તેના આંતરા ૧૮૩ છે. તેને પાંચ યોજન અને ૩૫ ભાગે ગુણવા છે તેથી પ્રથમ ૧૮૩ ને પાંચે ગુણતાં ૯૧૫ યોજન થયા. પછી ૩૫ ભાગને ૧૮૩ વડે ગુણતાં ૬૪૦૫ ભાગ થયા. તેના યોજન કરવા માટે ૬૧ વડે ભાંગતાં પૂરેપૂરા ૧૦૫ યોજન થયા. તે ૯૧૫ માં ઉમેરતાં ૧૦૨૦ યોજન થયા. તે ૯૯૬૪૦ માં ભેળવતાં ૧૦૦૬૬૦ ઉપર બતાવ્યા પ્રમાણે થયા. (૧૭૩) ( આ ગુણાકાર સૂર્યના બે માંડલા ને બે આંતરા મળીને થયેલા ૫ ૩૫/૬૧ યોજન સાથે કરવામાં આવેલો છે. સૂર્યના છેલા બે માંડલાના ૯૬/૬૧ જુદા ગણવાના છે. )

હવે ચંદ્રની દરેક મંડલે મુહૂર્ત્તગતિ કહે છે—

**साहिअ पणसहस तिहुत्तराइं, ससिणो मुहुत्तगइ मज्झे ।**
**बावण्णाहिआ सा बहि, पइमंडल पउणचउवुड्ढी ॥ १७४ ॥**

**અર્થ**:—( **मज्झे** ) મધ્યમંડળે એટલે નિષધ પર્વત ઉપરના સર્વ આભ્યંતર મંડલને વિષે રહેલા ( ઉગતા )(**ससिणो**) ચંદ્રની ( **मुहुत्तगइ** ) એક મુહૂર્ત્તમાં ગતિ ( **साहिअ** ) સાધિક-અધિકસહિત ( **पणसहस** ) પાંચ હજાર (**तिहुत्तराइं**) તોંતેર ઉપર એટલા યોજનની છે એટલે કે ૫૦૭૩ ૨૯/૬૦ અથવા ૫૦૭૩ ૭૭૪૪/૧૩૭૨૫ આટલા યોજન એક મુહૂર્ત્તે આભ્યંતર મંડળે ચંદ્રની ગતિ છે. ( **सा** ) તે જ ગતિ ( **बहि** ) બાહ્ય

મંડળને વિષે ( **बावण्णहिआ** ) બાવન યોજનઅધિક જાણવી એટલે કે ૫૦૭૩ માં ૫૨ ભેળવવા. તેથી ૫૧૨૫$\frac{૬૯૯૦}{૧૩૭૨૫}$ આટલા યોજનની થાય છે, કેમકે ( **पइमंडल** ) બીજે, ત્રીજે એમ દરેક મંડળે ( **पउणचउवुड्ढी** ) પોણાચાર પોણાચાર યોજન લગભગ વૃદ્ધિ થાય છે. એટલે કે બીજા મંડળથી ચૌદે મંડળમાં પોણાચાર પોણાચાર વધારવાના છે તેથી ચૌદને પોણાચારે ગુણતાં બાવન અધિક એટલે સાડી બાવન થાય છે. પરંતુ પાકા હીસાબે તો ( ૫૨ ) યોજનમાં પણ $\frac{૭૫૪}{૧૩૭૨૫}$ ભાગ ઓછાની વૃદ્ધિ થાય છે. તે ૫૦૭૩ માં નાંખવાથી ૫૧૨૫$\frac{૬૯૯૦}{૧૩૭૨૫}$ થાય છે. અહીં એક યોજનના ૧૩૭૨૫ ભાગ કરીએ તેવા ૬૯૯૦ ભાગ સમજવા, ( ૧૭૪. )

હવે સૂર્યની દરેક મંડળે મુહૂર્તગતિ કહે છે.

## जा ससिणो सा रविणो, अडसयरिसण्णसीसण्ण हिआ ।
## किंचूणाण अट्ठारसट्ठि–हायाणमिह वुड्ढी ॥ १७५ ॥

**અર્થ**:—( **जा** ) જે મુહૂર્ત ગતિ ( **ससिणो** ) ચંદ્રની આભ્યંતર મંડળને વિષે કહી છે ( **सा** ) તેજ ( **रविणो** ) સૂર્યની ગતિ છે પણ તે ( **अडसयरिसण्ण** ) એકસો ને અઠ્ઠોતેર ૧૭૮ વડે અધિક કરવી એટલે કે–આભ્યંતર મંડળને વિષે ચંદ્રની ગતિ ૫૦૭૩ યોજન ઉપર કાંઈક અધિક કહી છે તેમાં ૧૭૮ ઉમેરવાથી ૫૨૫૧$\frac{૨૯}{૬૦}$ યોજન થાય છે તેટલી આભ્યંતર મંડળે સૂર્યની મુહૂર્તગતિ જાણવી. તથા ચંદ્રની બાહ્યમંડળને વિષે મુહૂર્તગતિ સાધિક–કાંઈક અધિક ૫૧૨૫ યોજનની કહી છે તે ( **असीसण्ण** ) એકસો ને એંશીવડે ( **अहिआ** ) અધિક સમજવી એટલે કે ૫૧૨૫ માં ૧૮૦ ભેળવવા ત્યારે ૫૩૦૫$\frac{૧૫}{૬૦}$ યોજન બાહ્યમંડળમાં સૂર્યની મુહૂર્તગતિ જાણવી; કેમકે ( **किंचूणाण** ) કાંઈક ઊણા ( **अट्ठारसट्ठिहायाणं** ) સાઠીયા અઢાર ભાગની ( **इह** ) અહીં ( **वुड्ढी** ) વૃદ્ધિ કરવાની છે. એટલે કે દરેક મંડળે કાંઈક ન્યૂન અઢાર અઢાર સાઠીયા ભાગની વૃદ્ધિ કરવાથી ૫૪ યોજન લગભગ એટલે ૫૩$\frac{૪૬}{૬૦}$ યોજનની વૃદ્ધિ થાય છે. ( ૧૭૫. )

( આ ગતિ સંબંધી વધારે સમજવા માટે લોકપ્રકાશ સર્ગ ૨૦ મો જુઓ )

હવે સૂર્યના મંડલાઓને વિષે ઉદય અને અસ્તનું આંતરૂં કહે છે.

## मज्झे उदयत्थंतरि, चउणवइसहस पणसय छवीसा ।
## बायाल सट्ठिभागा, दिणं च अट्ठारसमुहुत्तं ॥ १७५ ॥

**અર્થ**:—( **मज्झे** ) મધ્યે એટલે સર્વ આભ્યંતર મંડળને વિષે સૂર્ય વર્તતો હોય ત્યારે ( **उदयत्थंतरि** ) ઉદય અને અસ્ત વચ્ચેનું આંતરૂં ( **चउणवइसहस** ) ચોરાણુ હજાર ( **पणसय** ) પાંચ સો ને ( **छवीसा** ) છવીશ યોજન અને ઉપર ( **बायाल सट्ठिभागा** ) સાઠીયા બેંતાળીશ ભાગ ૯૪૫૨૬$\frac{૪૨}{૬૦}$ જેટલું હોય છે. (**च**)

અને તે વખતે મધ્યમંડળે સૂર્ય હોય ત્યારે ( **दिणं** ) દિવસ ( **अट्ठारसमुहुत्तं** ) અઢાર મુહૂર્ત્તનો હોય છે. ( ૧૭૬. )

ત્યારપછી દરેક મંડળે દિવસની હાનિ થતી જાય છે, તે કહે છે.

**पइमंडल दिणहाणी, दुण्ह मुहुत्तेगसट्ठिभागाणं ।**
**अंते बारमुहुत्तं, दिणं णिसा तस्स विवरीआ ॥ १७७ ॥**

**અર્થ:**—આભ્યંતર મંડળથી સૂર્ય બહાર આવે ત્યારે એટલે બીજે, ત્રીજે, ચોથે વિગેરે માંડલે આવે ત્યારે ( **पइमंडल** ) દરેક માંડલે ( **मुहुत्तेगसट्ठिभागाणं** ) એક મુહૂર્ત્તના એકસઠ ભાગ કરીએ તેવા ( **दुण्ह** ) બે ભાગ જેટલી ( **दिणहाणी** ) દિવસની હાનિ થાય છે. એટલે કે અઢાર મુહૂર્ત્તમાંથી $\frac{૨}{૬૧}$ મુહૂર્ત્ત દરેક દિવસે હાનિ થતી જાય છે, અને ( **अंते** ) છેવટે એટલે સર્વ બાહ્ય એક સો ને ચોરાશીમે માંડલે ( **बारमुहुत्तं** ) બાર મુહૂર્ત્તનો ( **दिणं** ) દિવસ થાય છે. એટલે કે ૧૮૩ માંડલામાં $\frac{૨}{૬૧}$ મુહૂર્ત્ત ઘટે છે તેથી ૧૮૩ ને ૨ વડે ગુણતાં ૩૬૬ ભાગ છેલ્લે ૧૮૪ મે માંડલે ઘટે. તેને ૬૧ વડે ભાંગતાં ભાગમાં ૭ આવે તેથી અઢાર મુહૂર્ત્તમાંથી ૭ મુહૂર્ત્ત બાદ કરતાં ૧૨ મુહૂર્ત્તનો દિવસ થાય છે, તથા ( **णिसा** ) રાત્રિ ( **तस्स** ) તેનાથી એટલે દિવસથી ( **विवरीआ** ) વિપરીત જાણવી. એટલે કે અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય ત્યારે બાર મુહૂર્ત્તની રાત્રિ હોય, અને બાર મુહૂર્ત્તનો દિવસ હોય ત્યારે અઢાર મુહૂર્ત્તની રાત્રિ હોય. ( ૧૭૭. )

હવે બાહ્ય માંડલે રહેલા સૂર્યના ઉદય અને અસ્તનું આંતરૂં કહે છે.

**उदयत्थंतरि बाहिं, सहसा तेसट्ठि छसय तेसट्ठा ।**

**અર્થ:**—( **बाहिं** ) બાહ્ય મંડળમાં રહેલો સૂર્ય હોય ત્યારે ( **उदयत्थंतरि** ) તેના ઉદય અને અસ્તનું અંતર ( **तेसट्ठि** ) ત્રેસઠ ( **सहसा** ) હજાર, ( **छसय** ) છ સો અને ( **तेसट्ठा** ) ત્રેસઠ ૬૩૬૬૩ યોજનનું હોય છે. દરેક મંડળે ઉદય અને અસ્તના અંતરમાં કેટલી હાનિ થાય ? તે કહ્યું નથી તો પણ દરેક મંડળે સુમારે ૧૬૮ યોજનની હાનિ જાણવી.

હવે ચંદ્રનો પરિવાર કહે છે—

**तह इगससिपरिवारे, रिक्खडवीसाडसीइ गहा ॥१७८॥**

**અર્થ:**—( **तह** ) તથા ( **इगससिपरिवारे** ) એક ચંદ્રના પરિવારમાં ( **रिक्खडवीस** ) અભિજિત વિગેરે અઠ્ઠાવીશ ૨૮ નક્ષત્રો છે, અને ( **अडसीइ** ) અંગારક વિગેરે અઠ્યાશી ૮૮ ( **गहा** ) ગ્રહો છે. આ સર્વનાં નામો સંગ્રહણીની વૃત્તિમાંથી જાણવાં. ( ૧૭૮. )

એક ચંદ્રના પરિવારના તારાની સંખ્યા કહે છે—

**छासट्ठि सहस णवसय, पणहत्तरि तारकोडिकोडीणं ।**
**सण्णंतरेण वुस्सेहंगुलमाणेण वा हुंति ॥ १७९ ॥**

**અર્થ:**—( **छासट्ठि सहस** ) છાસઠ હજાર ( **णवसय** ) નવ સો અને ( **पणहत्तरि** ) પંચોતેર ૬૬૯૭૫ એટલા ( **तारकोडिकोडीणं** ) કોટાકોટિ તારાઓ એક ચંદ્રના પરિવારમાં છે. અહીં જંબૂદ્વીપનું ક્ષેત્ર તો નાનું છે અને તારાઓની સંખ્યા ઘણી મોટી છે તેથી કેટલાક આચાર્યો કહે છે કે—આ કોટાકોટિ ( **सण्णंतरेण वा** ) સંજ્ઞાંતર એટલે કોટાકોટિ એ કોઇ જૂદી જ સંજ્ઞા છે, અથવા ( **उस्सेहंगुलमाणेण वा** ) તારાઓના વિમાનોને ઉત્સેધાંગુલે માપવા, તેમ કરવાથી ( **हुंति** ) આ સંખ્યા સમાઈ શકે છે. આ પ્રમાણે કોઈ માને છે. આનું રહસ્ય તત્ત્વજ્ઞાની જાણે. (૧૭૯).

હવે ગ્રહાદિકની સંખ્યા જાણવા માટે કરણ બતાવે છે—

**गहरिक्खतारगाणं, संखं ससिसंखसंगुणं काउं ।**
**इच्छियदीवुदहिंमि य, गहाइमाणं विआणेह ॥१८०॥**

**અર્થ:**—( **गह** ) ગ્રહો, ( **रिक्ख** ) નક્ષત્રો અને ( **तारगाणं** ) તારાઓની ( **संखं** ) સંખ્યાને ( **ससिसंखसंगुणं** ) ચંદ્રની સંખ્યા સાથે ગુણાકાર ( **काउं** ) કરીને ( **इच्छिय** ) ઈચ્છેલા ( **दीवुदहिंमि य** ) દ્વીપ અને સમુદ્રને વિષે ( **गहाइमाणं** ) ગ્રહાદિકનું પ્રમાણ ( **विआणेह** ) જાણવું. એટલે કે એક ચંદ્રના પરિવારમાં ગ્રહાદિકની સંખ્યા ઉપર બતાવી છે, તેથી જે દ્વીપ કે સમુદ્રના જેટલી સંખ્યાવાળા ચંદ્રો હોય તેની સાથે તેનો ગુણાકાર કરવાથી ઇચ્છિત દ્વીપ કે સમુદ્રના ચંદ્રોનો પરિવાર આવી શકે છે. ૧૮૦. **સ્થાપના:—**

| નામ | જંબૂદ્વીપમાં | લવણ સમુદ્રમાં | ધાતકી ખંડમાં | કાલોદધિમાં | પુષ્કરાર્ધદ્વીપ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ચંદ્ર (સૂર્ય) | ૨ | ૪ | ૧૨ | ૪૨ | ૭૨ | ૧૩૨ સૂર્ય<br>૧૩૨ ચંદ્ર |
| નક્ષત્રો | ૫૬ | ૧૧૨ | ૩૩૬ | ૧૧૭૬ | ૨૦૧૬ | |
| ગ્રહો | ૧૭૬ | ૩૫૨ | ૧૦૫૬ | ૩૬૯૬ | ૬૩૩૬ | |
| તારાની કોડાકોડી | ૧૩૩૯૫૦ | ૨૬૭૯૦૦ | ૮૦૩૭૦૦ | ૨૮૧૨૯૫૦ | ૪૮૨૨૨૦૦ | |

આ નક્ષત્ર ગ્રહ ને તારાની સંખ્યા એક ચંદ્રના પરિવારભૂત નક્ષત્ર, ગ્રહ ને તારાની સંખ્યાને ૨-૪-૧૨-૪૨ ને ૭૨ વડે ગુણતાં આવેલ છે.

હવે લવણુસમુદ્ર વિગેરેમાં ચંદ્ર અને સૂર્યની સંખ્યા કહે છે—

**चउ चउ बारस बारस, लवणे तह धायइम्मि ससिसूरा ।**
**परओदहिदीवेसु अ, तिगुणा पुव्विल्लसंजुत्ता ॥ १८१ ॥**

**અર્થ:**—(**लवणे**) લવણુસમુદ્રમાં (**चउ चउ**) ચાર ચાર (**ससिसूरा**) ચંદ્ર અને સૂર્ય છે, (**तह**) તથા (**धायइम्मि**) ધાતકીખંડમાં (**बारस बारस**) બાર ચંદ્ર અને બાર સૂર્ય છે. (**परओ**) ત્યારપછી કાલોદધિ વિગેરે (**उदहि-दीवेसु अ**) સમુદ્રમાં અને દ્વીપમાં (**तिगुणा**) પૂર્વના નજીકના જે ચંદ્ર સૂર્ય છે તેનાથી ત્રણુ ગુણા કરવા તથા તેમાં (**पुव्विल्लसंजुत्ता**) તેની પૂર્વના સર્વ ચંદ્ર અને સૂર્યની સંખ્યા સંયુક્ત કરવી–ભેળવવી. જેમકે ધાતકીખંડમાં બાર ચંદ્ર અને બાર સૂર્ય છે, તેને ત્રણુગુણા કરવાથી છત્રીશ–છત્રીશ થાય, તેમાં પૂર્વના એટલે જંબૂદ્વીપના બબે અને લવણુસમુદ્રના ચાર–ચાર મળીને છ છ યુક્ત કરવાથી બેંતાળીશ ચંદ્ર અને બેંતાળીશ સૂર્ય કાલોદધિમાં હોય છે. પછી તે બેંતાળીશને ત્રણુ ગુણા કરતાં ૧૨૬ થાય. તેમાં પૂર્વના ૨–૪–૧૨ કુલ ૧૮ ઉમેરવાથી ૧૪૪ ચંદ્ર અને ૧૪૪ સૂર્ય પુષ્કરવર દ્વીપમાં હોય છે તેનું અર્ધ કરવાથી ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય પુષ્કરાર્ધમાં હોય છે. (૧૮૧).

(આ ૭૨ સૂર્ય ને ૭૨ ચંદ્ર ચર છે ને બીજા અર્ધમાં રહેલા ૭૨ સૂર્ય ને ૭૨ ચંદ્ર સ્થિર છે.)

હવે મનુષ્યક્ષેત્રને આશ્રીને સૂર્યાદિકની વક્તવ્યતા કહે છે—

**णरखित्तं जा समसे–णिचारिणो सिग्घसिग्घतरगइणो ।**
**दिट्ठिपहमिंति खित्ता–णुमाणओ ते णराणेवं ॥ १८२ ॥**

**અર્થ:**—(**णरखित्तं जा**) તે ચંદ્ર સૂર્યાદિક જ્યાં સુધી મનુષ્યક્ષેત્ર છે ત્યાં સુધી એટલે અઢીદ્વીપ અને બે સમુદ્રમાં (**समसेणिचारिणो**) સમશ્રેણિએ ગતિ કરનારા છે અને (**सिग्घसिग्घतरगइणो**) અનુક્રમે શીઘ્ર અને અતિશીઘ્ર ગતિ-વાળા છે. એટલે કે ચંદ્રથકી સૂર્ય વધારે શીઘ્ર ગતિવાળા છે, સૂર્યથી ગ્રહો વધારે શીઘ્ર ગતિવાળા છે, ગ્રહો થકી નક્ષત્રો વધારે શીઘ્ર ગતિવાળા છે અને નક્ષત્રોથી વધારે શીઘ્ર ગતિ કરનારા તારાઓ છે.[1] તથા (**ते**) તે ચંદ્ર–સૂર્યાદિક (**खित्ता-**

---

૧. જંબૂદ્વીપના ચંદ્રસૂર્યાદિથી લવણુસમુદ્રના ચંદ્રસૂર્યાદિક વધારે ગતિવાળા છે, તેનાથી ધાતકીખંડના, તેનાથી કાલોદધિના અને તેનાથી પુષ્કરાર્ધના ચંદ્રસૂર્યાદિ વધારે શીઘ્ર ગતિવાળા છે; કારણુ કે તેમને ફરવાનું ક્ષેત્ર વધતું વધતું છે અને કાળ સમાન છે.

**णुमाणओ** ) ક્ષેત્રના અનુસારથી ( **णराण** ) મનુષ્યોના ( **दिट्ठिपहं** ) દૃષ્ટિમાર્ગને (**एवं**) આ પ્રમાણે એટલે આગળ કહેવાશે તે પ્રમાણે ( **इंति** ) પામે છે એટલે આટલા દૂર ક્ષેત્રમાં રહેલા ચંદ્ર સૂર્યાદિકને મનુષ્યો જોઈ શકે છે, તે પ્રમાણ નીચેની ગાથામાં બતાવે છે. ( ૧૮૨ ).

**ચંદ્ર સૂર્યની સંખ્યા તથા શ્રેણિની સ્થાપનાઃ—**

| નામ | શ્રેણી | ચંદ્ર સૂર્ય |
|---|---|---|
| જંબૂદ્વીપમાં | ૧-૧ | ૨-૨ |
| લવણસમુદ્રમાં | ૨-૨ | ૪-૪ |
| ધાતકીખંડમાં | ૬-૬ | ૧૨-૧૨ |
| કાલોદધિમાં | ૨૧-૨૧ | ૪૨-૪૨ |
| પુષ્કરાર્ધમાં | ૩૬-૩૬ | ૭૨-૭૨ |
| | ૬૬—૬૬ | ૧૩૨-૧૩૨ |

તે જ પ્રમાણ દેખાડે છેઃ—

**पणसय सत्ततीसा, चउतीससहस्स लक्खइगवीसा ।**
**पुक्खरदीवड्ढणरा, पुव्वेण अवरेण पिच्छंति ॥ १८३ ॥**

**અર્થ**:—( **लक्खइगवीसा** ) એકવીશ લાખ ( **चउतीस सहस्स** ) ચોત્રીશ હજાર ( **पणसय** ) પાંચસો ને ( **सत्तत्तीसा** ) સાડત્રીશ ૨૧૩૪૫૩૭ યોજન દૂર રહેલા સૂર્યને ( **पुक्खरदीवड्ढणरा** ) પુષ્કરાર્ધ દ્વીપમાં રહેલા મનુષ્યો ( **पुव्वेण** ) પૂર્વ દિશામાં ઉદય પામતા અને ( **अवरेण** ) પશ્ચિમ દિશામાં અસ્ત પામતા ( **पिच्छंति** ) જોઈ શકે છે; કેમકે ત્યાં સૂર્યને ફરવાનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. (૧૮૩).

મનુષ્યક્ષેત્રની બહાર રહેલા ચંદ્રસૂર્યાદિકની વક્તવ્યતા કહે છે—

**नरखित्तबहिं ससिरवि—संखा करणंतरोहिं वा होइ ।**
**तह तत्थ य जोइसिया, अचलद्धपमाण सुविमाणा ॥१८४॥**

**અર્થ**:—( **णरखित्तबाहिं** ) મનુષ્યક્ષેત્રની બહાર પણ ( **ससिरविसंखा** ) ચંદ્ર-સૂર્યની સંખ્યા ઉપર બતાવેલી રીત પ્રમાણે એટલે ત્રણ ગુણા કરી તેમાં પૂર્વના ચંદ્ર-સૂર્ય મેળવવાથી થાય છે. ( **वा** ) અથવા ( **करणंतरेहिं** ) બીજા કરણોએ કરીને પણ (**होइ**) થઈ શકે છે. તે કરણો સંગ્રહણીમાં કહ્યાં છે ત્યાંથી જાણી લેવાં. (**तह**) તથા (**तत्थ य**) ત્યાં એટલે મનુષ્યક્ષેત્રની બહાર રહેલા (**जोइसियां**) જ્યોતિષીઓ ( **अचल** ) સ્થિર છે, ( **अद्धपमाण** ) મનુષ્યક્ષેત્રના ચંદ્ર-સૂર્યની અપેક્ષાએ અર્ધ પ્રમાણવાળા છે, તથા ( **सुविमाणा** ) મનોહર વિમાનવાળા છે. ( ૧૮૪ ).

હવે જંબૂદ્રીપની પરિધિ કહે છે:—

**इह परिहि तिलक्खा, सोलसहस्स सयदुण्णि पउणअडवीसा।**
**धणुहडवीससयंगुलतेरससड्ढा समहिआ य ॥ १८५ ॥**

**અર્થ**:—( **इह** ) આ જંબૂદ્રીપની ( **परिहि** ) પરિધિ ( **तिलक्खा** ) ત્રણ લાખ, ( **सोलसहस्स** ) સોળ હજાર ( **सयदुण्णि** ) બસો ( **पउणअडबीसा** ) પોણી-અઠ્ઠાવીશ યોજન એટલે સતાવીશ યોજન અને ત્રણ કોશ. તથા ઉપર ( **धणुहड-वीससय** ) એક સો અઠ્ઠાવીશ ધનુષ્ય ( **अंगुलतेरससड्ढा** ) સાડા તેર અંગુલ ( **समहिआ य** ) અધિક છે. એટલે—૩૧૬૨૨૭ યોજન, ૩ કોશ, ૧૨૮ ધનુષ્ય અને ૧૩॥ અંગુલ. આટલી જંબૂદ્રીપની પરિધિ છે. ( ૧૮૫ ).

હવે જંબૂદ્રીપનું ગણિતપદ કહે છે:—

**सगसय णउआकोडी, लक्खा छप्पण्ण चउणवइसहस्सा।**
**सड्ढसयं पउणदुकोस, सड्ढबासट्ठिकर गणिअं ॥ १८६ ॥**

**અર્થ**:—( **सगसय** ) સાત સો ( **णऊआ** ) નેવું ( **कोडी** ) કરોડ ( **लक्खा छप्पन्न** ) છપ્પન લાખ ( **चउणवइ** ) ચોરાણું ( **सहस्सा** ) હજાર ( **सड्ढसयं** ) સાર્ધશત એટલે એક સો ને પચાસ એટલા યોજન, ( **पउणदु** ) પોણા બે ( **कोस** ) કોશ, ( **सड्ढबासट्ठि** ) સાડીબાસઠ ( **कर** ) હાથ, આટલું જંબૂદ્રીપનું ( **गणिअं** ) ગણિત એટલે ગણિતપદ છે. એટલે કે લાખ યોજનનો વૃત્ત-ગોળ જંબૂદ્રીપ છે, તેના એક એક યોજન પ્રમાણ ચતુરસ્ર-ચોખંડા ખંડ-કકડા કરીએ તેનું નામ ગણિતપદ કહેવાય છે, તે ખંડોનું પ્રમાણ ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન, ૧॥ ($1\frac{3}{4}$) કોશ અને ૬૨॥ ( $62\frac{1}{2}$ ) હાથ અથવા એક ગાઉ, ૧૫૧૫ ધનુષ્ય ને ૬૦ અંગુલ થાય છે. ( ૧૮૬ )

પરિધિ વિગેરે શી રીતે લવાય ? તેની રીત બતાવે છે:—

**वट्टपरिहिं च गणिअं, अंतिमखंडाइ उसु जिअं च धणुं ।**
**बाहुं पयरं च घणं, गणेह एएहिं करणेहिं ॥ १८७ ॥**

અર્થ—( **वट्टपरिहिं** ) વૃત્ત એટલે ગોળ ક્ષેત્રની પરિધિ ૧, ( **च** ) અને ( **गणिअं** ) ગણિત એટલે વૃત્તક્ષેત્રના જે યોજનપ્રમાણ ચતુરસ્ર ખંડ કરવા તે ૨, ( **अंतिमखंडाइ** ) વૃત્તક્ષેત્રની અંતે-છેડે રહેલા ભરતાદિક ક્ષેત્રોનું ( **उसु** ) બાણ ૩, ( **जिअं** ) તે ક્ષેત્રની જીવા-ધનુષની દોરી ૪, ( **च** ) અને ( **धणुं** ) ધનુષ એટલે ધનુઃપૃષ્ઠ ૫, ( **बाहुं** ) બાહુ એટલે વૈતાઢ્યપ્રમુખ પર્વત અને હેમવંતાદિ ક્ષેત્રના બે બાજુના છેડાના પરિમાણરૂપ બાહા ૬, ( **पयरं** ) પ્રતર એટલે લંબાઇ અને પહોળાઈ સરખી હોય તે અથવા લંબાઇ સાથે પહોળાઇને ગુણતાં આવે તે ૭, ( **च** ) અને ( **घणं** ) ઘન એટલે લંબાઇ, પહોળાઇ અને જાડાઇ અથવા ઉંચાઇ સરખી હોય તે અથવા પ્રતરને જાડાઇ ( ઉંચાઈ ) સાથે ગુણતાં આવે તે ૮-આ આઠ બાબત ( **एएहिं** ) આ આગળ કહેવાશે એવા ( **करणेहिं** ) કરણોવડે કરીને ( **गणेह** ) તમે ગણો-જાણો. (૧૮૭.)

તેમાં પ્રથમ પરિધિ જાણવાનું કરણ પૂર્વાર્ધ ગાથાવડે કહે છે:—

**विक्खंभवग्गदहगुण–मूलं वट्टस्स परिरओ होइ ।**

અર્થ:—( **विक्खंभ** ) વૃત્તક્ષેત્રના વિષ્કંભના ( **वग्ग** ) વર્ગને ( **दहगुण** ) દશ ગુણો કરી તેનું ( **मूलं** ) વર્ગમૂળ કાઢવાથી ( **वट्टस्स** ) વૃત્તક્ષેત્રની ( **परिरओ** ) પરિધિ ( **होइ** ) થાય છે.

વિસ્તરાર્થ:—વૃત્તક્ષેત્રનો વિષ્કંભ એટલે લાંબાપણું અને પહોળાપણું જેટલું હોય તે અંક સ્થાપન કરવો. પછી તેનો વર્ગ કરવો એટલે તે અંકને તે જ અંકવડે ગુણવાથી વર્ગ થાય છે. પછી તે વર્ગના અંકને દશે ગુણવો. ત્યારપછી તેનું વર્ગમૂળ કાઢવું તેમાં જે છેદરાશિ ( ભાજકરાશિ ) આવ્યો હોય તેને અર્ધ કરવાથી વૃત્તક્ષેત્રની પરિધિ આવે છે. ( અથવા ભાગાકાર કરતાં ભાગમાં જે અંક આવ્યો હોય તેટલી પરિધિ આવે છે ). વર્ગમૂળનો ભાગાકાર કરતાં જે અંક શેષ રહે તેને કોશ કરવા માટે ચારે ગુણવા. તેને ઉપરના જ ભાજકરાશિવડે ભાગવાથી ભાગમાં જે આવે તે કોશ. શેષ રહેલા અંકને ધનુષ્ય કરવા માટે બે હજારે ગુણી તે જ ભાજકરાશિવડે ભાંગવાથી જે ભાગમાં આવે તે ધનુષ. શેષ રહેલા અંકને અંગુલ કરવા માટે છન્નુએ ગુણી તે જ ભાજકરાશિવડે ભાંગવાથી જે ભાગમાં આવે તે અગુલ જાણવા. ( શેષ રહેલા અંકને જવ, જૂ, લીખ, વાલાગ્ર, રથરેણુ, ત્રસરેણુ વિગેરે લાવવા માટે આઠે આઠે વારંવાર ગુણી દરેક વાર તે જ ભાજકરાશિવડે ભાંગાકાર કરવા ઇત્યાદિ. )

પ્રથમ આપણે જંબૂદ્વીપની પરિધિ કાઢવી છે, તેથી જંબૂદ્વીપનો વિષ્કંભ જે લાખ યોજનનો છે તેને વર્ગ કરવા માટે લાખે ગુણતાં ૧૦૦૦૦૦૦૦૦૦૦ થાય તેને દશે ગુણતાં એક મીંડું વધારવું તેથી ૧૦૦૦૦૦૦૦૦૦૦૦ થાય. તેનું વર્ગમૂળ કાઢવું છે. તે આ રીતે—જેનું વર્ગમૂળ કાઢવું હોય તેના છેલ્લા અંક ઉપર વિષમનું ( । ) ચિન્હ કરવું. તેની પહેલાના અંક ઉપર સમનું ( – ) ચિન્હ કરવું, તેની પહેલાં વિષમ, તેની પહેલાં સમ, એ રીતે સર્વ અંકો પર ચિન્હ કરવાં. પછી આ રીતે કરવું—પ્રથમ વિષમપદથકી શરૂઆત કરવી એટલે વિષમના અંકમાંથી વર્ગના સ્થાનમાં જે આવે તેનો ત્યાગ કરવો. એટલે બાદ કરવા પછી તેમાંથી નીકળેલા મૂળને એટલે ભાગમાં આવેલા અંકને બમણા કરી તે અંકવડે શેષને એટલે બાદ કરતાં બાકી રહેલા અંકને ઉપરથી વિષમપદ ( બે અંક ) ઉતારીને ભાંગવા. જે ભાગમાં આવે તેને પંક્તિને વિષે એટલે પ્રથમ ભાગમાં મૂકેલા વર્ગમૂળના અંકની પાસે મૂકવા. પછી પ્રથમની જેમ તે વર્ગને શોધીને એટલે બાદબાકી કરીને ભાગમાં આવેલા અંકને પ્રથમની જેમ બમણા બમણા કરતા જવા અને શેષ રહેલાનો ઉપરથી વિષમ વિષમપદ ( બબે અંક ) ઉતારીને બમણા કરેલા અંકવડે ભાગાકાર કરવો. છેવટ [1]ભાજકરાશિમાં જે બમણો કરેલો અંક હોય તેને અર્ધ કરવો. તે અંકને વર્ગમૂળ જાણવો. ( અથવા ભાગમાં જે અંક આવ્યા હોય તે જ વર્ગમૂળ છે એમ જાણવું. )

– । – । – । – । – । – ।

જેમકે—૧ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ આ વર્ગને વિષમ સમ કર્યો. પછી પ્રથમનો વિષમ અંક ૧૦ છે તેનું વર્ગમૂળ ૩ છે તેથી ૧૦ ને ૩ વડે ભાગવા. ભાગમાં ૩ આવ્યા, ભાજ્યરાશિ ૧૦ છે તેમાંથી ૯ બાદ કરવા. બાકી ૧ રહ્યો. ઉપરથી વિષમ પદ ( બે મીંડાં ) ઉતારવાથી ૧૦૦ થયા તેને ભાગમાં આવેલા ૩ ને બમણાં કરી ૬ વડે ભાગવા. અહીં વિશેષ એ છે કે ૧૦૦ માંના છેલ્લા અંક ( ૦ ) સિવાય બાકીના ૧૦ ને ૬ વડે ભાગતાં ભાગમાં જે આવે તેમ હોય તે અંકને ૬ ની સાથે મૂકી પછી ભાગાકાર કરવો. જેમકે અહીં ૧૦ ને ૬ વડે ભાંગતાં ભાગમાં ૧ આવે છે તેને ૬ ની સાથે મૂકતાં ૬૧ થાય છે, તેથી ૧૦૦ ને ૬૧ વડે ભાગતાં ભાગમાં ૧ આવે છે, તેને પ્રથમના વર્ગમૂળ ૩ ની પાસે મૂકતાં ૩૧ થયા. ૧૦૦ માંથી ૬૧ બાદ કરતાં ૩૯ વધે છે તેમાં ઉપરથી વિષમપદ ( બે મીંડાં ) ઉતારવાથી ૩૯૦૦ થયા. તેને બમણા કરેલા ૩૧ એટલે ૬૨ વડે ભાગવાના છે. તેમાં પણ ઉપરની રીતે છેલ્લા અંક ( ૦ ) સિવાય બાકીના ૩૯૦ ને ૬૨ વડે ભાગતાં ભાગમાં ૬ આવે તેમ છે તેથી ૬૨ ની પાસે ૬ મૂકતાં ૬૨૬ થયા તે વડે ૩૯૦૦ ને ભાંગવા. એ રીતે વર્ગના સર્વ અંક પૂરા થાય ત્યાં સુધી ભાગાકાર કરતાં જે ભાજકનો અંક આવ્યો હોય તેને અર્ધ કરતાં જે આવે તે વર્ગમૂળ કહેવાય છે અથવા ભાગમાં જે રકમ આવી હોય તે જ વર્ગમૂળ છે. તેનો હિસાબ નીચે પ્રમાણે—

૧ જેનાવડે ભાગાકાર કરાય છે તે ભાજકરાશિ કહેવાય છે.

_ | _ | _ | _ | _ | _ |
૧૦૦૦૦૦૦૦૦૦૦૦ (૩
૯
૬, ૧ ) ૧૦૦ (૧
૬૧
૬૨, ૬ ) ૩૯૦૦ (૬
૩૭૫૬
૬૩૨, ૨ ) ૧૪૪૦૦ (૨
૧૨૬૪૪
૬૩૨૪, ૨ ) ૧૭૫૬૦૦ (૨
૧૨૬૪૮૪
૬૩૨૪૪, ૭ ) ૪૯૧૧૬૦૦ (૭
૪૪૨૭૧૨૯
૬૩૨૪૫૪ ) ૪૮૪૪૭૧

આ પ્રમાણે સર્વોંતિમ ભાજક ૬૩૨૪૫૪ ને અર્ધ કરતાં ૩૧૬૨૨૭ અથવા ભાગમાં આવેલા અંક પણ તેટલા જ છે તે વર્ગમૂળ જાણવું. આટલા યોજન જંબૂદ્વીપની પરિધિ છે. હવે શેષ રહેલા યોજનને ગાઉ કરવા માટે ચારે ગુણી સર્વાંતિમ ભાજકવડે ભાંગવાથી જે ભાગમાં આવે તે ગાઉ જાણવા. શેષ રહેલા ગાઉને ધનુષ કરવા માટે બે હજારે ગુણી સર્વાંતિમ ભાજકવડે ભાંગવાથી જે ભાગમાં આવે તે ધનુષ જાણવા. શેષને હાથ કરવા માટે ચારે ગુણી તે જ રીતે ભાંગવાથી ભાગમાં આવે તે હાથ જાણવા. શેષને અંગુલ કરવા માટે ૨૪ વડે ગુણી તે જ રીતે ભાંગવાથી ભાગમાં આવે તે અંગુલ જાણવા. (એ જ રીતે યવ, જુ, લીખ વિગેરે થઈ શકે છે.) તે આ રીતે—

૪૮૪૪૭૧ શેષ યોજન
૪
૬૩૨૪૫૪ ) ૧૯૩૭૮૮૪ (૩ ગાઉ
૧૮૯૭૩૬૨
૪૦૫૨૨ શેષ ગાઉ
૨૦૦૦
૬૩૨૪૫૪ ) ૮૧૦૪૪૦૦૦ (૧૨૮ ધનુષ
૬૩૨૪૫૪
૧૭૭૯૮૬૦
૧૨૬૪૯૦૮
૫૧૪૯૫૨૦
૫૦૫૯૬૩૨
૦૦૮૯૮૮૮ શેષ ધનુષ
૪
૩૫૯૫૫૨

૬૩૨૪૫૪ ) ૩૫૯૫૫૨ (૦ હાથ
૦૦૦૦૦૦
૩૫૯૫૫૨ શેષ હાથ
૨૪
૧૪૩૮૨૦૮
૭૧૯૧૦૪
૬૩૨૪૫૪ ) ૮૬૨૯૨૪૮ (૧૩॥ અંગુલ
૬૩૨૪૫૪૦
૨૩૦૪૭૦૮
૧૮૯૭૩૬૨
૦૪૦૭૩૪૬
૩૧૬૨૨૭
૦૯૧૧૧૯ શેષ અંગુલ.

આ રીતે જંબૂદ્વીપની પરિધિ ૩૧૬૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ, ૦

હાથ અને ૧૩ા અંગુલ તથા શેષ અંગુલ ૯૧૧૧૯ રહે છે તેના અર્ધ અંગુલ કરવા હોય તો તેને બેએ ગુણતાં ૧૮૨૨૩૮ અર્ધાંગુલ થાય છે. **સ્થાપના:—**

વિષ્કંભ યોજન—૧૦૦૦૦૦
વર્ગના યોજન—૧૦૦૦૦૦૦૦૦૦૦
દશગુણા કર્યા—૧૦૦૦૦૦૦૦૦૦૦૦
વર્ગમૂળ કાઢતાં—૩૧૬૨૨૭ યોજન
શેષ રહ્યા—૪૮૪૪૭૧
ભાજકરાશિ—૬૩૨૪૫૪
શેષને ગાઉ કરવા ૪ વડે ગુણતાં—૧૯૩૭૮૮૪
ભાજકરાશિવડે ભાંગતાં—૩ કોશ
શેષ રહ્યા—૪૦૫૨૨

ધનુષ કરવા બે હજારે ગુણ્યા—૮૧૦૪૪૦૦૦
ભાજકરાશિવડે ભાંગતાં—૧૨૮ ધનુષ.
શેષ રહ્યા—૯૯૮૮૮
અંગુલ કરવા માટે ૯૬ વડે ગુણ્યા-૮૬૨૯૨૪૮
ભાજકરાશિવડે ભાંગતાં—૧૩ અંગુલ
શેષ રહ્યા—૪૦૭૩૪૬
અર્ધાંગુલ કરવા માટે બેએ ગુણ્યા-૮૧૪૬૯૨
ભાજકરાશિવડે ભાંગતાં—અર્ધાંગુલ ૧ (½ અંગુલ)
શેષ અર્ધાંગુલ રહ્યા—૧૮૨૨૩૮ (૯૧૧૧૯ અંગુલ)

આ ઉપર કહેલી રીતિવડે જ કમલ, દ્વીપ, ચૂલા, કૂટ, કાંચનગિરિ, કુંડ અને મેરૂ વિગેરેની પરિધિ જાણવી. **સ્થાપના—**

| નામ. | વિષ્કંભ | વર્ગ | દશે ગુણ્યા | લબ્ધ | શેષ | છેદ |
|---|---|---|---|---|---|---|
| ૧ હિમવંત અને શિખરીનાં કમળ | ૧ | ૧ | ૧૦ | ૩ | ૧ | ૬ |
| ૨ મહાહિમવંત અને રૂપીનાં „ | ૨ | ૪ | ૪૦ | ૬ | ૪ | ૧૨ |
| ૩ નિષધ અને નીલવંતના „ | ૪ | ૧૬ | ૧૬૦ | ૧૨ | ૧૬ | ૨૪ |
| ૪ ગંગા અને સિંધુપ્રપાતકુંડના દ્વીપ | ૮ | ૬૪ | ૬૪૦ | ૨૫ | ૧૫ | ૫૦ |
| ૫ મેરૂની ચૂલા. | ૧૨ | ૧૪૪ | ૧૪૪૦ | ૩૭ | ૭૧ | ૭૪ |
| ૬ વૈતાઢ્યપર્વત કૂટમૂલ | ૨૫ | ૬૨૫ કોશ | ૬૨૫૦ | ૭૯ કોશ | ૯ | ૧૫૮ |
| ૭ કાંચનગિરિ શિખર | ૫૦ | ૨૫૦૦ | ૨૫૦૦૦ | ૧૫૮ | ૩૬ | ૩૧૬ |
| ૮ કાંચનગિરિ મૂળ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૩૧૬ | ૧૪૪ | ૬૩૨ |
| ૯ ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી પ્રપાતકુંડ | ૬૦ | ૩૬૦૦ | ૩૬૦૦૦ | ૧૮૯ | ૨૭૯ | ૩૭૮ |
| ૧૦ રોહિતા, રોહિતાંશા, સુવર્ણકુલા, રૂપ્યકૂલા પ્રપાતકુંડ | ૧૨૦ | ૧૪૪૦૦ | ૧૪૪૦૦૦ | ૩૭૯ | ૩૫૯ | ૭૫૮ |
| ૧૧ હરિકાંતા, હરિસલિલા નરકાંતા, નારીકાંતા પ્રપાતકુંડ | ૨૪૦ | ૫૭૬૦૦ | ૫૭૬૦૦૦ | ૭૫૮ | ૧૪૩૬ | ૧૫૧૬ |

| નામ | વિષ્કંભ | વર્ગ | દશે ગુણ્યા | લબ્ધ | શેષ | છેદ |
|---|---|---|---|---|---|---|
| ૧૨ શીતા શીતોદા પ્રપાતકુંડ. ૨ ... | ૪૮૦ | ૨૩૦૪૦૦ | ૨૩૦૪૦૦૦ | ૧૫૧૭ | ૨૭૧૧ | ૩૦૩૪ |
| ૧૩ હિમવંતાદિ છએ પર્વતના કૂટ શિખર ઉપર ... | ૨૫૦ | ૬૨૫૦૦ | ૬૨૫૦૦૦ | ૭૯૦ | ૯૦૦ | ૧૫૮૦ |
| ૧૪ હિમવંતાદિ છએ પર્વતના કટમૂલમાં | ૫૦૦ | ૨૫૦૦૦૦ | ૨૫૦૦૦૦૦ | ૧૫૮૧ | ૪૩૯ | ૩૧૬૨ |
| ૧૫ બલાહકૂટમૂલમાં. | ૧૦૦૦ | ૧૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦ | ૩૧૬૨ | ૧૭૫૬ | ૬૩૨૪ |
| ૧૬ મેરૂશિખર ઉપર પંડુકવન | ૧૦૦૦ | ૧૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦ | ૩૧૬૨ | ૧૭૫૬ | ૬૩૨૪ |
| ૧૭ મેરૂભૂતલ વિષ્કંભ | ૧૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦૦૦ | ૩૧૬૨૨ | ૪૯૧૧૬ | ૬૩૨૪૪ |

| નામ | વિષ્કંભ.યો. (૧) | અગીયારીયા ભાગ (૨) | તદ્વર્ગ (૩) | દશગુણા (૪) |
|---|---|---|---|---|
| ૧ મેરૂની મૂળમાં પરિધિ | ૧૦૦૯૦$\frac{૧૦}{૧૧}$ | ૧૧૧૦૦૦ | ૧૨૩૨૧૦૦૦૦૦૦ | ૧૨૩૨૧૦૦૦૦૦૦૦ |
| ૨ નંદનવન બાહ્ય પરિધિ | ૯૯૫૪$\frac{૬}{૧૧}$ | ૧૦૯૫૦૦ | ૧૧૯૯૦૨૫૦૦૦૦ | ૧૧૯૯૦૨૫૦૦૦૦૦ |
| ૩ નંદનવન મધ્ય પરિધિ | ૮૯૫૪$\frac{૬}{૧૧}$ | ૯૮૫૦૦ | ૯૭૦૨૨૫૦૦૦૦ | ૯૭૦૨૨૫૦૦૦૦૦ |
| ૪ સૌમનસવન બાહ્ય પરિધિ | ૪૨૭૨$\frac{૮}{૧૧}$ | ૪૭૦૦૦ | ૨૨૦૯૦૦૦૦૦૦ | ૨૨૦૯૦૦૦૦૦૦૦ |
| ૫ સૌમનસવન મધ્ય પરિધિ | ૩૨૭૨$\frac{૮}{૧૧}$ | ૩૬૦૦૦ | ૧૨૯૬૦૦૦૦૦૦ | ૧૨૯૬૦૦૦૦૦૦૦ |

| (અનુસંધાન) નામ | વર્ગમૂળ કળા (૫) | શેષરાશિ (૬) | છેદરાશિ (૭) | પરિધિ યોજન (૮) |
|---|---|---|---|---|
| ૧ મેરૂની મૂળમાં પરિધિ | ૩૫૧૦૧૨ | ૫૭૫૮૫૬ | ૭૦૨૦૨૪ | ૩૧૯૧૦$\frac{૨}{૧૧}$ |
| ૨ નંદનવન બાહ્ય પરિધિ | ૩૪૬૨૬૯ | ૨૭૯૬૩૯ | ૬૯૨૫૩૮ | ૩૧૪૭૯ |
| ૩ નંદનવન મધ્ય પરિધિ | ૩૧૧૪૮૮૪ | ૨૧૭૭૪૪ | ૬૨૨૯૬૮ | ૨૮૩૧૬$\frac{૮}{૧૧}$ |
| ૪ સૌમનસવન બાહ્ય પરિધિ | ૧૪૮૬૨૭ | ૧૪૮૭૧ | ૨૯૭૨૫૪ | ૧૩૫૧૧$\frac{૬}{૧૧}$ |
| ૫ સૌમનસવન મધ્ય પરિધિ | ૧૧૩૮૪૧ | ૨૨૬૭૧૯ | ૨૨૭૬૮૨ | ૧૦૩૪૯$\frac{૩}{૧૧}$ |

હવે ગણિતપદનું કરણ અર્ધગાથાવડે કહે છે:—

## विक्खंभपायगुणिओ, परिरओ तस्स गणिअपयं ॥ १८८ ॥

**અર્થ**:—( **विक्खंभपायगुणिओ** ) વિષ્કંભના પાદવડે એટલે ચોથા ભાગે ગુણેલો ( **परिरओ** ) પરિધિ જે તે ( **तस्स** ) તેનું એટલે ઇષ્ટક્ષેત્રનું ( **गणिअपयं** ) ગણિતપદ થાય છે. એટલે કે જે ક્ષેત્રનું ગણિતપદ કાઢવું હોય તે ક્ષેત્રના પરિધિને તે ક્ષેત્રના વિષ્કંભના ચોથા ભાગવડે ગુણવો. જે આવે તે તેનું ગણિતપદ જાણવું.

જેમકે જંબૂદ્વીપનું ગણિતપદ કાઢવું છે, તે આ પ્રમાણે—જંબૂદ્વીપની પરિધિ ત્રણ લાખ સોળ હજાર બસો ને સત્તાવીશ યોજન ૩૧૬૨૨૭ છે. તેનો વિષ્કંભ એક લાખ યોજનનો છે તેનો ચોથો ભાગ પચીશ હજાર ૨૫૦૦૦ યોજન થાય, તેના વડે ઉપરના અંકને ગુણવાથી સાત સો નેવું કરોડ છપ્પન લાખ ને પંચોતેર હજાર ૭૯૦૫૬૭૫૦૦૦ યોજન થાય છે. પછી પરિધિમાં ૩ કોશ ઉપર છે તેથી તેને ૨૫૦૦૦ વડે ગુણતાં ૭૫૦૦૦ કોશ થયા. પછી ઉપર એક સો ને અઠ્ઠાવીશ ૧૨૮ ધનુષ છે તેને ૨૫૦૦૦ વડે ગુણતાં બત્રીશ લાખ ૩૨૦૦૦૦૦ ધનુષ થયાં. પછી ઉપર ૧૩ અંગુલ છે તેને ૨૫૦૦૦ વડે ગુણતાં ત્રણ લાખ પચીશ હજાર ૩૨૫૦૦૦ અંગુલ થયા. પછી ઉપર એક અર્ધાંગુલ છે તેને ૨૫૦૦૦ વડે ગુણતાં સાડાબાર હજાર ૧૨૫૦૦ અંગુલ થયા.

**સ્થાપના**:—

| જંબૂદ્વીપ | પરિધિ | વિષ્કંભનો ચોથો ભાગ | ગુણાકાર કરવાથી આવેલો અંક |
|---|---|---|---|
| યોજન | ૩૧૬૨૨૭ | ૨૫૦૦૦ | ૭૯૦૫૬૭૫૦૦૦ |
| કોશ | ૩ | ૨૫૦૦૦ | ૭૫૦૦૦ |
| ધનુષ | ૧૨૮ | ૨૫૦૦૦ | ૩૨૦૦૦૦૦ |
| અંગુલ | ૧૩ | ૨૫૦૦૦ | ૩૨૫૦૦૦ |
| અર્ધાંગુલ | ૧ | ૨૫૦૦૦ | ૧૨૫૦૦ |

પછી કોશની રાશિ જે ૭૫૦૦૦ છે તેના યોજન કરવા માટે ચારવડે ભાંગતાં ૧૮૭૫૦ યોજન. ધનુષની રાશિ ૩૨૦૦૦૦૦ છે તેને યોજન કરવા માટે ૮૦૦૦ વડે ભાંગતાં ૪૦૦ યોજન. બન્નેનો સરવાળો—૧૯૧૫૦. તેને ઉપરના યોજનમાં નાંખવાથી ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન થયા. અંગુલ તથા અર્ધાંગુલની કરેલી અંગુલનો

સરવાળો ૩૩૭૫૦૦ થયા તેને ધનુષ કરવા માટે ૯૬ વડે ભાંગતાં ભાગમાં ૩૫૧૫ ધનુષ આવ્યા અને ૬૦ અંગુલ વધ્યા. હવે પાંત્રીશ સો ૩૫૦૦ ધનુષના ૧ાા કોશ થાય ઉપર ૧૫ ધનુષ વધ્યા. તેના હાથ કરવા માટે ચારે ગુણવાથી ૬૦ હાથ થયા અને ૬૦ અંગુલના હાથ કરવા માટે ૨૪ વડે ભાંગતાં ૨ાા હાથ આવે તે ૬૦ હાથમાં નાંખતાં ૬૨ાા હાથ થાય. આ રીતે જંબૂદ્વીપનું ગણિતપદ-૭૯૦૫૬૯૪૧૫૦ યોજન, ૧ાા કોશ, ૬૨ાા હાથ થાય છે. (અથવા એક કોશ, ૧૫૧૫ ધનુષ, ૨ હાથ ને ૧૨ અંગુલ કહી શકાય છે.) (૧૮૮).

હવે ઇષુ અને જીવાનું કરણ કહે છે.—

**ओगाहु उसू सुच्चिअ, गुणवीसगुणो कलाउसू होइ।**
**विउसुपिहुत्ते चउगुण–उसुगुणिए मूलमिह जीवा ॥१८९॥**

**અર્થ**:—(**ओगाहु**) જે અવગાહ હોય તે (**उसू**) ઇષુ કહીએ. એટલે કે જંબૂદ્વીપને વિષે કહેવાને ઇચ્છેલા ભરત વિગેરે એક ભાગ કે જે જીવા અથવા પણછ ચડાવેલા ધનુષને આકારે હોય છે તેના ઉપર બાણ ચડાવ્યું હોય, તે બાણનો જે અવગાહ એટલે લંબાઇ અથવા વિષ્કંભ તેને ઇષુ કહીએ. (**सुच्चिअ**) તે જ ઇષુ જેટલા યોજનનો હોય તેને (**गुणवीसगुणो**) ઓગણીશે ગુણવા, તેથી (**कलाउसू**) કલારૂપ ઇષુ (**होइ**) થાય છે. આ જ ઇષુનું કરણ કહેવાય છે. (ઇષુમાં ને ધનુપૃ-ષ્ઠમાં પાછળના ક્ષેત્ર ને પર્વતો જે આવેલા હોય તે બધા ભેળા લેવાય છે.)

હવે જીવાનું કરણ કહે છે:—(**विउसुपिहुत्ते**) ઇષુનું પૃથુત્વ-વિષ્કંભ બાદ કરે સતે એટલે વૃત્તક્ષેત્ર (જંબૂદ્વીપ) ના વિષ્કંભની કળા કરીને પછી તેમાંથી ઇષુના વિષ્કંભની જેટલી કળા હોય તેટલી બાદ કરવી. પછી (**चउगुणउसुगुणिए**) ચાર-ગુણા ઇષુવડે તેને ગુણવા એટલે કે બાદ કરતાં શેષ રહેલી રાશિને ઇષુની કળાને ચાર-ગુણી કરી તેના વડે ગુણવી. (**मूलमिह**) પછી અહીં એટલે ગુણતાં જે અંક આવ્યો હોય તેનું મૂળ એટલે વર્ગમૂળ કાઢવું. જે આવે તે (**जीवा**) જીવા કહેવાય છે.

જેમકે દક્ષિણ ભરતાર્ધનું ઇષુ ૨૩૮ યોજન ને ૩ કળા છે. તેની કળા કરવા માટે ૨૩૮ ને ૧૯ વડે ગુણતાં ૪૫૨૨ થાય, તેમાં ઉપરની ૩ કળા ઉમેરતાં ૪૫૨૫ થાય. આ ઇષુના વિષ્કંભની કળા થઇ તેને જંબૂદ્વીપનો વિષ્કંભ લાખ યોજન છે, તેને ૧૯ વડે ગુણતાં ઓગણીશ લાખ ૧૯૦૦૦૦૦ કળા થઈ, તેમાંથી ઇષુ વિષ્કંભકળા ૪૫૨૫ બાદ કરતાં શેષ ૧૮૯૫૪૭૫ કળા થાય. પછી ઇષુની કળા ૪૫૨૫ને ચારે ગુણતાં ૧૮૧૦૦ થાય તે વડે બાદબાકીની શેષ રાશિ ૧૮૯૫૪૭૫ ને ગુણવી. તેથી ૩૪૩૦૮૦૯૭૫૦૦ થાય. તેનું પ્રથમ કહ્યા પ્રમાણે વર્ગમૂળ કાઢતાં ૧૮૫૨૨૪ કળા લાધે અને શેષ ૧૯૭૩૨૪ રાશિ રહે, તથા છેદરાશિ (ભાજકરાશિ) ૩૭૦૪૪૮ આવે છે. હવે લાધેલી કળા ૧૮૫૨૨૪ ને ઓગણીશે ભાગ દેતાં ૯૭૪૮ યોજન થયા ઉપર ૧૨ કળા વધે છે. એજ રીતે વૈતાઢ્ય વિગેરેનું પણ જીવાકરણ કરવું. (૧૮૯).

## જીવા-સ્થાપના:—

| જીવાકરણ અનુક્રમે (૧) | ઇષુવિષ્કંભ યોજન (૨) | ઇષુવિષ્કંભ કળા (૩) | ઓગણીશ લાખ માંથી બાદ કરેલી ઇષુકળા (૪) | ઇષુકળાને ચારે ગુણતાં (૫) |
|---|---|---|---|---|
| ૧ દક્ષિણ ભરતમાં | ૨૩૮$\frac{૩}{૧૯}$ | ૪૫૨૫ | ૧૮૯૫૪૭૫ | ૧૮૧૦૦ |
| ૨ વૈતાઢ્ય | ૨૮૮$\frac{૩}{૧૯}$ | ૫૪૭૫ | ૧૮૯૪૫૨૫ | ૨૧૯૦૦ |
| ૩ ઉત્તર ભરત | ૫૨૬$\frac{૬}{૧૯}$ | ૧૦૦૦૦ | ૧૮૯૦૦૦૦ | ૪૦૦૦૦ |
| ૪ હિમવંત પર્વત | ૧૫૭૮$\frac{૧૮}{૧૯}$ | ૩૦૦૦૦ | ૧૮૭૦૦૦૦ | ૧૨૦૦૦૦ |
| ૫ હિમવંત ક્ષેત્ર | ૩૬૩૪$\frac{૪}{૧૯}$ | ૭૦૦૦૦ | ૧૮૩૦૦૦૦ | ૨૮૦૦૦૦ |
| ૬ મહાહિમવંત પર્વત | ૭૮૯૪$\frac{૧૪}{૧૯}$ | ૧૫૦૦૦૦ | ૧૭૫૦૦૦૦ | ૬૦૦૦૦૦ |
| ૭ હરિવર્ષ ક્ષેત્ર | ૧૬૩૧૫$\frac{૧૫}{૧૯}$ | ૩૧૦૦૦૦ | ૧૫૯૦૦૦૦ | ૧૨૪૦૦૦૦ |
| ૮ નિષધ પર્વત | ૩૩૧૫૭$\frac{૧૭}{૧૯}$ | ૬૩૦૦૦૦ | ૧૨૭૦૦૦૦ | ૨૫૨૦૦૦૦ |
| ૯ વિદેહમધ્ય | ૫૦૦૦૦ | ૯૫૦૦૦૦ | ૯૫૦૦૦૦ | ૩૮૦૦૦૦૦ |

## જીવાકરણનું અનુસંધાન.

| ઇષુકળા બાદ કરતાં શેષ રહેલી કળાને ચતુર્ગુણ ઇષુકળાવડે ગુણ્યા (૬) | વર્ગમૂળ કાઢતાં શેષરાશિ (૭) | વર્ગમૂળમાં છેદ એટલે ભાજક રાશિ (૮) | લાધેલી એટલે ભાગમાં આવેલી કળા (૯) | કળાના કરેલા યોજન (૧૦) | શેષકળા (૧૧) |
|---|---|---|---|---|---|
| ૩૪૩૦૮૦૯૭૫૦૦ | ૧૬૭૩૨૪ | ૩૭૦૪૪૮ | ૧૮૫૨૨૪ | ૯૭૪૮ | $\frac{૧૨}{૧૯}$ |
| ૪૧૪૯૦૦૯૭૫૦૦ | ૭૪૦૧૯ | ૪૪૭૩૮૨ | ૨૦૩૬૯૧ | ૧૦૭૨૦ | $\frac{૧૧}{૧૯}$ |
| ૭૫૬૦૦૦૦૦૦૦૦ | ૨૯૭૮૮૪ | ૫૪૯૯૦૮ | ૨૭૪૯૫૪ | ૧૪૪૭૧ | $\frac{૫}{૧૯}$ |
| ૨૨૪૪૦૦૦૦૦૦૦૦ | ૭૩૦૭૩૬ | ૯૪૭૪૧૬ | ૪૭૩૭૦૮ | ૨૪૯૩૨ | $\frac{૧}{૨}$ કળા |
| ૫૧૨૪૦૦૦૦૦૦૦૦ | ૨૯૫૯૫૯ | ૧૪૩૧૬૪૨ | ૭૧૫૮૨૧ | ૩૭૬૭૪ | $\frac{૧૫}{૧૯}$ |
| ૧૦૫૦૦૦૦૦૦૦૦૦૦ | ૧૫૬૯૭૫ | ૨૦૪૯૩૯૦ | ૧૦૨૪૬૯૫ | ૫૩૯૩૧ | $\frac{૬}{૧૯}$ |
| ૧૯૭૧૬૦૦૦૦૦૦૦૦ | ૨૦૯૩૫૦૪ | ૨૮૦૮૨૭૨ | ૧૪૦૪૧૩૬ | ૭૩૯૦૧ | $\frac{૧૭}{૧૯}$ |
| ૩૨૦૦૪૦૦૦૦૦૦૦૦ | ૬૫૦૮૪૪ | ૩૫૭૭૯૩૨ | ૧૭૮૮૯૬૬ | ૯૪૧૫૬ | $\frac{૨}{૧૯}$ |
| ૩૬૧૦૦૦૦૦૦૦૦૦૦ | ... | ... | ૧૯૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ... |

## ધનુઃપૃષ્ઠ-સ્થાપના:—

| ધનુઃપૃષ્ઠકરણ (૧) | ઇષુની કળાનો વર્ગ (૨) | ઇષુકળાવર્ગને છએ ગુણતાં (૩) | જીવાની કળાનો વર્ગ (૪) |
|---|---|---|---|
| ૧ દક્ષિણ ભરત | ૨૦૪૭૫૬૨૫ | ૧૨૨૮૫૩૭૫૦ | ૩૪૩૦૮૦૯૭૫૦૦ |
| ૨ વૈતાઢ્ય પર્વત | ૨૯૯૭૫૬૨૫ | ૧૭૯૮૫૩૭૫૦ | ૪૧૪૯૦૦૯૭૫૦૦ |
| ૩ ઉત્તર ભરત | ૧૦૦૦૦૦૦૦૦ | ૬૦૦૦૦૦૦૦૦ | ૭૫૬૦૦૦૦૦૦૦૦ |
| ૪ હિમવંતગિરિ | ૯૦૦૦૦૦૦૦૦ | ૫૪૦૦૦૦૦૦૦૦ | ૨૨૪૪૦૦૦૦૦૦૦૦ |
| ૫ હિમવંત ક્ષેત્ર | ૪૯૦૦૦૦૦૦૦૦ | ૨૯૪૦૦૦૦૦૦૦૦ | ૫૧૨૪૦૦૦૦૦૦૦૦ |
| ૬ મહાહિમવંત ગિરિ | ૨૨૫૦૦૦૦૦૦૦૦ | ૧૩૫૦૦૦૦૦૦૦૦૦ | ૧૦૫૦૦૦૦૦૦૦૦૦૦ |
| ૭ હરિવર્ષક્ષેત્ર | ૯૬૧૦૦૦૦૦૦૦૦ | ૫૭૬૬૦૦૦૦૦૦૦૦ | ૧૯૭૧૬૦૦૦૦૦૦૦૦ |
| ૮ નિષધગિરિ | ૩૯૬૯૦૦૦૦૦૦૦૦ | ૨૩૮૧૪૦૦૦૦૦૦૦૦ | ૩૨૦૦૪૦૦૦૦૦૦૦૦ |
| ૯ મહાવિદેહાર્ધ | ૯૦૨૫૦૦૦૦૦૦૦૦ | ૫૪૧૫૦૦૦૦૦૦૦૦૦ | ૩૬૧૦૦૦૦૦૦૦૦૦૦ |

## ધનુઃપૃષ્ઠકરણનું અનુસંધાન.

| છ ગુણ ઇષુવર્ગમાં જીવા વર્ગ મેળવતાં (૫) | વર્ગમૂળ કાઢતાં શેષ રાશિ (૬) | વર્ગમૂળ કાઢતાં છેદરાશિ (૭) | વર્ગમૂળમાં લાધેલી કળા (૮) | લાધેલી કળા ના યોજન (૯) | શેષકળા (૧૦) |
|---|---|---|---|---|---|
| ૩૪૪૩૦૯૫૧૨૫૦ | ૨૯૩૨૨૫ | ૩૭૧૧૧૦ | ૧૮૫૫૫૫ | ૯૭૬૬ | ૧ |
| ૪૧૬૬૯૯૫૧૨૫૦ | ૭૭૮૨૬ | ૪૦૮૨૬૪ | ૨૦૪૧૩૨ | ૧૦૭૪૩ | ૧૫ |
| ૭૬૨૦૦૦૦૦૦૦૦ | ૨૬૨૧૫૧ | ૫૫૨૦૮૬ | ૨૭૬૦૪૩ | ૧૪૫૨૮ | ૧૧ |
| ૨૨૯૮૦૦૦૦૦૦૦૦ | ૫૬૮૧૨૪ | ૯૫૮૭૪૮ | ૪૭૯૩૭૪ | ૨૫૨૩૦ | ૪ |
| ૫૪૧૮૦૦૦૦૦૦૦૦ | ૯૫૫૧૦૦ | ૧૪૭૨૧૪૦ | ૭૩૬૦૭૦ | ૩૮૭૪૦ | ૧૦ |
| ૧૧૮૫૦૦૦૦૦૦૦૦૦ | ૧૧૫૦૭૧ | ૨૧૭૭૧૫૪ | ૧૦૮૮૫૭૭ | ૫૭૨૯૩ | ૧૦ |
| ૨૫૪૮૨૦૦૦૦૦૦૦૦ | ૭૬૯૧૩૬ | ૩૧૯૨૬૧૬ | ૧૫૯૬૩૦૮ | ૮૪૦૧૬ | ૪ |
| ૫૫૮૧૮૦૦૦૦૦૦૦૦ | ૧૫૬૮૧૧૧ | ૪૭૨૫૧૬૬ | ૨૩૬૨૫૮૩ | ૧૨૪૩૪૬ | ૯ |
| ૯૦૨૫૦૦૦૦૦૦૦૦૦ | ૪૬૬૯૪૩૧ | ૬૦૦૮૩૨૬ | ૩૦૦૪૧૬૩ | ૧૫૮૧૧૩ | ૧૬॥ |

જીવાનું કરણ કહ્યું. હવે પૂર્વાર્ધ ગાથાવડે ધનુઃપૃષ્ઠ લાવવાનું કરણ કહે છેઃ—

**इसुवग्गि छगुणि जीवा—वग्गजुए मूल होइ धणुपिट्ठं ।**

**અર્થ**ઃ—( **इसुवग्गि** ) પ્રથમ ઇષુનો વર્ગ કરવો એટલે કે ઇષુની જેટલી કળા હોય તેને તેટલાએ ગુણી વર્ગ કરવો. પછી તેને ( **छगुणि** ) છએ ગુણવો. પછી તેને ( **जीवावग्गजुए** ) જીવાના વર્ગથી યુક્ત કરવો એટલે કે જીવાની જે કળા હોય તેનો વર્ગ કરી તેમાં ભેળવવો. પછી ( **मूल** ) તેનું વર્ગમૂળ કાઢવું. જે આવે તે ( **धणुपिट्ठं** ) ધનુપૃષ્ઠ ( **होइ** ) હોય છે. ( આનું યંત્ર ઉપરના પૃષ્ઠમાં છે ).

ધનુઃપૃષ્ઠનું કરણ કહ્યું. હવે બાહાનું કરણ ઉત્તરાર્ધ ગાથાવડે કહે છેઃ—

**धणुदुगविसेससेसं दलिअं बाहादुगं होइ ॥ १९० ॥**

**અર્થ**—( **धणुदुग** ) નાનું અને મોટું એવા બે ધનુ એટલે ધનુઃપૃષ્ઠ તેનો ( **विसेस** ) વિશ્લેષ કરવો એટલે મોટા ધનુઃપૃષ્ઠમાંથી નાનું ધનુઃપૃષ્ઠ બાદ કરવું. ( **सेसं** ) જે શેષ રહે તેને ( **दलिअं** ) અર્ધ કરવું. તે જ ( **बाहादुगं** ) વૈતાઢ્ય વિગેરેની બે બાહાઓ ( **होइ** ) થાય છે. (૧૯૦).

**બાહા-સ્થાપનાઃ—**

| બાહાકરણ | મોટું ધનુઃપૃષ્ઠ | નાનું ધનુઃપૃષ્ઠ | બાદ કરતાં શેષ | તેને અર્ધ કરતાં બાહા આવી તે |
|---|---|---|---|---|
| ૧ વૈતાઢ્યગિરિ | ૧૦૭૪૩-૧૫ | ૯૭૬૬-૧ | ૯૭૭-૧૪ | ૪૮૮-૧૬॥ |
| ૨ ઉત્તરભરત | ૧૪૫૨૮-૧૧ | ૧૦૭૪૩-૧૫ | ૩૭૮૪-૧૫ | ૧૮૯૨-૭॥ |
| ૩ હિમવંતગિરિ | ૨૫૨૩૦-૪ | ૧૪૫૨૮-૧૧ | ૧૦૭૦૧-૧૨ | ૫૩૫૦-૧૫॥ |
| ૪ હિમવંતક્ષેત્ર | ૩૮૭૪૦-૧૦ | ૨૫૨૩૦-૪ | ૧૩૫૧૦-૬ | ૬૭૫૫-૩ |
| ૫ મહાહિમવંતગિરિ | ૫૭૨૯૩-૧૦ | ૩૮૭૪૦-૧૦ | ૧૮૫૫૩-૦ | ૯૨૭૬-૯॥ |
| ૬ હરિવર્ષક્ષેત્ર | ૮૪૦૧૬-૪ | ૫૭૨૯૩-૧૦ | ૨૬૭૨૨-૧૩ | ૧૩૩૬૧-૬॥ |
| ૭ નિષધગિરિ | ૧૨૪૩૪૬-૯ | ૮૪૦૧૬-૪ | ૪૦૩૩૦-૫ | ૨૦૧૬૫-૨॥ |
| ૮ મહાવિદેહાર્ધ | ૧૫૮૧૧૩-૧૬॥ | ૧૨૪૩૪૬-૯ | ૩૩૭૬૭-૭॥ | ૧૬૮૮૩-૧૩॥ |

બાહાનું કરણ કહ્યું. હવે છેલ્લા ખંડનું પ્રતર કરવાનું કરણ કહે છેઃ—

**अंतिमखंडस्सुसुणा, जीवं संगुणिअ चउहिं भईऊणं ।**

**लद्धंमि वग्गिए दस—गुणम्मि मूलं हवइ पयरो ॥१९१॥**

**અર્થ**—( **अंतिमखंडस्स** ) ભરતાદિક છેલ્લા ખંડના ( **उसुणा** ) ઇષુની સાથે એટલે ઇષુની કળાની સાથે ( **जीवं** ) જીવાને એટલે જીવાની કળાને ( **संगुणिय** )

ગુણીને તેને ( **चउहिं** ) ચારવડે ( **भईऊणं** ) ભાગીને ( **लद्धंमि** ) જે લાધે–ભાગમાં જે આવે ( **वग्गिए** ) તેનો વર્ગ કરવો એટલે તેને તેટલાએ ગુણવા. પછી તેને ( **दसगुणम्मि** ) દશે ગુણવા. પછી ( **मूलं** ) તેનો વર્ગમૂળ કાઢવો. જે લાધે તે ( **पयरो** ) પ્રતર ( **हवइ** ) થાય છે. આ પ્રતરમાં જે અંક લાધ્યો હોય તે પ્રતિકળા હોવાથી તેને ૧૯ વડે ભાગતાં ભાગમાં જે લાધે તે કળા અને શેષ રહે તે પ્રતિકળા છે. કળાને પણ ૧૯ વડે ભાગતાં ભાગમાં જે લાધે તે યોજન અને શેષ રહે તે કળા જાણવી. (૧૯૧).

દક્ષિણાર્ધ ભરતક્ષેત્રનું પ્રતર આ રીતે:—

| | | |
|---|---|---|
| ૧ ઇષુની કળા | — | ૪૫૨૫ |
| ૨ કાંઈક ન્યૂન જીવાની કળા | — | ૧૮૫૨૨૫ |
| ૩ ઇષુકળાને જીવાની કળા સાથે ગુણતાં | — | ૮૩૮૧૪૩૧૨૫ |
| ૪ તેને ચારે ભાગતાં કળા | — | ૨૦૯૫૩૫૭૮૧ |
| ૫ ચારે ભાગતાં જે કળા આવી તેને તેટલાએ ગુણી વર્ગ કરતાં | — | ૪૩૯૦૫૨૪૩૫૧૯૨૭૯૯૬૧ |
| ૬ તે વર્ગને દશે ગુણતાં | — | ૪૩૯૦૫૨૪૩૫૧૯૨૭૯૯૬૧૦ |
| ૭ તેનું વર્ગમૂળ કાઢતાં લાધેલો અંક | — | ૬૬૨૬૧૦૩૧૯ |
| ૮ શેષરાશિ રહી તે અંક | — | ૩૪૭૫૧૭૮૪૯ |
| ૯ છેદરાશિ | — | ૧૩૨૫૨૨૦૬૩૮ |

૧૦ વર્ગમૂળના લાધેલા અંકને કળા કરવા માટે ૧૯ વડે ભાગતાં—કળા ૩૪૮૭૪૨૨૭, પ્રતિકળા ૬.

૧૧ કળાને યોજન કરવા માટે ૧૯ વડે ભાગતાં—યોજન ૧૮૩૫૪૮૫, કળા ૧૨. અર્થાત્ ૧૮૩૫૪૮૫ યોજન, ૧૨ કળા, ૬ પ્રતિકળા. આટલું દક્ષિણાર્ધ ભરતનું પ્રતર જાણવું.

હવે વૈતાઢ્ય વિગેરેનું પ્રતર કરવાનું કરણ કહે છે:—

**जीवावग्गाण दुगे, मिलिए दलिए अ होइ जं मूलं ।**
**वेअड्ढाईण तयं, सपिहुत्तगुणं भवे पयरो ॥ १९२ ॥**

**અર્થ**—( **जीवावग्गाण दुगे** ) નાની જીવાના વર્ગની કળા અને મોટી જીવાના વર્ગની કળાએ બન્નેને ( **मिलिए** ) મેળવવી એટલે સરવાળો કરવો. પછી તેને ( **दलिए** ) અર્ધ કરવા. પછી તેનું ( **जं** ) જે ( **मूलं** ) વર્ગમૂળ ( **होइ** ) થાય, ( **तयं** ) તેને ( **सपिहुत्तगुणं** ) પોતાના પૃથુત્વવડે ગુણવા, એટલે કે વૈતાઢ્યાદિકનો કળારૂપ જે વિસ્તાર હોય તે વડે ગુણવા. જે આવે તે ( **वेअड्ढाईण** ) વૈતાઢ્યાદિકનું ( **पयरो** ) પ્રતર ( **भवे** ) થાય છે. (૧૯૨).

## વૈતાઢ્ય વિગેરે પર્વતો તથા ઉત્તરાર્ધ ભરત વિગેરે

| પ્રતર કરણ (૧) | ઉત્તરભરતાર્ધ (૨) | હિમવાનપર્વત (૩) | હૈમવતક્ષેત્ર (૪) |
|---|---|---|---|
| ૧ લઘુજીવાવર્ગ કળા | ૪૧૪૯૦૦૯૭૫૦૦ | ૭૫૬૦૦૦૦૦૦૦૦ | ૨૨૪૦૦૦૦૦૦૦૦ |
| ૨ ગુરૂજીવાવર્ગ કળા | ૭૫૬૦૦૦૦૦૦૦૦ | ૨૨૪૦૦૦૦૦૦૦૦ | ૫૧૨૪૦૦૦૦૦૦૦ |
| ૩ બન્નેનો સરવાળો | -૧૧૭૦૯૦૦૯૭૫૦૦ | ૩૦૦૦૦૦૦૦૦૦૦ | ૭૩૬૮૦૦૦૦૦૦૦ |
| ૪ તે સર્વ કળાને અર્ધ કરતાં | ૫૮૫૪૫૦૪૮૭૫૦ | ૧૫૦૦૦૦૦૦૦૦૦ | ૩૬૮૪૦૦૦૦૦૦૦ |
| ૫ વર્ગમૂળ કાઢતાં લાધેલી કળા | ૨૪૧૯૬૦ | ૩૮૭૨૯૮ | ૬૦૬૯૫૯ |
| ૬ શેષરાશિ | ૪૦૭૧૫૦ | ૨૫૯૧૯૬ | ૭૭૨૩૧૯ |
| ૭ છેદરાશિ | ૪૮૩૯૨૦ | ૭૭૪૫૯૬ | ૧૨૧૩૯૧૮ |
| ૮ અપવર્તનાંક | શૂન્યવડે અપવર્તના | ૪ ભાગ | ૧ ભાગ |
| ૯ અપવર્તન કરવાથી શેષ રહેલી રાશિ | ૪૦૭૧૫ | ૬૪૭૯૯ | ૭૭૨૩૧૯ |
| ૧૦ અપવર્તન કરે સતે છેદરાશિ | ૪૮૩૯૨ | ૧૯૩૬૪૯ | ૧૨૧૩૯૧૮ |
| ૧૧ પૃથુત્વ કળા | ૪૫૨૫ | ૨૦૦૦૦ | ૪૦૦૦૦ |
| ૧૨ તેનાથી ગુણેલી લબ્ધ રાશિ | બૃહદ્રાશિ ૧૦૯૪૮૬૯૦૦૦ | મોટી રાશિ ૭૭૪૫૯૬૦૦૦૦ | મોટી રાશિ ૨૪૨૭૮૩૬૦૦૦૦ |
| ૧૩ શેષરાશિને પૃથુત્વવડે ગુણી અપવર્તન કરે સતે શેષ અંશ | ૧૮૪૨૩૫૩૭૫ | ૧૨૯૫૯૮૦૦૦૦ | ૩૦૮૯૨૭૬૦૦૦૦ |
| ૧૪ અપવર્તિત છેદરાશિવડે ભાગવાથી લાધેલી કળા | ૩૮૦૭ શેષ ૭૦૩૧ | ૬૬૯૨ શેષ ૮૦૯૨ | ૨૫૪૪૮ શેષ ૯૭૪૭૩૬ |
| ૧૫ તેને મોટી રાશિમાં નાંખવાથી કુલ કળા | ૧૦૯૪૮૭૨૮૦૭ | ૭૭૪૫૯૬૬૬૯૨ | ૨૪૨૭૮૩૮૫૪૪૮ |
| ૧૬ તેને ૧૯ વડે ભાંગી કળા કરી | ૫૭૬૨૪૮૮૪ કળા ૧૧ પ્રતિકળા | ૪૦૭૬૮૨૪૫૭ કળા ૯ પ્રતિકળા | ૧૨૭૭૮૦૯૭૬૦ કળા ૮ પ્રતિકળા |
| ૧૭ કળાને ૧૯ વડે ભાંગી યોજન કર્યા | ૩૦૩૨૮૮૮ યોજન કળા ૧૨, પ્રતિકળા ૧૧ | ૨૧૪૫૬૯૭૧ યોજન કળા ૮, પ્રતિકળા ૯ | ૬૭૨૫૩૧૪૫ યોજન કળા ૫, પ્રતિકળા ૮ |

## ક્ષેત્રોના પૃથક્ પૃથક્ પ્રતરના કરણની સ્થાપના:—

| મહાહિમવંતપર્વત (૫) | હરિવર્ષક્ષેત્ર (૬) | નિષધપર્વત (૭) | મહાવિદેહાર્ધ (૮) |
|---|---|---|---|
| ૫૧૨૪૦૦૦૦૦૦૦૦ | ૧૦૫૦૦૦૦૦૦૦૦૦૦ | ૧૯૭૧૬૦૦૦૦૦૦૦૦ | ૩૨૦૦૪૦૦૦૦૦૦૦૦ |
| ૧૦૫૦૦૦૦૦૦૦૦૦૦ | ૧૯૭૧૬૦૦૦૦૦૦૦૦ | ૩૨૦૦૪૦૦૦૦૦૦૦૦ | ૩૬૧૦૦૦૦૦૦૦૦૦૦ |
| ૧૫૬૨૪૦૦૦૦૦૦૦૦ | ૩૦૨૧૬૦૦૦૦૦૦૦૦ | ૫૧૭૨૦૦૦૦૦૦૦૦૦ | ૬૮૧૦૪૦૦૦૦૦૦૦૦ |
| ૭૮૧૨૦૦૦૦૦૦૦૦ | ૧૫૧૦૮૦૦૦૦૦૦૦૦ | ૨૫૮૬૦૦૦૦૦૦૦૦૦ | ૩૪૦૫૨૦૦૦૦૦૦૦૦ |
| ૮૮૩૮૫૫ | ૧૨૨૯૧૪૬ | ૧૬૦૮૧૦૪ | ૧૮૪૫૩૧૮ |
| ૩૩૮૯૭૫ | ૧૧૦૬૮૪ | ૧૫૨૫૧૮૪ | ૧૪૭૮૮૭૬ |
| ૧૭૬૭૭૧૦ | ૨૪૫૮૨૯૨ | ૩૨૧૬૨૦૮ | ૩૬૯૦૬૩૬ |
| ૩૫ ભાગ | ૪ ભાગ | ૧૬ ભાગ | ૪ ભાગ |
| ૯૬૮૫ | ૨૭૬૭૧ | ૯૫૩૨૪ | ૩૬૯૭૧૯ |
| ૫૦૫૦૬ | ૬૧૪૫૭૩ | ૨૦૧૦૧૩ | ૯૨૨૬૫૯ |
| ૮૦૦૦૦ | ૧૬૦૦૦૦ | ૩૨૦૦૦૦ | ૩૨૦૦૦૦ |
| મોટી રાશિ | મોટી રાશિ | મોટી રાશિ | મોટી રાશિ |
| ૭૦૭૦૮૪૦૦૦૦૦ | ૧૯૬૬૬૩૩૬૦૦૦૦ | ૫૧૪૫૯૩૨૮૦૦૦૦ | ૫૯૦૫૦૧૭૬૦૦૦૦ |
| ૭૭૪૮૦૦૦૦૦ | ૪૪૨૭૩૬૦૦૦૦ | ૩૦૫૦૩૬૮૦૦૦૦ | ૧૧૮૩૧૦૦૮૦૦૦૦ |
| ૧૫૩૪૦ | ૭૨૦૩ | ૧૫૧૭૪૯ | ૧૨૮૨૨૭ |
| શેષ ૩૭૯૬૦ | શેષ ૫૯૦૬૮૧ | શેષ ૧૫૮૨૬૩ | શેષ ૨૮૪૪૦૭ |
| ૭૦૭૦૮૪૧૫૩૪૦ | ૧૯૬૬૬૩૩૬૭૨૦૩ | ૫૧૪૫૯૩૪૩૧૭૪૯ | ૫૯૦૫૦૧૮૮૮૨૨૭ |
| ૩૭૨૧૪૯૫૫૪૪ કળા ૪ પ્રતિકળા | ૧૦૩૫૦૭૦૩૫૩૭ કળા ૦ પ્રતિકળા | ૨૭૦૮૩૮૬૪૮૨૮કળા ૧૭ પ્રતિકળા | ૩૧૦૭૯૦૪૬૭૪૮કળા ૧૫ પ્રતિકળા |
| ૧૯૫૮૬૮૧૮૬ યોજન ૧૦ કળા, ૪ પ્રતિકળા | ૫૪૪૭૭૩૮૭૦યોજન ૭ કળા, ૦ પ્રતિકળા | ૧૪૨૫૪૬૬૫૬૯ યો. ૧૭ કળા, ૧૭ પ્રતિકળા | ૧૬૩૫૭૩૯૩૦૨ યો. ૧૦કળા, ૧૫ પ્રતિકળા |

## વૈતાઢ્ય ભૂતલ પ્રતર કરણ સ્થાપના:—

| | |
|---|---|
| દક્ષિણભરત તરફની તે લઘુજીવા તેનો વર્ગ કરતાં કળા | —૩૪૩૦૮૦૯૭૫૦૦ |
| ઉત્તરભરત તરફની તે ગુરૂજીવા તેનો વર્ગ કરતાં કળા | —૪૧૪૯૦૦૯૭૫૦૦ |
| બન્ને જીવાવર્ગનો સરવાળો કરતાં કળા | —૭૫૭૯૮૧૯૫૦૦૦ |
| તેનો અર્ધ ભાગ કરતાં કળા | —૩૭૮૯૯૦૯૭૫૦૦ |
| વર્ગમૂળ શોધતાં લબ્ધ કળા | — ૧૯૪૬૭૬ |
| શેષરાશિ કળા | — ૩૫૨૫૨૪ |
| છેદરાશિ કળા | — ૩૮૯૩૫૨ |
| લબ્ધ શેષરાશિને બારે ભાગતાં | — ૨૯૩૭૭ |
| છેદરાશિને બારે ભાગતાં | — ૩૨૪૪૬ |
| વર્ગમૂળની લબ્ધકળાને ૫૦ વડે ગુણતાં | — ૯૭૩૩૮૦૦ |
| બારે ભાગેલી શેષરાશિની લબ્ધકળાને ૫૦ વડે ગુણતાં | — ૧૪૬૮૮૫૦ |
| તેને બારે ભાગેલી છેદરાશિ ૩૨૪૪૬ વડે ભાગતાં | —૪૫ લબ્ધકળા-શેષ ૮૭૮૦ |
| તે ૪૫ને લબ્ધમોટી રાશિનીકળા૯૭૩૩૮૦૦માં નાંખવાથી | —૯૭૩૩૮૪૫ |
| તેને ૧૯ વડે ભાંગી યોજન કરવાથી | —૫૧૨૩૦૭ શેષકળા ૧૨ |

### વૈતાઢ્ય પ્રથમ મેખળા પ્રતર.

| | |
|---|---|
| વર્ગમૂળ શોધતાં લબ્ધકળા- | ૧૯૪૬૭૬ |
| તેને ત્રીશવડે ગુણતાં | -૫૮૪૦૨૮૦ |
| શેષરાશિ ૨૯૩૭૭ ને ત્રીશ વડે ગુણતાં- | ૮૮૧૩૧૦ |
| તેને ૩૨૪૪૬ વડે ભાગતાં લબ્ધ- | ૨૭ |
| શેષ રહ્યા | - ૫૨૬૮ |
| ૨૭ ને ૫૮૪૦૨૮૦ મળીને- | ૫૮૪૦૩૦૭ |
| તેના યોજન કરવા ૧૯ વડે ભાંગતાં- | ૩૦૭૩૮૪ કળા ૧૧ |

### વૈતાઢ્ય દ્વિતીય મેખળા પ્રતર.

| | |
|---|---|
| વર્ગમૂળ શોધતાં લબ્ધ કળા- | ૧૯૪૬૭૬ |
| તેને દશવડે ગુણતાં | -૧૯૪૬૭૬૦ |
| ૨૯૩૭૭ ને દશવડે ગુણતાં - | ૨૯૩૭૭૦ |
| તેને ૩૨૪૪૬ વડે ભાગતાં લબ્ધ- | ૯ |
| શેષ રહ્યા | - ૧૭૫૬ |
| ૧૯૪૬૭૬૦ માં ૯ ભેળવ્યા | -૧૯૪૬૭૬૯ |
| તેને ૧૯ વડે ભાંગતાં યોજન- | ૧૦૨૪૬૧ કળા ૧૦ |

## સર્વ ક્ષેત્રો અને પર્વતોના પ્રતરની સ્થાપના:—

| ક્ષેત્ર તથા પર્વત | યોજન | કળા | પ્રતિકળા |
|---|---|---|---|
| ૧ દક્ષિણભરતાર્ધનું | ૧૮૩૫૪૮૫ | ૧૨ | ૬ |
| ૨ વૈતાઢ્યનું ભૂમિગત | ૫૧૨૩૦૭ | ૧૨ | ૬ |
| ૩ ઉત્તરભરતાર્ધનું | ૩૦૩૨૮૮૮ | ૧૨ | ૧૧ |
| ૪ હિમવંત પર્વતનું | ૨૧૪૫૬૯૭૧ | ૮ | ૯ |
| ૫ હૈમવત ક્ષેત્રનું | ૬૭૨૫૩૧૪૫ | ૫ | ૮ |
| ૬ મહાહિમવંત પર્વતનું | ૧૯૫૮૬૮૧૮૬ | ૧૦ | ૫ |
| ૭ હરિવર્ષ ક્ષેત્રનું | ૫૪૪૭૭૩૮૭૦ | ૭ | ૦ |
| ૮ નિષધ પર્વતનું | ૧૪૨૫૪૬૬૫૬૯ | ૧૭ | ૧૭ |
| ૯ મહાવિદેહાર્ધનું | ૧૬૩૫૭૩૯૩૦૨ | ૧૦ | ૧૫ |
| સર્વનો સરવાળો કરતાં | ૩૮૯૫૯૩૮૭૨૩ | ૯૩ | ૭૭ |
| આ પ્રમાણે બંને બાજુ હોવાથી તેને બેવડે ગુણતાં | ૭૭૯૧૮૭૭૪૬ | ૧૮૬ | ૧૫૪ |

ઉપર જણાવેલા યોજનમાં કળા ને વિકળાના યોજન કરતાં દશ યોજન લગભગ વધે છે. તેથી ૪૬ ના ૫૬ થાય છે.

**एयं च पयरगणिअं, संववहारेण दंसिअं तेण ।**
**किंचूणं होइ फलं, अहिअं पि हवे सुहमगणणा ॥१९३॥**

**અર્થ**—( **एयं च** ) વળી આ ( **पयरगणिअं** ) પ્રતરનું ગણિત એટલે દક્ષિણ ભરતાર્ધ વિગેરે ક્ષેત્રો અને પર્વતોનું ગણિતપદ ( **संववहारेण** ) સ્થૂલગણિતના વ્યવહારવડે કરીને ( **दंसिअं** ) દેખાડ્યું છે. ( **तेण** ) તેથી કરીને ( **फलं** ) તેનું ફળ ( સરવાળો ) ( **किंचूणं** ) કાંઇક ઓછું ( **होइ** ) થાય છે. એટલે કે સર્વ પ્રતરોને એકઠા કરી–સરવાળો કરીને એ પ્રમાણે બીજી બાજુ પણ હોવાથી તેને બમણા કરીએ ત્યારે સાત સો ઓગણાએંશી કરોડ, અઢાર લાખ, સીત્તોતેર હજાર, ચાર સો ને છપ્પન ૭૭૯૧૮૭૭૪૫૬ યોજન થાય છે, તે પ્રથમ ૧૮૬મી ગાથામાં સાત સો ને નેવું કરોડ વિગેરે કહેલા ગણિતપદના અંકથી અગ્યાર કરોડ, આડત્રીશ લાખ, સોળ હજાર, છસો ને પંચાણુ યોજન, બે કોશ, ૪૮૪

ધનુષ અને છત્રીશ અંગુલ આટલું ઓછું થાય છે. તથા વળી ( **सुहमगणणा** ) સૂક્ષ્મ રીતે ગણુવાથી એટલે શેષ રહેલા અંશ અને પ્રત્યંશ ( કળા, પ્રતિકળા ) ગણુવાથી ( **अहिअं पि** ) કાંઇક અધિક પણુ ( **हवे** ) થાય છે; તો પણુ સંપૂર્ણુ રીતે તો તે અંક મળતો આવતો નથી, તેથી આ ફેરફાર કરણુનો હોવો જોઇએ એમ સંભવે છે. ખરી વાત તો તત્ત્વવેત્તા જાણે. (૧૯૩).

આની સ્થાપના ઉપર બતાવી છે તે જાણુવી.

પ્રતરગણિત કહ્યું. હવે છેલ્લું ઘનગણિત કહે છે.

**पयरो सोस्सेहगुणो, होइ घणो परिरयाइ सव्वं वा ।**
**करणगणणालसेहिं, जंतगलिहिआउ दट्ठव्वं ॥ १९४ ॥**

**અર્થ**—( **पयरो** ) ઉપર જે પ્રતર કહેલ છે તેનો ( **सोस्सेहगुणो** ) પર્વતના ઉત્સેધ-ઉંચાઇની સાથે ગુણાકાર કરવાથી ( **घणो** ) ઘનગણિત ( **होइ** ) થાય છે. તે વૈતાઢ્ય વિગેરે પર્વતોનું ઘનગણિત નીચે સ્થાપના કરીને દેખાડે છે. (**वा**) અથવા ( **परिरयाइ** ) પરિધિ વિગેરે ( **सव्वं** ) સર્વ ( **करणगणणालसेहिं** ) કરણુની ગણુના કરવામાં આળસુ મનુષ્યોએ ( **जंतगलिहिआउ** ) યંત્રમાં લખેલું છે તેમાંથી ( **दट्ठव्वं** ) જોઇ લેવું-જાણુવું. ( ૧૯૪ ).

## વૈતાઢ્ય વિગેરેના ઘનગણિતની સ્થાપના:—

| પર્વતનું નામ | પ્રતર | | | ઉચ્ચત્વ યોજન | ઉચ્ચત્વ સાથે ગુણુવાથી થયેલ ઘન | | |
|---|---|---|---|---|---|---|---|
| | યોજન | કળા | પ્રતિ-કળા | | યોજન | કળા | પ્રતિ કળા- |
| ૧ વૈતાઢ્ય ભૂમિ | ૫૧૨૩૦૭ | ૧૨ | ૦ | ૧૦ | ૫૧૨૩૦૭૬ | ૬ | ૦ |
| ૨ વૈતાઢ્યની પ્રથમ મેખળા | ૩૦૭૩૮૪ | ૧૧ | ૦ | ૧૦ | ૩૦૭૩૮૪૫ | ૧૫ | ૦ |
| ૩ વૈતાઢ્યની બીજી મેખળા | ૧૦૨૪૬૧ | ૧૦ | ૦ | ૫ | ૫૧૨૩૦૭ | ૧૨ | ૦ |
| ૪ સમગ્ર વૈતાઢ્ય | ૯૨૨૧૫૩ | ૧૪ | ૦ | કુલ ૨૫ | ૮૭૦૯૨૨૯ | ૧૪ | ૦ |
| ૫ હિમવાન પર્વત | ૨૧૪૫૬૯૭૧ | ૮ | ૧૦ | ૧૦૦ | ૨૧૪૫૬૯૭૧૪૪ | ૧૬ | ૧૨ |
| ૬ મહાહિમવાન પર્વત | ૧૯૫૮૬૮૧૮૬ | ૧૦ | ૫ | ૨૦૦ | ૩૯૧૭૩૬૩૭૩૦૮ | ૦ | ૧૨ |
| ૭ નિષધ પર્વત | ૧૪૨૫૪૬૬૫૬૯ | ૧૮ | ૦ | ૪૦૦ | ૫૭૦૧૮૬૬૨૭૯૭૯ | ૦ | ૦ |

## સર્વ ક્ષેત્ર અને પર્વતોના ઇષુથી ઘનગણિત સુધીની સ્થાપના:—

| સિદ્ધાંકો (૧) | ઇષુ (૨) | જીવા (૩) | ધનુ:પૃષ્ઠ (૪) | બાહા (૪) | પ્રતરગણિત (૬) | ઘનગણિત (૭) |
|---|---|---|---|---|---|---|
| ૧ દક્ષિણ ભરતમાં | ૨૩૮– ૩ | ૯૭૪૮–૧૨ | ૯૭૬૬– ૧ | ... | ૧૮૩૫૪૮૫–૧૨–૬ | ...... |
| ૨ વૈતાઢ્યમાં | ૨૮૮– ૩ | ૧૦૭૨૦–૧૧ | ૧૦૭૪૩–૧૫ | ૪૮૮–૧૬½ | ૫૦ વિ.૫૧૨૩૦૭–૧૨+૧૦ | ૫૧૨૩૦૭૬— ૬ |
| | | | | | ૩૦ વિ.૩૦૭૩૮૪–૧૧+૧૦ | ૩૦૭૩૮૪૫—૧૫ |
| | | | | | ૧૦ વિ.૧૦૨૪૬૧–૧૦+ ૫ | ૫૧૨૩૦૭—૧૨ |
| | | | | | વિ. વિસ્તાર. + ગુણ્યા. ઉંચાઇના યોજન સાથે | ૮૭૦૯૨૨૯—૧૪ કુલ. |
| ૩ ઉત્તર ભરતમાં | ૫૨૬– ૬ | ૧૪૪૭૧– ૫ | ૧૪૫૨૮–૧૧ | ૧૮૯૨– ૭½ | ૩૦૩૨૮૮૮–૧૨–૧૧ | ...... |
| ૪ હિમવાન પર્વતમાં | ૧૫૭૮–૧૮ | ૨૪૯૩૨ –½ | ૨૫૨૩૦– ૪ | ૫૩૫૦–૧૫½ | ૨૧૪૫૬૯૭૧–૮–૧૦ | ૨૧૪૫૬૯૭૧૪૪–૧૬–૧૨ |
| ૫ હૈમવત ક્ષેત્રમાં | ૩૬૮૪– ૪ | ૩૭૬૭૪–૧૫ | ૩૮૭૪૦–૧૦ | ૬૭૫૫– ૩ | ૬૭૨૫૩૧૪૫–૫–૮ | ...... |
| ૬ મહાહિમવાનપર્વતમાં | ૭૮૯૪–૧૪ | ૫૩૯૩૧–૬½ | ૫૭૨૯૩–૧૦ | ૯૨૭૬– ૯½ | ૧૫૫૮૬૮૧૮૬–૧૦–૫ | ૩૯૧૭૩૬૩૭૩૦૮–૦–૧૨ |
| ૭ હરિવર્ષ ક્ષેત્રમાં | ૧૬૩૧૫–૧૫ | ૭૩૯૦૧–૧૭½ | ૮૪૦૧૬– ૪ | ૧૩૩૬૧– ૬½ | ૫૪૪૭૭૩૮૭૦–૭–૦ | ...... |
| ૮ નિષધ પર્વતમાં | ૩૩૧૫૭–૧૭ | ૯૪૧૫૬– ૨ | ૧૨૪૩૪૬– ૯ | ૨૦૧૬૫– ૨½ | ૧૪૨૫૪૬૬૫૫૯–૧૮–૦ | ૫૭૦૧૮૬૬૨૭૯૭૯–૦–૦ |
| ૯ વિદેહાર્ધમાં | ૫૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૫૮૧૧૩–૧૬½ | ૧૬૮૮૩–૧૩½ | ૧૬૩૫૭૩૯૩૦૨–૧૦–૧૫ | ...... |

અહીં જીવાદિકના સંગ્રહની ગાથા આ પ્રમાણે છે:—(પ્રથમ જીવા કહે છે)

**जोअणसहस्सणवगं, सत्तेव सया हवंति अडयाला।**
**बारस कला य सकला, दाहिणभरहद्धजीवाओ ॥ १ ॥**

**અર્થ**—નવ હજાર, સાત સો અડતાળીશ યોજન અને ઉપર આખી બાર કળા આટલી દક્ષિણ ભરતાર્ધની જીવા છે. (૧.)

**दस चेव सहस्साइं, जीवा सत्त य सयाइं वीसाइं।**
**बारस य कला ऊणा, वेअड्ढगिरिस्स विण्णेआ ॥ २ ॥**

**અર્થ**—દશ હજાર સાત સો ને વીશ યોજન ઉપર કાંઈક ઓછી બાર કળા આટલી વૈતાઢ્ય પર્વતની જીવા જાણવી. (૨.)

**चउदस य सहस्साइं, सयाइं चत्तारि एगसयराइं।**
**भरहध्धुत्तरजीवा, छच्च कला ऊणिआ किंचि ॥ ३ ॥**

**અર્થ**—ચૌદ હજાર, ચાર સો ને એકોતેર યોજન તથા ઉપર કાંઈક ઓછી છ કળા. આટલી ઉત્તર ભરતાર્ધની જીવા છે. (૩.)

**चउवीस सहस्साइं, णव य सए जोअणाण बत्तीसे।**
**चुल्लहिमवंतजीवा, आयामेणं कलद्धं च ॥ ४ ॥**

**અર્થ**—ચોવીશ હજાર, નવ સો ને બત્રીશ યોજન તથા ઉપર અર્ધ કળા આટલી ક્ષુલ્લહિમવંત પર્વતની જીવા લાંબી છે. (૪.)

**सत्तत्तीस सहस्सा, छच्च सया जोअणाण चउसयरा।**
**हेमवयवासजीवा, किंचूणा सोलस कला य ॥ ५ ॥**

**અર્થ**—સાડત્રીશ હજાર, છ સો ને ચુમોતેર યોજન અને ઉપર કાંઈક ઓછી સોળ કળા આટલી હૈમવત ક્ષેત્રની જીવા છે. (૫.)

**तेवण्ण सहस्साइं, णव य सया जोअणाण इगतीसा।**
**जीवा य महाहिमवे, अद्ध कला छक्कलाओ अ ॥ ६ ॥**

**અર્થ**—તેપન હજાર, નવ સો ને એકત્રીશ યોજન તથા ઉપર અર્ધ કળા ને છ કળા એટલે સાડીછ કળા. આટલી મહાહિમવાન પર્વતની જીવા છે. (૬.)

**एगुत्तरा णव सया, तेवत्तरिमेव जोअणसहस्सा।**
**जीवा सत्तरस कला, अद्धकला चेव हरिवासे ॥ ७ ॥**

**અર્થ**—તોંતેર હજાર, નવ સો છે ને એક યોજન તથા સત્તર કળા ને અર્ધ કળા એટલે સાડીસત્તર કળા. આટલી હરિવર્ષ ક્ષેત્રની જીવા છે. (૭).

**चउणवइ सहस्साइं, छप्पण्णहियं सयं कला दो य ।**
**जीवा णिसहस्सेसा, लक्खं जीवा विदेहद्धे ॥ ८ ॥**

**અર્થ**—ચોરાણુ હજાર, એક સો ને છપ્પન યોજન અને ઉપર બે કળા એટલી નિષધ પર્વતની જીવા છે, તથા મહાવિદેહાર્ધની જીવા લાખ યોજનની છે. (૮).

**ઇતિ જીવા સંગ્રહ ગાથા.**

હવે ધનુઃપૃષ્ઠ અને બાહાનો સંગ્રહ કહે છેઃ—

**णव चेव सहस्साइं, छावट्ठाइं सयाइं सत्तेव ।**
**सविसेस कला चेगा, दाहिणभरहद्ध धणुपीठं ॥ १ ॥**

**અર્થ**—નવ હજાર, સાત સો ને છાસઠ ધનુષ તથા એક કળાથી કાંઇક અધિક એટલું દક્ષિણ ભરતાર્ધનું ધનુપૃષ્ઠ છે. (૧).

**दस चेव सहस्साइं, सत्तेव सया हवंति तेआला ।**
**धणुपिट्ठं वेअड्ढे, कला य पण्णरस हवंति ॥ २ ॥**

**અર્થ**—દશ હજાર સાત સો ને તેંતાલીશ યોજન તથા ઉપર પંદર કળા એટલું વૈતાઢ્ય પર્વતનું ધનુપૃષ્ઠ છે. (૨).

**सोलस चेव कलाओ, अहिआओ हुंति अद्धभागेणं ।**
**बाहा वेअड्ढस्स उ, अट्ठासीआ सया चउरो ॥ ३ ॥**

**અર્થ**—ચાર સો ને અઠ્યાશી યોજન ઉપર અર્ધ ભાગે અધિક એવી સોળ કળા એટલે સાડીસોળ કળા. એટલી વૈતાઢ્ય પર્વતની બાહા છે. (૩).

**चउदस य सहस्साइं, पंचेव सयाइं अडवीसा ।**
**एक्कारस य कलाओ, धणुपिट्ठं उत्तरद्धस्स ॥ ४ ॥**

**અર્થ**—ચૌદ હજાર, પાંચસો ને અઠ્યાવીશ યોજન તથા ઉપર અગ્યાર કળા એટલું ઉત્તર ભરતાર્ધનું ધનુપૃષ્ઠ છે. (૪).

**भरहद्धुत्तरबाहा, अट्ठारस हुंति जोअणसयाइं ।**
**बाणऊअ जोअणाणि अ, अद्धकला सत्त य कलाओ ॥ ५ ॥**

**અર્થ**—અઢાર સો ને બાણુ યોજન તથા અર્ધકળા અને સાત કળા એટલે સાડીસાત કળા, એટલી ઉત્તરભરતાર્ધની બાહા છે. (૫).

**धणु हिमवे कलचउरो, पणवीस सहस्स दुसय तीसहिआ ।**
**बाहा सोलद्ध कला, तेवण्ण सया य पण्णहिआ ॥ ६ ॥**

**અર્થ**—પચ્ચીસ હજાર, બસો ને ત્રીશ યોજન ઉપર ચાર કળા એટલું ક્ષુલ્લહિમવાન પર્વતનું ધનુપૃષ્ઠ છે, તથા ત્રેપનસો ને પચાસ યોજન ઉપર સોળમી કળા અર્ધ એટલે સાડીપંદર કળા, એટલી ક્ષુલ્લહિમવાનની બાહા છે. ( ૬ ).

**अडतीस सहस सग सय, चत्ता धणु दस कला य हेमवए ।**
**बाहा सत्तट्ठि सए, पणपण्णे तिण्णि अ कलाओ ॥ ७ ॥**

**અર્થ**—આડત્રીશ હજાર, સાત સો ને ચાળીશ યોજન ઉપર દશ કળા. એટલું હૈમવંત ક્ષેત્રનું ધનુપૃષ્ઠ છે, તથા તેની બાહા સડસઠ સો ને પંચાવન યોજન ઉપર ત્રણ કળા જેટલી છે. ( ૭ ).

**धणु महहिमवे दस कल, दो सय तेणउ अ सहस सगवण्णा ।**
**बाहा बाणउअसए, छहत्तरे णव कलद्धं च ॥ ८ ॥**

**અર્થ**—સતાવન હજાર, બસો ને ત્રાણુ યોજન ઉપર દશ કળા, એટલું મહાહિમવાન પર્વતનું ધનુપૃષ્ઠ છે અને તેની બાહા બાણુ સો ને છોતેર યોજન ઉપર નવ અને અર્ધ એટલે સાડી નવ કળા જેટલી છે. ( ૮ ).

**चुलसी सहसा सोलस, धणु हरिवासे कलाचउक्कं च ।**
**बाहा तेर सहस्सा, तिण्णिगसट्ठा छ कल सद्धा ॥ ९ ॥**

**અર્થ**—ચોરાશી હજાર ને સોળ યોજન ઉપર ચાર કળા એટલું હરિવર્ષ ક્ષેત્રનું ધનુપૃષ્ઠ છે અને તેની બાહા તેર હજાર, ત્રણ સો ને એકસઠ યોજન ઉપર સાર્ધ છ એટલે સાડીછ કળા જેટલી છે. ( ૯ ).

**णिसह धणु णव कला लक्ख, सहस चउवीस तिसय छायाला ।**
**बाहा पण्णट्ठि सयं, सहस्स वीसं दुकल अद्धं ॥ १० ॥**

**અર્થ**—એક લાખ, ચોવીશ હજાર, ત્રણ સો ને છેંતાળીશ યોજન ઉપર નવ કળા, એટલું નિષધ પર્વતનું ધનુપૃષ્ઠ છે, અને તેની બાહા વીશ હજાર, એક સો ને પાંસઠ યોજન ઉપર બે કળા ને અર્ધી કળા એટલે અઢી કળા જેટલી છે. (૧૦).

**सोलस सहस अड सय, तेसीआ सड्ढ तेरस कला य ।**
**बाहा विदेहमज्झे, धणुपिट्ठं परिरयस्सद्धं ॥ ११ ॥**

**અર્થ**—સોળ હજાર, આઠ સો ને ત્ર્યાશી યોજન ઉપર સાડી તેર કળા, એટલી વિદેહાર્ધની બાહ. છે, અને તેનું ધનુપૃષ્ઠ જંબૂદ્વીપની પરિધિથી અર્ધ

જાણવું એટલે એક લાખ, અઠ્ઠાવન હજાર, એક સો ને તેર યોજન ઉપર સાડી સોળ કળા જેટલું છે. ૧૧. હવે પ્રતર કહે છે—

**लक्खट्ठारस पणतीस, सहस्स चउ सया य पणसीया ।**
**बारस कला छ विकला, दाहिणभरहद्धपयरं तु ॥ १ ॥**

**અર્થ**—દક્ષિણ ભરતાર્ધનું પ્રતર અઢાર લાખ, પાંત્રીશ હજાર, ચાર સો ને પંચાશી યોજન ઉપર બાર કળા અને છ વિકળા જેટલું છે. ૧.

**सत्तहिया तिण्णि सया, बारस य सहस्स पंच लक्खा य ।**
**बारस य कला पयरं, वेअड्ढगिरिस्स धरणितले ॥ २ ॥**

**અર્થ**—વૈતાઢ્ય પર્વતના પૃથ્વીતળ ઉપરનું પ્રતર પાંચ લાખ, બાર હજાર, ત્રણ સો ને સાત યોજન અને ઉપર બાર કળા જેટલું છે. ૨.

**जोअण तीसं वासे, पढमाए मेहलाए पयरमिमं ।**
**लक्खतिग तिसयरि सया चुलसी इक्कारस कलाओ ॥ ३ ॥**

**અર્થ**—વૈતાઢ્યની પહેલી મેખળા જે ત્રીશ યોજન છે ત્યાં પ્રતર આ પ્રમાણે છે.—ત્રણ લાખ, તોંતેર સો ને ચોરાશી યોજન (૩૦૭૩૮૪) ઉપર અગ્યાર કળા છે. ૩.

**दस जोअण विक्खंभे, बीआए मेहलाइ पयरमिमं ।**
**लक्खो चउवीस सया, इगसट्ठा दस कलाओ अ ॥ ४ ॥**

**અર્થ**—વૈતાઢ્યની બીજી મેખળા દશ યોજનના વિસ્તારની છે તેનું પ્રતર આ પ્રમાણે છે.—એક લાખ, ચોવીશ સો ને એકસઠ ( ૧૦૨૪૬૧ ) યોજન ઉપર દશ કળા. ૪.

**अट्ठ सया अडसीआ, सहसा बत्तीस तीस लक्खा य ।**
**कल बार विकलिगारस, उत्तरभरहद्धपयरमिमं ॥ ५ ॥**

**અર્થ**—ત્રીશ લાખ, બત્રીશ હજાર, આઠ સો ને અઠ્યાશી યોજન, ઉપર બાર કળા અને અગ્યાર વિકળા, આટલું ઉત્તર ભરતાર્ધનું પ્રતર છે. ૫.

**दो कोडि चउद लक्खा, सहसा छप्पन्न णवसय इगसयरा ।**
**अट्ठ कला दस विकला, पयरमिमं चुल्लहिमवंते ॥ ६ ॥**

**અર્થ**—બે કરોડ, ચૌદ લાખ, છપ્પન હજાર, નવ સો ને એકોતેર યોજન, ઉપર આઠ કળા અને દશ વિકળા એટલું ક્ષુલ્લ હિમવંત પર્વતનું પ્રતર છે. ૬.

हेमवए छकोडी, बावत्तरि लक्ख सहस तेवण्णा ।
पणयाल सयं पयरो, पंच कला अट्ठ विकला य ॥ ७ ॥

**અર્થ**—હૈમવત ક્ષેત્રનું પ્રતર છ કરોડ, બોંતેર લાખ, ત્રેપન હજાર, એક સો ને પીસ્તાળીશ યોજન, ઉપર પાંચ કળા અને આઠ વિકળા છે. ૭.

गुणवीस कोडि अडवण्ण–लक्ख अडसट्ठि सहस सयमेगं ।
छल(छा)सीअं दस य कला, पण विकला पयर महहिमवे ॥ ८ ॥

**અર્થ**—ઓગણીશ કરોડ, અઠ્ઠાવન લાખ, અડસઠ હજાર, એક સો ને છાશી યોજન, ઉપર દશ કળા અને પાંચ વિકળા એટલું મહા હિમવાન પર્વતનું પ્રતર છે. ૮.

चउपण्णं कोडीओ, लक्खा सीआल तिसयरि सहस्सा ।
अट्ठ सयं सयरि सत्त य, कलाओ पयरं तु हरिवासे ॥ ९ ॥

**અર્થ**—ચોપન કરોડ, સુડતાળીશ લાખ, તોંતેર હજાર, આઠ સો ને શીતેર યોજન, ઉપર સાત કળા એટલું હરિવર્ષ ક્ષેત્રનું પ્રતર છે. ૯.

बायालं कोडिसयं, लक्खा चउपण्ण सहस छासट्ठी ।
पण सय गुणहत्तरि कल, अढार णिसहस्स पयरमिमं ॥ १० ॥

**અર્થ**—એક સો ને બેતાળીશ કરોડ, ચોપન લાખ, છાસઠ હજાર, પાંચ સો ને ઓગણોતેર યોજન અને ઉપર અઢાર કળા એટલું નિષધ પર્વતનું પ્રતર છે. ૧૦.

तेसट्ठं कोडिसयं, लक्खा सगवण्ण सहस गुणयाला ।
ति सय दुडुत्तर दस कल पणरस विकला विदेहद्धे ॥ ११ ॥

**અર્થ**—એક સો ત્રેસઠ કરોડ, સતાવન લાખ, ઓગણચાળીશ હજાર, ત્રણ સો ને બે યોજન તથા ઉપર દશ કળા અને પંદર વિકળા એટલું વિદેહાર્ધનું પ્રતર છે. ૧૧.

હવે ઘનગણિતનો સંગ્રહ કહે છે.—

दसजोअणुस्सए पुण, तेवीस सहस्स लक्ख इगवण्णा ।
जोअण छावत्तरि छ, कला य वेअड्ढघणगणिअं ॥ १ ॥

**અર્થ**—વૈતાઢ્ય પર્વતનું ઘનગણિત પ્રથમ દશ યોજન ઉંચે જઇએ ત્યાં સુધી એકાવન લાખ, ત્રેવીશ હજાર અને છોંતેર યોજન તથા ઉપર છ કળા જેટલું છે. ૧.

अट्ठ सया पणयाला, तीसं लक्खा तिहुत्तरि सहस्सा ।
पणरस कला य घणो, दसुस्सए होइ बीअम्मि ॥ २ ॥

**અર્થ**—વૈતાઢ્યની બીજી દશ યોજનની ઉંચાઈનું ઘનગણિત ત્રીશ લાખ, તોંતેર હજાર, આઠ સો ને પીસ્તાળીશ યોજન તથા ઉપર પંદર કળા જેટલું છે. ૨.

**सत्तहिआ तिण्णि सया, बारस य सहस्स पंच लक्खा य ।**
**अवरा य बारस कला, पणुस्सए होइ घणगणिअं ॥ ३ ॥**

**અર્થ**—વૈતાઢ્યની ત્રીજી પાંચ યોજનની ઉંચાઈનું ઘનગણિત પાંચ લાખ, બાર હજાર, ત્રણ સો ને સાત યોજન તથા ઉપર બાર કળા જેટલું છે. ૩.

**सत्तासीई लक्खा, उणतीसहिया य बिनवइ सयाइं ।**
**ऊणावीसइ भागा, चउदस वेअड्ढसयलघणं ॥ ४ ॥**

**અર્થ**—સત્યાશી લાખ, ઓગણત્રીશ અધિક બાણું સો ( ૮૭૦૯૨૨૯ ) યોજન તથા ઉપર ઓગણીશીયા ચૌદ ભાગ ( ૧૪ કળા ) એટલું સકળ વૈતાઢ્યનું ઘનગણિત છે. ૪.

**हिमवंति दुसय चउदस कोडी छप्पण्ण लक्ख सगणउई ।**
**सहसा चउआलसयं, सोल कला बार विकल घणं ॥ ५ ॥**

**અર્થ**—હિમવાન પર્વતનું ઘનગણિત બસો ચૌદ કરોડ, છપ્પન લાખ, સતાણુ હજાર, એક સો ને ચુમાળીશ યોજન, સોળ કળા અને બાર વિકળા છે. ૫.

**गुणयाल सया सतरस, कोडी छत्तीस लक्ख सगतीसा ।**
**सहसा तिसय अडुत्तर, बार विकल घणं महाहिमवे ॥ ६ ॥**

**અર્થ**—મહા હિમવંત પર્વતનું ઘનગણિત ઓગણચાળીશ સો ને સતર કરોડ, છત્રીશ લાખ, સાડત્રીશ હજાર, ત્રણ સો ને આઠ યોજન ઉપર બાર વિકળા જેટલું છે. ૬.

**सगवण्ण सहस अट्ठार कोडि छासट्ठि लक्ख सगवीसं ।**
**सहसा णव सय एगूणसीइ णिसहस्स घणगणिअं ॥ ७ ॥**

**અર્થ**—સતાવન હજાર ને અઢાર કરોડ, છાસઠ લાખ, સત્તાવીશ હજાર, નવ સો ને ઓગણએંશી યોજન, એટલું નિષધ પર્વતનું ઘનગણિત થાય છે. ૮.

**ઇતિ લઘુક્ષેત્ર સમાસ વિવરણે જંબૂદ્વીપાધિકારઃ પ્રથમઃ ॥**

# अथ लवणसमुद्र अधिकार द्वितीय.

હવે બીજો લવણ સમુદ્રનો અધિકાર કહે છે:—

**મૂ૦—गोतित्थं लवणोभय, जोअण पणनवइसहस जा तत्थ ।**
**समभूतलाओ सगसय—जलवुड्ढी सहसमोगाहो ॥ १ ॥**

**અર્થ**—( **लवणोभय** ) લવણસમુદ્રના બહારના બે પાસાથી એટલે કે જંબૂદ્વીપની જગતીથી અને સામી બાજુએ ધાતકીખંડને લગતી જગતિથી એ બે બાજુથી લવણસમુદ્રની શિખા તરફ પ્રવેશ કરતાં એટલે જતાં ( **जोअण पणनवइसहस** ) પંચાણુ હજાર યોજન ( **जा** ) સુધી ( **गोतित्थं** ) ગોતીર્થની જેવું ગોતીર્થ છે. એટલે કે જેમ ગાય તળાવમાં પ્રવેશ કરે ત્યારે આગળ આગળ જતાં તળાવની ભૂમિ નીચી નીચી આવતી જાય છે તેને ગોતીર્થ કહેવામાં આવે છે તેના જેવું આ પણ ગોતીર્થ છે ( **तत्थ** ) તે ઠેકાણે એટલે પંચાણુ હજાર યોજન જઇએ તે ઠેકાણે ( **समभूतलाओ** ) સમભૂતળાથકી નીચી નીચી ભૂમિ હોવાને લીધે ( **सहसं** ) એક હજાર યોજન ( **ओगाहो** ) અવગાહ-ઉંડાણ છે. તથા સમભૂતળાની અપેક્ષાએ સમુદ્ર મધ્યે જતાં થોડી થોડી જળની વૃદ્ધિ થાય છે તેથી મધ્ય ચક્રવાલની બન્ને બાજુએ ( **सगसय** ) સાત સો યોજન ( **जलवुड्ढी** ) જળની વૃદ્ધિ થાય છે. એટલે કે જગતીથી પંચાણુ હજાર યોજન જઇએ તે ઠેકાણે સમભૂતળાની અપેક્ષાએ એક હજાર યોજન ઉંડાણ છે અને સાતસો યોજન ઉંચે જળની વૃદ્ધિ છે તેથી લવણસમુદ્રની શિખાની બન્ને બાજુ સતરસો યોજનનો જળનો અવગાહ છે. ( ૧ )

લવણસમુદ્રના જળની વૃદ્ધિ જાણવા માટે કરણ કહે છે:—

**तेरासिएण मज्झिल्ल—रासिणा सगुणिज्ज अंतिमगं ।**
**तं पढमरासिभइअं, उवेहं मुणसु लवणजले ॥ २ ॥ (१९६)**

**અર્થ**—( **तेरासिएण** ) પ્રથમ ત્રિરાશિ કરવી એટલે કે અનુક્રમે ત્રણ રાશિ

સ્થાપવી. તેમાં ( **मज्झिल्लरासिणा** ) મધ્યમની રાશિવડે ( **अंतिमगं** ) અંત્યની રાશિને ( **संगुणिज्ज** ) ગુણવી પછી ( **तं** ) તેને ( **पढमरासिभइअं** ) પહેલી રાશિ વડે ભાંગવા. જે લાધે તેને ( **लवणजले** ) લવણસમુદ્રના જળનો ( **उव्वेहं** ) ઉદ્વેધ ( **मुणसु** ) તું જાણ. આ કરણનો પ્રયોગ આગળ ઉપર ' **णवगुणहसरि** ' ૧૯ મી ગાથામાં બતાવશે. (૨).

હવે લવણ સમુદ્રની શિખા કહે છે:—

**हिट्ठुवरि सहसदसगं, पिहुला मूलाउ सतरसहस्सुच्चा ।**
**लवणिसिहा सा तदुवरि, गाउदुगं वड्ढइ दुवेलं ॥ ३ ॥ (१९७)**

**અર્થ**—લવણસમુદ્રની મધ્યે ( **हिट्ठुवरि** ) નીચે અને ઉપર ( **सहसदसगं** ) દશ હજાર યોજન ( **पिहुला** ) પૃથુ—જાડી અને ( **मूलाउ** ) મૂળથી ( **सतरसहस्सुच्चा** ) સતર હજાર યોજન ઉંચી ( **लवणिसिहा** ) લવણસમુદ્રની શિખા છે. ( **सा** ) તે શિખા ( **तदुवरि** ) તે સતર હજાર યોજનની ઉપર (**गाउदुगं** ) બે ગાઉ ( **दुवेलं** ) એક અહોરાત્રમાં બે વાર ( **वड्ढइ** ) વૃદ્ધિ પામે છે. તે શિખા ઉપર બે ગાઉની વેલ હમેશાં બે વાર વધે છે. ( ૩ )

હવે બે ગાથાવડે પાતાળ કલશા કહે છે:—

**बहुमज्झे चउदिसि चउ, पायाला वयरकलससंठाणा ।**
**जोअणसहस्स जड्डा, तद्दसगुण हिट्ठुवरि रुंदा ॥ ४ ॥ (१९८)**
**लक्खं च मज्झि पिहुला, जोअणलक्खं च भूमिमोगाढा ।**
**पुव्वाइसु वडवामुह—केजुवजूवेसरभिहाणा ॥ ५ ॥ (१९९)**

**અર્થ**:—લવણસમુદ્રના ( **बहुमज्झे** ) બરાબર મધ્યભાગમાં એટલે ચક્રવાલને વિષે ( **चउदिसि** ) ચાર દિશાઓમાં ( **चउ** ) ચાર ( **पायाला** ) પાતાળ છે. તે ( **वयरकलससंठाणा** ) વજ્રમય કળશના આકારવાળા છે તેથી તે પાતાળકળશ કહેવાય છે. તે પાતાળકળશો (**जोअणसहस्स जड्डा**) એક હજાર યોજન જાડા છે એટલે કે તે કળશની ઠીંકરી હજાર યોજન જાડી છે. તથા (**तद्दसगुण**) તેનાથી દશ ગુણા એટલે દસહજાર યોજન ( **हिट्ठुवरि** )નીચે-તળીએ અને ઉપર કાંઠે (**रुंदा**) પહોળા છે. ( ૪ ). (**च**) તથા (**लक्खं**) એક લાખ યોજન (**मज्झि**) મધ્ય ભાગમાં (**पिहुला**) પહોળા છે. (**च**) તથા ( **जोअणलक्खं** ) એક લાખ યોજન ( **भूमिं** ) ભૂમિને વિષે ( **ओगाढा** ) અવગાહીને રહ્યા છે—ઉંડા છે. તથા ( **पुव्वाइसु** ) પૂર્વાદિકના અનુક્રમથી

( **वडवामुह** ) વડવામુખ ૧, ( **केजुव** ) કેયૂપ ૨, ( **जूव** ) યૂપ ૩ અને ( **ईसर** ) ઈશ્વર ૪ ( **अभिहाणा** ) એ નામના તે પાતાળકળશો છે. એટલે કે પૂર્વદિશામાં વડવામુખ નામનો, દક્ષિણમાં કેયૂપ નામનો, પશ્ચિમમાં યૂપ નામનો અને ઉત્તરમાં ઇશ્વર નામનો પાતાળકળશ છે. ( ૫ ).

હવે લઘુ–નાના પાતાળકળશો કહે છે:—

**अण्णे लहुपायाला, सग सहसा अड सया सचुलसीआ ।**
**पुव्वुत्तसयंसपमाणा, तत्थ तत्थ प्पएसेसु ॥ ६ ॥ ( २०० )**

**અર્થ**—(**अण्णे**) આ ચાર પાતાળકલશ સિવાય બીજા ( **लहुपायाला** ) લઘુ–નાના પાતાળકલશો ( **सग सहसा** ) સાત હજાર, ( **अड सया** ) આઠ સો, ( **सचुलसीआ** ) ચોરાશી ૭૮૮૪ છે. તે કલશો ( **पुव्वुत्त** ) પૂર્વે કહેલા મોટા ચાર પાતાળકળશના ( **सयंसपमाणा** ) શતાંશ પ્રમાણવાળા એટલે સોમા ભાગના પ્રમાણવાળા છે અને ( **तत्थ तत्थ** ) તે તે ( **प्पएसेसु** ) પ્રદેશને વિષે રહેલા છે એટલે કે મોટા ચાર પાતાળકળશના મુખે રૂંધેલા ચક્રવાલને છોડીને બાકીના સમગ્ર ચક્રવાલની ભૂમિના પ્રદેશોને વિષે એટલે તેના આંતરાને વિષે રહેલા છે.

**ભાવાર્થ**—મોટા પાતાળકળશના શતાંશ પ્રમાણવાળા હોવાથી આ લઘુ પાતાળકલશની ઠીકરી દશ યોજન જાડી છે, સો યોજન નીચે અને ઉપર પહોળા છે, હજાર યોજન મધ્ય ભાગે–પેટાળે પહોળા છે અને હજાર યોજન ઉંડા એટલે પૃથ્વીમાં રહેલા છે.

અહીં આ પ્રમાણે સંપ્રદાય છેઃ–દશ હજાર યોજનના વિસ્તારવાળો મધ્ય ચક્રવાળ છે, તેનો પરિધિ લાવવો. તે આ રીતે–પાતાળ કળશાની જગ્યાએ લવણસમુદ્રનો મધ્યના જંબૂદ્વીપના એક લાખ યોજન ભેળવતાં બે લાખ ને નેવુ હજાર યોજનનો વિષ્કંભ છે, તેનો વર્ગ કરીએ ત્યારે ૮૪૧૦૦૦૦૦૦૦૦ થાય, તેને દશે ગુણતાં ૮૪૧૦૦૦૦૦૦૦૦૦ થાય. તેનું વર્ગમૂળ કાઢતાં ૯૧૭૦૯૦ લાધે. તેમાંથી ( ચાર દિશાના ચાર પાતાળકલશાના મુખોએ ૪૦૦૦૦ યોજન રૂંધ્યા છે તેથી ) ૪૦૦૦૦ બાદ કરતાં બાકી ૮૭૭૦૯૦ રહ્યા. તેને ( ચાર આંતરા હોવાથી ) ચારે ભાગતાં ૨૧૯૨૬૫ યોજન આવ્યા. આટલું ચારે મોટા પાતાળકલશોનું પરસ્પર આંતરૂં છે. તે ચારે આંતરામાંના એક એક આંતરામાં નવ નવ શ્રેણિ છે. તેમાં પ્હેલી શ્રેણિમાં એક આંતરામાં ૨૧૫ લઘુ પાતાળકળશો છે. તે કળશોએ બે લાખ ને પંદર હજાર ૨૧૫૦૦૦ યોજન રૂંધ્યા છે તેથી ( ૨૧૯૨૬૫ માંથી ૨૧૫૦૦૦ બાદ કરતાં ) શેષ ૪૨૬૫ યોજન રહ્યા, તેટલા યોજન તે કળશોની ઠીંકરીએ રોકયાછે.[1]

૧ ચાર કળશાની ઠીંકરીએ તો ૮૦૦૦ યોજન રોકયા છે પણ ગોળ હોવાથી અહીં વિષ્કંભ ઘટે છે એટલે ૨૧૫ સમાય છે.

આ પ્રમાણે પહેલી પંક્તિ (શ્રેણિ) માં ૨૧૫ કળશો છે, બીજી પંક્તિમાં ૨૧૬, ત્રીજીમાં ૨૧૭, એમ એક એક કળશ વધારતાં નવમી પંક્તિમાં ૨૨૩ કળશો હોય છે, કેમકે દરેક પંક્તિમાં ઉત્તરોત્તર લવણસમુદ્રની પરિધિમાં વૃદ્ધિ થતી હોવાથી એક એક કળશ વધે છે, તેનો સમાસ થાય છે. આ રીતે એક આંતરાની નવે પંક્તિના કુલ કળશો ૧૯૭૧ થાય છે. એ જ રીતે ચારે આંતરાના મળીને ૭૮૮૪ લઘુ પાતાળકલશો હોય છે. ૬

**પાતાળકળશની સ્થાપના.**




હવે પાતાળકળશના અધિપતિ દેવોના નામ વિગેરે કહે છે:—

**कालो अ महाकालो, वेलंबपभंजणे अ चउसु सुरा ।**
**पलिओवमाउणो तह, सेसेसु सुरा तयद्धाऊ ॥७॥२०१॥**

**અર્થ**—( **चउसु**[1] ) મોટા ચાર પાતાળકળશના ( **कालो** ) કાળ ( **अ** ) અને ( **महाकालो** ) મહાકાળ, ( **वेलंब** ) વેલંબ ( **अ** ) અને ( **पभंजणे** ) પ્રભંજન એ નામના (**पलिओवमाउणो**) પલ્યોપમના આયુષ્યવાળા (**सुरा**) અધિપતિ દેવો છે. (**तह**) તથા (**सेसेसु**) બાકીના લઘુકળશોના (**तयद्धाऊ**) તેથી અર્ધ આયુવાળા એટલે અર્ધ પલ્યોપમના આયુવાળા ( **सुरा** ) અધિપતિ દેવો છે. (૭).

સર્વ કળશોને વિષે પવન વિગેરેની સ્થિતિ બે ગાથાવડે કહે છે.—

**सव्वेसिमहोभागे, वाऊ मज्झिल्लयम्मि जलवाऊ ।**
**केवलजलमुवरिल्ले, भागदुगे तत्थ सासुव्व ॥ ८ ॥ २०२॥**
**बहवे उदारवाया, मुच्छंति खुहंति दुण्णि वाराओ ।**
**एगअहोरत्तंतो, तया तया वेलपरिवुड्ढी ॥ ९ ॥ २०३ ॥**

**અર્થ**—( **सव्वेसिं** ) સર્વ એટલે મોટા અને નાના સર્વ પાતાળકળશોના ( **अहोभागे** ) નીચેના ત્રીજા ભાગમાં ( **वाऊ** ) વાયુ રહેલો છે, ( **मज्झिल्लयम्मि** ) મધ્યના ત્રીજા ભાગમાં ( **जलवाऊ** ) જળ અને વાયુ મિશ્ર રહેલા છે તથા ( **उवरिल्ले** ) ઉપરના ત્રીજા ભાગમાં ( **केवलजलं** ) માત્ર જળ જ રહેલું છે. આથી કરીને મોટા પાતાળકળશાઓનો એક એક ભાગ તેત્રીશ હજાર, ત્રણ સો ને તેત્રીશ યોજન તથા ઉપર એક યોજનનો ત્રીજો ભાગ ૩૩૩૩૩$\frac{1}{3}$ હોય છે. અને લઘુ કળશોનો એક એક ભાગ ત્રણ સો ને તેત્રીસ યોજન તથા ઉપર એક યોજનનો ત્રીજો ભાગ ૩૩૩$\frac{1}{3}$ હોય છે. આ પ્રમાણે ( **तत्थ** ) તેમાં ( **भागदुगे** ) બે ભાગમાં એટલે અધોભાગ અને મધ્યભાગમાં ( **सासुव्व** ) મનુષ્યના શ્વાસની જેમ ( **बहवे** ) બીજા બીજા ઘણા ( **उदारवाया** ) ઉદાર વાયુઓ એટલે ઔદારિક વાયુઓ ( **मुच्छंति** ) નવા ઉત્પન્ન થાય છે અને તે પરસ્પર ભેળા થાય છે, ભેળા થઇને ( **खुहंति** ) ક્ષોભ પામે છે એટલે ખળભળે છે. અર્થાત્ જેમ મનુષ્યાદિકના ઉદરમાં શ્વાસવાયુ બીજા વાયુ સાથે મળીને ખળભળાટ કરે છે, તેમ અહીં બન્ને ભાગમાં ( **एगअहोरत्तंतो** ) એક અહોરાત્રને વિષે ( **दुण्णि वाराओ** ) બે વાર તથા-પ્રકારનો જગતનો સ્વભાવ હોવાથી એકી વખતે સર્વ કળશોના વાયુઓ ખળભળાટ કરે છે, અને જ્યારે જ્યારે વાયુના ક્ષોભથી જળ વૃદ્ધિ પામે છે-ઉછળે છે ( **तया तया** ) ત્યારે ત્યારે ( **वेलपरिवुड्ढी** ) ૧૬૦૦૦ યોજન ઉપરાંત બે ગાઉ જેટલી વેલની વૃદ્ધિ થાય છે. અને જ્યારે પાછા તે વાયુઓ સ્વભાવને પામે છે ત્યારે જળ પણ કળશોમાં પેસી જાય છે, તેથી વધેલી વેલની હાનિ થાય છે. ( ૮-૯ ).

૧ એ દેવો કાંઇ પાતાળકળશામાં રહેતા નથી પરંતુ તેના અધિષ્ઠાતા હોવાથી સપ્તમી વાપરેલી છે.

હવે વેલંધર દેવોની હકીકત કહે છે.—

**बायालसट्ठिदुसयरि—सहसा नागाण मज्झुवरिबाहिं ।**
**वेलं धरंति कमसो, चउहत्तरुलक्खु ते सव्वे ॥ १० ॥ २०४ ॥**

**અર્થ**—( **बायाल** ) બેંતાળીશ, ( **सट्ठि** ) સાઠ અને ( **दुसयरि** ) બહોંતેર ( **सहसा** ) હજાર ( **नागाण** ) નાગકુમાર દેવતાઓ ( **कमसो** ) અનુક્રમે ( **मज्झुवरिबाहिं** )મધ્યની, ઉપરની અને બહારની ( **वेलं** ) વેલને ( **धरंति** ) ધારણ કરે છે-રોકી રાખે છે. ( **ते** ) તે ( **सव्वे** ) સર્વ મળીને દેવતાઓ ( **चउहत्तरुलक्खु** ) એક લાખ ને ચુમોતેર હજાર થાય છે.

**ભાવાર્થ**—જંબૂદ્વીપને વિષે પ્રવેશ કરતી મધ્ય વેલને ૪૨૦૦૦ દેવતાઓ ધારી રાખે છે-અટકાવે છે એટલે જંબૂદ્વીપમાં પેસવા દેતા નથી, ૬૦૦૦૦ દેવતાઓ ઉપરની વેલને એટલે લવણસમુદ્રની શિખા ઉપર બે કોશ સુધી વેલ જવા દે છે તેથી અધિક જતી વેલને અટકાવે છે, અને ૭૨૦૦૦ દેવતાઓ બહારની વેલને એટલે ધાતકીખંડમાં પ્રવેશ કરતી વેલને નિવારે છે-અટકાવે છે. કુલ ૧૭૪૦૦૦ દેવો છે. ( ૧૦ ).

| | |
|---|---|
| મધ્ય વેલને ધારણ કરનાર દેવો | ૪૨૦૦૦ |
| ઊર્ધ્વ વેલને ધારણ કરનાર દેવો | ૬૦૦૦૦ |
| બાહ્ય વેલને ધારણ કરનાર દેવો | ૭૨૦૦૦ |
| કુલ વેલંધર દેવો. | ૧૭૪૦૦૦ |

હવે વેલંધર દેવોના નિવાસના પર્વતો ક્યાં છે તે કહે છે ( અથવા વેલંધર દેવોના સ્થાન, અધિપતિ, નામ વિગેરે ત્રણ ગાથાવડે કહે છે)—

**बायालसहस्सेहिं, पुव्वेसाणाइदिसिविदिसि लवणे ।**
**वेलंधराणुवेलं—धरराईणं गिरिसु वासा ॥ ११ ॥ २०५ ॥**

**गोथूभे दगभासे, संखे दगसीम नामि दिसि सेले ।**
**गोथूभो सिवदेवो, संखो अ मणोसिलो राया ॥ १२ ॥ २०६ ॥**

**कक्कोडे विज्जुपभे, केलास रुणप्पहे विदिसि सेले ।**
**कक्कोडगु कद्दमओ, केलास रुणप्पहो सामी ॥ १३ ॥ २०७ ॥**

**અર્થ:**—જંબૂદ્વીપની જગતીથી ( **बायालसहस्सेहिं** ) બેંતાળીશ હજાર યોજન ( **पुव्वेसाणाइ** ) પૂર્વથી આરંભીને અને ઈશાનથી આરંભીને ( **दिसिविदिसि** ) ચાર દિશા તથા ચાર વિદિશાને વિષે ( **लवणे** ) લવણસમુદ્રમાં જઈએ ત્યાં ( **गिरिसु** ) પર્વતો ઉપર ( **वेलंधर** ) વેલંધર અને ( **अणुवेलंधर** ) અનુવેલંધર ( **राईणं** ) રાજાઓના-દેવોના ( **वासा** ) આવાસો છે. એટલે કે જંબૂદ્વીપની જગતીથી ચારે દિશા અને ચારે વિદિશામાં લવણસમુદ્રને વિષે બેંતાળીશ હજાર યોજન દૂર જઈએ ત્યારે ત્યાં વેલંધર અને અનુવેલંધર પર્વતો છે. તેના ઉપર વેલંધર અને અનુવેલંધર દેવોના આવાસો રહેલા છે. ( ૧૧ ). તેમાં ( **दिसि** ) ચારે દિશામાં અનુક્રમે એટલે પૂર્વ દિશામાં ( **गोथूभे** ) ગોસ્તૂપ ૧, દક્ષિણમાં ( **दगभासे** ) દગભાસ ૨, પશ્ચિમમાં ( **संखे** ) શંખ ૩ અને ઉત્તરમાં ( **दगसीम** ) દકસીમ ૪ ( **नामि** ) એ નામના ચાર આવાસ પર્વતો વેલંધર દેવના છે. તે આવાસ પર્વતો ઉપર અનુક્રમે ( **गोथूभो** ) ગોસ્તૂપ ૧, ( **सिवदेवो** ) શિવદેવ ૨, ( **संखो** ) શંખ ૩ ( **अ** ) અને ( **मणोसिलो** ) મન:શિલ ૪ નામના ( **राया** ) રાજાઓ એટલે નાગકુમાર જાતિના વેલંધર દેવો વસે છે. ( ૧૨ ). એ જ પ્રમાણે ( **विदिसि** ) ચાર વિદિશામાં અનુક્રમે એટલે ઈશાનખૂણમાં ( **कक्कोडे** ) કર્કોટક ૧, અગ્નિખૂણમાં ( **विज्जुपभे** ) વિદ્યુત્પ્રભ ૨, નૈર્ઋતખૂણમાં ( **केलास** ) કૈલાસ ૩ અને વાયવ્યખૂણમાં ( **अरुणप्पहे** ) અરૂણપ્રભ ૪ નામના ( **सेले** ) અનુવેલંધર દેવોના પર્વતો છે, તેમના ઉપર અનુક્રમે ( **कक्कोडगु** ) કર્કોટક ૧, ( **कद्दमओ** ) કર્દમક ૨, ( **केलास** ) કૈલાસ ૩ અને ( **अरुणप्पहो** ) અરૂણપ્રભ ૪ નામના ( **सामी** ) સ્વામી એટલે નાગકુમાર જાતિના અનુવેલંધર દેવો વસે છે. ( ૧૩. )

હવે આ પર્વતોના પ્રમાણ, વર્ણ વિગેરેને બે ગાથાવડે કહે છે:—

**एए गिरिणो सव्वे, बावीसहिआ य दससया मूले ।**
**चउसय चउवीसहिआ, विच्छिण्णा हुंति सिहरतले ॥ १४ ॥**

**सतरस सय इगवीसा, उच्चत्ते ते सवेइआ सव्वे ।**
**कणगंकरययफालिह, दिसासु विदिसासु रयणमया ॥ १५ ॥**

**અર્થ:**—( **एए** ) આ ( **सव्वे** ) સર્વ ( **गिरिणो** ) પર્વતો ( **बावीसाहिआ य** ) બાવીશ અધિક ( **दससया** ) દશ સો એટલે ૧૦૨૨ યોજન ( **मूले** ) મૂળમાં વિસ્તારવાળા છે, તથા ( **सिहरतले** ) શિખર ઉપર ( **चउवीसहिआ** ) ચોવીશ અધિક ( **चउसय** ) ચાર સો એટલે ૪૨૪ યોજન ( **विच्छिण्णा** ) વિસ્તારવાળા ( **हुंति** ) છે. ( ૧૪ ) તથા ( **उच्चत्ते** ) ઉંચાઈમાં ( **सतरस सय** ) સત્તર સો ને ( **इगवीसा** ) એકવીશ ૧૭૨૧ યોજન છે. વળી ( **ते** ) તે ( **सव्वे** ) સર્વ પર્વતો ( **सवेइआ** ) વેદિકા સહિત છે એટલે વનખંડવડે શોભતી વેદિકાએ કરીને સહિત છે. તથા

( **दिसासु** ) દિશાઓમાં રહેલા પર્વતો પૂર્વાદિકના અનુક્રમે ( **कणग** ) કનકમય ૧, ( **अंक** ) અંકરત્નમય ૨, ( **रयय** ) રૂપામય ૩ અને ( **फालिह** ) સ્ફટિકરત્નમય ૪ છે અને ( **विदिसासु** ) વિદિશાના ચારે પર્વતો ( **रयणमया** ) રત્નમય છે. ( ૧૫ ).

**સ્થાપના:—**

| વેલંધરગિરિ ને અનુવેલંધરગિરિ | અધિપતિ દેવ | મૂળ વિસ્તાર યોજન | શિખર વિસ્તાર યોજન | ઉંચાઈ યોજન | શેના છે? |
|---|---|---|---|---|---|
| ૧ ગોસ્તૂપ | ગોસ્તૂપ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | સુવર્ણમય |
| ૨ દગભાસ | શિવદેવ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | અંકરત્નમય |
| ૩ શંખ | શંખ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | રૂપામય |
| ૪ દકસીમ | મનઃશિલ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | સ્ફાટિકરત્નમય |
| ૧ કર્કોટક | કર્કોટક | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | રત્નમય |
| ૨ વિદ્યુત્પ્રભ | કર્દમ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | રત્નમય |
| ૩ કૈલાસ | કૈલાસ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | રત્નમય |
| ૪ અરૂણપ્રભ | અરૂણપ્રભ | ૧૦૨૨ | ૪૨૪ | ૧૭૨૧ | રત્નમય |

એ જ પર્વતોનું જળ ઉપર રહેલું પ્રમાણ કહે છે:—

**णव गुणहत्तरि जोअण, बहि जलुवरि चत्त पणणवइभाया ।**
**एए मज्झे णव सय, तेसट्ठा भाग सगसयरि ॥ १६ ॥ (२१०)**

**અર્થ**—( **एए** ) આ આઠે પર્વતો ( **बहि** ) જંબૂદ્વીપની દિશા તરફ ( **णव** ) નવ સો ને ( **गुणहत्तरि** ) ઓગણોતેર ( **जोअण** ) યોજન અને ઉપર ( **पणणवइभाया** ) એક યોજનના પંચાણું ભાગ કરીએ તેવા ( **चत्त** ) ચાળીશ ભાગ ૯૬૯ $\frac{૪૦}{૯૫}$ એટલા ( **जलुवरि** ) જળની ઉપર દેખાય છે; તથા તે જ પર્વતો ( **मज्झे** ) મધ્ય દિશામાં એટલે લવણસમુદ્રની શિખા તરફની દિશાએ ( **णव सय** ) નવ સો ને ( **तेसट्ठा** ) ત્રેસઠ યોજન અને ઉપર ( **सगसयरि भाग** ) પંચાણુંઆ સીતોતેર ભાગ ૯૬૩ $\frac{૭૭}{૯૫}$ એટલા જળની ઉપર દેખાય છે.

**વિસ્તરાર્થ**—આ પ્રમાણ લાવવાની રીત આ પ્રમાણે છે:—જો પંચાણુ હજાર યોજનને અંતે સાત સો યોજનની જળવૃદ્ધિ થાય છે તો બેંતાળીશ હજાર યોજનને છેડે જળની વૃદ્ધિ કેટલી હોય? આ દાખલાની ત્રિરાશિ આ પ્રમાણે માંડવી—૯૫૦૦૦–૭૦૦–૪૨૦૦૦ અહીં સહેલાઈને માટે પહેલી અને છેલ્લી રાશિમાંથી ત્રણ ત્રણ શૂન્ય કાઢી નાંખીએ ત્યારે ૯૫–૭૦૦–૪૨ થાય. તેમાં મધ્યની રાશિવડે છેલ્લી રાશિનો ગુણાકાર કરવાથી ૨૯૪૦૦ થાય. પછી તેને પહેલી રાશિ (૯૫) વડે ભાંગતાં ૩૦૯$\frac{૪૫}{૯૫}$ આવે. આટલા યોજનપ્રમાણ જળવૃદ્ધિ સમભૂતળા પૃથ્વીની અપેક્ષાએ જંબૂદ્વીપ તરફની દિશામાં છે, તથા પંચાણુ હજાર યોજનને છેડે એક હજાર યોજન લવણસમુદ્ર ઉંડો છે, તો બેંતાળીશ હજાર યોજનને છેડે લવણસમુદ્ર કેટલો ઉંડો હોય ? તે જાણવા માટે પણ આ પ્રમાણે ત્રિરાશિ માંડવી—૯૫૦૦૦–૧૦૦૦–૪૨૦૦૦. અહીં પણ પહેલી અને છેલ્લી રાશિમાંથી ત્રણ ત્રણ શૂન્ય કાઢી લેતાં ૯૫–૧૦૦૦–૪૨ રહે. પછી મધ્ય રાશિવડે છેલ્લી રાશિનો ગુણાકાર કરતાં ૪૨૦૦૦ થયા. તેને પહેલી રાશિ (૯૫) વડે ભાંગતાં ૪૪૨$\frac{૧૦}{૯૫}$ આવે છે. આટલી ઉંડાઈ આવી. ત્યારપછી ઉપરની જળવૃદ્ધિ ( ૩૦૯–૪૫ ) અને આ ઉંડાઇના પ્રમાણનો ( ૪૪૨–૧૦ ) સરવાળો કરતાં ૭૫૧–$\frac{૫૫}{૯૫}$ થાય. આ અંકને પર્વતની ઉંચાઈ (૧૭૨૧) યોજન છે તેમાંથી બાદ કરીએ ત્યારે ૯૬૯$\frac{૪૦}{૯૫}$ રહે છે. તેથી આટલું પ્રમાણ જંબૂદ્વીપની દિશા તરફ જળ ઉપર પર્વતો દેખાય છે, એમ સિદ્ધ થયું.

હવે જંબૂદ્વીપની જે દિશાએ (સ્થાને) જળમાં રહેલા ગિરિનું પ્રમાણ ૭૫૧$\frac{૫૫}{૯૫}$ છે તે ઠેકાણે પર્વતનો વિસ્તાર ( પહોળાપણું ) કેટલો હોય ? તે જાણવાની રીત કહે છે:—પ્રથમ ગિરિનું પ્રમાણ જે ૭૫૧$\frac{૫૫}{૯૫}$ છે તેને સવર્ણ કરવા એટલે સરખા અંશ કરવા, તેથી ૭૫૧ ને ૯૫ વડે ગુણવાથી ૭૧૩૪૫ થાય તેમાં ઉપરની ૫૫ કળા ઉમેરવાથી સર્વ મળીને ૭૧૪૦૦ કળા થઇ. ત્યારપછી પર્વતનો મૂળ વિસ્તાર જે ૧૦૨૨ યોજન છે તેમાંથી પર્વતના શિખરનો વિસ્તાર ૪૨૪ બાદ કરતાં શેષ ૫૯૮ રહે છે. તેને ( ૫૯૮ ને ) પર્વતની ઉંચાઈ ૧૭૨૧ વડે ભાંગવા છે. તે ભાંગાકાર થઈ શકતો નથી, તેથી આ ૫૯૮ વડે ૭૧૪૦૦ કળાનો ગુણાકાર કરવો. તે કરવાથી ૪૨૬૯૭૨૦૦. થાય. હવે આ રાશિને ૧૭૨૧ વડે ભાંગતાં ભાગમાં ૨૪૮૦૯ આવે છે અને શેષ ૯૧૧ રહે છે. તે અર્ધથી અધિક છે માટે 'અર્ધથી અધિક હોય તે આખો ગણાય' એ વચનથી લાધેલા અંકમાં એક ઉમેરતાં ૨૪૮૧૦ થાય છે. આટલા પંચાણુઆ ભાગ થયા છે તેથી તેને ૯૫ વડે ભાંગતાં ભાગમાં ૨૬૧ યોજન આવે છે અને શેષ ૧૫ કળા રહે છે. પછી આ ( ૨૬૧–૧૫ ) અંકને ગિરિનો મૂળ વિસ્તાર જે ૧૦૨૨ યોજન છે તેમાંથી બાદ કરીએ. ત્યારે ૭૬૦ યોજન અને પંચાણુઆ એંશી ભાગ $\frac{૮૦}{૯૫}$ રહે છે તેથી ૭૬૦$\frac{૮૦}{૯૫}$ આ ઠેકાણે ગિરિનો વિસ્તાર જાણવો.

હવે મધ્ય દિશાએ એટલે લવણસમુદ્રની શિખા તરફની દિશાએ જળની વૃદ્ધિ

કેટલી હશે ? તે જાણવા માટે ઉપર કહેલો જે ગિરિના વિસ્તારનો અંક ( ૭૬૦$\frac{૨૦}{૯૫}$ ) છે તેને સવર્ણ કરવા માટે ૭૬૦ ને ૯૫ વડે ગુણતાં ૭૨૨૦૦ થાય, તેમાં ૮૦ ભેળવતાં ૭૨૨૮૦ થાય. પછી આ પ્રમાણે ત્રિરાશિ માંડવી–૯૫૦૦૦–૭૦૦–૭૨૨૮૦. અહીં સરળતા કરવા માટે ત્રણે અંકોમાંથી સર્વ શૂન્યો કાઢી નાંખવી ત્યારે–૯૫–૭–૭૨૨૮ રહે. પછી વચલા અંકને છેલ્લા અંક સાથે ગુણતાં ૫૦૫૯૬ થાય. આ પ્રતિભાગ આવ્યા, તેથી પહેલી રાશિને પણ ૯૫ વડે ગુણી પ્રતિભાગ કરવા. તેમ કરવાથી એટલે કે પહેલી રાશિ ૯૫ છે તેને ૯૫ વડે ગુણવાથી ૯૦૨૫ થયા. આ અંકવડે ઉપરના ૫૦૫૯૬ અંકને ભાંગવો. ત્યારે ભાગમાં ૫ યોજન આવે છે અને શેષ ૫૪૭૧ રહે છે. તેને ૯૫ વડે ભાંગવાથી ભાગમાં ૫૭ કળા આવે છે. બાકી ૫૬ વધે છે તે અર્ધ ઉપરાંત હોવાથી એક અંક ગણી ૫૭ માં ઉમેરવાથી ૫૮ કળા થાય છે, તેથી મધ્ય દિશાએ યોજન ૫ અને કળા ૫૮ એટલી જળવૃદ્ધિ છે, આ જળવૃદ્ધિને ( ૫-$\frac{૫૮}{૯૫}$ ને ) ૯૯૯-$\frac{૪૦}{૯૫}$ માંથી બાદ કરતાં બાકી ૯૯૩-$\frac{૭૭}{૯૫}$ રહે છે. આટલું લવણશિખાની દિશા તરફ જળ ઉપર રહેલા ( દેખાતા ) ગિરિનું પ્રમાણ સિદ્ધ થયું.

તે આઠે પર્વતનો મૂળ વિસ્તાર જે ૧૦૨૨ યોજન છે તેનો પરિધિ ૩૨૩૨ યોજન થાય છે, અને શિખર ઉપરનો વિસ્તાર ૪૨૪ યોજન છે તેનો પરિધિ ૧૩૪૧ યોજન થાય છે.

તથા તે આઠે પર્વતોનું પરસ્પર આંતરૂં ૭૨૧૧૪ યોજન અને એક યોજનના આઠ ભાગ કરીએ તેવા ૩ ભાગ જેટલું છે. તે જાણવાનો ઉપાય આ પ્રમાણે:— જંબૂદ્વીપની જગતીથી ૪૨૫૧૧ યોજન લવણસમુદ્રમાં જઇએ ત્યારે તે ઠેકાણે પર્વતના વિષ્કંભનો મધ્યભાગ છે. ત્યાં લવણસમુદ્રનો વૃત્ત વિષ્કંભ ૧૮૫૦૨૨ યોજન[1] છે. તેનો પરિધિ કરીએ ત્યારે ૫૮૫૦૯૧ યોજન થાય છે. તેમાંથી આઠે પર્વતોનો તે સ્થાને ૧૦૨૨ યોજન વિષ્કંભ છે તેને આઠગુણો કરતાં ૮૧૭૬ યોજન થાય છે. તે બાદ કરવાથી ૫૭૬૯૧૫ યોજન રહે છે. તેને આઠે ભાંગવાથી ભાગમાં ૭૨૧૧૪ યોજન આવે છે. બાકી શેષ ૩ રહે છે તેના આઠીયા ભાગ કરવા માટે આઠે ગુણતાં ૨૪ થાય, તેને આઠે ભાંગતાં ભાગમાં ૩ આવે છે તેથી આઠીયા ત્રણ ભાગ અધિક સમજવા. તે ઉપર બતાવ્યા છે. ( ૧૬ ).

હવે બે ગાથાવડે અંતરદ્વીપો કહે છે:—

**हिमवंतंता विदिसी–साणाइगयासु चउसु दाढासु ।**
**सग सग अंतरदीवा, पढमचउक्कं च जगईओ ॥१७॥२११॥**

---

૧ લાખ યોજનનો જંબૂદ્વીપ અને બંને બાજુ ૪૨૫૧૧ લવણસમુદ્રના તેને બમણા કરતાં ૮૫૦૨૨ યોજન. કુલ ૧૮૫૦૨૨ યોજન.

**जोअणतिसएहिं तओ, सयसयवुड्ढी अ छसु चउक्केसु ।**
**अण्णुण्णजगईअंतरि, अंतरसमवित्थरा सव्वे ॥ १८॥२१२॥**

**અર્થઃ**—( **हिमवंतंता** ) હિમવાન પર્વતના બન્ને છેડાથી બબે દાઢાઓ નીકળેલી છે. તેમાં ( **विदिसीसाणाइ** ) ઈશાન આદિક વિદિશામાં ( **गयासु** ) ગયેલી ( **चउसु** ) ચાર ( **दाढासु** ) દાઢાઓ ઉપર ( **सग सग** ) સાત સાત ( **अंतरदीवा** ) અંતરદ્વીપો છે. તે ચારે અંતરદ્વીપોમાં જે ( **पढमचउक्कं च** ) પહેલું ચતુષ્ક છે તે ( **जगईओ** ) જગતીથી ( **जोअणतिसएहिं** ) ત્રણ સો યોજન દૂર છે. ( **तओ** ) ત્યારપછીના ( **छसु** ) છ ( **चउक्केसु** ) ચતુષ્કને વિષે ( **सयसयवुड्ढी अ** ) સો સો યોજનની વૃદ્ધિ કરવી એટલે કે ( **अण्णुण्णजगइअंतरि** ) દ્વીપોના પરસ્પરના આંતરામાં તથા જગતી અને દ્વીપોના આંતરામાં દરેક ચતુષ્કે સો સો યોજનની વૃદ્ધિ કરવી. વળી ( **सव्वे** ) સર્વ દ્વીપો ( **अंतरसमवित्थरा** ) આંતરા જેટલા જ વિસ્તારવાળા છે. એટલે કે—જગતી અને દ્વીપના આંતરામાં, પરસ્પર દ્વીપના આંતરામાં અને દ્વીપના વિસ્તારમાં પહેલા ચતુષ્કને આશ્રીને ત્રણ સો યોજન, બીજા ચતુષ્કને આશ્રીને ચાર સો યોજન, ત્રીજા ચતુષ્કને આશ્રીને પાંચ સો યોજન, એ રીતે એક એક સો યોજનની વૃદ્ધિ કરવાથી યાવત્ સાતમા ચતુષ્કને આશ્રીને નવ સો યોજનનું પ્રમાણ જાણવું. ( ૧૭-૧૮ )

હવે તે અંતરદ્વીપો જળ ઉપર કેટલા ઉંચા છે ? તે કહે છેઃ—

**पढमचउक्कुच्च बहिं, अड्ढाइअजोअणे अ वीसंसा ।**
**सयरिंसवुड्ढि परओ, मज्झदिसिं सव्वि कोसदुगं ॥१९॥२१३॥**

**અર્થ**—( **पढमचउक्क** ) પહેલા ચાર દ્વીપોનું ( **उच्च** ) ઉંચપણું એટલે જળ ઉપર પ્રકાશિતપણું ( **बहिं** ) બહાર એટલે જંબૂદ્વીપની દિશાએ ( **अड्ढाइअजोअणे** ) અઢી યોજન ( **अ** ) અને ( **वीसंसा** ) વીશ ભાગ એટલે એક યોજનના ૯૫ ભાગ કરીએ તેવા ૨૦ ભાગ છે; તથા ( **परओ** ) ત્યારપછીના દરેક ચતુષ્કને વિષે ( **सयरिंसवुड्ढि** ) સ્થૂલવૃત્તિએ કરીને પંચાણુઆ સીત્તેર સીત્તેર ભાગની વૃદ્ધિ જાણવી. તથા ( **मज्झदिसिं** ) મધ્ય દિશાને વિષે લવણશિખા તરફની દિશાએ ( **सव्वि** ) સર્વ દ્વીપો ( **कोसदुगं** ) બે કોશ જ જળ ઉપર પ્રકાશિત છે-ઉંચા દેખાય તેવા છે. આ ઉચ્ચપણું જાણવાનો ઉપાય બતાવે છેઃ-પૂર્વની જેમ ત્રિરાશિ માંડવી, તે આ પ્રમાણે-૯૫૦૦૦-૭૦૦-૬૦૦. અહીં પહેલી અને છેલ્લી રાશિમાંથી બબે શૂન્ય કાઢી નાખવી, તથા પહેલી અને બીજી રાશિમાંથી પણ એક એક શૂન્ય કાઢી નાંખવી. તેથી-૯૫-૭૦-૬ આ રીતે ત્રણ રાશિ થઈ. પછી મધ્ય રાશિવડે છેલ્લી રાશિનો ગુણાકાર કરતાં ૪૨૦ થયા. તેને પહેલી રાશિ ( ૯૫ )

વડે ભાંગતા ભાગમાં ૪ યોજન આવે છે, શેષ ૪૦ વધે છે. તેથી યોજન ૪ ૪૦/૯૫ આટલી લવણસમુદ્રની દિશિમાં જળવૃદ્ધિ છે. તેનું અર્ધ કરવાથી યોજન ૨ ૨૦/૯૫ આટલું બહારની એટલે જંબૂદ્વીપ તરફની દિશામાં ઘટે છે એટલે ત્યાં બે યોજન ને વીશ ભાગ જેટલી જળવૃદ્ધિ છે. એ પ્રમાણે જંબૂદ્વીપ તરફ પંચાણુઆ ૭૦ ભાગની અને લવણસમુદ્ર તરફ ૧૪૦ ભાગની દરેક દ્વીપે જળવૃદ્ધિ થાય છે અને લવણસમુદ્ર તરફ બે ગાઉ બધા દ્વીપો જળ ઉપર દેખાય છે તેથી તેનું યંત્ર નીચે પ્રમાણે સમજવું.

**સ્થાપનાઃ—**

| અંતરદ્વીપ ચતુષ્ક | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|---|
| વિસ્તાર યોજન | ૩૦૦ | ૪૦૦ | ૫૦૦ | ૬૦૦ | ૭૦૦ | ૮૦૦ | ૯૦૦ |
| પરિધિ યોજન | ૯૪૯ | ૧૨૬૫ | ૧૫૮૧ | ૧૮૯૭ | ૨૨૧૩ | ૨૫૨૯ | ૨૮૪૫ |
| લવણ સમુદ્ર તરફ જળ વૃદ્ધિ | ૪ ૪૦/૯૫ | ૫ ૮૫/૯૫ | ૭ ૩૫/૯૫ | ૮ ૮૦/૯૫ | ૧૦ ૩૦/૯૫ | ૧૧ ૭૫/૯૫ | ૧૩ ૨૫/૯૫ |
| જંબૂદ્વીપ તરફ જળ વૃદ્ધિ | ૨ ૨૦/૯૫ | ૨ ૯૦/૯૫ | ૩ ૬૫/૯૫ | ૪ ૪૦/૯૫ | ૫ ૧૫/૯૫ | ૫ ૮૫/૯૫ | ૬ ૬૦/૯૫ |
| જંબૂદ્વીપ તરફ સપ્રકાશ | ૨ ૧/૨ ૨૦/૯૫ | ૨ ૧/૨ ૯૦/૯૫ | ૩ ૧/૨ ૬૫/૯૫ | ૪ ૧/૨ ૪૦/૯૫ | ૫ ૧/૨ ૧૫/૯૫ | ૫ ૧/૨ ૮૫/૯૫ | ૬ ૧/૨ ૬૦/૯૫ |
| લવણશિખા તરફ સપ્રકાશ | ૨ ગાઉ | ૨ ગાઉ | ૨ ગા. | ૨ ગા. | ૨ ગા. | ૨ ગા. | ૨ ગા. |

હવે તે અંતરદ્વીપોનાં નામ કહે છેઃ—

**सव्वे सवेइअंता, पढमचउक्कम्मि तेसि नामाइं ।**
**एगोरुअ आभासिअ, वेसाणिअ चेव लंगूले ॥ २० ॥ २१४**

**અર્થ**—( **सव्वे** ) સર્વ અંતરદ્વીપો ( **सवेइअंता** ) વેદિકા અને વનખંડવડે શોભિત છે એમ જાણવું. ( **पढमचउक्कम्मि** ) પહેલા ચતુષ્કમાં ( **तेसि** ) તેમનાં ( **नामाइं** ) નામો ઇશાનાદિકથી આરંભીને આ પ્રમાણે છેઃ-ઇશાનમાં ( **एगोरुक** ) એકોરૂક ૧, ( **आभासिअ** ) અગ્નિખૂણામાં આભાસિક ૨, ( **वेसाणिअ** ) નૈર્ઋત્ય ખૂણામાં વૈષાણિક ૩ ( **चेव** ) અને ( **लंगूले** ) વાયવ્યખૂણામાં લાંગૂલિક ૪. (૨૦)

**बीअचउक्के हयगय–गोसक्कुलिपुव्वकण्णणामाणो ।**
**आयंसमिंढगअओ–गोपुव्वमुहा य तइअम्मि ॥२१॥२१५॥**

**અર્થ**—( **बीअचउक्के** ) બીજા ચતુષ્કમાં ( **हय** ) હય, ( **गय** ) ગજ, ( **गो** ) ગો અને ( **सक्कुलि** ) શષ્કુલી એ શબ્દો છે ( **पुव्व** ) પૂર્વમાં જેને એવા ( **कण्णनामाणो** ) કર્ણ નામવાળા એટલે કે હયકર્ણ ૧, ગજકર્ણ ૨, ગોકર્ણ ૩ અને શષ્કુલીકર્ણ ૪ એ નામના ચાર દ્વીપો ઇશાનાદિકથી આરંભીને જાણવા. ( **य** ) તથા એ જ પ્રમાણે ( **आयंस** ) આદર્શ, ( **मिंढग** ) મેંઢ, ( **अओ** ) અયો અને ( **गो** ) ગો એ શબ્દો છે ( **पुव्व** ) પૂર્વમાં જેને એવા ( **मुहा** ) મુખ નામવાળા એટલે કે આદર્શમુખ ૧, મેંઢમુખ ૨, અયોમુખ ૩ અને ગોમુખ ૪ એ નામના ચાર દ્વીપો ( **तइअम्मि** ) ત્રીજા ચતુષ્કમાં જાણવા. ( ૨૧ ).

**हयगयहरिवग्घमुहा, चउत्थए असकण्णु हरिकण्णो ।**
**अकण्ण कण्णपावरणु, दीओ पंचमचउक्कम्मि ॥ २२ ॥२१६॥**

**અર્થ**—( **हय** ) હય, ( **गय** ) ગજ, ( **हरि** ) હરિ અને ( **वग्घ** ) વ્યાઘ્ર એ શબ્દો છે પૂર્વમાં જેને એવા ( **मुहा** ) મુખ શબ્દવાળા એટલે હયમુખ ૧, ગજમુખ ૨, હરિમુખ ૩ અને વ્યાઘ્રમુખ ૪ એ નામના ચાર દ્વીપો ( **चउत्थए** ) ચોથા ચતુષ્કને વિષે જાણવા, તથા ( **असकण्णु** ) અશ્વકર્ણ ૧, ( **हरिकण्णो** ) હરિકર્ણ ૨, ( **अकण्ण** ) અકર્ણ ૩ અને ( **कण्णपावरणु** ) કર્ણપ્રાવરણ ૪ એ નામના ચાર ( **दीओ** ) દ્વીપો ( **पंचमचउक्कम्मि** ) પાંચમા ચતુષ્કને વિષે જાણવા. (૨૨)

**उक्कमुहो मेहमुहो, विज्जुमुहो विज्जुदंत छट्ठम्मि ।**
**सत्तमगे दंतंता, घणलट्ठनिगूढसुद्धा य ॥ २३ ॥ २१७ ॥**

**અર્થ**—( **उक्कमुहो** ) ઉલ્કામુખ ૧, ( **मेहमुहो** ) મેઘમુખ ૨, ( **विज्जुमुहो** ) વિદ્યુન્મુખ ૩ અને ( **विज्जुदंत** ) વિદ્યુદ્દંત ૪ એ નામના ચાર દ્વીપો ( **छट्ठम्मि** ) છઠ્ઠા ચતુષ્કને વિષે છે, તથા ( **सत्तमगे** ) સાતમા ચતુષ્કમાં ( **दंतंता** ) દંત શબ્દ છે અંતે-છેડે જેને એવા ( **घण** ) ઘન, ( **लट्ठ** ) લષ્ટ, ( **निगूढ** ) ગૂઢ અને ( **सुद्धा य** ) શુદ્ધ શબ્દ મૂકવા એટલે કે ઘનદંત ૧, લષ્ટદંત ૨, ( નિ ) ગૂઢદંત ૩ અને શુદ્ધદંત ૪ એ નામના ચાર દ્વીપ જાણવા. (૨૩).

**एमेव य सिहरिम्मि वि, अडवीसं सव्वि हुंति छप्पण्णा ।**
**एएसु जुअलरूवा, पलिआसंखंसआउ णरा ॥ २४ ॥ २१८ ॥**

**અર્થ**—( **एमेव य** ) તથા વળી એ જ પ્રમાણે એટલે ઉપર જેમ હિમવાન પર્વતના કહ્યા તે જ પ્રમાણે ( **सिहरिम्मि वि** ) શિખરિ પર્વતને વિષે પણ ( **अडवीसं** )

અઠ્ઠાવીશ અંતરદ્વીપો જાણવા. ( **सव्वि** ) તે સર્વ મળીને ( **छप्पण्णा** ) છપ્પન અંતરદ્વીપો ( **हुंति** ) થાય છે. ( **एएसु** ) આ છપ્પને અંતરદ્વીપોને વિષે ( **जुअलरूवा** ) યુગલરૂપ ( **पलिआसंखंसआउ** ) પલ્યોપમના અસંખ્યેય ભાગના આયુષ્યવાળા ( **णरा** ) મનુષ્યો વસે છે-રહે છે. ( ૨૪ ).

( તે યુગલિકોના શરીરનું પ્રમાણ વિગેરે કહે છે )

**जोअणदसमंसतणू, पिट्ठिकरंडाणमेसिं चउसट्ठी ।**
**असणं च चउत्थाओ, गुणसीदिण वच्चपालणया ॥ २५ ॥ २१९॥**

**અર્થ**—( **एसि** ) આ યુગલિકોનું ( **तणू** ) શરીર ( **जोअणदसमंस** ) એક યોજનના દશમા ભાગ જેવડું એટલે આઠ સો ધનુષ્ય ઉંચું હોય છે, તથા તેમને ( **चउसट्ठी** ) ચોસઠ ( **पिट्ठिकरंडाणं** ) પૃષ્ઠકરંડક હોય છે, ( **च** ) તથા ( **चउत्थाओ** ) ચતુર્થભક્ત એટલે એકાંતર દિવસે ( **असणं** ) ભોજન હોય છે, તથા ( **गुणसीदिण** ) ઓગણાએંશી દિવસ ( **अवच्चपालणया** ) અપત્યની પાલના હોય છે. ( ૨૫ ).

હવે ગૌતમદ્વીપ તથા સૂર્યચંદ્રના દ્વીપની હકીકત ત્રણ ગાથાવડે કહે છે:—

**पच्छिमदिसि सुत्थिअलवण—सामिणो गोअमु त्ति इगु दीवो ।**
**उभओ वि जंबुलावण, दुदु रविदीवा य तेसिं च ॥२६ ॥२२०॥**
**जगइपरुप्परअंतरि, तह वित्थर बारजोअणसहस्सा ।**
**एमेव य पुव्वदिसिं, चंदचउक्कस्स चउ दीवा ॥ २७ ॥२२१॥**
**एवं चिअ बाहिरओ, दीवा अट्ठ पुव्वपच्छिमओ ।**
**दुदु लवण छ छ धायइ—संड ससीणं रवीणं च ॥२८॥२२२॥**

**અર્થ**:—( **पच्छिमदिसि** ) મેરૂપર્વતની પશ્ચિમ દિશાએ જગતીથી બાર હજાર યોજન લવણસમુદ્રમાં જઈએ ત્યાં ( **सुत्थिअ** ) સુસ્થિત નામના ( **लवणसामिणो** ) લવણાધિપતિનો ( **गोअमु त्ति** ) ગૌતમ નામનો ( **इगु** ) એક ( **दीवो** ) દ્વીપ છે, તથા ( **उभओ वि** ) તે ગૌતમદ્વીપની બે બાજુએ ( **जंबुलावण** ) જંબૂદ્વીપના અને લવણસમુદ્રના ( **दुदु रवि** ) બે બે સૂર્યના ( **दीवा य** ) દ્વીપો છે એટલે કે ગૌતમદ્વીપની બન્ને બાજુએ બબે દ્વીપ એટલે કુલ ચાર દ્વીપ છે તે જંબૂદ્વીપના બે અને લવણસમુદ્રના જબૂદ્વીપ તરફના બે એમ કુલ ચાર સૂર્યના છે એમ જાણવું. ( **तेसिं च** ) વળી તે પાંચે દ્વીપોનું ( **जगइपरुप्परअंतरि** ) જગતી અને દ્વીપનું આંતરૂં, તથા પરસ્પરનું એટલે એક-બીજા દ્વીપોનું આંતરૂં, ( **तह** ) તથા ( **वित्थर** ) તે દરેક દ્વીપનો વિસ્તાર તે ત્રણે બાબત ( **बारजोअणसहस्सा** )

બાર બાર હજાર યોજન છે. ( य ) તથા ( एमेव ) એ જ રીતે ( पुव्वदिसिं ) મેરૂપર્વતની પૂર્વદિશામાં જગતીથી બાર હજાર યોજન લવણુસમુદ્રમાં જઇએ ત્યાં ( चंदचउक्कस्स ) ચાર ચંદ્રના ( चउ दीवा ) ચાર દ્વીપો છે એટલે જંબૂદ્વીપના બે ચંદ્ર અને જંબૂદ્વીપ તરફ લવણુસમુદ્ર ઉપર ફરનારા લવણુસમુદ્રના બે ચંદ્ર એમ ચાર ચંદ્રના ચાર દ્વીપો છે. તથા (एवं चिअ) એ જ પ્રકારે એટલે ઉપર કહ્યા પ્રમાણે જ ( बाहिरओ ) બહારની દિશાએ એટલે ધાતકીખંડની દિશાએ લવણુસમુદ્રની જગતીથી બાર હજાર યોજન લવણુસમુદ્રમાં જઇએ ત્યાં ( पुव्वपच्छिमओ ) મેરૂપર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં ( अट्ठट्ठ ) આઠ આઠ ( दीवा ) દ્વીપો છે. ( કુલ સોળ દ્વીપો છે ) તે ( दुदु लवण ) લવણુશિખાની બહાર ફરતા બે ચંદ્ર અને બે સૂર્યના તથા ( छ छ ) છ છ ( धायइसंड ) ધાતકીખંડમાં ચાલતા લવણુસમુદ્ર તરફના ( ससीणं ) ચંદ્ર ( रवीणं च ) અને સૂર્યના સર્વ મળીને આઠ ચંદ્રના અને આઠ સૂર્યોના દ્વીપો છે. ( ૨૬-૨૭-૨૮. )

હવે આ દ્વીપોનું જળ ઉપર રહેલું પ્રમાણ કહે છે:—

**एए दीवा जलुवरि, बहिं जोअण सड्ढअट्ठसीइ तहा।**
**भागा वि अ चालीसा, मज्झे पुण कोसदुगमेव ॥२९॥२२३॥**

**અર્થઃ**—( एए ) આ સર્વે ( दीवा ) દ્વીપો ( जलुवरि ) જળની ઉપર ( बहि ) બહાર એટલે જંબૂદ્વીપ અને ધાતકીખંડની દિશાએ ( सड्ढअट्ठसीइ ) સાડીઅઠયાશી ( जोअण ) યોજન ( तहा ) તથા ઉપર ( चालीसा ) પંચાણુઆ ચાળીશ ( भागा वि अ ) ભાગ આટલું જળ ઉપર સપ્રકાશ દેખાય છે. આ પ્રમાણ જાણવા માટે પ્રથમની જેમ ત્રિરાશિ માંડવી.—૯૫૦૦૦-૭૦૦-૨૪૦૦૦ આમાં પહેલી અને છેલ્લી રાશિમાંથી ત્રણ ત્રણ શૂન્ય કાઢી નાંખવાથી-૯૫-૭૦૦-૨૪ રહે છે. પછી મધ્ય રાશિવડે અંત્ય રાશિને ગુણવાથી ૧૬૮૦૦ થયા. તેને પહેલી રાશિ ( ૯૫ ) વડે ભાંગતાં ૧૭૬$\frac{८०}{९५}$ આવ્યા. આટલી લવણુશિખાની દિશા તરફ જળવૃદ્ધિ છે. તેનું અર્ધ કરવાથી ૮૮$\frac{४०}{९५}$ થાય છે તેમાં ધાતકીખંડ તરફ પાણી ઉપર બે કોશ એટલે અર્ધ યોજન દેખાય છે તે ભેળવવાથી ૮૮॥ યોજન અને ૪૦ ભાગ ઉપર કહ્યા પ્રમાણે થાય છે. ( पुण ) તથા વળી ( मज्झे ) મધ્ય દિશાને વિષે એટલે ધાતકીખંડતરફ સર્વ દ્વીપો ( कोसदुगमेव ) બે કોશ જ જળ ઉપર સપ્રકાશ છે. આ હકીકત જંબૂદ્વીપ તરફના ૯ દ્વીપો માટે સમજવી. ધાતકીખંડને લગતા જે બે દિશાના મળીને ૧૬ દ્વીપો છે તે જંબૂદ્વીપ તરફ બે ગાઉ દેખાય છે ને ધાતકીખંડ તરફ ૮૮॥$\frac{४०}{९५}$ દેખાય છે. ( ૨૯ ) ( દરેક દ્વીપનો પરિધિ ૩૭૯૪૮ યોજન છે. )

હવે તે દ્વીપોમાં રહેલા પ્રાસાદોનું પ્રમાણ કહે છે—

**कुलगिरिपासायसमा, पासाया एसु णिअणिअपहूणं ।**
**तह लावणजोइसिआ, दगफालीह उड्ढलेसागा ॥ ३० ॥ २२४ ॥**

**અર્થ**:—( **एसु** ) આ દ્વીપોમાં ( **णिअणिअपहूणं** ) પોતપોતાના સ્વામી જે સુસ્થિત, ચંદ્ર અને સૂર્ય તેમના ( **पासाया** ) પ્રાસાદો-ક્રીડાના ભવનો છે તે ( **कुलगिरिपासायसमा** ) કુલગિરિ ઉપર રહેલા પ્રાસાદની જેવા છે. એટલે ૬૨ાા યોજન ઉંચા અને તેનાથી અર્ધ એટલે ૩૧ા યોજન: લાંબા-પહોળા છે. ( **तह** ) તથા સર્વ જ્યોતિષીના વિમાનો સામાન્યપણે સ્ફટિકરત્નમય હોય છે, પરંતુ ( **लावणजोइसिआ** ) લવણસમુદ્રમાં રહેલા જ્યોતિષ્કનાં વિમાનો તથાપ્રકારના જગતના સ્વભાવને લીધે ( **दगफालीह** ) ઉદકને-પાણીને ફાડવાના સ્વભાવવાળા જળસ્ફાટિકરત્નમય છે; તથા તે વિમાનો ( **उड्ढलेसागा** ) ઊર્ધ્વ લેશ્યાવાળા એટલે ઉંચે પણ પ્રકાશ કરનારા હોવાથી લવણશિખામાં પણ પ્રકાશ કરનારા છે.

હવે લવણસમુદ્રનું પ્રતરગણિત આ પ્રમાણે લાવવું.-લવણસમુદ્રનો વિસ્તાર બે લાખ યોજન છે તેનું અર્ધ કરતાં એક લાખ થાય, તેમાં પાંચ હજાર નાંખવાથી ૧૦૫૦૦૦ થાય. આ અંકવડે ૯૪૮૬૮૩ ને[1] ગુણવાથી ૯૯૬૧૧૭૧૫૦૦૦ આવે. આટલું લવણસમુદ્રનું પ્રતરગણિત થાય છે, તથા તે જ પ્રતરગણિતના અંકને ૧૭૦૦૦ વડે ગુણવાથી ૧૬૯૩૩૯૯૧૫૫૦૦૦૦૦૦ આવે છે. આ ઘનગણિત જાણવું. અહીં કોઈ શંકા કરે કે-લવણસમુદ્રમાં સર્વ ઠેકાણે કાંઈ ૧૭૦૦૦ યોજન જળનું ઉંચપણું નથી, માત્ર મધ્યભાગમાં જ્યાં દશ હજારનું પહોળાપણું છે ત્યાં જ તેટલી જળશિખાની ઉંચાઈ છે, તેથી ૧૦૫૦૦૦ ને ૧૭૦૦૦ વડે કેમ ગુણી શકાય ? આ શંકાનું સમાધાન કરવા કહે છે કે-તારૂં કહેવું સત્ય છે, પરંતુ લવણશિખાની ઉપર અને બન્ને બાજુની બે જગતીની વેદિકા ઉપર સીધી દોરી દેવી. તેમાં વચ્ચે જે જળરહિત પ્રદેશ રહે છે તે પણ કર્ણગતિએ કરીને જળસહિત હોય તેવો સમજવાનો છે, એટલે કે તે જળરહિત ક્ષેત્ર પણ જળસહિત છે એમ માનવું.

જેમ મેરૂપર્વતના વિસ્તારમાં ચડતાં ને ઉતરતાં ૧૧ ભાગની હાનિ ને વૃદ્ધિમાં મેખલાની વિવક્ષા ન કરતાં તેનો પોલાણ ભાગ પણ અંદર લેવામાં આવે છે તેમ અહિં પણ વિવક્ષા હોવાથી જે ઘનગણિત કહ્યું છે તેમાં કાંઇ વિરોધ સમજવો નહીં. તે વિષે વિશેષણવતી ગ્રંથમાં કહ્યું છે કે—**एयं उभयवेइयंताओ सोलससहस्सुसेहस्स कण्णगइए जं लवणसमुद्दभवं जलसुण्णं पि खित्तं तस्स गणिअं जहा मंदरपव्वयस्स इक्कारस भागहाणी कण्णगइ आगासस्स वि तद्दा भव्वंति काउं भाणिआ तह लवणसमुद्दस्स वि**[2]॥

લવણસમુદ્રમાં ચાર ચંદ્ર, ચાર સૂર્ય, ૩૫૨ ગ્રહો, ૧૧૨ નક્ષત્રો, ૨૬૭૯૦૦ તારાની કોડાકોડી જાણવી. લવણસમુદ્રનો પરિધિ ૧૫૮૧૧૩૯ યોજન જાણવો. લવણસમુદ્રની જગતીના ચાર દ્વારનું અંતર ૩૯૫૨૮૦ યોજન ને ૧ ગાઉ[3] જાણવું.

## ॥ इति लघुक्षेत्रसमासविवरणे लवणसमुद्राधिकारो द्वितीयः ॥

---

૧ જંબૂદ્વીપની ને લવણસમુદ્રની જગતીનો સરવાળો કરીને તેનું અર્ધ કરવાથી આ અંક આવે છે.
૨ આનો ભાવાર્થ ઉપર આવી ગયેલ હોવાથી ફરીને લખ્યો નથી.
૩ પરિધિના અંકમાંથી ચાર દ્વારના સાખો સાથે ૧૮ યોજન બાદ કરી બાકીની રકમના ચાર ભાગ કરવાથી આ અંક આવે છે.

# अथ तृतीय धातकीखंडद्वीप अधिकार.

હવે ત્રીજો ધાતકીખંડ દ્વીપનો અધિકાર કહે છે:—

**जामुत्तरदीहेणं, दससयसमपिहुल पणसयुच्चेणं ।**
**उसुयारगिरिजुगेणं, धायइसंडो दुहविहत्तो ॥ १ ॥२२५॥**

**અર્થ:**—( **जामुत्तरदीहेणं** ) દક્ષિણ ઉત્તર લાંબા, ( **दससयसमपिहुल** ) દશ સો એટલે એક હજાર યોજન સરખા પહોળા એટલે ભૂમિથી શિખર સુધી સરખા પહોળા અને ( **पणसयुच्चेणं** ) પાંચ સો યોજન ઉંચા એવા ( **उसुयारगिरिजुगेणं** ) ઇષુકાર નામના બે પર્વતવડે ( **धायइसंडो** ) ધાતકીખંડ ( **दुहविहत्तो** ) બે ભાગે વ્હેંચાયેલો છે. એટલે કે લવણસમુદ્રની જગતીથી બહાર વલયને આકારે ધાતકીખંડ નામનો બીજો દ્વીપ છે. તે ચાર લાખ યોજન પહોળો છે. તે ધાતકીખંડના મોટા બે વિભાગ છે-પૂર્વ ધાતકીખંડ અને પશ્ચિમ ધાતકીખંડ. તે બે વિભાગ ઇષુકાર નામના બે પર્વતે કર્યા છે. તે પર્વતો લવણસમુદ્રના વૈજયંત અને અપરાજિત નામના દ્વારથી નીકળીને ધાતકીખંડના વૈજયંત અને અપરાજિત નામના દ્વાર સુધી લાંબા છે. ( એટલે કે લવણસમુદ્રના છેડાથી નીકળી કાળોદધિના અગ્રભાગ સુધી લાંબા છે. ) તે બાણને આકારે હોવાથી ઇષુકાર કહેવાય છે. તે પર્વતો દક્ષિણ-ઉત્તર ચાર લાખ યોજન લાંબા છે, ભૂમિથી શિખર સુધી એક સરખા એક હજાર યોજન પહોળા છે અને પાંચ સો યોજન ઉંચા છે. ( ૧ ).

આ બન્ને ખંડ ( વિભાગ ) માં પર્વતો અને ક્ષેત્રોની સંખ્યા વિગેરે કહે છે—

**खंडदुगे छ छ गिरिणो, सग सग वासा अरविवररूवा ।**
**धुरि अंति समा गिरिणो, वासा पुण पिहुलपिहुलयरा ॥२॥२२६॥**

**અર્થ:**—( **खंडदुगे** ) પૂર્વ અને પશ્ચિમ એ બન્ને ખંડને વિષે ( **छ छ गिरिणो** ) છ છ કુલગિરિ છે એટલે બન્ને મળીને બાર કુલગિરિ છે, તથા ( **सग सग वासा** ) સાત સાત એટલે બન્ને મળીને ચૌદ ક્ષેત્રો છે. તે કુલગિરિ અને ક્ષેત્રો ( **अरविवररूवा** ) આરારૂપ અને તેના વિવર-આંતરારૂપ છે. એટલે કે પૈડાની નાભિને સ્થાને જંબૂદ્વીપ અને લવણસમુદ્રનું ગોળપણું છે. નાભિમાંથી જેમ આરા

નીકળે તેમ ઇષુકાર અને કુલગિરિ છે, અને તે આરાના વિવર એટલે આંતરાને સ્થાને ચૌદે ક્ષેત્રો રહેલા છે. તથા ( **गिरिणो** ) કુલપર્વતો ( અને ઇષુકાર પર્વતો પણ ) ( **धुरि अंति समा** ) આરંભે અને છેડે સરખા જ પહોળા છે. ( **पुण** ) અને ( **वासा** ) ક્ષેત્રો ( **पिहुलपिहुलयरा** ) પૃથુ પૃથુતર છે એટલે લવણસમુદ્રની જગતીથી આરંભીને ધાતકીખંડની જગતી સુધી અનુક્રમે વધારે વધારે પહોળા છે. ( ૨ ).

આ ધાતકીખંડમાં જે જે જંબૂદ્વીપની સરખું છે તે કહે છે—

**दहकुंडुंडुत्तममेरुमुस्सयं वित्थरं विअड्डाणं ।**
**वट्टगिरीणं च सुमेरुवज्जमिह जाण पुव्वसमं ॥ ३ ॥२२७॥**

**અર્થ**:—( **इह** ) આ ધાતકીખંડને વિષે રહેલા ( **दहकुंडुंडुत्तं** ) દ્રહો તથા કુંડોનું ઉંડાપણું, ( **अमेरुं** ) મેરૂપર્વત સિવાય બીજા પર્વતો એટલે કુલગિરિ, ગજદંત, વક્ષસ્કાર, યમલ, કાંચનગિરિ અને વૈતાઢ્ય વિગેરે પર્વતોનું ( **उस्सयं** ) ઉંચાપણું; તથા ( **विअड्डाणं** ) વૈતાઢ્ય પર્વતોનો ( **च** ) અને ( **सुमेरुवज्जं** ) મેરૂ પર્વતને વર્જીને બીજા ( **वट्टगिरीणं** ) વૃત્તવૈતાઢ્ય વિગેરે ગોળ પર્વતોનો ( **वित्थरं** ) વિસ્તાર ( **पुव्वसमं** ) પૂર્વની સમાન એટલે જંબૂદ્વીપમાં કહ્યા પ્રમાણે ( **जाण** ) જાણવો. ( ૩ )

હવે બે મેરૂનું સ્વરૂપ કહે છે—

**मेरुदुगं पि तह च्चिअ, णवरं सोमणसहिट्ठुवरिदेसे ।**
**सगअडसहसऊणु त्ति सहसपणसीइ उच्चत्ते ॥ ४ ॥ २२८ ॥**

**અર્થ**:—( **मेरुदुगं पि** ) ધાતકીખંડના બન્ને મેરૂ પર્વતો પણ ( **तह च्चिअ** ) તે જ પ્રમાણે એટલે જંબૂદ્વીપના મેરૂપર્વત પ્રમાણે જ છે. ( **णवरं** ) વિશેષ એ છે કે-( **सोमणस** ) સૌમનસ વનની ( **हिट्ठुवरिदेसे** ) નીચે અને ઉપરના પ્રદેશમાં અનુક્રમે ( **सगअडसहसऊणु त्ति** ) સાત હજાર અને આઠ હજાર યોજન ઊણા કરવા, તેથી આ બે મેરૂ ( **उच्चत्ते** ) ઉંચપણાને વિષે ( **सहसपणसीइ** ) પંચાશી હજાર યોજન થાય છે. જેમ જંબૂદ્વીપનો મેરૂ મૂળથી આરંભીને સૌમનસ વન સુધી ચોસઠ હજાર યોજન ઉંચો છે, પણ આ બે મેરૂ તો સતાવન હજાર યોજન ઉંચા છે. તથા જંબૂદ્વીપનો મેરૂ સૌમનસ વનથી આરંભીને શિખર સુધીમાં છત્રીશ હજાર યોજન ઉંચો છે, પણ આ બે મેરૂ તો અઠ્ઠાવીશ હજાર યોજન ઉંચા છે. કુલ પંદર હજાર ઓછા થવાથી આ બે મેરૂ પંચાશી હજાર યોજન ઉંચા છે.

**વિસ્તરાર્થ**—જંબૂદ્વીપના મેરૂમાં ભૂમિથી પાંચ સો યોજન ઉપર ચડીએ ત્યાં

નંદનવન છે, ત્યાંથી સાડીબાસઠ હજાર યોજન ઉંચે સૌમનસવન છે, ત્યાંથી છત્રીશ હજાર યોજન ઉંચે પાંડુકવન છે. કુલ નવાણુ હજાર તથા એક હજાર ભૂમિની અંદર હોવાથી લાખ યોજન ઉંચો તે મેરૂ છે; પણ આ ધાતકીખંડના બે મેરૂ તો આ પ્રમાણે છેઃ-ભૂમિથી પાંચ સો યોજન ઉંચે નંદનવન છે, ત્યાંથી સાડી પંચાવન હજાર યોજન ઉંચે સોમનસવન છે અને ત્યાંથી અઠ્ઠાવીશ હજાર યોજન ઉંચે પાંડુકવન છે. કુલ ચોરાશી હજાર યોજન થયા તેમાં ભૂમિની અંદર એક હજાર યોજન હોવાથી કુલ પંચાશી હજાર યોજન ઉંચા છે. ( ૪ )

હવે બન્ને મેરૂનો વિસ્તાર કહે છેઃ—

**तह पणणवई चउणउअ, अद्धचउणउअ अट्ठतीसा य ।**
**दस सयाइ कमेणं, पणट्ठाण पिहुत्ति हिट्ठाओ ॥५॥२२९॥**

**અર્થ**— ( **तह** ) તથા ( **पणणवई** ) પંચાણુ સો, ( **चउणउअ** ) ચોરાણુ સો, ( **अद्धचउणउअ** ) ચોરાણુમું સો અર્ધું એટલે સાડીત્રાણું સો, ( **अट्ठतीसा** ) આડત્રીશ સો, ( **य** ) અને ( **दस सयाइ** ) દશ સો, આ પ્રમાણે ( **हिट्ठाओ** ) નીચેથી એટલે મૂળથી–ભૂમિની અંદરથી ( **कमेणं** ) અનુક્રમે ( **पणट्ठाण** ) પાંચ સ્થાનો એટલે મૂળ, ભૂતળ, નંદનવન, સૌમનસવન અને શિખર એ પાંચ સ્થાનો ( **पिहुत्ति** ) પહોળા છે. અર્થાત્ આ બે મેરૂપર્વતો મૂળમાં–ભૂમિમાં પંચાણુ સો યોજન પહોળા છે, ભૂતળમાં ચોરાણુ સો યોજન પહોળા છે વિગેરે.

**મેરૂપર્વતની સ્થાપનાઃ—**

| | | | |
|---|---|---|---|
| સ્થાનકો | વિસ્તાર યોજન | નંદનવને | ૯૩૫૦ |
| શિખર ઉપર | ૧૦૦૦ | ભૂતળ ઉપર | ૯૪૦૦ |
| સૌમનસવને | ૩૮૦૦ | મૂળમાં | ૯૫૦૦ |

આ બે મેરૂપર્વતના કોઇપણ ઇચ્છિત સ્થાને તેનો વિસ્તાર જાણવા માટે હાનિ અને વૃદ્ધિ લાવવાની રીત આ પ્રમાણે છેઃ-ભૂતળ ઉપર મેરૂનો વિસ્તાર ૯૪૦૦ યોજન છે તેમાંથી શિખરનો વિસ્તાર જે ૧૦૦૦ યોજન છે તે બાદ કરતાં ૮૪૦૦ યોજન રહે છે, તેને મેરૂની કુલ ઉંચાઈ ૮૪૦૦૦ યોજનવડે ભાંગવા, પણ ભાગ ચાલતો નથી, તેથી ૮૪૦૦ ને દશે ગુણવા. ત્યારે ૮૪૦૦૦ દશાંશ થયા. તેને ૮૪૦૦૦ વડે ભાંગતાં ભાગમાં ૧ આવે છે, તેથી સિદ્ધ થયું કે ભૂતળથી ઉંચે ચડતાં દરેક યોજને એક દશાંશ યોજન એટલે એક યોજનનો દશમો એક ભાગ વિસ્તારમાં ઘટે છે અને શિખર ઉપરથી નીચે આવતાં દરેક યોજને એક દશાંશ યોજન વિસ્તારમાં વધે છે. ( ૫ ). **એટલે દશ યોજને એક યોજનની હાનિ–વૃદ્ધિ સમજવી.**

હવે જંબૂદ્વીપ કરતાં જે અહીં બમણું છે તે કહે છે:—

**णइकुंडदीववणमुह–दहदीहरसेलकमलवित्थारं ।**
**णइउंडत्तं च तहा, दहदीहत्तं च इह दुगुणं ॥६॥२३०॥**

**અર્થ**—જંબૂદ્વીપમાં કહેલા નદ્યાદિકના વિસ્તાર કરતાં અહીં ધાતકીખંડમાં ( **णइ** ) નદીઓનો, ( **कुंड** ) કુંડોનો, ( **दीव** ) દ્વીપોનો, ( **वणमुह** ) વનમુખોનો, ( **दह** ) દ્રહોનો, ( **दीहरसेल** ) દીર્ઘપર્વતોનો એટલે કુલગિરિનો અને ( **कमल** ) કમળોનો ( **वित्थारं** ) વિસ્તાર બમણો છે; તથા જંબૂદ્વીપની નદીઓના ઉંડપણા કરતાં અહીં ધાતકીખંડની ( **णइउंडत्तं** ) નદીઓનું ઉંડપણું પણ બમણું છે. ( **च तहा** ) તથા વળી પૂર્વે કહેલા દ્રહના લાંબપણાથકી ( **दहदीहत्तं च** ) દ્રહોનું લાંબપણું અને પહોળપણું ( **इह** ) અહીં ધાતકીખંડમાં ( **दुगुणं** ) બમણું છે. તથા વળી અહીં વનમુખનો વિસ્તાર બમણો કહ્યો છે, પરંતુ લવણસમુદ્રની દિશા તરફ વનમુખનો વિસ્તાર તેથી વિપરીત છે. તે આ પ્રમાણે:–નદીની પાસે બે કળા અને કુળગિરિની પાસે ૫૮૪૪ યોજન વિસ્તાર છે એવો સંપ્રદાય છે. ( ૬ ).

વિસ્તરાર્થ—એક તરફના બત્રીશ વિજયની ૬૪ નદીઓ, બીજી તરફની ૬૪ નદીઓ, બન્ને તરફના ભરતક્ષેત્રની ગંગા નદી ૨, સિંધુ નદી ૨, અને ઐરવત ક્ષેત્રની રક્તા નદી ૨, રક્તવતી નદી ૨, સર્વ મળીને ૧૩૬ નદીઓ. બે હૈમવતક્ષેત્રની ૪ નદી, બે ઐરણ્યવતક્ષેત્રની ૪ નદી, બે મહાવિદેહની અંતરનદી ૨૪, સર્વ મળીને ૩૨ નદીઓ. બે હરિવર્ષક્ષેત્રની ૪ નદી, બે રમ્યકક્ષેત્રની ૪ નદી, મળીને ૮ નદીઓ. તથા શીતા નદી ૨ અને શીતોદા નદી ૨ મળીને ૪ નદીઓ થઇ. કુલ ૧૩૬–૩૨–૮–૪ નદીઓ સંબંધી યંત્ર.

**સ્થાપના:—**

| ધાતકીખંડ નદીઓ | જીભી વિસ્તાર યોજન | જીભી જાડી યોજન | જીભી લાંબી યોજન | નદીમૂલ વિસ્તાર યોજન | મૂળમાં ઉંડપણું યોજન | અંત્ય વિસ્તાર યોજન | અંત્ય ઉંડપણું યોજન | નદી કુંડ વિસ્તાર યોજન | નદીદ્વીપ વિસ્તાર યોજન | કુંડદ્વાર વિસ્તાર યોજન | મધ્યગિરિ અંતર યોજન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૬ | ૧૨॥ | ૦। | ૧ | ૧૨॥ | ૦। | ૧૨૫ | ૨॥ | ૧૨૦ | ૧૬ | ૧૨॥ | ૦॥ |
| ૩૨ | ૨૫ | ૦॥ | ૨ | ૨૫ | ૦॥ | ૨૫૦ | ૫ | ૨૪૦ | ૩૨ | ૨૫ | ૧ |
| ૮ | ૫૦ | ૧ | ૪ | ૫૦ | ૧ | ૫૦૦ | ૧૦ | ૪૮૦ | ૬૪ | ૫૦ | ૨ |
| ૪ | ૧૦૦ | ૨ | ૮ | ૧૦૦ | ૨ | ૧૦૦૦ | ૨૦ | ૯૬૦ | ૧૨૮ | ૧૦૦ | ૪ |

હવે ભદ્રશાલવનનું પ્રમાણ કહે છે:—

**इगलक्खु सत्तसहसा, अड सयं गुणसीइ भद्दसालवणं।**
**पुव्वावरदीहंतं, जामुत्तर अट्ठसीभइअं ॥ ७ ॥ २३१ ॥**

**અર્થ**—( **इगलक्खु** ) એક લાખ, ( **सत्तसहसा** ) સાત હજાર, ( **अड सय** ) આઠ સો ને ( **गुणसीइ** ) ઓગણએંશી ( ૧૦૭૮૭૯ ) યોજન ( **भद्दसालवणं** ) ભદ્રશાલવન, ( **पुव्वावरदीहंतं** ) પૂર્વ–પશ્ચિમ લાંબું છે, તથા ( **जामुत्तर** ) દક્ષિણ-ઉત્તર ( **अट्ठसीभइअं** ) અઠ્યાશીવડે ભાગ દઈએ તેટલું પહોળું છે. તથા દેવકુરૂ અને ઉત્તરકુરૂની જીવા ૨૨૩૧૫૮ યોજન છે.

**જીવાની સ્થાપના:—**

ભદ્રશાલવન બે બાજુ હોવાથી, ૧૦૭૮૭૯—ને બે વડે ગુણવા.
૨૧૫૭૫૮—બમણા કરતાં આવેલ અંક.
૯૪૦૦—મેરૂપર્વતની પહોળાઇ ભળવવી.
કુલ ૨૨૫૧૫૮
૨૦૦૦ બે ગજદંતાની પહોળાઈ બાદ કરવી.
૨૨૩૧૫૮ દેવકુરૂ ઉત્તરકુરૂની જીવા સમજવી.

**ભદ્રશાલવનની સ્થાપના:—**

| ધાતકીખંડમાં | મેરૂની પૂર્વે | મેરૂની પશ્ચિમે | મેરૂની દક્ષિણે | મેરૂની ઉત્તરે |
|---|---|---|---|---|
| ભદ્રશાલવન | ૧૦૭૮૭૯ પહોળું લંબાઇ અનિયમિત | ૧૦૭૮૭૯ પહોળું લંબાઇ અનિયમિત | ૧૨૨૬ પહોળું | ૧૨૨૬ પહોળું |

હવે ગજદંતની વક્તવ્યતા કહે છે:—

**बहि गयदंता दीहा, पणलक्खूणसयरिसहस दुगुणट्ठा ।**
**इअरे तिलक्ख छप्पणसहस्स सय दुण्णि सगवीसा ॥८॥२३२॥**

**અર્થ**—( **बहि** ) ધાતકીખંડમાં મેરૂની બહારની દિશામાં રહેલા ( **गयदंता** ) બે બે ગજદંત પર્વતો સરખા છે. તે ચારે ગજદંતા પ્રત્યેક ( **पणलक्ख** ) પાંચ લાખ, ( **ऊणसयरिसहस** ) ઓગણોતેર હજાર, ( **दुगुणट्ठा** ) બસો ને ઓગણસાઠ ૫૬૯૨૫૯ યોજન ( **दीहा** ) લાંબા છે. તથા ( **इअरे** ) બીજા મધ્યદિશામાં બે બે ગજદંતા સરખા રહેલા છે, તે ચારે ગજદંતા ( **तिलक्ख** ) ત્રણ લાખ, ( **छप्पण-**

**सहस्स** ) છપ્પન હજાર, ( **सय दुण्णि** ) બસો ને ( **सगवीसा** ) સત્તાવીશ ૩૫૬૨૨૭ યોજન લાંબા છે, તથા એક એક મેરૂપર્વતની બહારની અને મધ્યની દિશામાં રહેલા બબે બબે ગજદંતનું પ્રમાણ એકત્ર કરીએ ત્યારે ૯૨૫૪૮૬ યોજન થાય તેટલું ઉત્તરકુરૂ અને દેવકુરૂનું ધનુઃપૃષ્ઠ સમજવું. (૮).

ગજદંતા ને વક્ષસ્કારના બીજા પ્રમાણ માટે નીચેનો યંત્ર જુઓઃ—

| ધાતકીખંડ | ગજદંત | વક્ષસ્કાર પર્વત | બે ગજદંતા મળીને થતું દેવકુરૂ ને ઉત્તરકુરૂનું ધનુઃપૃષ્ઠ |
|---|---|---|---|
| આદિ વિસ્તાર | યો૦ ૧૦૦૦ | ૧૦૦૦ | ૫૬૯૨૫૯ લાંબો છે તે |
| છેડે વિસ્તાર | ખડ્ગની ધાર જેટલો | ૧૦૦૦ | ૩૫૬૨૨૭ કાંઈક ટુંકો છે તે |
| આદિ ઉંચપણું | યો૦ ૪૦૦ | ૪૦૦ | ——— |
| અંતે ઉંચપણું | યો૦ ૫૦૦ | ૫૦૦ | ૯૨૫૪૮૬ |

વક્ષસ્કાર વિગેરેનું લાંબપણું કહે છેઃ—

**खित्ताणुमाणओ सेस–सेलणइविजयवणमुहायामो ।**

**चउलक्खदीह वासा, वासविजयवित्थरो उ इमो ॥९॥२३३॥**

**અર્થ:**—કુલગિરિ અને ગજદંતાદિકનું પ્રમાણ પૂર્વે દેખાડ્યું છે. હવે તેથી ( **सेस** ) બાકી રહેલા ( **सेल** ) પર્વત એટલે વક્ષસ્કાર, ( **णइ** ) નદીઓ એટલે અંતરનદીઓ, ( **विजय** ) વિજયો અને ( **वणमुह** ) વનમુખ એ સર્વનો (**आयामो**) વિસ્તાર ( **खित्ताणुमाणओ** ) ક્ષેત્રના અનુમાનથી જાણવો. એટલે કે પૂર્વ ધાતકીખંડ અને પશ્ચિમ ધાતકીખંડનું બન્ને ઈષુકાર દિશિએ જેટલું ક્ષેત્રનું લાંબપણું છે તેટલું વક્ષસ્કારાદિકનું પણ લાંબપણું ક્રમસર વધતું વધતું જાણવું, તથા ( **वासा** ) વર્ષો એટલે પૂર્વ ધાતકીખંડનાં સાત ક્ષેત્રો અને પશ્ચિમ ધાતકીખંડનાં સાત ક્ષેત્રો ( **चउलक्ख** ) ચાર લાખ યોજન ( **दीह** ) લાંબા છે. ( **उ** ) તુ પુનઃ હવે ( **वासविजयवित्थरो** ) ક્ષેત્રો અને વિજયોનો વિસ્તાર–પહોળાપણું ( **इमो** ) આ પ્રમાણે એટલે નીચેની ગાથામાં કહ્યા પ્રમાણે છે. ( ૯ ).

તે જ કહે છેઃ—

**खित्तंकगुणधुवंके, दो सय बारुत्तरेहिं पविभत्ते ।**

**सव्वत्थ वासवासो, हवेइ इह पुण इय धुवंका ॥१०॥२३४॥**

**અર્થ**—( **खित्तंकगुणधुवंके** ) ક્ષેત્રના અંકને ધ્રુવાંક સાથે ગુણવા. એટલે કે ક્ષેત્રના અંક ૧-૪-૧૬-૬૪ વિગેરેને નીચેની ગાથામાં કહેલા ધ્રુવાંક સાથે ગુણવા. પછી તેને ( **दो सय बारुत्तरेहिं** ) બસો ને બાર (૨૧૨) વડે (**पविभत्ते**) ભાંગવા. કેમ કે ક્ષેત્રના અંક જે ૧-૪-૧૬-૬૪-૧૬-૪-૧ છે તેનો સરવાળો કરતાં ૧૦૬ થાય છે, તેને બમણા કરવાથી ૨૧૨ થાય છે તેથી આ ભાજક અંક કહ્યો છે. તે આ પ્રમાણે:—

ક્ષેત્રાંક—ભરતક્ષેત્રનો અંક ૧, હિમવત ક્ષેત્રાંક ૪, હરિવર્ષ ક્ષેત્રાંક ૧૬, મહાવિદેહ ક્ષેત્રાંક ૬૪, રમ્યક ક્ષેત્રાંક ૧૬, ઐરણ્યવત ક્ષેત્રાંક ૪, ઐરવત ક્ષેત્રાંક ૧ આ સર્વને એકઠા કરવાથી ૧૦૬ થાય છે. આ પ્રમાણે બંને બાજુ ૭ ક્ષેત્રો હોવાથી તેને બમણા કરતાં ૨૧૨ ભાજકઅંક થાય છે. આ રીતે ( **सव्वत्थ** ) સર્વ ઠેકાણે એટલે આદિ, મધ્ય અને અંતને વિષે ( **वासवासो** ) ક્ષેત્રનો વ્યાસ-વિસ્તાર ( **हवेइ** ) થાય છે. ( **इह** ) અહીં ધાતકીખંડને વિષે ( **पुण** ) વળી ( **इय** ) આ પ્રમાણે એટલે નીચેની ગાથામાં કહ્યા પ્રમાણે ( **धुवंका** ) ધ્રુવાંક છે. ( ૧૦ )

તે ધ્રુવાંકને જ કહે છે.—

**धुरि चउद लक्ख दुसहस, दोसगणउआ धुवं तहा मज्झे।**
**दुसय अडुत्तर सतस-ट्ठिसहस छव्वीस लक्खा य॥११॥२३५॥**
**गुणवीस सयं बत्तीस, सहस गुणयाल लक्ख धुवमंते।**
**णइगिरिवणमाणविसु-द्ध खित्त सोलंसपिहु विजया॥१२॥२३६॥**

**અર્થ**—( **धुरि** ) આદિને વિષે ( **चउद लक्ख** ) ચઉદ લાખ, ( **दुसहस** ) બે હજાર, ( **दोसगणउआ** ) બસો ને સતાણુ ૧૪૦૨૨૯૭ ( **धुवं** ) ધ્રુવાંક થાય છે, ( **तहा** ) તથા ( **मज्झे** ) મધ્યને વિષે ( **दुसय** ) બસો, ( **अडुत्तर** ) આઠે અધિક, ( **सतसट्ठिसहस** ) સડસઠ હજાર, ( **छव्वीस लक्खा य** ) અને છવીશ લાખ ૨૬૬૭૨૦૮ ધ્રુવાંક થાય છે, ( ૧૧ ) તથા ( **गुणवीस सयं** ) એક સો ને ઓગણીશે અધિક ( **बत्तीस सहस** ) બત્રીશ હજાર, ( **गुणयाल लक्ख** ) ઓગણચાળીશ લાખ ૩૯૩૨૧૧૯ ( **धुवं** ) ધ્રુવાંક ( **अंते** ) અંતને વિષે થાય છે, તથા ( **णइ** ) અંતરનદી, ( **गिरि** ) વક્ષસ્કાર પર્વત, ( **वण** ) મેરૂ ને ભદ્રશાળ વન અને વનમુખ, તેમના ( **माण** ) પ્રમાણવડે ( **विसुद्ध** ) શોધેલા-બાદ કરેલા ( **खित्त** ) ક્ષેત્રના વિસ્તારના ( **सोलंस** ) સોળમા ભાગ જેટલા ( **पिहु** ) પહોળા ( **विजया** ) વિજયો હોય છે. (૧૨)

( આ ધ્રુવાંક ધાતકીખંડની આદિ, મધ્ય ને અંત્ય પરિધિમાંથી ૧૪ પર્વતોનો વિસ્તાર બાદ કરતાં આવે છે તે પર્વતો સંબંધી યંત્ર આ પ્રકરણને છેડે આપેલ છે.)

**વિસ્તરાર્થ**—અહીં પ્રથમ ક્ષેત્રનો ધ્રુવાંક ૧૪૦૨૨૯૭ છે અને ક્ષેત્રનો અંક ૧ છે, તેથી તેને એકે ગુણતાં તેટલોજ અંક આવે છે. તેને ઉપરની ગાથામાં કહ્યા

પ્રમાણે ૨૧૨ વડે ભાંગતાં ૬૬૧૪$\frac{૧૨૯}{૨૧૨}$ આવે છે. આટલો ભરત અને ઐરવતનો આદિ વિસ્તાર જાણવો. મધ્યનો ધ્રુવાંક ૨૬૬૭૨૦૮ નો છે તેને પણ ક્ષેત્રાંક એક-વડે ગુણતાં તેટલો જ અંક આવે. તેને ૨૧૨ વડે ભાંગતાં ૧૨૫૮૧$\frac{૩૬}{૨૧૨}$ આવે છે. આટલો ભરત અને ઐરવતનો મધ્ય વિસ્તાર જાણવો. તથા અંત્યનો ધ્રુવાંક ૩૯૩૨૧૧૯ છે તેને ક્ષેત્રના અંક એકવડે ગુણતાં તેટલા જ થાય છે. તેને ૨૧૨ વડે ભાંગતાં ૧૮૫૪૭$\frac{૧૧૫}{૨૧૨}$ આવે છે. આટલો ભરત અને ઐરવતનો અંત્ય વિસ્તાર છે. એ જ રીતે ઉપર લખેલા આદિ ધ્રુવાંકને ચારે ગુણી ૨૧૨ વડે ભાંગવાથી હૈમવત અને ઐરણ્યવતનો આદિ વિસ્તાર થાય છે, સોળે ગુણી ૨૧૨ વડે ભાંગ-વાથી હરિવર્ષ અને રમ્યકનો આદિ વિસ્તાર આવે છે, તથા ૬૪ વડે ગુણી ૨૧૨ વડે ભાંગવાથી વિદેહનો આદિ વિસ્તાર આવે છે. એ જ રીતે મધ્યના ૨૬૬૭૨૦૮ ધ્રુવાંકને અનુક્રમે ૪-૧૬-૬૪ વડે ગુણી ૨૧૨ વડે ભાંગવાથી તે તે ક્ષેત્રનો મધ્ય વિસ્તાર આવે છે, અને અંત્યના ૩૯૩૨૧૧૯ ધ્રુવાંકને અનુક્રમે ૪-૧૬-૬૪ વડે ગુણી ૨૧૨ વડે ભાંગવાથી તે તે ક્ષેત્રનો અંત્ય વિસ્તાર આવે છે.

## ક્ષેત્ર વિસ્તાર સ્થાપના:—

| ધાતકીખંડનાં ક્ષેત્રો | બે ભરત બે ઐરવત | બે હૈમવત બે ઐરણ્યવત | બે હરિવર્ષ બે રમ્યક | બે મહાવિદેહ |
|---|---|---|---|---|
| ક્ષેત્રનો ધ્રુવાંક | ૧ | ૪ | ૧૬ | ૬૪ |
| આદિધ્રુવાંકને ક્ષેત્રાંક સાથે ગુણતાં | ૧૪૦૨૨૯૭ | ૫૬૦૯૧૮૮ | ૨૨૪૩૬૭૫૨ | ૮૯૭૪૭૦૦૮ |
| ૨૧૨ વડે ભાંગતાં | ૬૬૧૪$\frac{૧૨૯}{૨૧૨}$ | ૨૬૪૫૮$\frac{૯૨}{૨૧૨}$ | ૧૦૫૮૩૩$\frac{૧૫૬}{૨૧૨}$ | ૪૨૩૩૩૪$\frac{૨૦૦}{૨૧૨}$ |
| મધ્યધ્રુવાંકને ક્ષેત્રાંક સાથે ગુણતાં | ૨૬૬૭૨૦૮ | ૧૦૬૬૮૮૩૨ | ૪૨૬૭૫૩૨૮ | ૧૭૦૭૦૧૩૧૨ |
| ૨૧૨ વડે ભાંગતાં | ૧૨૫૮૧$\frac{૩૬}{૨૧૨}$ | ૫૦૩૨૪$\frac{૧૪૪}{૨૧૨}$ | ૨૦૧૨૯૮$\frac{૧૫૨}{૨૧૨}$ | ૮૦૫૧૯૪$\frac{૧૬૪}{૨૧૨}$ |
| અંત્યધ્રુવાંકને ક્ષેત્રાંક સાથે ગુણતાં | ૩૯૩૨૧૧૯ | ૧૫૭૨૮૪૭૬ | ૬૨૯૧૩૯૦૪ | ૨૫૧૬૫૫૬૧૬ |
| ૨૧૨ વડે ભાંગતાં | ૧૮૫૪૭$\frac{૧૫૫}{૨૧૨}$ | ૭૪૧૯૦$\frac{૧૯૬}{૨૧૨}$ | ૨૯૬૭૬૩$\frac{૧૪૮}{૨૧૨}$ | ૧૧૮૭૦૫૪$\frac{૧૬૮}{૨૧૨}$ |

તથા અંતરનદી, વક્ષસ્કાર પર્વત, મેરૂ ને ભદ્રશાળવન અને વનમુખ એ સર્વનું પ્રમાણ એકત્ર કરી તેને ક્ષેત્રના વિસ્તારમાંથી બાદ કરવા. જે શેષ રહે તેને ૧૬ વડે ભાંગવાથી જે આવે તે દરેક વિજયનો વિસ્તાર જાણવો. તે આ પ્રમાણે:—છ અંતરનદીએ રૂંધેલું ક્ષેત્ર ૧૫૦૦ યોજન, આઠ વક્ષસ્કારે રૂંધેલું ક્ષેત્ર ૮૦૦૦ યોજન, મેરૂ અને બે બાજુના ભદ્રશાલ વને રૂંધેલું ક્ષેત્ર ૨૨૫૧૫૮ યોજન અને બે વનમુખે રૂંધેલું ક્ષેત્ર ૧૧૬૮૮ યોજન. આ ચારેને એકત્ર કરતાં ૨૪૬૩૪૬ યોજન થાય છે. તેને ક્ષેત્રના કુલ વિસ્તાર ૪૦૦૦૦૦ માંથી બાદ કરીએ ત્યારે ૧૫૩૬૫૪ રહે છે. તેને સોળે ભાંગવાથી ( $૯૬૦૩\frac{૬}{૧૬}$ ) પ્રાપ્ત થાય છે તે દરેક વિજયના વિસ્તારનું પ્રમાણ જાણવું. આ જ રીતે અંતરનદી, વક્ષસ્કાર વિગેરે કોઈ પણ ઇષ્ટ વસ્તુનો વિસ્તાર જાણવો હોય તો તે ઇષ્ટ વસ્તુ વિના બાકીના ( ચારના ) વિસ્તારનો અંક એકત્ર કરી તેને દ્વીપના વિષ્કંભ ( ચાર લાખ ) માંથી બાદ કરવા. જે શેષ રહે તેને ઇષ્ટ ક્ષેત્રની સંખ્યાવડે ( જેમકે અંતરનદી છ છે તો છવડે, મેરૂ ને ભદ્રશાળવન એક છે તો એકવડે, વક્ષસ્કાર આઠ છે તો આઠવડે, મુખવન બે છે તો બેવડે ) ભાંગવાથી જે સંખ્યા પ્રાપ્ત થાય તે તે ઇષ્ટ વસ્તુનો વિસ્તાર જાણવો.

## મહાવિદેહ સંબંધી વિજયાદિના કરણની સ્થાપના:—

| વિષ્કંભકરણ | ઇષ્ટ વસ્તુ સિવાય બાકીની વસ્તુનો વિસ્તાર | સર્વનો સરવાળો | ચાર લાખમાંથી બાદ કર્યા | ભાજકાંક | ભાંગતાં લાધેલા |
|---|---|---|---|---|---|
| મેરૂ અને બે બાજુનું ભદ્રશાળ વન. | ૧૫૩૬૫૪–૮૦૦૦–૧૫૦૦–૧૧૬૮૮ | ૧૭૪૮૪૨ | ૨૨૫૧૫૮ | ૧ | ૨૨૫૧૫૮ |
| સોળ વિજય | ૨૨૫૧૫૮–૮૦૦૦–૧૫૦૦–૧૧૬૮૮ | ૨૪૬૩૪૬ | ૧૫૩૬૫૪ | ૧૬ | $૯૬૦૩\frac{૬}{૧૬}$ |
| આઠ વક્ષસ્કાર | ૨૨૫૧૫૮–૧૫૩૬૫૪–૧૫૦૦–૧૧૬૮૮ | ૩૯૨૦૦૦ | ૮૦૦૦ | ૮ | ૧૦૦૦ |
| છ અંતરનદી | ૨૨૫૧૫૮–૧૫૩૬૫૪–૮૦૦૦–૧૧૬૮૮ | ૩૯૮૫૦૦ | ૧૫૦૦ | ૬ | ૨૫૦ |
| બે વનમુખ | ૨૨૫૧૫૮–૧૫૩૬૫૪–૮૦૦૦–૧૫૦૦ | ૩૮૮૩૧૨ | ૧૧૬૮૮ | ૨ | ૫૮૪૪ |

તે દરેક વિજયનો વિસ્તાર કહે છે:—

**णव सहसा छं सय तिउ–त्तरा य छच्चेव सोल भाया य ।**
**विजयपिहुत्तं णइगिरि–वणविजयसमासि चउलक्खा ॥१३॥२३७॥**

**અર્થ**:—( **णव सहस्सा** ) નવ હજાર, ( **छ सय** ) છ સો, ( **तिउत्तरा य** ) અને ત્રણ અધિક, ( **छच्चेव** ) તથા છ ( **सोल भाया य** ) સોળીયા ભાગ ૯૬૦૩ $\frac{6}{16}$ આટલો ( **विजयपिहुत्तं** ) દરેક વિજયનો વિસ્તાર છે. હવે ( **णइ** ) અંતરનદી, ( **गिरि** ) વક્ષસ્કારગિરિ, ( **वण** ) મેરૂવન, વનમુખ તથા ( **विजय** ) વિજય એ સર્વનો ( **समासि** ) સરવાળો કરવાથી ( **चउलक्खा** ) ચાર લાખ યોજન આખા ધાતકીખંડનો વિસ્તાર સિદ્ધ થાય છે; તથા વિજયનાં નામો પ્રથમ જંબૂદ્વીપમાં કહ્યા છે તે પ્રમાણે અહીં પણ જાણવા. ( ૧૩ ).

## મહાવિદેહ સ્થાપનાઃ—

| વસ્તુનાં નામ | છ અંતર-નદી | એક મેરૂ ને બે બાજુના ભદ્રશાલ વન | આઠ વક્ષસ્કાર | બે વન મુખ | સોળ વિજય | કુલ |
|---|---|---|---|---|---|---|
| વિસ્તાર યોજન | ૧૫૦૦ | ૨૨૫૧૫૮ | ૮૦૦૦ | ૧૧૬૮૮ | ૧૫૩૬૫૪ | ૪૦૦૦૦૦ |

છાપેલ ક્ષેત્રસમાસમાં અહીં ૩ ગાથા અર્થ વિના છાપી છે તેનો અર્થ આ પ્રમાણે—

કંચનગિરિ, ચિત્રવિચિત્ર, યમકપર્વત, દીર્ઘ ને વૃત્ત વૈતાઢ્ય તે પૂર્વે ( જંબૂ-દ્વીપમાં ) કહી ગયા પ્રમાણે ઉંચાઇવાળા છે અને તે વર્ષધરોના અંતરમાં આવેલા ક્ષેત્રોમાં રહેલા છે.

હવે દેવકુરૂ, ઉત્તરકુરૂમાં આવેલા યમલપર્વતો, પાંચ દ્રહો અને મેરૂપર્વત એ દરેક-વચ્ચે અંતર કેટલું કેટલું છે તે કહે છે.

મેરૂપર્વતવાળા મહાવિદેહના મધ્ય ભાગની લંબાઇ ૮૦૫૧૯૪ યોજન છે તેમાંથી મેરૂપર્વતનો વિષ્કંભ ( ૯૪૦૦ યોજન ) બાદ કરી અર્ધ કરીએ તો ૩૯૭૮૯૭ યોજન આવે તેટલો બંને કુરૂક્ષેત્રનો વિસ્તાર ( લંબાઇ ) આવે છે, તેમાં પાંચ દ્રહોના ૧૦૦૦૦ ને યમલપર્વતના ૧૦૦૦ કુલ ૧૧૦૦૦ યોજન બાદ કરીને બાકી રહેલા ૩૮૬૮૯૭ યોજનના સાત ભાગ કરતાં ૫૫૨૭૧ યોજન આવે છે તેટલું દરેકનું અંતર છે. એટલે કુલગિરિથી યમલપર્વતોનું તથા પરસ્પર પાંચે દ્રહોનું અને ત્યાંથી મેરૂનું એટલું એટલું અંતર છે. ( દક્ષિણ ને ઉત્તરના ભદ્રશાળવનનો સમાવેશ સાતમાં આંતરામાં થઇ જાય છે ).

હવે નગરી અને વૃક્ષ વિગેરેનું સ્વરૂપ કહે છેઃ—

**पुव्वं व पुरी अ तरू, परमुत्तरकुरूसु धाइ महधाई ।**
**रुक्खा तेसु सुदंसण—पियदंसणनामया देवा ॥१४॥२३८॥**

**અર્થ**:—( **पुव्वं व** ) પૂર્વની જેમ એટલે જંબૂદ્વીપમાં કહ્યા પ્રમાણે જ આ ધાતકીખંડને વિષે ( **पुरी** ) નગરીઓ ( **अ** ) અને ( **तरू** ) વૃક્ષો જાણવા. તેમાં નગરીઓના નામ જંબૂદ્વીપ પ્રમાણે જાણવા, ( **परं** ) પરંતુ વૃક્ષોના નામોમાં ( **उत्तरकुरूसु** ) પૂર્વ અને પશ્ચિમ ખંડના બે કુરૂક્ષેત્રને વિષે ( **धाइ** ) ધાતકી અને ( **महधाई** ) મહાધાતકી નામના ( **रुक्खा** ) વૃક્ષો જાણવા. ( **तेसु** ) તે વૃક્ષોને વિષે ( **सुदंसण** ) સુદર્શન અને ( **पियदंसण** ) પ્રિયદર્શન ( **नामया** ) નામના ( **देवा** ) બે દેવો વસે છે, તથા બે દેવકુરૂને વિષે ગરૂલ નામના દેવના જ બે શાલ્મલી વૃક્ષો પૂર્વે જંબૂદ્વીપમાં કહ્યા પ્રમાણે જાણવા. ( ૧૪ )

હવે ધાતકીખંડની ત્રણ પરિધિ કહે છે:—

**धुवरासीसु अ मिलिओ, एगो लक्खो अ अडसयरी सहस्सा।**
**अट्ठ सया बायाला, परिहितिगं धायईसंडे ॥ १५ ॥ २३९ ॥**

**અર્થ**:—( **धुवरासीसु अ** ) તથા પૂર્વે કહેલી આદિ, મધ્ય અને અંત્યની એ ત્રણ ધ્રુવરાશિમાં ( **एगो लक्खो** ) એક લાખ ( **अ** ) અને ( **अडसयरी सहस्सा** ) અઠ્યોતેર હજાર, ( **अट्ठ सया** ) આઠ સો ને ( **बायाला** ) બેંતાળીશ ૧૭૮૮૪૨ યોજન પર્વતોના વિસ્તારના ( **मिलिआ** ) મેળવીએ, ત્યારે ( **धायईसंडे** ) ધાતકીખંડની ( **परिहितिगं** ) ત્રણે પરિધિ થાય છે. ( ૧૫ )

**ત્રણે પરિધિની સ્થાપના**:—

| ધાતકીખંડનો પરિધિ | આદિપરિધિ | મધ્યપરિધિ | અંત્યપરિધિ |
|---|---|---|---|
| ચૌદ ક્ષેત્રોએ રોકેલ ધ્રુવરાશિ | ૧૪૦૨૨૯૭ | ૨૬૬૭૨૦૮ | ૩૯૩૨૧૧૯ |
| બાર વર્ષધર ને બે ઈષુકારે મળીને રોકેલી રાશિ | ૧૭૮૮૪૨ | ૧૭૮૮૪૨ | ૧૭૮૮૪૨ |
| ઉપરની બે રકમ મળીને થયેલી રાશિ | ૧૫૮૧૧૩૯ | ૨૮૪૬૦૫૦ | ૪૧૧૦૯૬૧ |

હવે તે ધ્રુવાંક શી રીતે નીપજે? તેનો વિધિ ગ્રંથાંતરમાં કહ્યો છે, તે આ પ્રમાણે:—

**इह वासहरा जंबू, सेलदुगुणवित्थरा च उसुआरा ।**
**खित्तं फुसंति लक्खो, अडसयरि सहस (अडसय) बीयाला ॥ १ ॥**

तेणूण लवणपरिही, धायइसंडस्स आइधुवरासी ।
गिरिपिट्ठुणा तम्मज्ज, परिहि स मज्ज धुवरासी ॥२॥

अंतस्स वि जा परिही, गिरिवित्थररहिय अंत धुवरासी ।
गिरिवित्थरेण मिलियं, परिहिं तिगणुकमेण भवे ॥ ३ ॥

**અર્થ**:—અહીં ધાતકીખંડમાં વર્ષધર પર્વતો છે તે જંબૂદ્વીપના વર્ષધરો કરતાં બમણા વિસ્તારવાળા ( પહોળા ) છે તેવો ૧૨ વર્ષધરનો અને ચ પુનઃ બે ઈષુકારનો વિસ્તાર મળીને એક લાખ, અઠ્યોતેર હજાર, આઠસો ને બેંતાળીશ યોજન ક્ષેત્રને સ્પર્શે છે અર્થાત્ રોકે છે. તેટલા યોજનથી ઊણુ એવી લવણસમુદ્રની પરિધિ તે ધાતકીખંડની આદિ ધ્રુવરાશિ જાણવી, અને કુલ ૧૪ પર્વતોએ સ્પર્શેલા ઉક્ત યોજનથી ઊણુ એવી મધ્યપરિધિ તે મધ્ય ધ્રુવરાશિ. અને અંતની પરિધિ ૧૪ પર્વતોના વિસ્તારથી ઊણુ કરીએ તે અંત ધ્રુવરાશિ, અને ત્રણે ધ્રુવરાશિમાં ૧૪ ગિરિનો વિસ્તાર જેનું યંત્ર આ નીચે આપેલ છે તે ભેળવીએ એટલે અનુક્રમે ત્રણે પ્રકારની પરિધિ થાય. આ પરિધિનું યંત્ર આ ગાથાની ઉપર છે.

## ધાતકીખંડના પર્વતોનો વિસ્તાર

( જંબૂદ્વીપના વિસ્તારથી દ્વિગુણ )

| પર્વતનું નામ | જંબૂદ્વીપ વિસ્તાર | ધાતકીખંડ વિસ્તાર | એવા બે પર્વતોનો મળીને વિસ્તાર |
|---|---|---|---|
| ૧ ચૂલહિમવંત | ૧૦૫૨-૧૨ | ૨૧૦૫-૫ | ૪૨૧૦-૧૦ |
| ૨ શિખરી | ૧૦૫૨-૧૨ | ૨૧૦૫-૫ | ૪૨૧૦-૧૦ |
| ૩ મહાહિમવંત | ૪૨૧૦-૧૦ | ૮૪૨૧-૧ | ૧૬૮૪૨—૨ |
| ૪ રૂપી | ૪૨૧૦-૧૦ | ૮૪૨૧-૧ | ૧૬૮૪૨—૨ |
| ૫ નિષધ | ૧૬૮૪૨—૨ | ૩૩૬૮૪-૪ | ૬૭૩૬૮—૮ |
| ૬ નીલવંત | ૧૬૮૪૨—૨ | ૩૩૬૮૪-૪ | ૬૭૩૬૮—૮ |
| ૭ ઈષુકાર | ૦ | ૧૦૦૦-૦ | ૨૦૦૦—૦ |

એકંદર ચૌદ પર્વતોનો મળીને વિસ્તાર—૧૭૮૮૪૨ યોજન ને બે કળા થાય છે.

## શ્રી ધાતકીખંડમાં આવેલા (૫૪૦) પર્વતોનું વિવરણ.

| પર્વતનું નામ | | યોજન લંબાઇ | યોજન પહોળાઈ | યોજન ઉંચાઈ[1] | આકૃતિ |
|---|---|---|---|---|---|
| મેરૂ | ૨ | ૯૪૦૦ | ૯૪૦૦ | ૮૪૦૦૦ | ગોળ |
| ઇષુકાર | ૨ | ચાર લાખ | ૧૦૦૦ | ૫૦૦ | લંબચોરસ |
| હિમવાન | ૨ | ચાર લાખ | ૨૧૦૫–૫ | ૧૦૦ | ,, |
| મહાહિમવાર્ન | ૨ | ચાર લાખ | ૮૪૨૧–૧ | ૨૦૦ | ,, |
| નિષધ | ૨ | ચાર લાખ | ૩૩૬૮૪–૪ | ૪૦૦ | ,, |
| શિખરી | ૨ | ચાર લાખ | ૨૧૦૫–૫ | ૧૦૦ | ,, |
| રૂપી | ૨ | ચાર લાખ | ૮૪૨૧–૧ | ૨૦૦ | ,, |
| નીલવંત | ૨ | ચાર લાખ | ૩૩૬૮૪–૪ | ૪૦૦ | ,, |
| વૃત્ત વૈતાઢ્ય | ૮ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ગોળ |
| દીર્ઘ વૈતાઢ્ય (ભરત–ઐરવતના) | ૪ | ચાર લાખ | ૫૦ | ૨૫ | લંબચોરસ |
| દીર્ઘવૈતાઢ્ય (મહાવિદેહના) | ૬૪ | ૯૬૦૩ $\frac{1}{6}$ | ૫૦ | ૨૫ | લંબચોરસ |
| ગજદંત | ૪ | ૫૬૯૨૫૯ | કુળગિરિપાસે ૧૦૦૦ | કુળગિરિપાસે ૪૦૦ | બે મળીને અર્ધ ચંદ્રાકૃતિ |
| | ૪ | ૩૫૬૨૨૭ | મેરૂપાસે ખડ્ગધાર | મેરૂપાસે ૫૦૦ | |
| યમલગિરિ | ૮ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૫૦૦ | ગોળ |
| વક્ષસ્કાર | ૩૨ | અનિયમિત | ૧૦૦૦ | કુળગિરિપાસે ૪૦૦ નદીપાસે ૫૦૦ | લંબચોરસ |
| કંચનગિરિ | ૪૦૦ | ૧૦૦ નીચે ૫૦ ઉપર | ૧૦૦ નીચે ૫૦ ઉપર | ૧૦૦ | ગોળ |

૧ આમાં ઉંચાઈ લખી છે તે ભૂતળથી ઉપરની જાણવી. મેરૂ સિવાય બીજા પર્વતોની ઉંડાઈ ઉંચાઇના ચોથા ભાગની જાણવી.

**इति लघुक्षेत्रसमासविवरणे धातकीखण्डद्वीपाधिकारः तृतीयः**

# अथ कालोदधि अधिकार चतुर्थः

**कालोओ सव्वत्थ वि, सहसुंडो वेलविरहिओ तत्थ ।**
**सुत्थिअसमकालमहा–कालसुरा पुव्वपच्छिमओ ॥१॥२४०॥**

**અર્થ**:—( **कालोओ** ) ધાતકીખંડની જગતી ફરતો વલયને આકારે રહેલો કાલોદધિસમુદ્ર છે તે ( **सव्वत्थ वि** ) સર્વ ઠેકાણે ( **सहसुंडो** ) એક હજાર યોજન ઉંડો છે અર્થાત્ તેમાં ગોતીર્થ છે નહીં, તથા તે ( **वेलविरहिओ** ) વેલારહિત છે એટલે કે તેમાં જળની વૃદ્ધિ–હાનિ થતી નથી. ( **तत्थ** ) તે કાલોદધિ સમુદ્રમાં ( **सुत्थिअसम** ) લવણસમુદ્રના સુસ્થિત દેવની જેવા ( **कालमहाकालसुरा** ) કાળ અને મહાકાળ નામના બે દેવો છે તે ( **पुव्वपच्छिमओ** ) પૂર્વ અને પશ્ચિમ દિશામાં ગૌતમદ્વીપ સરખા બે દ્વીપોને વિષે વસે છે. ( ૧ ) તથા

**लवणम्मि व जहसंभव, ससिरविदीवा इहं पि नायव्वा ।**
**णवरं समंतओ ते, कोसदुगुच्चा जलस्सुवरिं ॥२॥२४१॥**

**અર્થ**:—( **लवणम्मि व** ) જેમ લવણસમુદ્રમાં છે તેમ ( **इहं पि** ) આ કાલોદધિને વિષે પણ ( **जहसंभव** ) જેમ સંભવે તેમ ( **ससिरविदीवा** ) ચંદ્ર અને સૂર્યના દ્વીપો ( **नायव्वा** ) જાણવા. એટલે કે–ધાતકીખંડની જગતીથી બાર હજાર યોજન કાલોદધિમાં જઈએ તે ઠેકાણે પૂર્વ દિશામાં ધાતકીખંડના બાર ચંદ્રોના અને પશ્ચિમ દિશામાં બાર સૂર્યોના બાર બાર ( કુલ ૨૪ )[1] દ્વીપો છે, તથા કાલોદધિની જગતીથી બાર હજાર યોજન કાલોદધિમાં જઈએ ત્યાં પૂર્વ દિશામાં કાલોદધિના બેંતાળીશ ચંદ્રોના અને પશ્ચિમ દિશામાં કાલોદધિના બેંતાળીશ સૂર્યોના બેંતાળીશ બેંતાળીશ ( કુલ ૮૪ ) દ્વીપો છે.[2] ( **णवरं** ) વિશેષ એ છે કે ( **ते** ) તે સર્વ દ્વીપો ( **समंतओ** ) ચોતરફ ( **जलस्सुवरिं** ) જળની ઉપર ( **कोसदुगुच्चा** ) બે કોશ ઉંચા–પ્રકાશિત છે. ( અહીં કાલોદધિનો પરિધિ ૯૧૭૭૬૦૫ યોજનનો છે તથા જગતીના દ્વારોનું પરસ્પર આંતરૂં ૨૨૯૨૬૪૨ યોજન અને ૩ કોશ છે. તે ચાર દ્વાર સંબંધી ૧૮ યોજન પરિધિમાંથી બાદ કરી ચારે ભાગ દેતાં આવે છે. ) ( ૨ )

**इति लघुक्षेत्रसमासविवरणे कालोदसमुद्राधिकारः चतुर्थः**

---

૧ આમાંથી છ સૂર્ય ને છ ચંદ્રના દ્વીપો લવણસમુદ્રમાં હોવાથી અહીં કુલ ૧૨ જોઈએ. ( ૬ સૂર્યના ૬ ચંદ્રના. ) ૨ જુઓ ૧૮૧ મી ગાથા.

# अथ पुष्करद्वीपार्ध अधिकार पंचमः

**पुक्खरदलबहिजगइ, व्व संठिओ माणुसुत्तरो सेलो।**
**वेलंधरगिरिमाणो, सीहणिसाई णिसढवण्णो ॥ १ । २४२ ॥**

**અર્થ**:—કાલોદધિસમુદ્રની બહાર ફરતો વલયને આકારે સોળ લાખ યોજનના વિસ્તારવાળો પુષ્કરવર નામનો દ્વીપ છે. તેના મધ્ય ભાગમાં વલયને આકારે પર્વત છે, તે ૨૦૪૪ યોજન મૂળમાં વિસ્તારવાળો, ૮૪૮ યોજન શિખર ઉપર વિસ્તારવાળો અને ૧૭૨૧ યોજન ઉંચો છે એમ કલ્પના કરવી. પછી તેના બે વિભાગ કલ્પી આભ્યંતર વિભાગને દૂર કરવો એટલે મૂળમાં ૧૦૨૨ યોજન પહોળો, મધ્યમાં ૭૨૩ યોજન પહોળો અને શિખર ઉપર ૪૨૪ યોજન પહોળો રહેશે. તે પર્વત ૧૭૨૧ યોજન ઉંચો તથા ૪૩૦ યોજનને એક ગાઉ ભૂમિમાં અવગાઢ છે તેથી કહે છે કે:—( **पुक्खरदल** ) આઠ લાખ યોજનના વિસ્તારવાળા પુષ્કરવરદ્વીપના અર્ધભાગની ( **बहि** ) બહાર ( **जगइ व्व** ) જગતીની જેમ ( **माणुसोत्तरो** ) માનુષોત્તર નામનો ( **सेलो** ) પર્વત ( **संठिओ** ) રહેલો છે. તે ( **वेलंधरगिरिमाणो** ) વેલંધર પર્વતની જેટલા પ્રમાણવાળો છે. એટલે કે જેમ વેલંધર પર્વતો મૂળમાં ૧૦૨૨ યોજન પહોળા છે, શિખરપર (૪૨૪) યોજન પહોળા છે અને ૧૭૨૧ યોજન ઉંચા છે તેમ આ પર્વત પણ તેટલા જ પ્રમાણવાળો છે, તથા આ પર્વત (**सीहणिसाई**) બેઠેલા સિંહની જેવા આકારે છે એટલે કે બેઠેલો સિંહ જેમ આગળથી ઉંચો હોય અને પાછળ અનુક્રમે ઢાળની જેમ નીચો નીચો હોય તેમ આ પર્વત પણ મનુષ્યલોક તરફ એક સરખો સપાટ ઉંચો છે અને બહારની દિશામાં નીચે નીચે ઢાળવાળો છે. એટલે પહોળાઈમાં ઘટતો ઘટતો છે. તથા આ પર્વત ( **णिसढवण्णो** ) નિષધના જેવા વર્ણવાળો એટલે જાંબૂનદ જાતના સુવર્ણ જેવા (રાતા) વર્ણવાળો છે. ( ૧ )

હવે પુષ્કરવરદ્વીપાર્ધમાં રહેલા ક્ષેત્રો અને પર્વતો વિગેરેના સ્થાનાદિકનું સ્વરૂપ કહે છે:—

**जह खित्तणगाईणं, संठाणो धाइए तहेव इहं।**
**दुगुणो अ भद्दसालो, मेरुसुयारा तहा चेव ॥ २ ॥ २४३ ॥**

**અર્થ**:—( **खित्त** ) ભરતાદિક ક્ષેત્રો અને ( **णगाईणं** ) હિમવાન આદિ પર્વતોનું ( **संठाणो** ) સંસ્થાન એટલે ચક્રના આરા અને તેના વિવર-આંતરારૂપ સ્થિતિ એટલે આરારૂપ પર્વતો અને આંતરારૂપે ક્ષેત્રો, એ વિગેરે ( **जह** ) જેમ ( **धाइए** ) ધાતકીખંડને વિષે બતાવેલ છે ( **तहेव** ) તેજ પ્રમાણે ( **इहं** ) અહીં પુષ્કરાર્ધને વિષે પણ જાણવું. ( **अ** ) તથા ધાતકીખંડના ભદ્રશાલ વનથી આ પુષ્કરાર્ધનું ( **भद्दसालो** )

ભદ્રશાલ વન ( **दुगुणो** ) બમણું લાંબુ-પહોળું છે. એટલે કે ધાતકીખંડના ભદ્રશાલ વનની લંબાઈ મેરૂની પૂર્વ-પશ્ચિમ દિશાએ ૧૦૭૮૭૯ યોજન છે, તેનાથી અહીં બમણી હોવાથી ૨૧૫૭૫૮ યોજન છે અને દક્ષિણ-ઉત્તર દિશાએ તે જ ( ૨૧૫૭૫૮ ) રાશિને અઠ્યાશી ( ૮૮ ) વડે ભાંગતાં જે આવે તેટલો એટલે ૨૪૫૧ યોજન અને અઠ્યાશીયા ૭૦ ભાગ $\frac{70}{88}$ વિસ્તાર છે. તથા ( **मेरुसुयारा** ) પુષ્કરાર્ધના મેરૂ અને ઈષુકાર પર્વતો ( **तहा चेव** ) તે જ પ્રમાણે એટલે ધાતકીખંડના મેરૂ અને ઈષુકાર જેવા જ છે. ( ૨ ) ( પુષ્કરાર્ધમાં ક્ષેત્ર ૧૪, કુલગિરિ ૧૨, મેરૂ ૨, વિજય ૬૪, વક્ષસ્કાર ૩૨, અંતરનદી ૨૪, ભદ્રશાલ વન ૨, ઇષુકાર ૨, વિગેરે ધાંતકીખંડની જેમ જાણવા. ઈષુકાર પર્વત દક્ષિણ અને ઉત્તર દિશાએ ૧૦૦૦ યોજન મૂળ અને શિખરને વિષે સરખા પહોળા છે, ૫૦૦ યોજન ઉંચા છે અને આઠ લાખ યોજન લાંબા છે. બે મેરૂ ૮૫૦૦૦ યોજન ઉંચા છે. આનો વિસ્તાર ૨૨૯ મી ગાથાથી ધાતકીખંડ પ્રમાણે જાણી લેવો.)

ચાર બાહ્ય ગજદંત પર્વતોનું પ્રમાણ કહે છેઃ—

**इह बाहिरगयदंता, चउरो दीहत्ति वीससयसहसा ।**
**तेआलीस सहस्सा, उणवीसहिआ सया दुण्णि ॥ ३ ॥२४४॥**

**અર્થઃ**—( **इह** ) અહીં એટલે પુષ્કરાર્ધને વિષે ( **बाहिर** ) બે ખંડના બે મેરૂની બહારની દિશાએ એટલે માનુષોત્તર પર્વતની દિશા તરફ ( **गयदंता** ) ગજદંત પર્વતો ( **चउरो** ) ચાર છે. તે ( **दीहत्ति** ) દીર્ઘપણાને વિષે ( **वीससयसहसा** ) વીશ લાખ, ( **तेआलीस सहसा** ) તેંતાલીશ હજાર, ( **उणवीसहिआ** ) ઓગણીશ અધિક, ( **सया दुण्णि** ) બસો એટલે ૨૦૪૩૨૧૯ યોજન લાંબા છે. ( ૩ ).

હવે ચાર આભ્યંતર ગજદંત પર્વતોનું પ્રમાણ કહે છેઃ—

**अब्भिंतर गयदंता, सोलस लक्खा य सहस छव्वीसा ।**
**सोलहिअं सयमेगं, दीहत्ते हुंति चउरो वि ॥ ४ ॥ २४५ ॥**

**અર્થ**—પુષ્કરાર્ધમાં ( **अब्भिंतर** ) આભ્યંતર એટલે કાલોદધિની જગતી તરફના ( **चउरो वि** ) ચારે ( **गयदंता** ) ગજદંત પર્વતો ( **सोलस लक्खा** ) સોળ લાખ ( **य** ) અને ( **सहस छव्वीसा** ) છવ્વીશ હજાર ( **सोलहिअं** ) સોળ અધિક ( **सयमेगं** ) એક સો ૧૬૨૬૧૧૬ યોજન ( **दीहत्ते** ) લાંબપણાને વિષે ( **हुंति** ) છે. આ પ્રમાણે નાના ને મોટા બે ગજદંતા મળીને ૩૬૬૯૩૩૫ યોજનનું કુરૂક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ છે. ( ૪ ). ( તથા કુરૂક્ષેત્રની જીવા ૪૩૬૯૧૬ યોજન છે, કુરૂક્ષેત્રનો વિસ્તાર

૧૭૦૭૭૧૪ યોજન છે. કંચનગિરિનું પરસ્પર આંતરૂં ૩૩૩$\frac{1}{3}$ યોજન છે. કુલગિરિ, યમક અને દ્રહોનું આંતરૂં ૨૪૦૯૫૯$\frac{3}{5}$ યોજન છે. )

જીવા આ પ્રમાણે થાય છે.-૨૧૫૭૫૮ ભદ્રશાલવન એક બાજુએ, છે. તે પ્રમાણે બંને બાજુ હોવાથી તેને બમણા કરતાં ૪૩૧૫૧૬ યોજન તેમાં મેરૂપર્વતના ૯૪૦૦ યોજન ભેળવતાં ૪૪૦૯૧૬ થાય. તેમાંથી બે ગજદંતાના ૪૦૦૦ યોજન બાદ કરતાં ૪૩૬૯૧૬ યોજન જીવા.જાણવી.

હવે સાત આંતરા સંબંધી સમજણ આ પ્રમાણે:—

નિષધ અથવા નીલવંત એ કુલગિરિ, ચિત્રવિચિત્ર અથવા યમક-સમક એ યમલપર્વત ત્યારપછી પાંચ દ્રહો અને પ્રાંતે મેરૂપર્વત-એ આઠ વસ્તુના ૭ આંતરા ૨૪૦૯૫૯$\frac{3}{5}$ યોજન છે તેને સાતવડે ગુણતાં ૧૬૮૬૭૧૪ આવે, તેમાં પાંચ દ્રહની લંબાઇના યોજન ૨૦૦૦૦ ને યમલપર્વતના ૧૦૦૦ કુલ ૨૧૦૦૦ ભેળવતાં ૧૭૦૭૭૧૪ યોજનનો દેવકુરૂ અથવા ઉત્તરકુરૂનો વિસ્તાર છે તે મળી રહે છે.

પાંચ દ્રહ પૈકી દરેક દ્રહની બે બે બાજુએ દશ દશ કંચનગિરિ પૂર્વના પ્રમાણ જેટલા એટલે સો સો યોજનના છે, તેના ૧૦૦૦ યોજન બાદ કરતાં તે દશના નવ આંતરા ૩૩૩$\frac{1}{3}$ યોજન છે, તેને નવવડે ગુણતાં ૩૦૦૦ આવે છે તે બંને મળીને ૪૦૦૦ યોજનનો દ્રહનો વિસ્તાર મળી રહે છે.

હવે શેષ નદી અને પર્વતાદિનું પ્રમાણ કહે છે:—

**सेसा[1] पमाणओ जह, जंबूदीवाउ धाइए भणिआ[3] ।**
**दुगुणा[2] समा य ते[4] तह, धाइअसंडाउ इह णेआ ॥५॥२४६॥**

**અર્થ:**—( **सेसा** ) બાકીના ક્ષેત્ર, નદી, પર્વત, દ્રહ વિગેરેનું ( **पमाणओ** ) પ્રમાણ ( **जह** ) જે પ્રકારે ( **जंबूदीवाउ** ) જંબૂદ્વીપથકી ( **धाइए** ) ધાતકીખંડને વિષે ( **दुगुणा** ) કેટલાકનું બમણું ( **य** ) અને ( **समा** ) કેટલાકનું સરખું (**भणिया**) કહ્યું છે, ( **ते** ) તે જ પ્રમાણ ( **तह** ) તે જ પ્રમાણે ( **धाइअसंडाउ** ) ધાતકીખંડથકી ( **इह** ) આ પુષ્કરાર્ધમાં બમણું અને સમાન ( **णेआ** ) જાણવું. વિશેષ એ છે કે-ધાતકીખંડના અધિકારમાં દીર્ઘવૈતાઢ્યોના વિષ્કંભાદિક જંબૂદ્વીપના દીર્ઘવૈતાઢ્ય જેવા જ કહ્યા છે. તે વિષે કહ્યું છે કે-“ કંચનગિરિ, યમક, દેવકુરૂના પર્વતો તથા વૃત્ત અને દીર્ઘવૈતાઢ્યોનો વિષ્કંભ, ઉદ્વેધ ( ઉંડાઇ ) અને સમુચ્છ્રય ( ઉંચાઇ ) જંબૂદ્વીપને વિષે કહ્યા પ્રમાણે જાણવી.” તથા પુષ્કરાર્ધના અધિકારે કહ્યું છે કે[1]-“ વૈતાઢ્યનો ઉદ્વેધ-ઉંડાઇ સવાછ યોજન, સમુચ્છ્રય-ઉંચાઇ પચીશ યોજન અને વિસ્તાર બસો યોજનનો છે.” આ રીતે બે વિકલ્પ છે. તેનું તત્ત્વ જ્ઞાની જાણે. ( ૫ )

૧ ક્યાં કહ્યું છે તે કહેતા નથી બૃહત્ ક્ષેત્ર સમાસમાં આ ગાથા નથી.

## નદીઓ સંબંધી સ્થાપનાઃ—

| પુષ્કરાર્ધ નદીઓ | જીભી વિસ્તાર | જીભી જાડી | જીભી લાંબી | નદીમૂળ વિસ્તાર | નદીમૂળ ઉંડી | નદીમુખ ઊંડી | અંત વિસ્તાર | છેડે ઉંડાપણું | કુંડ વિસ્તાર | દ્વીપ વિસ્તાર | નદીમુખ વિસ્તાર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૬ | ૨૫ | ½ | ૨ | ૨૫ | ½ | ૧ | ૨૫૦ | ૫ | ૨૪૦ | ૩૨ | ૨૫ |
| ૩૨ | ૫૦ | ૧ | ૪ | ૫૦ | ૧ | ૨ | ૫૦૦ | ૧૦ | ૪૮૦ | ૬૪ | ૫૦ |
| ૮ | ૧૦૦ | ૨ | ૮ | ૧૦૦ | ૨ | ૪ | ૧૦૦૦ | ૨૦ | ૯૬૦ | ૧૨૮ | ૧૦૦ |
| ૪ | ૨૦૦ | ૪ | ૧૬ | ૨૦૦ | ૪ | ૮ | ૨૦૦૦ | ૪૦ | ૧૯૨૦ | ૨૫૬ | ૨૦૦ |

## કુળગિરિ સંબંધી સ્થાપનાઃ—

| પુષ્કરાર્ધ કુલગિરિ | ગિરિ વિસ્તાર | દ્રહ વિસ્તાર | દ્રહ દીર્ઘત્વ | કમલ વિસ્તાર | કમલ બાહલ્ય | કર્ણિકા વિસ્તાર | કર્ણિકા બાહલ્ય |
|---|---|---|---|---|---|---|---|
| હિમવતાદિ ૪ | ૪૨૧૦½ | ૨૦૦૦ | ૪૦૦૦ | ૪ | ૨ | ૨ | ૧ |
| મહાહિમવતાદિ ૪ | ૧૬૮૪૨ $\frac{૨}{૧૯}$ | ૪૦૦૦ | ૮૦૦૦ | ૮ | ૪ | ૪ | ૨ |
| નિષધાદિ ૪ | ૬૭૩૬૮ $\frac{૮}{૧૯}$ | ૮૦૦૦ | ૧૬૦૦૦ | ૧૬ | ૮ | ૮ | ૪ |

હવે પૂર્વે કહેલા ધ્રુવાંક પ્રમાણે પુષ્કરાર્ધના ક્ષેત્રોનો ત્રણ પ્રકારનો વિસ્તાર લાવવા માટે ધ્રુવરાશિ કહે છેઃ—

**अडसी लक्खा चउद्स, सहसा तह णव सया य इगवीसा ।**
**अब्भिंतर धुवरासी, पुव्वुत्तविहीइ गणिअव्वो ॥ ६ ॥ २४७ ॥**
**इग कोडि तेर लक्खा, सहसा चउचत्त सग सय तियाला ।**
**पुक्खरवरदीवड्ढे, धुवरासी एस मज्झम्मि ॥ ७ ॥ २४८ ॥**
**एगा कोडि अडतीस लक्ख चउहत्तरी सहस्सा य ।**
**पंच सया पणसट्ठा, धुवरासी पुक्खरध्धंते ॥ ८ ॥ २४९ ॥**

